RNI No. GUJGUJ/2014/55998 | Retail Selling Price : ₹ 20/- | Published Date 1st of Every January/April/July/October

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા પ્રકાશિત

ચારણ સંસ્કૃતિ

સં. ૨૦૭૬
પોષ-ફાગણ

www.sonalmaatrust.org

વર્ષ : ૬ (સળંગ-૧૦ (૯૪)) અંક : ૩૭ જાન્યુ.-માર્ચ ૨૦૨૦

ચારણી સાહિત્ય અને લોક સાહિત્ય દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિને જાળવી રાખવા પ્રયત્ન કરતું મેગેઝિન

કવિશ્રી કાગબાપુ
પિંગળશીભાઈ પાચક
સોનલ બીજ
પૂ. બનુમા
પૂ. કંકુમા
વિવિધ સ્વરૂપે
સોનબાઈ

ત્રૈમાસિક 'ચારણ સંસ્કૃતિ' અંક(૩૭) –– વર્ષ : ૬(સળંગ–૧૦(૯૪))
જાન્યુઆરી–માર્ચ, ૨૦૨૦ (સં.૨૦૭૬ પોષ–ફાગણ)

: ટ્રસ્ટી મંડળ :
રમેશભાઈ જાળગ – પ્રમુખ
૯૭૨૩૪ ૪૮૨૦૫
નારણભાઈ જામંગ – ટ્રસ્ટી
૯૩૭૪૧ ૦૫૨૧૭
બાબભાઈ પાલીયા – ટ્રસ્ટી
૯૭૨૩૪ ૫૪૦૮૨
રામભાઈ જામંગ – મેનેજીંગ ટ્રસ્ટી
૯૮૨૪૨ ૮૮૮૫૨
ડૉ. અંબાદાન રોહડિયા – ટ્રસ્ટી
૯૪૨૬૫ ૩૦૦૦૫
નરેન્દ્રભાઈ(નીતુભાઈ)ઝીબા – ટ્રસ્ટી
૯૪૨૬૯ ૬૦૩૯૯
હરેશભાઈ આલગા – ટ્રસ્ટી
૯૯૨૫૦ ૩૪૯૩૪

ચારણ સંસ્કૃતિ મેગેઝિન
લવાજમ પાંચ વર્ષનું રૂા.૫૦૦/-
વિદેશમાં રૂા.૫૦૦૦/- છુટક અંક રૂા.૨૦/-
A/c No.312710210000008
(બેંક ઓફ ઈન્ડિયા
યુનિ.રોડ બ્રાન્ચ, રાજકોટ)

: ટ્રસ્ટની વેબસાઈટ :
www.sonalmaatrust.org

e-mail : vhjbraval@gmail.com
latestconcept@gmail.com

: તંત્રી – સંપાદક :
રામભાઈ જામંગ-૯૮૨૪૨ ૮૮૮૫૨

: ફોટોગ્રાફર :
મુળુભાઈ ઘાંઘણીયા-૯૮૭૯૪ ૨૨૭૨૦

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર
ઈ–૧૨૮૫ તા.૧૯/૯/૧૯૮૩

: સોનલ વાડી માટે પુછપરછ :
જયુભાઈ પાલીયા-૯૮૯૯૮૫ ૦૧૨૩૬

–– અનુક્રમણિકા ––

૦૦ તંત્રી સ્થાનેથી	––	૦૫
૦૦ સોનલમાઁ ટ્રસ્ટને મળેલ અનુદાન	––	૦૮

લેખ

૦૧. લોક સાહિત્યમાં વરસાદ	લક્ષ્મણ ગઢવી	૦૯
૦૨. ચારણ સંત કવિ બ્રહ્માનંદ સ્વામી	ઈસુભાઈ ગઢવી	૧૨
૦૩. *શું ગાંધીજી રંગદ્વેષી હતા ?*	પ્રવીણ ગઢવી	૧૪
૦૪. કૃષ્ણ એક અધ્યયન	ગોવિંદભા ઘાંઘણિયા	૧૭
૦૫. ગરાસદારી નાબૂદી અને ઘરખેડ	રાજુલ દવે	૧૯
૦૬. સૌરાષ્ટ્ર એક ભાતીગળ પ્રદેશ	કૌશિક મહેતા	૨૨
૦૭. જન્મ જાત કલાકાર-શિક્ષકની...	ડો. ભદ્રાયુ વછરાજાની	૨૪
૦૮. જીવનમાં જીવંત ને ભીતર...	પ્રિ.ઘનશ્યામ ગઢવી	૨૬
૦૯. ભાવનગર બોર્ડીંગના શૈશવનાં..	શંકરદાન સિંહઢાયચ	૨૮
૧૦. ચારણ જાતિની શાખાઓ....	પિંગલ પરબતજી પાયક	૩૦
૧૧. સોનલમાના અનન્ય ભકત...	નરેન્દ્ર ગઢવી	૩૭
૧૨. Whats app ઓફ ધી વીક	નેહલ જયદીપ ગઢવી	૪૦
૧૩. સાચી શ્રદ્ધાના પુરુષાર્થી...	જનકબેન ગઢવી	૪૨
૧૪. સાંયાજી ઝુલા જન્મ્યા ન હોત	સતીષ ચારણ	૪૪
૧૫. ગુરુ મહિમા	જોરૂભા જોગડા	૪૬
૧૬. જેવો ભાવ તેવું ભોજન	દેરાજ ગઢવી	૪૮
૧૭. લોકસાહિત્યનું મહાપ્રયાણ/ અધ્યાત્મ/ગ્રંથાવલોકન/સમીક્ષા	લક્ષ્મણ ગઢવી	૫૦
૧૮. 'કાગઋષિ' કથા	મોરારિબાપુ	૫૪
૧૯. અમીરસ ઈતિહાસનો	રામભાઈ જામંગ	૫૮

જાહેરાત ૬૦ થી ૬૨

કવિતા

૦૧. મન મોર બની થનગાટ કરે	પિંગળશીભાઈ ગઢવી	૬૩
૦૨. ચારણી કાવ્ય	લક્ષ્મણ ગઢવી	૬૩
૦૩. ચારણો : છંદ-ઝૂલણા	હરદાનભાઈ નરેલા	૬૪
૦૪. પ્રાર્થના	જોરૂભા જોગડા	૬૪
૦૫. શાંતિ ચારણ સંદેશ	શાન્તીભા ગઢવી	૬૫

: ચારણ અંક પ્રાપ્તિ સ્થાન :

સોનલ સ્ટોર્સ,રાજકોટ
ગઢવી કનુભાઈ કેશરિયા
મો : ૯૭૨૩૨ ૭૦૬૯૭

એસ.ટી.બુક સ્ટોલ
હિતેષભાઈ ગમારા
શાસ્ત્રી મેદાન બસ સ્ટેશન અંદર, રાજકોટ
મો : ૯૮૯૮૩ ૨૩૯૩૨

શ્રી સાંઈ ન્યુઝપેપર એન્ડ ગઢવી એડ એજન્સી
નિતીન પી. જામંગ
મદનસિંહ સર્કલ, આદીપુર(કચ્છ)
મો : ૯૯૭૪૪ ૪૫૭૭૮

વ્યકિત વિશેષ

૦૧. શ્રી ખોડીદાન ઝુલા	વી. એસ. ગઢવી	૬૬

મળવા જેવા માનવી

૦૧. શ્રી પ્રવીણ ગઢવી	પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી	૬૮
૦૦. સમાચાર વિભાગ/અન્ય...	-	૭૧ થી ૮૦

જ્ઞાનનું અંતિમ લક્ષ્ય ચારિત્ર–નિર્માણ હોવું જોઈએ.

જ્ઞાન સંઘરશો તો ઘટશે, વહેંચશો તો વધશે.

પુસ્તકો તે દુનિયાની સમૃદ્ધિનો ખજાનો છે;
અનેક પેઢીઓ અને રાષ્ટ્રનો સાચો વારસો છે.

કસરતથી જે લાભ શરીરને મળે છે;
એ જ લાભ વાંચનથી મગજને મળે છે.

–– અંકમાં પ્રસિદ્ધ થતા દરેક લખાણો સાથે ટ્રસ્ટીમંડળ સહમત છે તેમ માની લેવું નહીં ––

ચારણ સંસ્કૃતિ મેગેઝિનની જાહેરાત અંદરના આખા પેઈજના રૂા.૧૦૦૦/– (બ્લેક એન્ડ વ્હાઈટ), ટાઈટલના (ફોર કલર)ના ભાવ ટ્રસ્ટીમંડળ અને જાહેરાત આપનારની અનુકુળતા મુજબ રહેશે.

૧. લેખકશ્રીઓ, આપના લેખો કાગળની એક બાજુએ ટાઈપ કરેલ અથવા તો સ્પષ્ટ અક્ષરોમાં દોઢથી બે પાનામાં સમાવિષ્ટ થઈ જાય તેવા અંક પ્રકાશિત થયેથી ૩૦ દિવસ સુધીમાં (,અન્ય કોઈ સામયિકમાં પ્રસિદ્ધ કરવા મોકલાવેલ ન હોય કે પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા જ) મોકલી આપશો અન્યથા ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. આ 'ચારણ સંસ્કૃતિ' મુખપત્રનો હેતુ અને ભાવના એવી છે કે વધારેમાં વધારે પરિવારોનાં ઘરે પહોંચે અને વંચાતું થાય તેથી આપ અન્ય પરિવારોને પણ ગ્રાહક બનાવો. લવાજમ ભરવાની વધુ વિગતો અને જાણકારી માટે નીચેની વિગતે સંપર્ક કરી શકો છો.

૩. ડાયરેકટ બેંકમાં લવાજમ ભરવા માંગતા હોય તો *બેંક ઓફ ઈન્ડિયા,યુનિવર્સીટી રોડ બ્રાંચ,રાજકોટના A/c No.312710210000008(આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ- રાજકોટ)* (મનીઓર્ડર/ ચેક કુરિયરથી પણ લવાજમ ભરી શકો છો)જમા કરાવી મેસેજ હિસાબનીશ યોગેશભાઈ(મો.નં. 99784 42765),જયુભાઈ પાલીયા (98985 01236 / 84017 14130),દિનેશભાઈ નરેલા (98243 35398) ને આપના ગ્રાહક નંબર સાથે જણાવી શકો છો.જયાં જયાં કુરિયરની સર્વિસ ઉપલબ્ધ છે ત્યાં અમે મેગેઝીન કુરિયર તેમજ અન્ય જગ્યાએ પોસ્ટ દ્વારા મોકલીએ છીએ. મેગેઝીન બહાર પડયા બાદ પંદર દિવસે પણ અંક મળેલ ન હોય તો આપણી કુરિયર કંપની પવન કુરિયર શ્રી રાજેશભાઈ(93755 26430),શ્રી દિપક ઘાંઘણિયા (97270 93150) રાજકોટનો સિધો જ સંપર્ક કરવો. છતાં નિરાકરણ ન આવે **તો જ** ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો.

મુદ્રક : ગિરીશ ઓફસેટ,જયંત કે.જી.મેઈન રોડ,રાજકોટ – મો : ૯૮૨૫૫ ૯૭૭૯૪
ટાઈટલ : લેટેસ્ટ ગ્રાફિક, રાજકોટ – મો : ૯૮૨૫૦ ૮૧૪૦૦
e-mail : latestconcept@gmail.com
પ્રૂફ રીડર : હરેશ પરમાર – મો : ૯૪૨૭૪ ૯૭૫૫૧
સદ્‌ભાવના મૂલ્ય : રૂા. ૨૦–૦૦ ((પાના–૮૦ (૦૪–ફોર કલર))
સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ : www.sonalmaatrust.org

તંત્રી સ્થાનેથી

રામભાઈ જામંગ – તંત્રી, રાજકોટ
૯૮૨૪૨ ૮૮૮૫૨

દિવસો પસાર થતાં કયાં વાર લાગે છે, હજુ હમણાંજ 'ચારણ' મેગેઝિનનું પુનઃ પ્રકાશન સોનલમા ટ્રસ્ટ, રાજકોટ દ્વારા શરૂ કર્યુ હતું. જેનો એક દાયકો (દસ વરસ) ૨૦૨૦ના મે મહિનામાં પુરો થઈને અગિયારમા વરસમાં મંગલ પ્રવેશ કરશે અને તેનો ૩૭મો અંક વહાલા વાચકોના હાથમાં આવશે.

દસ વરસ પૂર્ણ થવાના સમયે, અગાઉ પાંચ વર્ષ પૂર્ણ થતાં તે સમયના પ્રકાશિત થયેલા લેખોમાંથી થોડા લેખો અને ટ્રસ્ટની પ્રવૃત્તિની ઝાંખી કરતું પુસ્તક 'ચારણ સંસ્કૃતિ' તૈયાર કરેલ અને તેનું વિમોચન 'ચારણોની શકિતપીઠ અને આઈમાની શ્રદ્ધાનું પ્રતિક સોનલધામ મઢડા મુકામે થયેલ. ત્યારબાદ તેની બીજી અને ત્રીજી આવૃત્તિ અનુક્રમે કણેરી અને રાજકોટ મુકામે પરમવંદનીય પૂ. મોરારિબાપુની અને આઈમાઓની ઉપસ્થિતિમાં વિમોચન થયેલ.

હવે દસ વરસ પૂર્ણ થવા નિમિત્તે પણ સમાજને અને વાચકોને આ ટ્રસ્ટ દ્વારા કાંઈક વધુ આપવાનું વિચારી રહ્યાં છીએ અને આ મુખપત્ર લાંબો સમય સુધી યોગ્ય રીતે પ્રકાશિત થતુ રહે તે હેતુથી આ વિષયના જ્ઞાતાઓના યોગ્ય સહયોગ અને માર્ગદર્શન કાયમી ધોરણે લેવાની વિચારણા ચાલી રહી છે. અગાઉ પણ આપણે સંપાદકો તરીકે ગોવિંદભાઈ ઘાંઘણિયા, નરેન્દ્રભાઈ ઝીબા, આર.એસ.દૂધરેજિયા, અંબાદાન રોહડિયા, શુકલ વિગેરેને તક આપીને તેઓની વિદ્વતાનો લાભ લીધેલ છે. સહુએ પોત-પોતાની અનુકુળતા મુજબ પ્રોફેશનલ કે સ્વૈચ્છિક લાભ તેઓની વ્યસ્તતામાંથી પણ આપ્યો. આ કામગીરી નિયમિત કરવાની થતી હોય તેઓ લાંબો સમય સુધી ન કરી શકયા ઉપરાંત જયાં જરૂર પડે ત્યાં યુવાનો અને કાર્યકર્તાઓ આજે પણ આમાં સહયોગી બની જ રહ્યા છે. હવે કાયમી ધોરણે વ્યવસ્થા ગોઠવવાનું વિચારણામાં છે. આ લખનારે અને ટ્રસ્ટીઓએ તો શકય હશે ત્યાં સુધી જવાબદારી ઉપાડવાની જ રહે છે કારણકે સમાજને મેગેઝિન ચાલુ કરતી વખતે તેના યોગ્ય અને લાંબા ગાળાના સંચાલનની ખાત્રી આપેલ છે તે વિશ્વાસ જાળવવો એ અમારી ફરજ બની રહે છે અને તેમાં આઈમાનો સાથ છે. કારણ કે આઈમાનું ટ્રસ્ટ આ મેગેઝિન આઈમાની સાહિત્ય પ્રવૃત્તિ જીવંત રહે તેવા તેમના સપનાને ધ્યાનમાં રાખીને સમાજને થોડુ આપવાનો વિનમ્ર પ્રયાસ કરી રહ્યું છે.

આ અંકમાં પણ વિવિધતા સભર વાંચન આપવાનો પ્રયત્ન કરેલ છે. લેખો, કવિતા, વ્યકિત વિશેષ, મળવાજેવા માનવી, પાંગરતિ પ્રતિભાઓ, સમાચારો, આધ્યાત્મિક, પુસ્તક પરિચય, કાગકથા, ગણોતધારો, ધાર્મિક,આઈમાના ભકતો, સૌરાષ્ટ્ર, વર્ષાઋતુ, સામાજિક અને ઐતિહાસિક વાતુ અને અનેક ભાતિગળતા વાળા માણસો. સાથો સાથ શાખા-પ્રશાખાની વિશેષ માહિતી તો ખરી જ અને આવુ ઘણું બધુ.

રાજકારણ કે રાજકીય ક્ષેત્રની વાત આવે ત્યારે તે ક્ષેત્રમાં સંકળાયેલ લોકો પ્રત્યે નકારાત્મક પ્રતિભાવ, મોટાભાગના લોકોને હોય છે. પરંતુ દરેક ક્ષેત્રની જેમ આ ક્ષેત્રમાં પણ થોડા લોકો એવા હોય છે, તેમના માટે લોકોના દિલમાં આદર અને સન્માન હોય જ છે. જયાં લગી આ સમાજને લાગે વળગે છે ત્યાં સુધી આપણે ગૌરવ લઈ શકીએ તેવા આગેવાનોનું ગુજરાતમાં રાજકીય ક્ષેત્ર સારું અને

પ્રેરણાદાયી યોગદાન રહેલું છે તેઓનો માનવીય અભિગમ, લાગણી અને વિવેક દરેક વ્યકિત સાથેનો માનવીય લાગણીસભર જેવી વાતો અત્યારના યુવાનો જેઓ રાજકીય ક્ષેત્રમાં છે અને જઈ રહ્યાં છે તેઓના માટે પ્રેરણાદાયી બની રહે એવા છે. આ અંકમાં આવાજ એક રાજકીય ક્ષેત્રના ધારાસભ્ય, કેબિનેટ મંત્રી સુધી પહોંચીને તે સ્થાનની ગરિમાને પુરતો ન્યાય આપનાર માન.ખોડિદાનજી ઝુલાનો લેખ વ્યકિત વિશેષમાં વાંચવા મળશે. તેઓશ્રીની જેમજ શ્રી બી.કે.ગઢવી સાહેબ મુકેશભાઈ ગઢવી અને હાલ પણ સતત સક્રિય અને ધારાસભ્ય, સંસદસભ્ય પદ સુધી સેવા બજાવનાર માન. પુષ્પદાનભાઈ ગઢવીએ યુવાનો પોતાના રાજકીય મોડેલ બનાવવામાં આવે તો પોતાની ઉંચાઈ આ ક્ષેત્રમાં અચૂક વધશે જ. હાલમાં કૈલાસદાન ગઢવી (સી.એ)અમદાવાદ, દાદુભા જેહળ, વડોદરા જેવા અનેક વ્યકિતઓ સક્રિયપણે રાજકિય રીતે સંકળાયેલા છે. મળવા જેવા માનવીમાં નિવૃત્ત આઈએએસને પણ માણીશું.

હમણાં જ જાહેર થયેલ પોલીસ કોન્સ્ટેબલની ભરતીની યાદીમાં આપણાં સમાજના ૯૭ ઉમેદવારો સમગ્ર ગુજરાતમાંથી પસંદગી પામ્યા. પોલીસ સબ ઈન્સ્પેકટરમાંથી ઈન્સ્પેકટર તરીકે ૧૩ યુવાનોને હાલમાંજ બઢતી મળેલ છે. દિવ્યભાસ્કર દૈનિક રાજકોટ દ્વારા પોલીસ ડિપાર્ટમેન્ટને એવોર્ડ અર્પણ થયા. તેમાં અનેક ગુનાઓના ભેદ ઉકેલવા બદલ આપણાં એચ.એમ.ગઢવીને બેસ્ટ પી.આઈ. તરીકે, ૪૦% કાઈમ રેશિયો ઘટાડવા બદલ વિરલ ગઢવીને (પી.આઈ.)એવોર્ડ પ્રાપ્ત થયા. જયારે રાજકોટમાં શહીદ થનાર કોન્સ્ટેબલ ભરત અશ્વિનભાઈ નેચડા (ગઢવી)નું તેઓએ જયાં હાઈસ્કૂલનું શિક્ષણ લીધું હતું તેવી વિરાણી હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં **શહીદ સ્મારક** રાજય સરકાર, પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા સન્માનપૂર્વકના સમારંભમાં શહીદ દિને સ્થાન પામ્યું.

હિરલબેન અને જાહલબેને પર્યાવરણ જેવા અગત્યના ભૌગોલિક વિષયની જાળવણી માટે સંસ્થાની સ્થાપના કરી અને એવોર્ડ પ્રાપ્ત કર્યો.

આપણાં તરવરીયા યુવાન કાર્યકર ઓસ્ટ્રેલિયા ચારણ સમાજના પ્રમુખ ભરતદાન ભીખુદાન ગઢવીની આંતરરાજય લેવલ પર નેશનલ પ્રેસીડન્ટ ઓફ ગુજરાત આઈ.ઓ.સી. ઓસ્ટ્રેલિયા તરીકે નિમણૂંક થઈ.

CGIF દ્વારા ચારણ પ્રતિભા ખોજ ચારણ ગાથા-૨નું જુદા-જુદા શહેરોમાં આયોજન થઈ રહ્યું છે. ફાઈનલ રાઉન્ડ અમદાવાદ ખાતે યોજાશે.

આપણાં ગઝલ ગાયકશ્રી મનહર ઉધાસના ગુજરાતી ગઝલ આલ્બમ 'અફલાતુન'નું દિલ્હીમાં વિમોચન થયું. ખોડીયાર યુવક મંડળ ટ્રસ્ટ, રાજકોટ છેલ્લા ૨૫ વર્ષથી સોનલબીજની ઉજવણી કરે છે તે ૨૫મા વર્ષ નિમિત્તે સમગ્ર રાજકોટ સમાજની સંસ્થાઓને સાંકળીને શ્રી પ્રકાશભા કવલ અને તેની ટીમે વિશેષ ઉજવણી દ્વારા આઈમાના આદર્શોને જીવનમાં ઉતારવાના પ્રયત્ન કરી રહ્યા છે. તેમજ આ મંડળ દ્વારા ચારણની દીકરીઓ માટે ગરબાનું આયોજન છેલ્લા ૨૫ વર્ષથી અવિરતપણે કરી રહ્યાં છે.

આ સોનલબીજના જામનગર મુકામે 'ચરજ મેગેઝિન'ની બીજી ઈનીંગ દિનેશ માવલના સંપાદન પદે અને 'ભાવિ ચારણ ટ્રસ્ટ'ના ઉપક્રમે એક પડાવ પુરો કરીને બીજા પડાવનો પ્રારંભ કરવા જઈ રહ્યું છે. શરુઆતના બે વર્ષ સુધી ચરજનું સરસ સંચાલન શ્રી રણજીત ગઢવી, અમદાવાદ અને તેની ટીમે કર્યું છે. ઉપરના દરેક પ્રસંગો માટે સોનલમા ટ્રસ્ટ સૌને શુભેચ્છાઓ પાઠવે છે.

સાંદીપનિ આશ્રમ, પોરબંદરમાં નવરાત્રિમાં શકિતની આરાધના સાથે માનવ

સેવાયજ્ઞ જેમાં વિવિધ શારીરિક તકલીફો, બીમારીઓની ચકાસણી અને નિદાન તજજ્ઞ ડોકટરો દ્વારા ડો.ભરત ગઢવીના માર્ગદર્શન નીચે મેડિકલ કેમ્પ પૂ.રમેશભાઈ ઓઝાના સાંનિધ્યમાં યોજાયેલ.

ડો.કેતન ડી.ગઢવીએ હમણાં નવરાત્રિમાં નવું સાહસ 'કલરવ' ચિલ્ડ્રન હોસ્પિટલ (કિલનિક કેર યુનિટ)સુરેન્દ્રનગર ખાતે શરૂ કર્યુ. ડો.કેતન સમાજ શુભેચ્છક શ્રી દેવસુરભાઈ લાંબાના સુપુત્ર અને સુરેન્દ્રનગરના ખ્યાતનામ ડો.વિજયભાઈ અને નિતાબેનના જમાઈ છે. હમણાં થોડા સમય પહેલાં ડો.કેશવ કારિયાએ જામખંભાળીયામાં અને ડો.ગૌરવ ઈશુભાઈ ગઢવીએ નડિયાદમાં પોતાની નવી હોસ્પિટલો શરૂ કરી. યુવાનોની પ્રગતિથી સમાજ પોતાને ધન્ય ગણે છે. અન્ય યુવાનો અને ડોકટરોને પણ અમારા અભિનંદન.

સંખેદ્વારા ભૂમિ સરસ, જયાં બીઠો જદુરાઈ
ઈ જ ભૂમિ ઓખાધરે, ઓપે મોગલ આઈ.
ભજ કાંકણને ભેળિયો, સાંધણ નેત્ર સુધાર
પાકુ તેલ ફુલેલ પટ, સો મોગલ શણગાર.

આઈશ્રી મોગલમાનો પ્રાગટય મહોત્સવ આદ્યસ્થાન ઓખામંડળ ભીમરાણાં ખાતે સમસ્ત સાડાત્રણ પાડાના ચારણો અને ચારણેત્તર માટે આષો સુદ-૧૩(મોગલ તેરસ) તા.૧૧/૧૦/૧૯ને શુક્રવારના રોજ આઈશ્રી મોગલધામ ટ્રસ્ટ દ્વારા પ.પૂ.મહંતશ્રી ઘનશ્યામગીરી બાપુ, ગુરુ ભુવનેશ્વરી દ્વારા ભાવપૂર્ણ રીતે ઉજવાયો.

આપણાં યુવાન ભજનિક ભાઈશ્રી કીર્તિદાન ગઢવીએ પોતાના પુત્ર 'રાગ'નો જન્મદિવસ ગૌશાળામાં રૂા.૫૧૦૦૦/- દાન આપીને સાચા અર્થમાં ગૌ-વંદન કરીને ઉજવ્યો.

શ્રી સોનલ શકિતગ્રુપ,કાછડા(કચ્છ) દ્વારા અખિલ ભારતીય ડે-નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ 'ગઢવી કપ-૧૯'નું આયોજન ઓકટો.૧૯માં કર્યું.

રાજકોટમાં ૧૯૩૮માં સંમેલન ભરાયેલ. ચારણ સંમેલનમાં પણ 'ચારણ' પત્રિકા પુનઃ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ.

અમૃતમા નરસીદાસ બુધશી પરિવાર મુંબઈ દ્વારા રાજકોટના આંગણે વંદનીય જીજ્ઞેશદાદાની વ્યાસપીઠે નવેમ્બર-૨૦૧૯માં ભવ્યાતીત ભાગવત કથાનું આયોજન સાથે જ્ઞાન સભર વાતો અને વકતવ્ય સાથે થયુ અને બુધશી પરિવાર હોય ત્યાં પ્રસાદ-મહાપ્રસાદ તો હોય જ. રાજકોટ અને આજુબાજુના ભાવિકો કુટુંબીજનો દેશ- વિદેશના મહેમાનો અને યક્ષ ટી.વી.ચેનલના પ્રેક્ષકોએ મન ભરીને માણ્યા.

મૂર્ધન્ય સાહિત્યિકાર ૯૦ વર્ષના વડીલ મોહમદ માંકડ ૨૦૧૮નાં વર્ષનો સાહિત્યનો ગૌરવ પુરસ્કારની નવતર ગરિમા પ્રસ્થાપિત કરતા ગાંધીનગર સ્થિત તેઓશ્રીના નિવાસસ્થાને સામે ચાલીને માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા અન્ય મહાનુભાવો જઈને આ પુરસ્કાર તેમને સન્માન સહ અર્પણ કર્યો.

શાહબુદ્દીન રાઠોડ સાહેબ હાસ્ય થેરેપીથી સમાજને સંસ્કારિક તંદુરસ્ત રાખવાના પ્રવાસના ૫૦ વર્ષ પુર્ણ કર્યા.

કૌશિક મહેતા ફૂલછાબના તંત્રી તેમજ આપણા સામયિકના લેખકને પણ આ વર્ષે હરિન્દ્ર દવે એવોર્ડથી સન્માનિત કરાયા.

આઈશ્રી સોનલમાએ શુભારંભ કરેલ અને તેઓના સાંનિધ્ય નીચે શરૂ થયેલ સરસ્વતી મંદિર એટલે કે કાનજીભાઈ નાગૈયા ચારણ કુમાર છાત્રાલય જુનાગઢ તેના ૫૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યું છે તે નિમિત્તે જુનાગઢમાં મે મહિનાની આખરમાં ભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ શ્રી ગીરીશભાઈ મોડ અને સહયોગીઓ કરી રહ્યાં છે.

ચારણી સાહિત્ય સંગોષ્ઠી ૬,૭,૮ ડિસેમ્બરના અને તેની શિબિરનું અનોખું અને

આવકાર્ય આયોજન અનુભા જામંગ જેઓ સાહિત્યકાર છે તેના દ્વારા પૂ.કંકુમા, પૂ.દેવલમા તથા વંદનીય મોરારિબાપુની પાવન ઉપસ્થિતિમાં રાજકોટના આંગણે યોજાશે. જેનું સંચાલન જાણીતા વકતા શ્રી મહેશભાઈ ગઢવી કરશે. અગાઉ અનુભા ગઢવી દ્વારા અનોખુ આવું મજાનું આયોજન સુરેન્દ્રનગરમાં થયું હતું.

એક દાયકો, દસ વર્ષ પૂર્ણ થયાનું જાણ્યું પણ આ મેગેઝિન દસમા દાયકામાં પોરો ખાતા ખાતા પહોંચી ગયું છે, શતાયુ પ્રવેશ કરેલ છે. રાજકોટમાં ૧૯૩૫માં મેઘાણી, કાગબાપુ, શંકરદાનજી વિગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલ ચારણ સંમેલનના ઠરાવોમાં એક નિર્ણય 'ચારણ' મુખપત્ર પુનઃ ચાલુ કરવું-થવું જોઈએ તેવો નિર્ણય થયેલ અને આજે આ મુખપત્રએ વાચકોના વિચારો અને સોનલમા ટ્રસ્ટના સહયોગથી શતાયુએ પહોંચવાનો સંકલ્પ કરી લીધો લાગે છે, અને આપણે બધાએ સદી ચુકવાની નથી. સદી માણવાની છે તેવો નિર્ધાર કરીએ.

આ મેગેઝીનમાં આપ સૌએ મોકલાવેલ લૈખિત, ઈ-મેઈલ, વોટ્સએપ કે અન્ય કટીંગ દ્વારા લેખો, સમાચારો, પાંગરતિ પ્રતિભાઓ વિગેરે અહીંથી સમાજ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીએ છીએ. અન્યો પણ અમોને આ રીતનું અને આવું સાહિત્યક સમયસર મોકલાવતા રહેજો જેથી ટ્રસ્ટી મંડળ તેને પુરતો ન્યાય આપવાનો પ્રયત્ન કરશે.

હવે આપ સૌ ચોમાસાની વિદાય અને સોનલબીજના સ્મરણો સાથે ૨૦૨૦ના નવા વર્ષના પ્રારંભને અને સૌને ગમતી શિયાળીની શીતઋતુ માણસો અને પુનઃ શરુ થયેલ આ મેગેઝીનના ૧૧મા વર્ષને આવકારીશું.દસ વર્ષના સંપાદન, તંત્રીપણાથી, લેખકો, ટ્રસ્ટી મંડળ તરફથી ક્યાંક કોઈની જાણતા અજાણતા લાગણી દુભાણી હોય તો ઉદારતા દાખવીને ક્ષમ્યગણી દરગુજર કરશો, અને સારી બાબતોને સ્વીકારશો. દસકા દરમ્યાન સૌ કોઈએ આપેલ સહકાર બદલ અમો બધા આપ સૌના આભારી છીએ. આવાજ સહકારની આશા સાથે ફરી નવા ઉત્સાહ અને નવા સાત્વિક વિચારો સાથે મળીશું.

ત્રણ મહિના દરમિયાન મળેલ અનુદાનની યાદી

૨,૫૧,૦૦૦	લક્ષ્મણભાઈ ગંગદાસભાઈ વેરવ-લંડન(જાંબુડા) હ.હિરાબેન લક્ષ્મણભાઈ વેરવ તથા ઈલાબેન દિલીપભાઈ જાળફવા (શિક્ષણ અને જ.મંદ પરિવારો માટે)
૪૩,૦૦૦	અમરીબેન નરસીદાસ બુધશી પરિવાર-મુંબઈ (દર વર્ષની જેમ આ વર્ષે પણ જ.મંદના બાળકોને દિવાળી તહેવારે મિઠાઈ વિતરણ માટે)
૫,૫૦૦	સપના વિજયભાઈ લાંબા, લંડન(જ.મંદ) (૧૨૮૩)
૫,૫૦૦	જાનલ નિરજભાઈ લાંબા, લંડન(જ.મંદ) (૧૨૮૪)
૫,૦૦૦	ડી.કે. ચારણ, મહેસાણા(જા.ખ.)(૩૨૭૯)
૨,૫૦૨	સ્વ.દાદીમા કુંવરબેન પુનાભાઈ જોગડા,રાજકોટ (હ.જોરૂભા જોગડા) (જ.મંદ.)(૧૨૮૨)
૧,૦૦૦	મા સોનલ કલાસીસ,વડોદરા(જા.ખ.) (૩૨૬૯)
૧,૦૦૦	શકિતદાન ટાપરિયા, રાજકોટ(જા.ખ.)(૩૨૭૦)
૧,૦૦૦	અનુભા આલાભા સોયા(ગઢવી), જામનગર (જા.ખ.)(૩૨૮૨)

ટ્રસ્ટની પ્રવૃત્તિથી પ્રેરાઈને સમાજના દેશ વિદેશના શ્રેષ્ઠીઓ વધુને વધુ અનુદાન આપી રહ્યા છે તેમાં આ વખતે અન્ય સામાજિક સંસ્થાને અવાર-નવાર અનુદાન આપનાર આદરણીય સ્વ.લક્ષ્મણભાઈ ગંગદાસભાઈવેરવ - લંડન(જાંબુડા) તરફથી સોનલમા ટ્રસ્ટ-રાજકોટ અને ઈન્દુબેન ધીરૂભાઈ ટ્રસ્ટ-રાજકોટને અનુક્રમે રૂા.૨,૫૧,૦૦૦/- તથા રૂા.૨,૫૧,૦૦૦/- આપેલ છે. સોનલમા ટ્રસ્ટ-રાજકોટની સમાજના એડ્રેસની ડિરેકટરનો સંપૂર્ણ ખર્ચ પણ દસ વર્ષ પહેલા શ્રી લક્ષ્મણભાઈ તરફથી મળેલ હતો. આ ઉપરાંત અન્ય અનુદાન આપનાર આદરણીય દાતાશ્રીઓની યાદી ઉપર મુજબ છે, સૌને ધન્યવાદ, આભાર.

લોક સાહિત્યમાં વરસાદ

શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
જામનગર – ૯૪૨૭૪ ૧૧૦૧૯

લોક સાહિત્ય એ લોકવાણીનું સાહિત્ય છે, એટલે તેમાં લોક સંસ્કૃતિનું પ્રભુત્વ રહેલું છે. લોક સાહિત્યનો આત્મા લોકજીવન છે. તેમ લોકજીવનનું વિજ્ઞાન લોક સાહિત્ય છે. લોકસાહિત્ય તો ધરતીના કણે કણમાં ને લોક વ્યવહારમાં પથરાયેલું સહિયારું, સંઘ સંઘોર્મિ અને સહકારી સાહિત્ય છે તે અનુભવને આધારે હૈયાંની ઊર્મિઓથી ઉદ્‌ભવેલું સાહિત્ય છે એટલે જ તે સદીઓથી સચવાતું રહ્યું છે. ગુજરાતના જુદાં જુદાં પ્રદેશોમાં ભૌગોલિક ભેદ અને બોલી ભેદે ગદ્ય, પદ્ય ને અપદ્યાગદ્યમાં રજૂ થતું રહ્યું છે.

લોક સાહિત્યમાં વર્ષાઋતુ અગ્રપદે દીપે છે તો પ્રચંડ પરિવર્તનની ઋતુ છે. વસંતઋતુ ઋતુરાજ હોય તો વર્ષાઋતુ ઋતુઓની રાજમાતા છે. જીવમાત્રને અને પ્રકૃતિ સૌ કોઈને તે સરખી રીતે સ્પર્શે છે. તે ધનધાન્યદાત્રી મંગલ માતા સ્વરૂપ છે.

વર્ષાઋતુનાં પગરણ બેસે અને કૂડાં માનવીનાં હૈયાં જેની પાસે ઘોળાં ફૂલ લાગે એવાં મેશનાં સગાં માવતર જેવાં અને આકાશરૂપી તપેલાંને લૂછવા કાળાં કાળાં મસોતાં શા બનેલાં અવકાશનાં હૃદયમાં ન સમાય એવાં વાદળાઓનાં સમૂહ ઊમટી નીકળે છે.

જૂનનાં મધ્યભાગથી નૈર્ઋત્યનાં મોસમી પવનોથી વર્ષાઋતુનો પ્રારંભ થાય છે. દક્ષિણ તરફનાં વિસ્તારોમાં વરસાદ ઘણો અને ઉત્તર તરફના વિસ્તારોમાં થોડો છે. પાણી ભરેલાં વાદળાં દક્ષિણમાં વહેલાં વરસી પડે છે. તેથી દક્ષિણકાંઠામાં અને જે ભાગ સમુદ્રની સપાટીથી ઊંચાણમાં છે ત્યાં વરસાદ ઘણો પડે છે. ને જે ભાગ દક્ષિણકાંઠાથી દૂર નીચાણમાં છે ત્યાં વરસાદ ઓછો પડે છે. દક્ષિણ અને પશ્ચિમમાં વરસાદ વધારે છે. ઉત્તર અને પૂર્વમાં વરસાદ ઓછો છે.વધુ વરસાદ અને ઓછાં વરસાદની અસર લોકસાહિત્યમાં જોવા મળે છે.

દુનિયા જુવે છે પાણીની વાટ રે મેવલિયા,
તું તો વરસે દુનિયાનો બાપ રે મેવલિયા.
કોશ કાઢીએ ક્રોડ ત્યારે પૃથ્વી એક વિઘો પીયે,
નીલા વગડા નોય મે ઊઠા વિણ્ય માંડળિક.
ઝાકળના જળથી ધરતી નહીં ધરાય,
નવખંડ નીલો થાય, મે ધારાએ માંડળિક.

જેઠ માસમાં મેઘરાજાનું વ્રત ઉજવાય છે, સ્ત્રીઓ રોજ માથા પર લાકડાના પાટલા લઈ તે ઉપર માટીનાં દેડકાંનાં બે પૂતળા બેસાડી ઘરે ઘરે જઈને બોલે છે.

આંબલી હેડે તળાવ, સરોવર હેલે ચડયું રે,
સહિયર ના'વા ન જઈશ, દેડકો તાણી જશે રે,
દેડકાની તાણી કેમ જઈશ,મારી મા ઝીલી લેશે રે.

વર્ષાઋતુનાં પ્રારંભમાં વખતસર વરસાદ ન પડે તો મેહુલાની માટીની મૂર્તિ બનાવીને સ્ત્રીઓ મેઘને લગતાં લોકગીતો ગાતી ગાતી માંગવા નીકળે છે. મેહુલા ઉપર લોકો પાણી છાંટે છે અને સ્ત્રીઓને અનાજ આપે છે.

મારા દાતણનાં ડો'ળનારા મેઘભા ઘરે નથી,
મારા ઝીલણનાં ઝીલનારા મેઘભા ઘરે નથી.
તારી ધરતી ધણિયાણી જુએ વાટ મેહુલીયા !
તારી વીજળી વહુ જુએ વાટ મેહુલીયા !
મેઘો ઓતર ગાજયો ને દખ્ખણ વરસિયો,
મેવલો નાવ્યો દાદાજીને દેશ,
નાવ્યો નમેરો મેવલો.
મેવલિયા રે તું ઝાઝેરો વરસ,ઝાઝેરો વરસ
ભીંજે રે ગોરાંદેની કાંચળી.

લોકસાહિત્યનો દોહો વરસાદને વિનંતી કરતાં કહે છે કે વિશ્વના સાચા અન્ન દાતાર ! આ જગતની ખેતીને હવે લીલી કરો, તમારી ઘનઘોંર ઘટા સજીને

પધારો હે મેઘરાજા તમારી વાટુ જોવાય છે.

કૃષિ જગ નીલી કરો, સજી ઘટા ઘનસાર,
વાટ જુએ છે વિશ્વમાં, આવો અન્ન દાતાર.

વરસાદ ન વરસવાના કારણો લોકગીતોમાં આપવામાં આવ્યાં છે. એક કારણ એ છે કે મેઘલાને હરણીએ શિંગડું માર્યું તેથી તે રીસાઈને ભાગી ગયો છે. બીજા કારણમાં મેહુલાની પત્ની વીજળી તેનાં મોસાળમાં ગઈ હોવાથી મેહુલો એકલો કેમ આવે? ત્રીજા કારણમાં લોકમાનસ લોકોનાં વધેલાં પાપ માને છે, એથીસ્તો તરસ્યાં પશુ-પક્ષી, ગાય, જીવ-જંતુ કીડી-મંકોડા અને વનસ્પતિ પાણી વગર મરે છે, એમને આગળ કરીને મેહુલાને વરસવાની વિનંતી કરવામાં આવે છે. ન વરસે તો કીડી-મંકોડીના શાપની યાદ તાજી કરાવવામાં આવે છે. વરસાદને આહ્વાન આપવા કાબરના કચ્ચાં બચ્ચાને ભૂલા પડેલાં મોટાં કુંવર મેઘલાને શોધવા મોકલવામાં આવે છે. રિસાયેલાં મેવલાને શોધવા સાત ભાઈઓ ઊપડે છે ત્યારે અંતે મેવલો માની જઈને વરસે છે.

મંડાણા જળાંકાં રાજા મહી પરે મેઘરાજા,
હડૂડવા લાગા વધ્યા ધરાકા ઉલાસ.
તડાકા ધડાકા જાણે આભ તોડી નાખે તેવા,
(એવાં) કડાકા ભડાકા થાવા લાગા રે આકાશ.
વરસ્યાં રે કંઈ અષાઢીલા મેહ,
ખેડૂએ હળોતરો જોતર્યા માણાંરાજ.
વાદલડી રે વરસેને મેરામણ રેલે છેલે,
મેરામણ રેલે છેલે ને ઘઉંડા નીપજે.

ખેડુતો અને માલધારીઓનાં મન કોળી ઉઠે છે. તેઓ આનંદોત્સવ રચે છે.ઘાસચારાને અભાવે બીજા પ્રદેશમાં ગયેલાં માલધારીઓને પોતાનાં પ્રદેશમાં વરસાદ વરસવાના વાવડ મળતાં બોલી ઊઠે છે:

હાલો હાલો ભેરુ, હાલોને આપણે દેશજો,
ઓલ્યો મેહુલીયો મંડાણો મુશળધારનો રે,
સાંભર્યો સાંભર્યો સરવો સોરઠ દેશ જો,
મીઠાંને મરમાળા માનવી સાંભર્યા રે.

ચોમાસું તો લોક સમૂહના માનવીને સહેલગાહ કરવાની નહીં પરંતુ ઘરે રહેવાની કપરી ઋતુ છે. ખરેખર ચોમાસુ જામે છે ત્યારે વરસાદની ધાર ઘડીપલ બંધ રહેતી નથી. છેલ ઉપર છેલ, ચારે બાજુ અણ ઉતાર પાણી ભર્યા હોય, દોરાવા ઓસાર આપે નહીં, ઘરમાંથી નીકળવાપણું નહીં, એવાં કપરાં સમયમાં ત્રણ વ્યકિતઓને નીકળવું પડે છે.

ડુંગરિયા હરિયા હુવા, વન ઝીંગોર્યા મોર,
એ રતમાં ત્રણ સંચરે, ચાકર માંગણ ને ચોર.

ચાકરીએ જતાં પતિને તેની પત્ની એક લોકગીતમાં આ રીતે રોકે છે.

આભમાં ઝીણી ઝબુકે વીજળી રે,
ઝીણા ઝરમર વરસે મેઘ ! ગુલાબી,
કેમ કરી જાશો ચાકરી રે.
ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલાં રે,
ભીંજાય હાથીનો બેસતલ સુબો ! ગુલાબી,
કેમ કરી જાશો ચાકરી રે.
તમને વા'લી દરબારી ચાકરી રે,
અમને વા'લો તમારો જીવ, ગુલાબી !
નૈ જાવા દંઉં ચાકરી રે.

ચોમાસું દરેક જીવસૃષ્ટિને આનંદદાયક અને અનુકૂળ હોવા છતાં બે દોહોમાં ઊંટ, બકરુ, વાજિંત્ર,વીરહીણી નારી અને યુવાનને અનુકૂળ ન હોવાનું જણાવ્યું છે.

ચોમાસે ત્રણ દુબળાં, ઊંટ, બકરુ ને રવાજ,
એક લપટે, એક પડે, એક ન કરે અવાજ.
ચોમાસે સુખિયા ઘણાં, દુઃખિયા દોય જણા,
થડકતી, વિરહણી ને ઊગતી મૂછડિયાં.

વીરહીણી તો વરસાદને ઠપકો આપતા કહે છે :

વીજળી તું નિરલજ થઈ, મેવલા તુંય ન લાજ,
મારો ઠાકર ઘરે નહીં, મધરો મધરો ગાજ.

આખું વર્ષ મૌન ધરીને બેઠેલાં દેડકા વરસાદ વરસતાં ડ્રાંઉ ડ્રાંઉ કરતાં અખંડ ગીત ધ્વનિથી વર્ષાઋતુને સંગીતથી ભરપુર કરે છે. બપૈયાઓ પિયુ

પિયુ પોકારે છે. કોકીલ મીઠો કલશોર કરે છે. ચાતક હરખાઈ ઊઠે છે.

કોયલ કરે ટહુકડા, પીપહર કરે પુકાર,
ઘનઘુર અંબર ઘુમડિયો, ધીર ઝર મેહાંધાર.

વર્ષા એ મોરની પ્રિય ઋતુ છે. વરસાદ વરસતાં મોર કળાયેલ બને છે. આનંદમાં મસ્ત બનીને કે...હુ...ક, કે....હુ....ક..ટહુકારા કરવા માંડે છે. વર્ષાના આગમનને મોર નાદ અને નર્તનથી વધાવે છે.

કયાં ચંદ ચકોર કયાં, કયાં મોર કયાં મેહ,
અળગા તોયે ઢૂકડા, સાચો જયાંહી સ્નેહ.

વર્ષાઋતુને લગતાં વરતારા, વર્ષાસૂચક ભવિષ્યકથનો રજૂ કરતાં સૂત્રો, દોહાઓ લોકસાહિત્યમાં ભડલી વાકયો તરીકે જાણીતા છે.

રાતે બોલે કાગડા, દહાડે રુએ શિયાળ,
તો ભડલી એમ જ કહે, નિચ્ચે પડશે કાળ.
અષાઢ સુદિ પંચમી, જો ઝબુકે વીજ,
દાણાં વેચી ઘર કરો, રાખો બળદ ને બીજ.

પ્રાચીન વર્ષા વિજ્ઞાન ગ્રંથમાં વર્ષા વિષયક સામગ્રી ભરપૂર આપવામાં આવી છે. તે લોકસાહિત્યનો ખજાનો છે.

લોકસાહિત્યમાં વરસાદને સાગરનો જાયો, જળનો રાજા, દુનિયાનો બાપ અને અન્ન દાતાર તરીકે ઓળખવામાં આવ્યો છે. તેની ધારને હાથીની સૂંઢધાર,ધુંવાધાર,સાંબેલાધાર,અનરાધાર,મૂશળધાર, એકલધાર અને મેઘાધારની ઉપમા આપવામાં આવી છે. લોકસાહિત્યની કહેવતોમાં પણ વરસાદને સ્થાન આપવામાં આવ્યું છે.

લોકસાહિત્યમાં સાંઈ નેહડી અને એભલવાળાની લોકવાર્તામાં સાત વર્ષના દુકાળ બાદ મંત્ર તંત્ર યંત્રથી બાંધેલા વરસાદને મૃગના શિંગડામાંથી એભલવાળો છોડાવે છે. અનરાધાર વરસાદમાં એભલવાળો પલળી બેશુદ્ધ થતાં તેનો જાતવાન અશ્વ ચારણ આઈ સાંઈ નેહડીના નેશમાં પહોંચાડે છે. ચારણ આઈએ પોતાના દેહની ઉષ્મા આપી એભલવાળાને જીવાડયો હતો.

તે વખતે ઘોડેસ્વાર આવ્યો તળાજાનો તે ધણી,
વરસાદ અનગળ વરસતાં બેશુદ્ધ હાલત જો બણી
લઈ ઝુંપડીમાં હૂંફ આપી રાખી અંતર લોબડી,
વાનાં વધારણે વરણનાં નકળંક સાંઈ નેહડી.

લોકસાહિત્યનો ચારણ પ્રકૃતિ પ્રેમી છે. ચારણોએ ઋતુઓનાં રંગોને સૂક્ષ્મરીતે અવલોકન કરી મનભર રીતે આત્મસાત કર્યા છે, એટલે જ એમનાં ઋતુકાવ્યો રસિકતાને અને માર્મિકતાને આલેખે છે. ચારણી સાહિત્યનાં ઋતુકાવ્યોમાં વર્ષાઋતુનું પ્રાધાન્ય છે તેનાં કાવ્યોમાં પ્રકૃતિની શોભા, ઋતુ પ્રભાવ, ઋતુશોભા, ઋતુનાં ઉપભોગ, ઋતુપલટાંની અસરો, રાધા-કાનના બારમાસા, મિત્રો, સ્નેહીજનોનાં મૃત્યુ-વિયોગના વિરહનાં છંદો-દુહાઓ-ગીતો, સભારંજનના ઋતુવર્ણનો શબ્દાડમ્બર, પદલાલિંત્ય અને નાદવૈભવથી શોભનીય છે.

ગડહડીય સજદળ આભ વળકળ મંદ પ્રબળા મલકતી,
દીપતી ખડ ખડ, હસી નવોઢા શ્યામ ઘૂંઘટ છૂપતી,
અબળા અકેલી કરત કેલી વ્યોમ વેલી લળવળી,
અષાઢ ગમ ગમ, ધરા ધમ ધમ, વરળ ચમ ચમ વીજળી
જીય વરળ ચમ ચમ વીજળી.

અષાઢ ઉચ્ચારં, મેઘ મલારં,
બની બહારં જલધારં,
દાદૂર ટકારં, મયુર પુકારં,
તડિતા તારં વિસ્તારં
નાં લાહી સંભારં, પ્યાસ અપારં,
નંદકુમારં નિરખ્યારી.
કહે રાધે પ્યારી, હું બલિહારી
ગોકુલ આવો ગિરધારી
જીય ગોકુલ આવો ગિરધારી.

ખડ સૂકયાં ગૌરસ વસૂકયાં, વા'લા ગિયા વિદેશે,
અવસર ચૂકયાં મેહુલાં, વરસે કાઉં કરેશ.

વણ સગે વણ સાગવે, વણ નાતરિયે નેહ,
વણ માવતરે જીવીયે, તું વીણ મરિયેં મેહ. •

ચારણ સંત કવિ બ્રહ્માનંદ સ્વામી(ભાગ–૪)

ચારણ સંત કવિ બ્રહ્માનંદ સ્વામીનું વિપુલ કવિતા સર્જન

શ્રી ઈસુભાઈ ગઢવી – હિંમતનગર

૯૮૨૫૯ ૬૧૨૭૦

ભગવાનશ્રી સ્વામીનારાયણના કાવ્ય કળામાં પારંગત એવા અષ્ટ કવિયોમાં ચારણ સંત કવિ બ્રહ્મનંદ સ્વામીનું સ્થાન અગ્રીમ છે. તત્કાલીન નંદ કવિઓ એ બ્રહ્માનંદ સ્વામીના કાવ્ય સામર્થ્યને બિરદાવતાં લખ્યું કે,

'બ્રહ્મમુનિ કવિ ભાનુસમ, પ્રેમ મુકત દોઉચંદ
ઓર કવિ ઉડગણસમ કહે અવિનાશાનંદ'

બ્રહ્માનંદ સ્વામીએ ચારણી કાવ્ય પરંપરામાં ગુજરાતી,હિન્દી,વ્રજ,કચ્છી અને રાજસ્થાની ભાષામાં આઠ હજાર જેટલી પદ્ય રચનાઓમાં વિપુલ કાવ્ય સર્જન કર્યું છે. એમની કવિતાઓમાં ચારણી છંદો, કવિતો, સવૈયા, પદો, કીર્તનો, દોહાઓનું વિશેષ પ્રભુત્વ રહ્યું છે. ૭૨ જેટલી શાસ્ત્રીય રાગરાગણીઓમાં એમની કવિતા શબ્દસ્થ થઈ છે.

રેણકી, ઝૂલણા, હરીગીત, કુંડળીયા, ભુજંગી, ત્રિભંગી, મનહર, મોતીદામ, જેવા ૨૭થી વધુ ચારણી છંદોમાં એમની કવિતા વિસ્તરી છે. કોઈ એક કવિની કવિતામાં આટલા મોટા પ્રમાણમાં છંદ વૈવિધ્ય અને રાગ વૈવિધ્ય ભાગ્યેજ જોવા મળે છે. ચારણી કવિતા સભારંજની કે મનરંજની નથી પરંતુ સામાજિક ચેતનાની વાહક અને પરમતત્વની ઉચ્ચતમ ઉપાસનાનું માધ્યમ છે. એ ન્યાયે બ્રહ્માનંદ સ્વામીની કવિતામાં ભગવદ ભકિતની સાથે સામાજિક દૂષણો સામે લાલબત્તી ધરતી અને તેમાંથી ઉગરવાના માર્ગો બતાવતી વિપુલ રચનાઓ છે.

બ્રહ્માનંદ સ્વામીની કવિતાનું મહત્વનું તત્વ એની સરળતા અને ગેયતા છે. એમની કવિતામાં રેણકી, ચર્ચરી, ત્રિભંગી, ભુજંગી જેવા લખવામાં, બોલવામાં અને સમજવામાં અતિ અઘરા લાગે એવા ચારણી છંદો પણ છે. જયારે સાવ સાદી શૈલીની લોકભોગ્ય અને લોકગમ્ય પદાવાલીઓ પણ છે. જેમકે રાધાકિષ્ણના મહારાસનું તાદશ્ય વર્ણન કરતો અતિ અટપટો ચારણી છંદ.

'સર સર પર સઘર અમરતર અનુસર,
કરકર વરધર મેલ કરે,
હરિહર સુર અવર અછર અતિ મનહર,
ભરભર અતિ ઉર હરખ ભરે,
નિરખત નર પ્રવર પ્રવરગણ નીરજર,
નિકર, મુકુટ શિર સવર નમે,
ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,
રંગભર સુંદર શ્યામ રમે.'

પણ છે. એની સાથે ભગવાનના અલૌકિક પણાને અને પરબ્રહ્મ ભાવને સમજાવતું સાવ સરળ પદ પણ છે. જેમકે

'એક વાત સુણો વ્રજવાસી રે પુરુષોતમ બોલ્યા પ્રીતિ રે,
દ્રષ્ટબ્દત કરી સમજાવું રે, મારું રૂપ અલોકિક આવું રે,
અક્ષર તે અંબરના સ્થાને રે, માયા શૂન્યને અનુમાને રે'

કહેવાય છે કે એક ચાતુર માસમાં ભગવાન સ્વામિનારાયણએ બ્રહ્માનંદ સ્વામીને રોજના ચાર પદો રચવાની આજ્ઞા કરી અને ગુજરાતી પદય કવિતાને ચાર માસમાં ૫૦૦ જેટલા ભગવદ ભકિતના અમૂલ્ય પદો મળ્યાં. ભગવાન સ્વામિનારાયણએવચન આપ્યું કે બ્રહ્માનંદ સ્વામીએ રચેલા કીર્તનોમાંથી ૧૦૦ કીર્તનો જે કોઈ દરરોજ ગાશે તેને હું સાક્ષાત દર્શન આપીશ. આ વચન પાળ્યાની અનેક ઘટનાઓ સત્સંગમાં ઘટી છે. તાત્પર્ય કે બ્રહ્માનંદસ્વામીની કવિતામાં ભગવાનને દર્શન આપવા પ્રગટ થવું પડે એટલી સમર્થતા છે.

કવિતાની લોકભોગ્યતાના કારણે એમની

કવિતાને સ્થળના સીમાડા નડયા નથી. નરસિંહ, મીરાં અને સુરદાસના પદોની જેમ બ્રહ્માનંદિય કવિતા કંઠોપકંઠ ભારતભરમાં ફરી વળી છે. બ્રહ્માનંદ સ્વામીએ શરૂઆતમાં પૂર્વાશ્રમના ચારણી નામ લાડુદાનના નામે અને પછી ત્યાગાશ્રમમાં શ્રી રંગદાસ, બ્રહ્મમુની, બ્રમાનંદ અને બ્રમદાસાના નામે સમૃદ્ધ કાવ્ય સર્જન કર્યું છે.

૧) બ્રમાનંદ કાવ્ય : ૨૫૦૦ કરતા વધુ પદોનો સંચય આ ગ્રંથમાં છે. તેમાં ૨૨૦૦ પદો ગુજરાતીમાં, ૩૦૦ પદો હિન્દીમાં, ૨૦ થી ૨૫ પદો કચ્છી અને રાજસ્થાનીમાં છે. જેમાં ૫૦ પ્રભાતિયા, ૧૦૦ આરતી પદો, ૪૦૦ ઉત્સવના પદો, ૧૨૦૦ પ્રેમભકિત, શૃંગાર, વિરહના પદો, ૧૦૦૦ કૃષ્ણલીલાના પદો, ૨૦૦ જ્ઞાન વૈરાગ્યના પદો છે. વિદ્વાન વિવેચક નરોત્તમ પલાણે એટલે મૂલ્યાંકન કર્યું છે કે બ્રમાનંદનો રાજવી ઠાઠ યુકત ભકિત શૃંગાર અને સચ્ચાઈ ભરેલું વૈરાગ્ય જ્ઞાન સ્વામિનારાયણ કવિતાના ઉન્નત શિખરો છે અને કવિતા સાહિત્યનું અમર ધન છે.

૨) છંદ રત્નાવલી : આ ગ્રંથમાં ૮ જેટલા રાસાષ્ટકની રચનાઓ છે તેમાં પ્રખ્યાત ચારણી છંદો જેવા કે રેણકી, ચર્ચરી, અમૃતધ્વની, કુંડળિયા, હરિગીત, ઝૂલણા, ત્રિભંગી, ભુજંગી અને મોતીદામ જેવા છંદોની ઉત્તમ રચનાઓ છે તેમાં ચારણી છંદ વૈભવ, શબ્દ પ્રભુત્વ, નાદવૈભવ અને ડીંગળ-પિંગળ કાવ્ય પરંપરાનું અદ્‌ભુત પ્રયોજન થયું છે.

૩) ધર્મવંશ પ્રકાશ : હિન્દી ભાષામાં લખાયેલ આ ગ્રંથમાં ગોલોકધામ વર્ણન, ધર્મભકિત શ્રાપકથન, ધર્મપ્રવાસ વર્ણન, ધર્મભકિત વરદાન, ધર્મભકિત સ્વધામ ગમન, દીક્ષા પ્રાપ્તિ પ્રસંગ અને ભગવાન સ્વામિનારાયણએ સ્થાપેલ મંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા વિશેના પદોનું સર્જન છે.

૪) બ્રહ્મવિલાસ : હિન્દી ભાષામાં લિખિત આ ગ્રંથમાં ગુરુદેવ, ઉપદેશ, કાળ, દેહઆત્મ વિવેક, તૃષ્ણા, પેટ, વિશ્વાસ, દેહમિલન ત્યાગ, નારી, ધૃષ્ટ, મન, વિપરીત જ્ઞાન, વચનવિવેક, ઉપાસના, પતિવ્રતાપણું, વિરહ, શૂરવીરતા, સાધુતા અને સાંખ્યયોગનું વિષદ વર્ણન છે.

૫) સુમતિ પ્રકાશ : હિન્દીમાં લખાયેલ આ ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણનું જીવનવૃતાંત ૨૦ વિશ્રામમાં વર્ણવેલ છે.

૬) નીતિ પ્રકાશ : ભગવાન સ્વામિનારાયણને અતિ પ્રિય એવા ૮ સતશાસ્ત્રો પૈકી વિદુરનીતિનો સરળ ભાવાર્થ હિન્દીમાં આ ગ્રંથમાં ૮ અધ્યાયમાં નિરૂપણ થયેલ છે. આ ગ્રંથની રચના બ્રહ્માનંદસ્વામીએ ભગવાન સ્વામીનારાયણની સન્મુખ બેસીને કરેલ છે.

૭-૮) શિક્ષાપત્રી ગુજરાતી અને હિન્દી : ભગવાન સ્વામીનારાયણએ સંસ્કૃતમાં લખેલ શિક્ષાપત્રીનું લોકઢાળમાં ગુજરાતીમાં અને દુહાચોપાઈમાં હિન્દી ભાષામાં નિરૂપણ આ ગ્રંથોમાં છે.

૯) સંપ્રદાય પ્રદીપ : સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રવર્તિત ભાગવત ધર્મનું નિરૂપણ આ ગ્રંથમાં છે.

૧૦) વિવેક ચિંતામણી : હિન્દીમાં લિખિત આ ગ્રંથમાં સાચા અને દંભી સાધુ સંતના લક્ષણોનું ૬ અધ્યાયમાં વર્ણન છે.

૧૧) સતિગીતા : સ્ત્રી જીવન વિષે ભગવાન સ્વામિનારાયણએ સંસ્કૃતમાં લખેલ ગ્રંથનું વ્રજભાષામાં ૬ અધ્યાયમાં અને ૫૧૧ કડિયોમાં વિસ્તૃત નિરૂપણ છે.

૧૨) ઝૂલણા : હિન્દી ભાષામાં લિખિત આ ગ્રંથમાં માયાદી જીવનનું વિષદ વર્ણન છે.

૧૩) ઉપદેશ ચિંતામણી : આ ગ્રંણમાં દેહની ક્ષણભંગુતા અને ઈશ્વરની શરણાગતતા વિષે ઊંડું ચિંતન છે.

૧૪) ઉપદેશ રત્નદિપક : જૂનાગઢના નવાબની મુમુક્ષુતા જોઈ જગત મિથ્યા અને બ્રહ્મ સત્ય તથા કયામતના દિવસે ખુદા સમક્ષ આપવાના હિસાબનું તત્વલક્ષી આલેખન આ ગ્રંથમાં છે.

૧૫) ધર્મકુળ ધ્યાન : દીક્ષા વિધિ અને ધર્માવંશનું સરળ ભાષામાં આ ગ્રંથમાં વર્ણન છે.

(અનુ.પાના નં.૧૬)

શું ગાંધીજી રંગદ્વેષી હતા ?

શ્રી પ્રવીણ કે. ગઢવી – ગાંધીનગર

(નિવૃત્ત IAS)



ગતાંકથી...

....તે વેળાના કાફરા એમને 'જંગલી' જેવા લાગ્યા, તે સહજ છે. વળી, તે ગુનેગાર કેદી હતા. 'તોફાની', 'ગંદા' અને 'જાનવરની સ્થિતિ'માં રહેનારા હતા. સત્યાગ્રહી હિન્દીઓ મોટે ભાગે વેપારી હતા, તેથી 'ગરીબડા હિન્દી'ઓના હાલ સમજવાનું એમણે વાચક ઉપર છોડયું.

હવે બીજી વાર જોહાનિસબર્ગ જેલમાં ગાંધીજીને જવાનું થાય છે. તેનો અનુભવ વર્ણવતાં તેઓ લખે છે. 'જોહાનિસબર્ગ પહોંચ્યા તે વખતે સાંજ પડી હતી તેથી મને બીજા હિન્દીની પાસે નહોતા લઈ ગયા. મુખ્યત્વે કેદખાનામાં જયાં કાફરા દરદી હતા, તેઓની કોટડીમાં મને બિછાનું આપ્યું. કોટડીમાં મારી રાત ઘણા દુઃખમાં તથા ભયમાં ગઈ. મને બીજે જ દહાડે આપણા લોકો પાસે લઈ જશે, એમ ખબર નહોતી અને આવી જગ્યાએ રાખશે, એમ માની હું ભય પામ્યો ને બહુ અકળાયો. છતાં મન સાથે નિશ્ચય કર્યો કે મારું કર્તવ્ય તો એ જ હતું કે મારે જે દુઃખ હોય તે સહન કરવું.'

'અકળાવાનો સબબ એ હતો કે કાફરો તથા ચીના કેદી જંગલી, ખૂની તથા અનીતિવાળા લાગ્યા. તેઓની ભાષા હું જાણતો નહોતો. કાફરોએ મને સવાલો પૂછવા શરૂ કર્યા. તેમાં પણ મેં મશ્કરી જેવું જોયું. હું તે સમજી શકયો નહીં. મેં કંઈ જવાબ ન વાળ્યો. તેણે મને ભાંગલા અંગ્રેજીમાં પૂછયું, 'આમ મને શા સારુ લાવ્યા છે?' મેં થોડો ઉત્તર દીધો ને મૂંગો રહ્યો. પછી ચીનાએ શરૂ કર્યું. તે વધારે ખરાબ જણાયો. મારી પથારી આગળ આવી તે મને જોવા લાગ્યો. હું ચૂપ રહ્યો, પછી તે કાફરાની પથારી આગળ ગયો. ત્યાં બંને જણ એકબીજાની ભૂંડી મશ્કરી કરવા લાગ્યા ને એબ ઉઘાડવા લાગ્યા. આ બંને કેદીઓ ખૂનના કે મહાચોરીના આરોપવાળા હતા. આવું જોઈ મને ઊંઘ તો શાની જ આવે? બીજે દહાડે ગવર્નરને આ બધું સંભળાવીશ, એમ વિચાર કરી મોડી રાત્રે હું થોડું ઊંઘ્યો.

જોહાનિબસર્ગનો અનુભવ વધારે ખરાબ હતો. ગાંધીજી ગવર્નરને રજૂઆત કરવા ઈચ્છતા હતા, ત્યારે એમણે જોયું કે કેટલાક સત્યાગ્રહી હિન્દીઓ કાફરા સાથે રહેવામાં ખુશ હતા. કેમ? તો કાફરાઓ પાસેથી તમાકુ મળી રહે ! માનવસ્વભાવ સર્વત્ર સરખો છે. ગાંધીજીએ કેવા લોકો સાથે કામ પાડયું હતું, તે વિચારવા જેવું છે.

ગાંધીજી આગળ લખે છે, 'આ કેદીઓને કાફરોની સાથે રાખવામાં આવતા હતા. હું ગયો ત્યારે વડા દરોગાએ હુકમ કર્યો કે અમને બધાને નોખી કોટડી મળે. મેં દિલગીરીની સાથે જોયું કે કેટલાક હિંદીઓ કાફરાની સાથે સૂવામાં રાજી રહે છે. તે આવા કારણથી કે ત્યાં ચોરીથી તમાકુ વગેરે મળી શકે છે. આ આપણે શરમ ઉપજાવનારું છે. આપણને કાફરા કે કોઈની ઉપર તિરસ્કાર ન હોય, પણ તેઓની વચ્ચે તથા આપણી વચ્ચે સાધારણ વ્યવહારમાં એકતા નથી એ ન ભૂલાય તેવું છે.'

ગાંધીજીને જોહાનિસબર્ગની જેલમાં જાજરૂ જવાની પણ કેવી તકલીફ પડી હતી, તે જોવા જેવી છે. જેલમાં બે વિભાગ હતા : એક વિભાગ ગુનેગાર કેદીઓ માટે અને બીજો વિભાગ દીવાની જેલના

કેદીઓ માટે. ગાંધીજીનું સૂવાનું બીજા વિભાગમાં હતું, પરંતુ તે વિભાગનું જાજરૂ તેઓ વાપરી ન શકે પહેલા વિભાગના જાજરૂમાં કેદીઓ વધુ હોવાથી 'મહાપંચાત' પડે, તેથી દરોગાની સંમતિ લઈ બીજા વિભાગના જાજરૂમાં ગયા.

'આ જાજરૂમાં ભીડ તો હોય છે. વળી, જાજરૂ ખુલ્લાં હોય છે. તેને દરવાજા નથી હોતા. હું જેવો બેઠો કે તેવો જ એક જબરો મજબૂત વિકરાળ કાફરો આવ્યો. તેણે મને ઊઠી જવા કહ્યું ને ગાળો દેવા લાગ્યો. મેં કહ્યું, હમણાં જ ઊઠું છું. તેટલામાં તો મને બાથ ભીડીને ઊંચકયો ને બહાર ફેંકયો. સારે નસીબે મેં બારસાખ પકડી લીધી,એટલે હું ન પડયો. આમાં કંઈ હું ગભરાયો નહોતો. હસીને હું તો ચાલતો થયો. પણ એક-બે હિંદી જેણે આ બનાવ જોયો તેઓ રડી પડયા.'

આવા સંજોગોમાં કોઈપણ વ્યકિત કાફરા પ્રત્યે દ્વેષ કરતો થઈ જાય, તે સહજ છે. આપણે પણ વાતવાતમાં અમુક નાતવાળા કંજૂસ, અમુક નાત, ધર્મવાળા ગુંડા, અમુક નાતવાળા ચોર, અમુક નાતવાળા ગંદા, અમુક નાતવાળા લૂચ્ચા, એવા અભિપ્રાયો વ્યકત કરતા હોઈએ છીએ. પણ ગાંધીજીને કાફરાઓ પ્રત્યે દ્વેષ ન થયો, એમણે ગવર્નરને હિંદીઓને જુદા રાખવાની રજૂઆત કરી, 'આ બાબતની મેં ગવર્નરને વાત કરીને જણાવ્યું કે હિંદી કેદીઓને સારુ નોખા જાજરૂની ખાસ જરૂર છે. ને એમ પણ જણાવ્યું કે, કાફરા કેદીઓની સાથે હિંદી હેદીઓને મુદ્દલ ન રાખવા જોઈએ.' ગવર્નરે તુરત હુકમ કર્યો કે મોટી જેલમાંથી જાજરૂઓ હિંદી કેદીને સારુ કાઢી આપે.

બસ, ગાંધીજીનો આ 'મહાઅપરાધ' થયો. હિંદીઓને કાફરાથી અલગ રાખવા કહ્યું, એટલે કેટલાક દલિત બૌદ્ધિકોએ પ્રચાર શરૂ કર્યો કે ગાંધીજી રંગદ્વેષી હતા અને કાફરાઓને 'જંગલી' કહ્યા હતા!

ખેર,ગાંધીજી હિંદીઓમાં રહેલા વર્ણભેદનો પણ દુઃખ સાથે ઉલ્લેખ કરવાનું ચૂકતા નથી. 'એમ જોવામાં આવ્યું કે બહારની ઈજાઓ કરતાં અંદરની ઈજાઓ વધારે ભારે પડતી હતી. હિંદુ અને મુસલમાન તથા ઊંચ અને નીચ જાત એવો આભાસ કોઈકોઈ વેળા જેલમાં જોવામાં આવતો હતો. જેલમાં બધા વર્ગના ને બધા વર્ણના હિંદી સાથે રહેતા હતા. તેમાં જોઈ શકાયું કે આપણે સ્વરાજય ન ચલાવીએ એવું કંઈ નથી, કેમકે છેવટે જે ચડચણો આવી તે દૂર થઈ હતી. કેટલાક હિંદુ એમ કહેતા હતા કે અમે મુસલમાનોનું રાંધેલું નહીં ખાઈએ, અમુક માણસના હાથનું રાંધેલું નહીં ખાઈએ એમ કહેનાર માણસે હિંદુસ્તાનની બહાર પગ જ ન મૂકવો જોઈએ. મેં એમ પણ જોયું કે કાફરાઓ કે ગોરાઓ આપણા અનાજને અડકે તેમાં અડચણ નહોતી. એક વખત એવું બન્યું કે પેલો તો (અછૂત) છે, તેની પાસે હું નથી સૂવાનો, એવો સવાલ નીકળ્યો. આ પણ આપણને શરમાવા જેવું થયું. ઊંડા ઊતરતાં એમ માલૂમ પડયું કે આવી અડચણ લેવાનું કારણ તે માણસને પોતાને બાધ હતો એમ નહીં, પણ દેશમાં ખબર પડે તો તેનાં સગાં હરકત કરે. હું તો માનું છું કે આમ નીચઊંચના ડોળથી ને પછી નાતના જુલમના ડરથી આપણે અસત્ય આદરી બેઠા છીએ. જો આપણે જાણીએ કે (અછૂત)નો તિરસ્કાર કરવો એ ઠીક છે, તો પછી નાતથી કે બીજાથી ખોટી રીતે ડરી, ખરું છોડી આપણે સત્યાગ્રહી કેમ કહેવાઈએ? આપણે બધા હિંદી છીએ, તો પછી ખોટા ભેદ રાખી વઢીમરીશું ને હક માગશું તો કેમ થશે!'

'આપણે દેશમાં હોઈએ કે પરદેશમાં - વર્ણભેદ-ધર્મભેદ ભૂલતા નથી. આજે પણ અમેરિકા - ઈંગ્લેન્ડમાં વરસોથી રહેવા છતાં નાતજાત તો ઠીક, ગોળ-પરગણાં પણ ભૂલાયા નથી!

'દક્ષિણ આફ્રિકાના હિંદીઓને ગોરા કે કાફરાએ રાંધેલા ધાનને અડી જાય તો વાંધો નહીં.

પરંતુ દેશભાઈ એવા અછૂતો કે મુસલમાનો અડે તો અભડાઈ જાય! આજે પણ એમાં કંઈ ફેર પડયો છે?' 'ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની જેલોમાં અસહ્ય દુઃખો વેઠેલાં. બંધ કોટડીમાં ઊભાં-ઊભાં ખાવું પડતું. કપડાં ઉતારી ખુલ્લામાં નહાવું પડતું. જાજરૂ પણ નિરાંતે ન જવાતું, દરોગો બે મિનિટ થાય કે ત્રાડ પાડે, 'સામ, હવે નીકળ!'

મહાત્મા એમ કંઈ સહેલાઈથી, પ્રચારનાં ઢોલ–નગારાં વગાડવાથી કે ચોતરફ ફોટા ચોંટાડવાથી નથી થવાતું !

ગાંધીજી કરતાં આઠ વર્ષ મોટા અંગ્રેજ પાદરી રેવરન્ડ જોસફ ડોકે ૧૯૦૮માં 'ગાંધીજીનું પહેલું ચરિત્ર' લખ્યું હતું. તેમાં તેમણે નોંધ્યું છે કે ઝૂલુ બળવો થયેલો, ત્યારે અંગ્રેજોએ ચાબખા મારી લોહીલુહાણ કરેલા ઝૂલુઓની સારવાર કરવા કોઈ યુરોપિયન તૈયાર નહોતો, ત્યારે ગાંધીજીએ તેમની સારવાર કરેલી!

દક્ષિણ આફ્રિકાના સત્તાધીશો ગાંધીજીના સત્યાગ્રહથી ડરતા નહોતા, કેમકે તે ફકત દસ હજાર હિંદીઓનો જ હતો, પરંતુ તેમને ભય હતો કે આ સત્યાગ્રહનું હથિયાર 'કાફરાઓ'ના હાથમાં આવશે, તો શું થશે? અને એ કાફરાઓના નેતા નેલ્સન મંડેલાએ ગાંધીનું હથિયાર જ ખપમાં લઈ આઝાદી મેળવી. નેલ્સન મંડેલાએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે ભારતવાસીઓએ તો ગાંધીને વકીલ તરીકે દક્ષિણ આફ્રિકામાં મોકલ્યા હતા અને અમે 'મહાત્મા' બનાવી પાછા મોકલ્યા! કોઈ રંગદ્વેષીને કોઈ કાફરો આવી શ્રદ્ધાંજલિ અર્પે ખરો? ગાંધીજીએ ૧૯૨૫ 'નવજીવન'માં લખ્યું કે 'સૃષ્ટિનાં પ્રાણીમાત્રની તાત્ત્વિક એકતા અને અભેદના જ્ઞાનમાં ઊંચનીચના ભાવને અવકાશ જ નથી. જીવન એ કર્મક્ષેત્ર છે, અધિકાર અને સત્તાનો સંચય નથી. જે ધર્મ ઊંચનીચના ભેદની પ્રથા ઉપર આધાર રાખે છે, તેનો સર્વથા વિનાશ જ છે.'

અત્રે રજૂ કરેલા પુરાવાથી સાબિત થાય છે કે ગાંધીજી રજમાત્ર અંશમાત્ર પણ રંગદ્વેષી નહોતા, પરંતુ હાડોહાડ મહાન માનવતાવાદી હતા. ઈતિ સિદ્ધમ્!•

(પાના નં.૧૩નું)...

ચારણ સંત કવિ બ્રહ્માનંદ સ્વામી

૧૬) દશાવતાર ચરિત : ભગવાનના ૧૦ અવતારોનું રસાળ શૈલીમાં આ ગ્રંથમાં વિવરણ છે.

૧૭) જ્ઞાનપ્રકાશ ચિંતામણી : ઉપદેશાત્મક પદોનો આ ગ્રંથ છે. દરેક પદના અંતે ચેત ચેત નર ચેતની ધ્રુવ પંકિત આ ગ્રંથની વિશેષતા છે.

૧૮) ધર્મ સિદ્ધાંત : ૧૨ અધ્યાયમાં ચોપાઈમાં લખાયેલ આ ગ્રંણમાં અક્ષરબ્રહ્મની અખીલાઈનું તાત્વિક નિરૂપણ છે.

૧૯) નારાયણ ગીતા : ભગવાન સ્વામિનારાયણની ઉપસ્થિતિમાં નારાયણના મહિમાને વર્ણવતો આ ગ્રંથ છે.

૨૦) વર્તમાન વિવેક : સ્વામિનારાયણ સંપ્રદાયના ૫ વર્તમાન જેવા કે નિસ્પ્રુહિ,નિષ્કામિ,નીસ્વાદી, નીર્લોભી અને નિર્માનીપણાનું વિગતવાર વર્ણન આ ગ્રંથમાં છે.

બ્રહ્માનંદ સ્વામીના પદ્યસાહિત્યનું પ્રમાણિક મૂલ્યાંકન કરતા ગુજરાતી સાહિત્ય કોશના ખંડ-૧માં સંપાદક જયંત કોઠારી, જયંત ગાડીત, ચંદ્રકાંત શેઠ અને રમણલાલ સોનીએ સાર્થક નોંધ લખી છે કે બ્રહ્માનંદ સ્વામીએ રચેલ ભકિત- વૈરાગ્ય-બોધના પદોમાં ભકિત પરની અડગ નિષ્ઠા અને શોર્યસભર ખુમારીનો અનુભવ થાય છે. સૌરાષ્ટ્રની બોલીનો રણકો, પ્રાસનુંપ્રાસ મેળવવાની સહજ શકિત, પદરચનાનું માધુર્ય અને ધ્રુવપંકિતઓમાનું લય વૈવિધ્ય એવી અભિવ્યકિતની દષ્ટિએ અને વિષય વૈવિધ્યથી બ્રહ્માનંદના પદો સ્વામીનારાયણ સંપ્રદાયની કવિતામાં તો મોખરાનું સ્થાન ભોગવે જ છે. પરંતુ ગુજરાતી પદ્ય સાહિત્યમાં પણ વિશિષ્ટ બનીને શોભે છે.

ચારણી કાવ્ય પરંપરાના ગૌરીશિખર એવા સ્વામીનારાયણ ચારણ સંત બ્રહ્માનંદ સ્વામીની કવિતાને વધાવવા કે વખાણવા આપણા વામણા શબ્દોનું ગજું કેટલું ? •

કૃષ્ણ એક અધ્યયન

શ્રી ગોવિંદભા ઘાંઘણિયા – રાજકોટ

૯૭૧૪૭ ૫૭૫૨૪

ગતાંકથી...

સાંયાજી ઝુલાને સાંસ્કૃતિક દેણગી નાગદમણ છે. નાગ સાથેના યુદ્ધનું વીરરસ, નાગણીઓનો કૃષ્ણનો નાગ સાથેનો લડાઈમાં કૃષ્ણ પ્રત્યે મમત્વ ભાવ. કદંબની ડાળી ઝાલીને ઝરતી જસોદામાંનો વાત્સલ્યભાવ. આ બધા રસોનો સમન્વય રચાણો છે. આ ઝુલા કુળ કૃષ્ણ પરાયણ વૈષ્ણવ હતું. ઈડર રાવ કલ્યાણમલ્લની કચેરીમાં વીર આસન વાળીને બેઠેલા સાંયાજી અને વાતોનો દોર ચાલે છે. સાંયાજીના મુખેથી પૌરાણિક વાતોની ધારા વ્હેતી થઈ છે. સભા સર્વે પૂતળા કંડાર્યા હોય તેવા સ્થિર થઈને સાંભળે છે તેમાં અચાનક રાવ કલ્યાણમલ્લની નજર સાંયાજીના હાથ પર પડતા રાવે ઝળેળા ભાળ્યા પોતાને થયું કે મને દૃષ્ટિભ્રમ થયો કે શું? તેથી ખરાઈ કરવા માટે સાંયાજીને પુછયું ઝુલા આ તમારા હાથે શું થયું છે ? કે મને દૃષ્ટિ એવું દેખાય છે. ના રાવ તમારો ભ્રમ નથી હું દાઝી જવાથી ઝળેલા હાથે થયા છે, રતા રતા મટી જશે. રાવ કહે દાઝવાના કારણ વિષે આપ વાત ન કરી ઝુલા બાપુએ ફરફોલ્લા મટી જશે એમાં શું મોટુ રૂપ આપવું. નાં ઝુલા કહો તમે હાથે દાઝયા કેમ કરતા? રાવની હઠ આગળ સરળ ભાવે સાંયાજી કહે રાવ વાત જાણે એમ બની કે દ્વારકામાં દેવળ માં મીરાંબાઈ ભગવાન ગોપીનાથની આરતી ઉતારતા હતા. મીરાં આરતીમાં આંખો બંધ કરીને લીન થઈ ગયેલાં. ભગવાનના વાઘાને ક્યારે ઝાળ અડી ગઈ મીરાંને શરત નો રહી હું બાજુમાં ઉભેલો દર્શન કરતો હતો. મારું ધ્યાન જતાં હાથેથી વાઘા ઠાર્યા પણ હાથે દાઝય અડી ગઈ અને બીજેદી' ઝળેળા ઉપાડયા લ્યો રાવ અમારા હાથ દાઝયાની વાત. રાવ હસવા માંડયા ઝુલા ક્યાં ઈડર અને ક્યાં દ્વારકા આખી કચેરી મંડી મુછુંમાં હસવા? કે સાંયાજી અતિશયોકતિમાં રાચે છે રોજ અહીં કચેરીમાં હાજર રહી સુવાણ કરાવે છે તે દ્વારકા ક્યારે ગયા હશે ? રાવે શંકાને સ્પષ્ટ કરવા એક સાંઢડી સવાર દ્વારકાને મારગે વ્હેતો કર્યો. બરોબર મંદિરના પુજારી મુખ્યાજીને મળીને આ ઝુલાની વાત વિષે તપાસ કરો કે આવું હમણાં બન્યું હતું.

ખેડજ ખખ્ખાં ધોરિયાં પંથજ ઘઘાપાંવ
નરાં તરાં અને બનફળાં પાંચે પાકા લાવ.

જમીનનું કરવત કહેવાય પંથ કાપવામાં તેવો સાંઢડી સ્વાર દ્વારકાના મંદિરમાં પટાંગણમાં ઝોકાર્યો અને જગતપતાની કૃષ્ણના દર્શન કર્યા અને પુજારીજીને પુછયું, બાપજી એક વાત પુછવી છે? શું? હમણાં હમણાં ભગવાન રણછોડરાયના આરતી ટાણે વાઘા સળ ગ્યા'તા? પુજારી કહે હાં પુજારીજી આરતી કોણ ઉતારતું હતું ? મીરાંબાઈ બોલો હવે કંઈ પુછવું છે. હા બાપજી એ ભગવાન કૃષ્ણના સળગતા વાઘા ઠાર્યા કોણે? પુજારી કહે સાંયાજી ઝુલા ચારણ ભકત દ્વારકા નાથની સાંયકાલ આરતીમાં અચુક હાજર હોય જ તેમણે આ સળ ગતા વાઘાને બન્ને હાથે મળીને ઠાર્યા અને તેમ કરતા તેઓ દાઝયા પણ ખરાં. પણ પુજારી સાંયાજી ઝુલા ચારણ ભકત તો ઈડરના રાજ કવિ છે. ક્યાં ઈડર અને ક્યાં દ્વારકા. પુજારી કહે તમારે નજરે જ જોવું હોય તો સાંજની સંધ્યા આરતીમાં સાંયાજી ભકત જોવા મળશે. નજરોનજર ચારણ ભકત સાંયાજીને આરતી ટાણે મંદિરમાં ભગવાન સન્મુખ ઉભેલાં ભાળીને ખેપિયો પાછો વાળ્યો. રાવને કહ્યું, બાપુ કવિરાજ જે કહેલું તે સત્ય છે. મેં પણ કવિરાજને આરતીમાં એ જ ઝળેલા ઉપડેલો હાથ જોડીને ઉભેલાં જોઈને પાછો વળ્યો. પણ ક્યાં ઈડર ને ક્યાં દ્વારકા રાવ મનોમન બબડયા. વિચાર મગ્ન બન્યા. સાંઢડી સ્વાર કહે બાપુ જે હોય તે આમાં શંકા કરવા જેવું છે જ નહીં. હું તો બાપુ ભગવાનની સાથે સાંયાજીને પણ મનોમન વંદન કરીને જાણ્ય કર્યા વીણ વળી નીકળ્યો. બાપુ સાંયાજી સામાન્ય કોટીના ભકત નથી? તે તો બાપુ કૃષ્ણનો સાક્ષાત્કાર પામેલા પરમ ભકતરાજ છે. કહેવાય છે કે આ બનાવ બાદ

રાવ કલ્યાણમલ્લનો ચારણ ભકત સાંયાજી ઝુલા પ્રત્યેનો મનોભાવ દૃષ્ટિકોણ બદલાયેલો. ફકત ઈડર કવિરાજ તરીકે નહીં પણ ભગવાનના અનન્ય ભકત અને ભકિત સમર્થ ચારણ સાંયાજી ઝુલા માટે રહ્યો હતો.

મધુહરી રસભરી લતા
રાસેશ્વરી છબી અંક
કમોદ રાત હૈ કુંવરી કો
મોહન શરદ મયંક.

સાંયાજી ઝુલા પર ભગવાનની અસિમ કૃપા હોવા છતાં કોઈ વેળા હસતા-હસતા કહેતા સાંયાજી તમને કંઈક આપીને નવાજવા છે. તમે ના ન કહેતા. ત્યારે સાંયાજી કહેતા, આપનું દીધેલું જ આ બધું જ છે. વધુ આપીને અન્ય પ્રલોભનમાં મને નાખતા નહીં. મારું પ્રભુ તમારા ભજનમાં ધ્યાન નહીં રહે. છતાં ભગવાન લક્ષ્મીનારાયણે સાંયાજી ઝુલાને ગામ કુવાવા, સોનામહોરું ભરેલી સાંઢડી મોકલી. માથે અતલસે મઢેલો ખલતો લાવેલ ખલતાના બન્ને પડખેના થેલા સોનામોહરુંથી ભરેલા સવારનો પોર સાંયાજી દાતણ કરે. માણસોને કહ્યું એલા જોવો તો આ કોકની સાંઢય ભૂલી પડી લાગે છે. સાંઢડી માથું હલાવી ના પાડી ભૂલી નથી પડી.

બાપુ આ સાંઢડીને ગળે ચિઠ્ઠી બાંધી છે. સાંયાજી નજીક જઈને દોરી છોડીને ચિઠ્ઠી વાંચી. ભકતરાજ સાંયાજી ઝુલા હું દ્વારાકાનો ધણી તો છું પણ એક યદુવંશી ક્ષત્રિય પણ છું અને તમો ચારણ હોવાને નાતે હું દાન આપું તે સ્વીકારવું તમારો ધર્મ બની જાય છે. માટે સ્વીકારો અને તમારે જે મનોરથ હોય તે દેવળ કોટ મંદિર બંધાવીને આ દાન સાર્થક કરો અને તમારી ભકિતને વધુ ઉજ્જવળતા આપો એવી શુભમનોકામના શ્રી હરિ....

ચિઠ્ઠી વાંચીને સાંયાજી ઝુલાના નેત્રોમાં આંસુડાની ધાર વેહતી થઈ અને આભ સામે હાથ જોડીને દૂહો બોલ્યા..

દિયે તો ઘર બેઠાં દીયે, નદીએ પૂકારે
ઠાકર બેઠી આંગણે, સાંયા સંભાર્યે

હે મારા નાથ તું તો ઘરબેઠા દેવાવાળો છો. રાડયુ પાડવાની જરૂર જ નથી અને સાંયાજીએ કુવાવા ગામમાં ગોપિનાથનું મંદિર બંધાવ્યું. ગામ ફરતો ગઢ બંધાવ્યો. ગઢની પડખેજ ઠાહર બેઠેલી તે જગ્યાએ સાંઢ કૂવો પાકો બંધાવેલ. (મારવાડી ભાષામાં સાંઢડીને ઠાહર કહે છે) તે યાદી રૂપે મોજુદ છે. એ કુવો વિ.સં.૧૬૭૫ કુવામાં શિલાલેખ છે.

આ શિલાલેખમાં સાંયાજીના પત્ની, પુત્રોના નામો પણ કોતરેલા છે. કુવા પાસેજ સાંયાજી ઝુલા સાંજની બેઠક ડાયરાનું સ્થળને દરીખાનું છે. સાહિત્યમાં સંશોધક રતુદાનભાઈ રોહડિયાએ તા.૧૨/૧૦/૧૯૭૦નું મંદિર હવેલી ફરતો ગઢ કુવો વિગેરે સદકાર્ય કરતાં પણ ભગવાને દીધેલ સોનામોહરું વધી અનન્ય ભકત ચારણ સાંયાજી ઝુલાએ તેના ચાર થાળ સોનાના બનાવી ચાર ધામ ચાર પુરી કૃષ્ણ નારાયણમંદિરને ભેટ મોકલ્યા તેમાં મંદિરના મુખ્યાજી ભગવાનને પ્રસાદ ધરાવતા પ્રસાદ વિતરણ કરતાં પહેલા પુજારીજી જનસમૂહને પુછતાં કે કોઈ ઝુલાવંશનો ચારણ હોય તો આવી પ્રથમ પ્રસાદ ગ્રહણ કરે. વર્તમાન સમયમાં ઘણાં ઘણાં ફેરફાર મંદિરોમાં થતા હોય છે તેમ ફેરફાર કદાચ થયા હોય તેવું બને.

ચારણ સંત કવિઓની વિશિષ્ટતા ચતુરાઈ એ હતી કે માતાજીની ઉપાસના ઈશ્વર ભકિત, રાજનું હિત અને લોકસમાજમાં પણ ઓતપ્રોત રહી ભાવપૂર્વક સામાજિક, નૈતિક ફરજો બજાવતા અને આવું ઉજ્જવળ જીવન ચારણોનું ગૌરવભર્યુ જમાં પાસું ગણી શકાય.

કર્ણ પથારી(એમ) ભણેં સુણો સપૂતાં
છીપ ભળાવી સાગરાં ચારણ રજપુતાં.

ઉગતા પ્રહરનો નવડ દાતાર રાજા મહારથી કર્ણ જીવનનાં મહાપ્રયાણ વેળા બે અવિચળ કામ કર્યા. પોતાની ઉદારતાને વસવા માટે સમુદ્રછીપને ભલામણ કરી, હે મોજના સાગર મારી આ દાતારીની(ગુંજ)તારાં વિશાળ પેટમાં(છીપ)માં સમાવી લે. જેથી તે અમૂલ્ય મોતી બનીને જગતને નિત નિત દાન કર્યા જ કરે અને ચારણોની ક્ષત્રિયોને ભલામણ કરી. હે ક્ષત્રિયો ચારણ કવિઓને દેવિપુત્ર અને મિત્ર ગણીને તેમના ગુણોનું મૂલ્યાંકન કરી સન્માન, પ્રતિષ્ઠા આપવાની, હે ક્ષત્રિયો તમો ફરજ ચૂકતા નહીં.•

ગરાસદારીનાબૂદી અને ઘરખેડ (જયમલ્લ પરમાર)

શ્રી રાજુલ દવે – રાજકોટ
૯૪૨૬૭ ૮૫૦૪૦

ઢેબરભાઈની સૌથી યશસ્વી કામગીરી જનમીનદારી(ગરાસદારી)નાબૂદીનો કાયદો ઘડવાની હતી. હાકેમી અથવા દંડાથી નહીં, પણ પ્રેમ અને સમજાવટથી ભારતભરમાં અદ્વિતીય એવો ઘરખેડનો પ્રશ્ન ઢેબરભાઈ ઉકેલી શકયા. તેમની આ સિદ્ધિ ઈતિહાસે અજોડ રહી છે. સૌરાષ્ટ્રમાંથી ગરાસદારી(જમીનદારી) નાબૂદ થઈ ૧૯૫૦થી ૧૯૫૨ના અરસામાં. આજે પણ ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા,મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ જેવા રાજયોમાં એ કામ મહદ્ અંશે બાકી છે. જમીનદારીનો ઉકળતો ચરૂ આ રાજયોમાં અવારનવાર હત્યાકાંડો સર્જે છે. નકસલવાદનો જન્મ જમીનદારી ત્રાસમાંથી થયો છે. ઢેબરભાઈની દૂરંદેશીએ સૌરાષ્ટ્રમાં ગરાસદારો અને ખેડૂતો વચ્ચેનો વિસ્ફોટ નિવાર્યો. 'ખેડે તેની જમીન'નો કાયદો સૌરાષ્ટ્રમાં અમલી બની શકયો તે બંને પક્ષોની ઉદારતા અને સમાધાનકારી વલણને પરિણામે.

સૌરાષ્ટ્રનું જયારે એકમ રચાયું ત્યારના આંકડા પ્રમાણે અહીં એ વખતે કુલ ૪૪૧૫ ગામો – શહેરો હતાં. તેની જમીન ૨૨૨ રાજાઓ અને ૫૧૭૦૦ ગરાસદારોના કબજામાં હતી. રાજયોના વિલીનીકરણ સાથે તેમની જમીનો સૌરાષ્ટ્ર રાજયને બધા હક્કો સાથે મળી, પણ ૫૧૭૦૦ ગરાસદારોની જમીન સરકારને ન મળી. સૌરાષ્ટ્રની જમીનોનો ત્રીજો ભાગ આ ગરાસદારો અથવા જમીનદારો પાસે હતો. તેમની નીચે હજારો ખેડૂતો હતા.

ઢેબરભાઈની સરકારે જમીનદારીનાબૂદી માટે ચાર કાયદા કર્યા : જમીનદારી નાબૂદી, બારખલી નાબૂદી, પડતર જમીનપ્રાપ્તિનો કાયદો અને ગણોતિયા નાબૂદી. આ ગંજાવર કામ અતૂટ શ્રમ અને અખૂટ ધીરજ માગી લે. મહેસૂલ ખાતું સામળદાસ ગાંધી હસ્તક હતું. એટલે સરકાર વતી તેઓ વાટાઘાટો કરતા. સામળદાસભાઈનું કેટલુંક વલણ સરકારની સ્થાપિત નીતિની વિરુદ્ધમાં જતું ત્યારે મંત્રણાનો દોર ઢેબરભાઈને હાથમાં લેવો પડતો.

ગરાસદારી નાબૂદીનો પ્રશ્ન સરકારે પ્રજાકીય આગેવાનોની ઊંચી ભૂમિકાએ હાથ ધર્યો હતો. ઢેબરભાઈના ખેડૂતોમાંથી સલાહકારો હતા, મોટીમારડના ભીમજી રૂડા પટેલ, ઉમરાળાના છગનભાઈ લાલજી પટેલ, ગોંડલના ગોવિંદભાઈ કેશાભાઈ પટેલ, જામનગરના કેશવજી અરજણ પટેલ અને મનુભાઈ પંચોળી. ગરાસદારોનું પ્રતિનિધિત્વ હરિસિંહ ગોહિલ, ભાડવા દરબાર ચંદ્રસિંહજી, ઘોળના ઠાકોરસાહેબ ચંદ્રસિંહજી જાડેજા, લીંબડીના કાકાસાહેબ ફત્તેહસિંહજી ઝાલા અને ગરાસદાર સંગઠનના કાર્યકર્તા નટવરસિંહ જાડેજા કરતા હતા.સૌરાષ્ટ્ર રાજયના મુખ્ય સચિવ બી.આર.(ભગુભાઈ)પટેલ, કાયદા અને મહેસૂલ ખાતાના અધિકારીઓ વાટાઘાટો દરમિયાન હાજર રહેતા.

સીધા સરકારી ઠરાવો અને કાયદાના અમલથી ઢેબરભાઈને આ પ્રશ્ન ઉકેલવો ન હતો. વ્યવસાયે તેઓ પણ વકીલ હોવાથી સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા તેઓ ઈચ્છતા હતા. ઢેબરભાઈના વ્યકિતત્વનું એક વિચક્ષણ પાસું હતું તેમની વાટાઘાટો કરવાની અથાક શકિત. ગમે તેવી પરિસ્થિતિમાં ઢેબરભાઈ કદી ગુસ્સે થતા નહીં.

તેમણે જમીનસુધારણા વિધેયક પર વિચારણા કરવા એક સમિતિ નીમેલી. ઉપર ઉલ્લેખિત વ્યકિતઓનો આ સમિતિના સભ્યો તરીકે સમાવેશ કરવામાં આવેલો. એક તરફ ધારાસભા ચાલુ હોય, ત્યારે બીજી તરફ રાજકોટના જયુબિલી બાગમાં આવેલી ધારાસભાની પાછળની ઈમારતમાં સમિતિના સભ્યો ચર્ચા-મંત્રણાઓ કરતા હોય.

આવી એક બેઠકમાં ખેડૂત અગ્રણીઓએ કડવા પણ સત્ય વચનો પોતાની હૈયાવરાળ ઠાલવતાં કહ્યાં. ગરાસદાર પ્રતિનિધિઓને આકરા વેણ અસર કરી ગયા. અરસપરસ ઉગ્રતા વ્યાપી ગઈ. ગરાસદારોના પ્રતિનિધિઓ બેઠકમાંથી ઊભા થઈને ખંડ છોડી ગયા. ઢેબરભાઈને ધારાસભામાં ખબર પડતાં તરત બહાર આવ્યા. ધ્રોળ ઠાકોરસાહેબ ચંદ્રસિંહજી સ્થૂળકાય હોવાથી તેમની મોટરમાં આગળ ખાસ પ્રકારની બનાવેલી બેઠકમાં બેસતા. તેમણે આગળની બેઠકમાં સ્થાન લીધું અને અન્ય ગરાસદાર પ્રતિનિધિઓ પાછળની બેઠકમાં ગોઠવાયા.

ઢેબરભાઈએ આવીને ઠાકોરસાહેબને રોકયા. ગરાસદાર પ્રતિનિધિઓ રોષમાં હતા. ઢેભરભાઈએ શાંત અને સ્વસ્થ સ્વરે કહ્યું :'ઠાકોર સાહેબ! આપનાથી ન જવાય. આપણે પ્રજાને ભરોસો આપ્યો છે, તેનો ભંગ કેવી રીતે કરીશું ? આપણે સાથે મળીને સમાધાનનો માર્ગ શોધવો જ રહ્યો.' સૌરાષ્ટ્રના તત્કાલીન જાહેરજીવનમાં ખુમારી અને ખાસિયત ભરેલા હતા. દેશી રાજયો તથા બ્રિટિશ સરકાર સામે બાખડતી વખતે લોકોને તથા પોતાની જાતને આપેલા વચનો શકય તેટલા પૂર્ણ કરવાની અદમ્ય ઈચ્છા લોકપ્રતિનિધિઓમાં હતી. બીજી બાજુ આવતા સમયને ઓળખી શકવાની સૂઝ ક્ષત્રિય આગેવાનોમાં હતી. ધ્રોળ ઠાકોરસાહેબે ઢેબરભાઈનું વેણ રાખ્યું. તેઓ મોટરમાંથી નીચે ઊતર્યા અને વાટાઘાટો આગળ વધી.

શાંત અને વિનયી ઢેબરભાઈ ગરાસદારી પ્રથા નાબૂદ થવી જોઈએ એ બાબતમાં મક્કમ હતા. દોઢ-બે વર્ષની વાટાઘાટોને અંતે શાંતિથી, કુનેહથી, સદ્‌ભાવથી એક સામાજિક ક્રાંતિ સૌરાષ્ટ્રમાં શકય બની. ૧૯૫૨માં લગભગ ૩૦ લાખ એકર જમીન ખેડૂતોના કબજામાં ગઈ. ખેડૂત બનેલા ગરાસદારો પાસે સાત લાખ એકર જમીન રહી. ઘરખેડનો કાયદો ધારાસભામાં પસાર થયો. ક્ષત્રિય અગ્રણીઓ ધ્રોળ ઠાકોરસાહેબ અને લીંબડીના કાકાસાહેબ ફત્તેહસિંહજીએ રાજકોટના આજના સરદારબાગ સર્કિટ હાઉસમાં મિલન યોજેલું. ઢેબરભાઈના પ્રધાનમંડળના સાથીદારો, ઉચ્ચ અધિકારીઓ અને ખેડૂત પ્રતિનિધિઓ તેમાં હાજર હતા. ધ્રોળ ઠાકોરસાહેબે કહ્યું : 'અમે તો જમીનો ખેડૂતોને આપીને મનના આનંદથી આ મિલન યોજયું છે. ઢેબરભાઈએ જે રીતે સરળતાથી, સૌમ્યતાથી અને ચતુરાઈથી આ ગંજાવર કાર્ય પાર પાડયું તે બદલ તેમને ધન્યવાદ આપું છું.' જમીન આપનાર ક્ષત્રિયો, જમીન મેળવનાર ખેડૂતો માટે મિજબાની યોજે તેવો પ્રસંગ ઈતિહાસમાં ભાગ્યે જ જોવા મળશે.

ઘરખેડના પ્રશ્નની આટલી ભૂમિકા પછી તેમાં 'ફૂલછાબ'ની કામગીરી જોઈએ. ૧૯૫૦ની સાલ ને હિમાલયના ટોડા જેવા ત્રણ મહાન ચારણોને એક દિવસ મારી 'ફૂલછાબ' દૈનિકની કેબિનમાં બેઠેલા ભાળ્યા. સૌરાષ્ટ્ર રાજયમાં ઘરખેડનો પ્રશ્ને તે દિવસે આકાર લઈ રહ્યો હતો. દુલાભાઈ કાગ, શંકરદાનજી દેથા અને મેરૂભા ગઢવી ચારણો, સાધુસંતો ને જીવાઈ ખાનારી રંડવાળોના પ્રશ્ન રાજયની હમદર્દી મેળ વવા ઝૂઝયા કરે. એમની વાત સાચી હતી. ઘરખેડના મામલામાં અમારા કુટુંબની વાંકાનેરના પાદરમાં આવેલી મૂળ ગરાસની જમીન પર સંડોવાયેલી હતી, એટલે કોઈ અન્યાય વિરુધ્ધ બોલવા જતાં કદાચ મારા પણ દોષારોપણ થાય, પરંતુ ચારણોના આ ત્રણ

અગ્રણીઓએ અન્યાયની 'ફૂલછાબ' પાસે દાદ માગી.

મને થયું કે માત્ર મારા કારણે આવડો અન્યાય હવે જતો નહીં કરી શકાય. 'ફૂલછાબ'માં સાત કોલમનો અગ્રલેખ એ માટે લખ્યો.ઢેબરભાઈને બહુ વસમું લાગ્યું. ફોન ઉપર પંદર મિનિટ અમે ઝઘડયા. મને કહે :'હું કૉંગ્રેસ પાર્ટીનો લીડર છું.' ત્યારે મેં કહેલું : 'ફૂલછાબ'પાર્ટીનું મુખપત્ર નથી.' ઢેબરભાઈ કહે : 'આમાં કોંગ્રેસના સિદ્ધાંતોનો પ્રશ્ન છે.' મેં જવાબ આપેલો : 'હું કૉંગ્રેસના સિદ્ધાંતોની રખેવાળી સારી રીતે સમજું છું. કારણ કે ૧૯૩૦થી એના સત્યાગ્રહોમાં જોડાયો છું.' રાંકને તો જે ન્યાય મળવાનો હતો, તે થોડો – ઝાઝો મળ્યો હશે, પણ ઢેબરભાઈ થોડો સમય નારાજ રહ્યા.

દુલાભાઈ કાગના અવસાન કેડે તેમના પત્રો ઉથામતાં તા.૧૧/૩/૧૯૫૨ના પત્રમાં તેમણે ઢેબરભાઈ ઉપર લખેલું એક ગીત મળી આવ્યું. ગીતો દ્વારા કોઈ એક પ્રધાનની 'ફૂલછાબ'માં પ્રશંસા પ્રગટ થાય તો એની પ્રતિકૂળ અસરો પેદા થાય એટલા માટે એ ગીત ત્યારે મેં નહીં છાપેલું. દુલાભાઈએ પણ 'કાગવાણી'માં ઢેબરભાઈ માટે લખેલાં ત્રણ ગીતો સાથે એ ગીત પ્રગટ ન કર્યું. ઢેબરભાઈ અંગે લખાયેલું આ ગીત નીચે પ્રમાણે છે:

આકાશ જેવો આદમી

વાયુ હિલોળે હૃદયને, વપુને છતાં એ ઉખડે નહીં,
શબ્દો ગળોગળ જો ભર્યા છે, એક પણ ઉચરે નહીં.

ચંદ્રની શીતળતા ન થીજવે, વહેતા એના લોહીને,
હજારો સૂર્યના હુતાશનોની, ગરમી ના સ્પર્શે મને,
કરોડો તારલાઓની સૂણે એ ગુફતેગો,
તે આમ કહેતો, આ તેમ કહેતો, ખુલાસો કરે ના.

નમતા જોઈ નમે ના, ઊગતા જોઈ ઊગે ના,
લડતા દેખી ગ્રહોને, ના એને અનુસરે,
તરછોડે ન કોને, ન કોને હૃદય ચાંપે,
ઊભું રહે, પોલું રહે, રજભાર ડગે ના.

ન રાહ રાખે નમતો, નહિ ફિટકાર કોને,
'કાગ' ઊડે, હંસ ઊડે, બંને પરેં છે એક દૃષ્ટિ,
વંદન હજારો ધન્ય એ આકાશ જેવા આદમીને.

પત્રની નીચે દુલાભાઈએ લખ્યું છે : 'ઉપરની કવિતા રાજકોટના એક પ્રધાનસા.ને મળ્યા પછી સ્ફુરી છે. અવકાશ અને યોગ્યતા જોઈ 'ફૂલછાબ'માં છાપશો એમ ઈચ્છા છે.'

આમાં મૂળ વાત તો દુલાભાઈ અને મેરૂભા ગઢવી સાથેના ઢેબરભાઈના સંબંધની છે. ઘરખેડ માટે કાયદો કરતાં પહેલાં બારખલી નાબૂદી માટે પ્રવર સમિતિની રચના થઈ. તેમાં ઢેબરભાઈએ દુલાભાઈ કાગનું નામ મૂકયું. આ સંબંધો થોડા જ સમયમાં સાંસ્કૃતિક સંબંધ બની રહ્યા. દુલાભાઈ અને મેરૂભાને સાંભળવાનો ઢેબરભાઈને લહાવો મળ્યો, એમાંથી રોજ રાતના સમયે 'રામાયણ', 'મહાભારત' અને 'ભજનગીતો'ની બેઠક જામવા માંડી. દુલાભાઈની ભૂમિકા લોકજીવનની અને વાક્‌ધારા ભારતીય સંસ્કૃતિની. એ પરંપરાએ ઢેબરભાઈમાં પડેલા સાંસ્કૃતિક આત્માને ખૂબ પ્રસન્નતા આપી. લોકશારદાના લાડીલા ચારણો રાજમાન્ય બન્યા. સાથોસાથ લોકસંસ્કૃતિ પણ પ્રતિષ્ઠિત બની. સૌરાષ્ટ્રમાં લોકસાહિત્યના આજના સ્થાન પાછળ ઢેબરભાઈનો સાંસ્કૃતિક સંસ્કાર પડેલો છે.

'૧૯૫૧થી ૧૯૫૩ વચ્ચે દુલાભાઈ કાગના' ઘણાં ભજનો સૌપ્રથમ 'ફૂલછાબ' દૈનિકમાં પહેલા પાને પ્રસિધ્ધ થયેલાં. 'કાગવાણી' ભાગ–૪માં ગ્રંથસ્થ ભજનો–ગીતો પૈકીની ઘણી રચનાઓનું વાહક 'ફૂલછાબ' બનેલું. ઢેબરભાઈએ 'કાગવાણી'ના પહેલા ત્રણ ભાગની નવી આવૃત્તિઓ માટે સરકારમાંથી રૂપિયા સાત હજાર અપાવ્યા. ચોથા ભાગની આવૃત્તિ માટે રાજયના નાણાંપ્રધાન ગિધુભાઈ કોટકે રકમ આપેલી. •

('ફૂલછાબ : કુળ અને મૂળ' પુસ્તકમાંથી)

સૌરાષ્ટ્ર એક ભાતીગળ પ્રદેશ

શ્રી કૌશિક મહેતા – રાજકોટ
૯૪૨૭૨ ૧૪૨૦૩

ભારતમાં સૌરાષ્ટ્રનું પ્રદાન

ફૂલછાબના જન્મદિવસની વિશેષતા હોય છે. દર વર્ષે એમાં કોઈ એક થીમ પર વાત મૂકવામાં આવે છે. આ વેળા મુખ્ય વિષય છે, સૌરાષ્ટ્રનું રાષ્ટ્રને પ્રદાન. સૌરાષ્ટ્ર એક અનોખો પ્રદેશ છે. બહુ ઓછા પ્રદેશોમાં આવું વૈવિધ્ય જોવા મળે છે. દરિયો, પહાડી અને જંગલથી સમૃદ્ધ આ પ્રદેશ એક જમાનામાં શુદ્રોનું રાજય ગણાતું. વિષ્ણુપુરાણમાં એનો ઉલ્લેખ છે. સૌરાષ્ટ્ર વિષયાંશ્ચ શુંદ્વાદયાભોક્ષ્યન્તિ પણ આઝાદી બાદ રજવાડાઓના વિલીનીકરણ થયા પછી સૌરાષ્ટ્ર રાજય બન્યું. અહીં પ્રજાભિમુખ કહી શકાય એવા રાજાઓ હતા. ગોંડલનાં ભગવતસિંહજીથી માંડી ભાવનગરના કૃષ્ણકુમારસિંહજી સુધીના દાખલા આપી શકાય છે અને હા, સૌરાષ્ટ્રના ૨૨૨ રજવાડાઓને દેશમાં ભેળવવાના પ્રયત્નો સરદાર પટેલ દ્વારા ચાલતા હતા ત્યારે સામેથી પોતાનું રાજય આપનારા હતા કૃષ્ણકુમારસિંહજી. દેશનો આ પ્રથમ દાખલો હતો.

આ પ્રદેશમાં શું નથી? ૬૪,૩૮૩ ચો. કિલોમીટરના વિસ્તારમાં વિશાળ દરિયા કાંઠો છે અને એમાં ય વૈવિધ્ય અપાર છે. દરિયા થકી વિદેશ સાથે વેપાર થતો રહ્યો. આજે સૌરાષ્ટ્રમાં બંદરો ધમધમે છે અને દરિયા કાંઠે ઉદ્યોગો પણ વિકસ્યા છે. રાજકોટ ઈજનેરી ઉદ્યોગ માટે જાણીતું છે અને ઓઈલ એન્જીન માટેનું દેશનું મથક છે. તો મોરબીમાં સિરામિક ઉદ્યોગ જયાં સૌથી વધુ સિરામિક ઉત્પાદન થાય છે. જામનગરનો બ્રાસપાર્ટ ઉદ્યોગ એટલું જ મહત્વ ધરાવે છે. દેશનો સૌથી મોટો મીઠા ઉદ્યોગ પણ અહીં છે. અલંગ એ સૌથી મોટો જહાજવાડો છે. સાદી છાપકામથી માંડી પ્લાસ્ટિક ઉદ્યોગમાં સૌરાષ્ટ્રે કાઠું કાઢયું છે અને હવે જામનગર જિલ્લામાં સૌથી મોટી રિલાયન્સ ઓઈલ રીફાઈનરી છે. સિમેન્ટ ઉદ્યોગ વિકસ્યો છે. નવા યુગમાં આઈટી ક્ષેત્રે પણ સૌરાષ્ટ્રે નામના મેળવી છે અને સીએનસી મશીનના ઉત્પાદનમાં રાજકોટનું નામ લેવાય છે અને હા, શેર બજાર માટે પણ રાજકોટનું નામ સૌથી વધુ જાણીતું છે.

મોહનથી મોહન સુધીનો આ ઈતિહાસ છે. દ્વારકા કૃષ્ણની ભૂમિ છે તો પોરબંદર ગાંધીજીની ભૂમિ. આ બે મહાન વિભૂતિઓ વચ્ચે સૌરાષ્ટ્ર પાંગર્યું છે. અહીં ગામેગામ બહાદુરી અને બલિદાનના કિસ્સા કહે છે પાળીયાઓ. ખાણ ખનીજથી ભરપુર આ વિસ્તાર સાંસ્કૃતિક રીતે પણ સમૃદ્ધ છે. જેટલી જ્ઞાતિઓ એટલી વિવિધતા જોવા મળે છે. દરેકની પોતીકી જીવનશૈલી છે. અલબત્ત તો ય આ પ્રદેશનો જોઈએ એવો વિકાસ થયો નથી. પાણીની સમસ્યા આ પ્રદેશને સતાવતી રહે છે. નર્મદાના પાણી મળવા લાગતા આ સમસ્યા હળ વી જરૂર થઈ છે પણ પાણીની સમસ્યાને દેશવટો મળવો બાકી છે.

–નવા યુગમાં સૌરાષ્ટ્ર આઈટી ક્ષેત્રે નામના મેળવી છે
–આ પ્રદેશમાં ૭ એરપોર્ટ અને ૭ બંદર છે
–સૌરાષ્ટ્ર દેશને ઉદ્યોગપતિઓ, સંતો અને ક્રિકેટરો આપ્યા છે.

અભાવ વચ્ચે ઉછરેલો અને જીવતો આ પ્રદેશ હજુ વિપુલ શકયતા ધરાવે છે. અહીંથી બહાર જઈ અનેક સૌરાષ્ટ્રીઓએ સિદ્ધિઓ મેળવી છે. દુનિયાના ઘણા દેશોમાં જઈ સૌરાષ્ટ્રના લોકોએ વેપાર ઉદ્યોગમાં કાઠું કાઢયું છે. નાનજી કાલીદાસ

મહેતાથી માંડી ધીરુભાઈ અંબાણી સુધીની યાદી થઈ શકે એમ છે. સૌરાષ્ટ્ર રાજયની સ્થાપના બાદ ઉચ્છરંગરાય ઢેબર જેવા મુખ્યમંત્રી મળ્યા. જેમણે દેશમાં પહેલીવાર સૌરાષ્ટ્રમાં ગણોતધારો નાબુદ કર્યો. ખેડે એની જમીન. આ વાત દેશ માટે આદર્શ બની ગઈ. એક જમાનામાં બહુ મજબૂત ગણાતી સૌરાષ્ટ્રની રાજકીય નેતાગીરી આજે એટલું મહત્વ ધરાવતી નથી. રાજકોટ રાજયની ગતિવિધિનું કેન્દ્ર હતું. આજે રાજકોટના વિજયભાઈ રૂપાણી ગુજરાતના મુખ્યમંત્રી છે. બળવંતભાઈ મહેતાથી માંડી રસિકભાઈ પરીખ, રતુભાઈ ઉદાણી જેવા દરદાર નેતાઓ હતા. લલ્લુભાઈ શેઠથી માંડી કેશુભાઈ પટેલ સુધીના લોકનેતાઓ રહ્યા પણ આજે ખોટ વર્તાય છે. જો કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પહેલીવાર ચૂંટવાનું ગૌરવ રાજકોટ ધરાવે છે.

સૌરાષ્ટ્રમાં ૭ એરપોર્ટ છે. ૭ બંદર છે. આવું કોઈ પ્રદેશમાં નથી. રેલવે સેવાઓ પણ એટલી જ છે અને આજે શિક્ષણ અને આરોગ્યની દષ્ટિએ રાજકોટ હબ બન્યું છે. આજે ઉચ્ચ શિક્ષણ હોય કે જટિલ રોગોની સારવાર હોય, રાજકોટમાં એ શકય બને છે. પ્રવાસની દષ્ટિએ સૌરાષ્ટ્રનું ખાસ્સું મહત્વ છે. સોમનાથથી માંડી દ્વારકામાં ધાર્મિક પ્રવાસનની બોલબાલા છે. તો એશિયન સિંહનું ઘર ગીર વિશ્વ વિખ્યાત છે. બર્ડ સેન્ચુરી પણ છે. ધર્મ સ્થળો અને દેહાણની જગ્યાઓ સેવા યજ્ઞો ચલાવે છે. સૌરાષ્ટ્રની ગુરુકૂળ પરંપરા આજે ય શાખ ધરાવે છે. રાજકોટમાં ગાંધી મ્યુઝિયમ પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મોરારિબાપુથી માંડી માધવપ્રિયદાસજી જેવા સાધુ સંતોની ફોજ આ પ્રદેશે આપી છે જે લોકોનું માર્ગદર્શન કરે છે.

રમતગમત ક્ષેત્રે જામરણજીથી માંડી રવીન્દ્ર જાડેજા સુધીના નામો છે. ટેસ્ટ મેચમાં ચેતેશ્વર પુજારા આજે મહત્વનો ખેલાડી બની ગયો છે. ટેબલ ટેનીસથી માંડી યોગમાં સૌરાષ્ટ્રના ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરે ઝળકયા છે. આ પ્રદેશની સાંસ્કૃતિક વિરાસત તો અજબ છે. અહીંના રાસ ગરબા કે પછી અહીંની હસ્તકલા બેજોડ છે. સાહિત્ય ક્ષેત્રે આ પ્રદેશે શું નથી આપ્યું. નરસિંહ મહેતાથી માંડી રમેશ પારેખ સુધીના સર્જકોના સર્જનની દેશે નોંધ લેવી પડી છે અને આ પ્રદેશે પત્રકારત્વમાં જોશીલું ખેડાણ કર્યું છે. ગાંધીજી ઉત્તમ પત્રકાર રહ્યા અને એમના આશીર્વાદથી ફૂલછાબના પુરોગામી અખબાર સૌરાષ્ટ્રનો જન્મ ૧૯૨૧માં થયો. અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણીથી માંડી હરસુખ સંઘાણી જેવી ઉજળી પરંપરા રહી છે. રાજા રજવાડાના જુલમ સામે, આઝાદીના આદોલનમાં સક્રિય ભાગીદારી અને સામાજિક નિસબત ધરાવતા આ અખબારનો ઉજળો ઈતિહાસ છે. એક અખબાર શું કરી શકે અને શું ન કરી શકે એની જીવતી જાગતી મિસાલ છે જન્મભૂમિ પત્રો અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ. કુદરતી આપત્તિમાં લોકોની વહારે થવું એ આ જૂથની પરંપરા રહી છે. પ્રજાના સુખ દુઃખમાં ભાગીદાર થવાની પ્રેરણા આ અખબારે આપી છે. સામાજિક સેવા ક્ષેત્રે અહીં અનેક સંસ્થાઓ રાષ્ટ્રીય ઓળખ ધરાવે છે. ખમીર અને ખાનદાની માટે, સંત અને સૂરા અને સેવા માટે પ્રખ્યાત આ પ્રદેશમાં હજુ ઘણું ખૂટે છે. અભાવ અહીં વર્તાય છે. જ્ઞાતિવાદ અને અંધશ્રદ્ધા કુરિવાજો અહીંની નબળી બાજુઓ છો. આર્થિક રીતે હજુ સદ્ધર થવું બાકી છે અને વૈચારિક આધુનિકતા અપનાવવી પણ બાકી છે પણ આ પ્રદેશ ગમતીલો છે. અહીં આવનારને અહીં વસી જવાનું એટલે તો મન થાય છે. અહીં ભગવાનને પણ આમંત્રણ આપવામાં આવે છે, આવો આ પ્રદેશ તમને પોકાર કરે છે, **કુછ દિન તો ગુજારીએ સૌરાષ્ટ્રમેં....** •

જન્મ જાત કલાકાર–શિક્ષકની રંગમંચ પર અર્ધ સદી!

ડો. ભદ્રાયુ વછરાજાની–રાજકોટ
૯૮૯૮૯૨૦૩૩૩

ચૌદમી નવેમ્બર-૧૯૬૯, લીમડી લોકડાયરામાં ઘણાં માંહેના એક હાસ્ય કલાકાર!

ચૌદમી નવેમ્બર-૨૦૧૯, મુંબઈ એક માત્ર હાસ્ય કલાકારની પ્રસ્તુતિનું ભવ્ય સન્માન !

હા, આ બન્ને માઈલ સ્ટોન છે એક વિરલ હાસ્ય કલાકારના જીવનના.

આ બન્ને પડાવની વચ્ચેનો ગાળો પચાસ વર્ષોનો !

આજે ચૌદમી નવેમ્બરનાં રોજ શાહબુદ્દીન રાઠોડની નિર્દોષ-હાસ્ય-પ્રસ્તુતિ પચાસ વર્ષોની થઈ ! કહો ને, કે જન્મ જાત કલાકાર-શિક્ષકે રંગમંચ પર અર્ધ સદી ફટકારી તેની વધાઈ માટે આજનો લેખ સમર્પિત છે.

શાહબુદ્દીન રાઠોડ કોઈ પરિચયના આજે મોહતાજ નથી, કારણ 'શાહબુદ્દીન રાઠોડ' નામ ખુદ એક પરિચય છે. નાનું ગામ થાય એ એમનું હાસ્ય-થાણું, પણ વિસ્તાર એમનો સમગ્ર વિશ્વ, એક એક ગુજરાતી ! મેં અનુભવ્યું છે કે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લાંબો ડગલો ને માથે હેટ પહેરીને પડછંદી કાયાના ગોરા ને મલકતા શાહબુદ્દીનભાઈ બેઠા હોય ત્યાં તો આઠ-દસ ગુજરાતીઓ કે એન.આર.આઈ. તો તેમને ઘેરી વળે ને સાથે ફોટા પડાવવા ફલેશ થવા લાગે ! 'વનેચંદનો વરઘોડો' તો શાહબુદ્દીન રાઠોડની કાબિલે દાદ પ્રસ્તુતિ. હું વીસેક વર્ષનો હતો ત્યારથી વનેચંદ મને હસાવ્યા કરે છે તે આજે સાઠ વટાવ્યા પછી પણ વનેચંદ ચિત્તમાંથી ખસતો નથી. ગુજરાતી ભાષાને હસતી રમતી રાખી છે એમણે!

મોરબી, વાંકાનેર, થાનમાં પોટરી દ્વારા ગણેશ ઉત્સવ બાંસઠ વર્ષ ઉજવાયો અને નવરાત્રી ઉત્સવ પંચાવન વર્ષ થયો. આ બન્નેમાં પાંત્રીસ વર્ષો સુધી સંચાલન અને વિવિધ કલાકારોને પેશ કરવાની જવાબદારી શાહબુદ્દીનભાઈએ ઉઠાવી મૂળ તો તેઓ નાટય લેખકને નાટય દિગ્દર્શક પાંચ નાટકો લખ્યાં-ભજવ્યાં ને બધાં જ પુરસ્કૃત થયાં પણ શાહબુદ્દીનભાઈ હળવાશથી કહે કે :'મારાં આ પચાસ વર્ષોમાં માત્ર માલિકની મહેરબાની, મારો કોઈ પુરુષાર્થ નહીં. મને સમજાઈ ગયેલું કે આના સિવાય હું બીજું કાંઈ કરી શકું તેમ નથી. હા, પચાસ વર્ષો પહેલાં લીમડીના ડાયરામાં પહેલીવાર રંગમંચ પર હાસ્ય પીરસવા બેઠો ત્યારથી નક્કી કરેલું કે, મર્યાદાનું સ્તર ઉંચામાં ઉંચું રાખીને સૌ સાથે બેસી સહકુટુંબ નિર્દોષ ને નિર્દેશ હાસ્ય માણી શકે તેવું સર્જન કરવું ને રજૂ કરવું. આ મારી ઝંખના હતી અને એ ઝંખના જ મારો જીવનમાર્ગ બની ગયો. વળી, એક ગાંઠ વાળી રાખેલી કે જયારે હાસ્ય પ્રસ્તુતિનું સ્તર નીચે લઈ જવાની ફરજ પડે ત્યારે રંગમંચ પરથી નીચે ઉતરી જવું !'

ના, આ પચાસ વર્ષો એમને એમ નથી વીત્યાં. સંઘર્ષ-દુઃખ, આંસુને વળોટીને હાસ્ય નિષ્પન્ન થયું છે. ૧૯૬૯માં ૧૪-૧૫-૧૬ નવેમ્બર એમ સળંગ ત્રણ દિવસ લીમડી, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રાના ડાયરામાં ત્રણ વખત પ્રસ્તુતિનો 'બધું થઈને' પુરસ્કાર રૂ.પંચોતેર મળેલો ! પણ છતાં સંતોષથી રાજી થયેલ શાહબુદ્દીન રાઠોડને આજે માંગે તે મળે તેમ હોવા છતાં તેઓ 'કોમર્શિયલ' બની નથી શકતા. પહેલો વિદેશનો કાર્યક્રમ મફતભાઈ મહેતા દ્વારા એન્ટવર્પ ખાતે થયો ત્યારે માતબર સાડા સાત હજાર રૂપિયા અર્પણ થયેલા ને લંડન નિહાળવાની બધી સગવડ તથા સવાસો

પાઉન્ડ વાટખર્ચના પણ નવાનજેશ રૂપે મફતભાઈએ આપેલા. આ સ્મૃતિઓને ભર્યા દિલે વાગોળતાં શાહબુદ્દીન રાઠોડ કહે કે : 'કલા એ સાધ્ય છે ત્યાં સુધી કલાકાર જીવે છે, કલા સાધન બની એટલે બધું ગયું !' પોતાનાં જીવન સંતોષની એક યાદગાર વાતઃ 'શાળામાંથી નિવૃત્તિ લેતી વખતે વસવસો રહેતો હતો કે કાર્યક્રમો આપો ડોનેશન ભેગું કરી મારા થાનમાં ગર્લ્સ હાઈસ્કૂલનું મકાન તો બનાવ્યું પણ બે વર્ગોમાં દીકરીઓને નવી બેન્ચ ન અપાવી શકયો ! હળવદના સોનલ રાવલનો દુબઈથી ફોન આવ્યો કે આવો કાર્યક્રમ આપવા. મારાથી કહેવાઈ ગયું : 'બાવન હજાર ડોનેશન આપો તો આવું !' દુબઈથી આવી બે ખટારામાં નવી બેન્ચ મોકલી ત્યારે આઠમા ધોરણની દીકરીયું હર્ષોલ્લાસ કરતી ખટારામાં ચડી જે હોંશથી બેન્ચ ઉતારવા લાગી કે ન પૂછો વાત. જીવનમાં આટલો સંતોષ કયારેય મળ્યો નથી ને હવે જોતો ય નથી.' આટલું કહ્યા પછી શાહબુદ્દીનભાઈને આંસુ ભરાઈ આવ્યાં ને વધુ કંઈ બોલી ન શકયા ! જન્મ જાત કલાકાર, શિક્ષકનાં શતાયુ માટે પ્રાર્થના સાથે પચાસ પ્રણામ.

સાર સંચય : અવિનાશ વ્યાસે ગુજરાતને ગાતું કર્યું ને શાહબુદ્દીન રાઠોડે ગુજરાતને હસતું કર્યું –(લોકવાણી) •

ઊર્મિઓ થકી રંગાયેલું : સૌરાષ્ટ્ર

સૌરાષ્ટ્રનાં સ્થાનોમાં જે રસ વહે છે તેની સાથે અંકિત થયેલાં ઈતિહાસનો, લોકકથાઓનો, જાતિઓનો જૂની તવારીખોનો અને ગીત કવિતાઓના સાહિત્યનો મિશ્ર રસ છે. એટલે કે દરેક સ્થળે બાઝેલા સોરઠી લોક સમૂહના સંસ્કારના પોપડા આપણને ઉત્કંઠિત બનાવી શકે તો જ એનો રસ છે. અમુક પહાડ, ખડક, દરિયાની ગાળી, ટાપુ અથવા મેલોઘેલો ખલાસી એને દીઠેય મારાં જેવાનો પ્રાણ થનગની ઊઠે કેમકે મારી સ્મૃતિમાં સંઘરાયેલાં એના પુરાતન ઈતિહાસ સ્મરણો તત્‌ખણ સળગવા લાગે છે. બીજાને એ જ સ્થળોનો કે માનવીઓનો કશોય મહિમા ન લાગે. એટલા સારું જ મારા પ્રવાસનું વૃતાંત મારી અમુક ઊર્મિઓ થકી રચાયેલું છે. આ ભૂમિને હું અમુક વિશિષ્ટ પ્રકારના સાહિત્ય કુલાચાર ખાસિયતો અને શરીરો નિપજાવનારી માનું છું. માટે જ નાની નાની વાતોમાંથી પણ હું સંસ્કારનું ઘડતર બતાવવા મથું છું. ઈતિહાસ, ભૂગોળ, સાહિત્ય, સમાજ વગેરે આજે જુદાં જુદાં ચોકઠામાં ગોઠવીને શિખવાય છે. એ પદ્ધતિઓ શીખવનારાઓને પોતાના વતન પર ખરી મમતા નથી ચોંટતી. પ્રવાસવર્ણન એ સર્વેનું એકીરણ કરીને, તેમ જ થોડા અંગત ઉદ્‌ગારોની પીંછી ફેરવીને ત્વરિત ગતિએ વાંચકોને પોતાની પ્રવાસભૂમિ પર પંચરંગી મનોવિહાર કરાવે છે. **– ઝવેરચંદ મેઘાણી** **– સંકલન : શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી**

લવાજમ અંગે નમ્ર અપીલ

જેઓના લવાજમ પૂરા થતા હોય તેમજ રિન્યુ કરાવવાનું બાકી છે તેઓ સત્વરે લવાજમ ભરી આપે તેવી વિનંતી. લવાજમ કોઈપણ વર્ષના માર્ચ મહિનામાં પૂર્ણ થાય છે. આપ જાતે જ રિન્યુ કરાવશો તો અમોને વધુ આનંદ થશે અને બીજા બે પરિવારોને લવાજમ ભરાવડાવીને થોડી સેવા આપશો તો આઈશ્રી સોનલમાં રાજી થશે, કારણ કે સાહિત્ય છપાય ને વંચાય તે આઈમાનું સ્વપ્નું હતું. આ નોંધનો અમોને પ્રતિભાવ સારો મળ્યો છે. નવા ગ્રાહકો ઘણાં બધા નોંધાયા અને જૂના ગ્રાહકોએ પણ રિન્યુ કરાવ્યા.... ધન્યવાદ....આભાર...

કોઈ માણસ પોતાની ભૂલને ભૂલ નથી એ સાબિત કરવામાં જીવનને પતન તરફ લઈ જાય છે અને કોઈને પોતાની ભૂલ શોધવામાં તાલાવેલી છે તે માણસ પોતાના જીવનને નવી ઉંચાઈ તરફ લઈ જાય છે.

જીવનમાં જીવંત ને ભીતર પલાંઠીએ ફક્કડ અલગારી
સ્વ.તખતદાન રોહડિયા – 'દાન અલગારી'
'અલગારીની ઓળખ'

પ્રિ.ઘનશ્યામ કે.ગઢવી – અમદાવાદ
૯૪૨૯૧ ૭૩૭૮૯

'કાળા ઊત નો નરબંકો, ઈ કરમી દાન અલગારી;
કંઠ, કવિતા, કહેણીનો, ઈ મરમી દાન અલગારી'
– ભરત કવિ 'ઊર્મિલ'

'સાવ અલગારી બની, અલમસ્ત એ ફરતાં ફરે;
સંત જેનાં ગીત ગાતાં, કોણ છે ભૈ દાન છે.'
– ડો.જગદીશ ત્રિવેદી

'અલગારી તવ એરણે, વગર ઘડાયેલ વાત;
ઘડાય જાતી ઘાટ થઈ, ભલી કંડારેલ ભાત.'
– સુખલાલ પંડયા

'વઢે પણ વેડે નઈ, ઘોમ ગ્રીષ્મ જયું ઘખતો,
મોટા ત્રેવડ વાળાને ત્રાજવે, તોળાતો નંઈ તખતો.'
– ઈશરદાન ગઢવી

'દાન અલગારી'નો બાહ્ય અને આંતરિક પરિચય ઉપર્યુકત દોહરામાં સમગ્રતયા મળી રહે છે. કેવું વ્યકિતત્વ? કેવા કલાકાર? ને કેવા મરમી? કેવાં અલમસ્ત ને ફક્કડ ? કેવી કોઠાસૂઝ ને અભિવ્યકિત? ને કેવી ખુમારી ? સમગ્ર પ્રતિભા દોહરામાં પ્રતીત થાય છે.

કવિશ્રી 'દાન અલગારી' – તખતદાન રોહડિયા મોરબી–વાંકાનેર પાસે વાવડી ગામમાં જન્મ્યાં તા.૧૮/૧૨/૧૯૩૬ માગશર સુદ ચોથના દિવસે. પિતા કાળુભાઈ રોહડિયા અને માતા કરણીબા કાળુભાઈ રોહડિયા મૂળ વાવડીના ગરાસદાર ચારણ. તખતદાન તેમનું એકમાત્ર સંતાન. પિતાના અવસાન પછી મા અને દીકરો એક સમયે અમદાવાદ આવી વસ્યાં. તખતદાનની યુવાની લગભગ અમદાવાદમાં વીતી. તખતદાને એ જમાનામાં થોડોક સમય મિલમાં નોકરી કરી. તે સમયે અંબાદાનભાઈ નામના ચારણમિત્રએ ગાયકી પરત્વે પ્રોત્સાહિત કર્યા હતાં.

અમદાવાદ પછી નાગેશરીમાં રહ્યાં. ત્યાં વરુ પરિવાર સાથેના સારા સંબંધો. બા કરણીબા અને તખતદાનનો અન્યોન્ય સ્નેહ આંખે વળગે એવો હતો. કરણીબાની હયાતી દરમ્યાન અલગારીએ પૂ.બાની અનન્ય સેવા કરી.

એક સમયે જૂનાગઢ મુકામે લોકસાહિત્ય વિદ્યાલયનો પ્રારંભ થયો. ત્યારે તેઓ એમાં વિદ્યાર્થી હતાં. પિંગળશી મેઘાણંદ, યશકરણજી વગેરેના સાંનિધ્યમાં અભ્યાસ કરી સફળ વિદ્યાર્થી રહ્યાં. આ સફળતા અને જન્મદત્ત કવિ આત્માનો ક્રમશઃ વિકાસ થતો રહ્યો. કંઠ, કવિતા અને કહેણીના મરમી સાહિત્ય કલાક્ષેત્રના વિવિધ પાસાંઓમાં વિધવિધ અનુભવોથી સિદ્ધિના શિખરો સર કરતાં રહ્યાં. અનેકવિધ ડાયરાના કાર્યક્રમો, વન મેન શો કે આધુનિક ગુજરાતી રચનાઓ સહિતના કાર્યક્રમોમાં લોકભોગ્ય–લોકગમ્ય બનતાં રહ્યાં.

પૂજય મોરારિબાપુ 'અલગારી ચેતના'ને પ્રણામ કરતાં કહે છે, ''અનિકેત શબ્દ સંન્યાસીનો છે. સંન્યાસી અનિકેત જ હોય પણ મને આજે કહેવા દો અને બહુ જવાબદારીપૂર્વક આજે તલગાજરડું બોલો છે કે, આપણો 'દાન અલગારી' અનિકેત હતો.'' પૂ.બાપુની સાથેના વાર્તાલાપમાં પોતાનું ઉપનામ તખલ્લુસ 'અલગારી' કેમ તેનું ઈન્ટરપ્રિટેશન કર્યું જે પૂજય બાપુએ સાંભળ્યું. અલગારીના ઉદ્‌ગારો : ''મારી કવિતા અઢંગ નહીં એ અલગારીનો પહેલો 'અ', 'લ' એટલે મારી લક્ષ્યવિહીનતા, 'ગા' એટલે બાપુ જયારે મને ગાવાનું મન થાય અને 'રી'નો અર્થ એ કે મને રીંહ બહુ ચડે પણ કયારેય કોઈના પ્રત્યે મારામાં ખીજ નથી.''

અલગારીનું આ વ્યકિતત્વ હતું. આવી 'અલગારી ચેતના'ને પૂ.બાપુ પ્રણામ કરે છ. દાનનું વૈવિધ્યસભર સાહિત્ય વિવિધ સામયિકોમાં પ્રગટ થતું રહ્યું.

ડો.નિરંજન રાજયગુરુ દર્શાવે છે : ''દાન અલગારી એટલે ચારણી સાહિત્યના આદિ કવિ ગણાતા 'ઈસરા સો પરમેસરા'ના વંશજ, એકલવીર, મરજીવા, અલખધણીના ખોજી, કવિ, કલાકાર, સાહિત્ય, સંગીત, કલાના પરખંદા માલમી, સફળ સંચાલક, પ્રખર વકતા, અત્યંત સંવેદનશીલ સર્જક, માતૃભકત, રત્નાકર સામયિકના સંપાદક-તંત્રી, લોકસાહિત્ય, અર્વાચીન ગુજરાતી કવિતા, ઉર્દૂ ગઝલ સાહિત્ય, હિન્દી સાહિત્યના અને ડિંગળ-પિંગળ સાહિત્યના ખોળે પોતાનું આખું જીવન અર્પી દેનાર અડાબીડ દેવીપૂતર-ચારણ. જેનામાં કંઠ, કવિતા અને કહેણીનો ત્રિવેણી સંગમ હતો.''

આપણાં આ અલગારી નાગેશરી છોડી રાજકોટ ખાતે મુંજકા ગામમાં વસ્યા. યુનિવર્સિટી ખાતે તેમને જવાનું બને અને મુલાકાત થાય ત્યાંના અધ્યક્ષશ્રી બળવંત જાની અને ડો.અંબાદાન રોહડિયાની. સાથોસાથ યુનિવર્સિટીના સ્ટાફને પણ હળવાશથી મળે. સાહિત્યિક ચર્ચાઓ ચાલે. ડો. બળવંત જાની તેમના વ્યકિતત્વને આલેખતાં જણાવે છે : ''તખતદાન બાદશાહી ઠાઠમાઠથી રહ્યા -જીવ્યા. એમનો પાન ખાવાનો શોખ, ઈસ્ત્રીટાઈટ કપડાં, અત્તર, ખૂબ જ મોંઘા-લેઘરનાં, નાનકડા થેલામાં બાળકો માટે ઊંચી બ્રાન્ડની ચોકલેટોનો સ્ટોક. ફોરસ્કવેર સિગારેટ. બધું ઉત્તમ. કયારેય લઘર વઘર નહીં. તૈયાર થઈને બની-ઠનીને જ નીકળ્યા હોય. મુંજકા જતાં-આવતાં ગુજરાતી ભવનમાં ડોકું કાઢે. ઘડીક બેસે. હું વ્યાખ્યાનમાં હોઉં તો મારી ચેમ્બરમાં બેસે. એને કોઈ રોકે નહીં.''

આવી બાહ્ય પ્રતિભાના 'અલગારી' આંતરિક પ્રતિભામાં તો કંઈક ઓર જ હતાં.

ડો.અંબાદાન રોહડિયા લખે છે : ''અલગારીની આરાધના રૂપે દેવી સ્તવનો તો પ્રગટયાં છે જ, તેમાં પણ પૌરાણિક અને લોકપરંપરાનું વૈવિધ્ય છે. જગત જનની ભવાની-શિવાથી આરંભાયેલાં આ સ્તવનોમાં મહાકાળી અને ચામુંડા ઉપરાંત ચારણ આઈઓમાં આઈશ્રી ખોડિયાર, આઈશ્રી મોગલ, આઈશ્રી પીઠડ અને આઈશ્રી કરણીજી વિષયક રચનાઓ છે. પરંતુ કવિ કોઈ સીમિત વર્તુળમાં કેદ થયાં નથી. તેમણે તો મહાદેવ, ગણપતિ, રામ,કૃષ્ણ,રાધાજી, તુલસીશ્યામ, ચલાળાના આપા દાન મહારાજ, સતાધારના ગીગા પીર, શામજી બાપા, વીરપુરના જલારામ બાપા, સાળંગપુરના કષ્ટભંજન દેવ અને શ્રીજી મહારાજની સ્તુતિ કરી છે. સાથોસાથ હાજીપીરને પણ બિરદાવી પોતાની વિશિષ્ટ કુળ પરંપરાની પ્રતીતિ કરાવી છે.''

અલગારીના પ્રકટ સાહિત્યમાં 'દુહો દસમો વેદ', 'કયે દાન અલગારી' અને 'રત્નાકર' સામયિક અણમોલ રહ્યાં છે.

પૂ.મોરારિબાપુ, શ્રી પરસોત્તમ રૂપાલા, દરબાર પૂંજાવાળા, મકરંદ દવે, રામજી વાણિયા, નટુભાઈ જોષી, ભીખુદાનભાઈ ગઢવી, દોલત ભટ્ટ, કવિ 'દાદ' 'ભરત કવિ ઊર્મિલ, મિલ માલિક મનુભાઈ(મુંબઈ), મધુકર દેસાઈ, બેગમ અખ્તર, જાનીસાર અખ્તર, નિરંજન રાજયગુરુ, પ્રા.સનત ગઢવી, જિતુદાન ગઢવી, છેલભાઈ વ્યાસ, રાવત ભગત, શાહબુદ્દીન રાઠોડ, અભેસિંહ રાઠોડ, દિનેશ એન.માવલ, ઈસરદાન ગઢવી(ભાવનગર) ધીરુભાઈ સરવૈયા, હેમંત ચૌહાણ, કીર્તિદાન, જિતુ કવિદાદ, ભાવસંગભાઈ રાઠોડ, અનિલભાઈ ખંભાયતા, નિરાલા જોશી, મંગલ રાઠોડ, વી.એસ. ગઢવી, મહેશદાન, પ્રફુલ્લ દવે, નિરંજન પંડયા, અંબાદાન...વગેરે...વગેરે..'દાન અલગારી'ના ચાહકો. આ સિવાય સાહિત્યિક મર્મીઓ અને લોક કલાના ભાવકો તો અનેક...અનેક ને અનેક. એમાંય ગુજરાત, મહારાષ્ટ્ર અને પરદેશના કેટલાંક સમગ્ર પરિવાર ચાહક રહ્યાં. દાન અલગારી અનેકોના પ્રીતિ પાત્ર રહ્યાં. **(ક્રમશઃ)**

ભાવનગર બોર્ડીંગના શૈશવનાં સંસ્મરણો

શ્રી શંકરદાન સિંહઢાયચ – રાધનપુર

૯૬૮૭૭ ૫૮૦૫૯

ગતાંકથી...

સમાજ માટે કેટલી હદે ઘસાવાની તૈયારી, કેટલું સમર્પણ. આવા આપણા કાગબાપુ હતા. જયારે મેરૂભાબાપુ પડછંદ શરીર બાંધો, ગૌરવર્ણો વાન, સફેદ સૂરવાલ, સફેદ લાંબો ગુડા સુધીનો કોટ, માથે સફેદ સાફો કે આંટીવાળી ઘેડ વિસ્તારની ચારણની ઓળખ આપતી પાઘડી બાંધતા. કાંઈક અંશે શ્રી ઝવેરચંદ મેઘાણી જેવા લાગતા. પહાડી રાગમાં શ્રી મેઘાણીનાં રચેલ ગીત જેવા કે, 'કસુંબીનો રંગ', 'સૂના સમદરની પાળે' અને 'શિવાજીનું હાલરડું..' એ કદાચ એ પેઢીમાં જે મેરૂભાબાપુ આ ગીતો પહાડી ઉંચા રાગથી ગાતા તેવી રીતે બીજા લોકગાયકો ગાઈ શકતા નહીં. પૂ.કાગબાપુ અને મેરૂભાબાપુને સાથે સાંભળવા એ, એ વખતે એક જીવનનો લ્હાવો હતો.એ અમૂલ્ય લાભ અમને આ બોર્ડીંગમાં ઘણીવાર મળેલો કે છે કે તે વખતે ફિલ્મો બનાવવાવાળાઓએ ફિલ્મમાં ભોજરાજાનું પાત્ર ભજવવા પૂ.મેરૂભા બાપુને વિનંતી કરેલ. પણ પૂ.મેરૂભાબાપુએ ફિલ્મવાળાઓને હસતાં-હસતાં પ્રત્યુત્તર આપેલ કે, 'ફિલ્મમાં કામ કરવું એ મારું કામ નહીં'. ચારણી સાહિત્ય અને લોક સાહિત્યને ઉજાગર કરતી કાગબાપુ અને મેરૂભાબાપુની જોડી ઈતિહાસમાં હંમેશા અમર રહેશે.

માતાજી દેવલબાઈ(દેવલ ભલી આઈ) સિંહઢાયચ અને બાપલ દેથા ગામ ખારોડા (પારકર, પાકિસ્તાન)આ મહાન દંપતીની ૩૮મી પેઢીએ ઉદારાત્મા ચારણ કુળ ભૂષણ, શિવભકત કવિ પૂજયશ્રી શંકરદાનજી જેઠીભાઈ દેથાનો જન્મ ઝાલાવાડમાં વસ્તડી ગામે થયો હતો. જેમણે સ્વપ્રયત્ને લીંબડી રાજયના રાજકવિનું પદ પ્રાપ્ત કરેલ. શ્રી શંકરદાનજીએ મહાત્મા ઈસરદાસજી કૃત 'હરીરસ'ગ્રંથની હસ્તલિખિત પ્રતો ઠેક ઠેકાણેથી એકઠી કરી ટીકા સહિત ૩૬૦ પદોનો પુરા ગ્રંથ રુપે હરીરસ પ્રકાશિત કર્યો. જે ભગીરથ કામ ગણાય. જેમાં ચારણ સમાજ પ્રેમી લીંબડી નરેશ મહારાજા શ્રી દોલતસિંહજીએ ખૂબ જ આર્થિક મદદ કરેલ જે સૌને વિદીત છે. શંકરદાનજી બાપુને યાચક વર્ગ કરણનો અવતાર ગણાવતા. કારણ કે તેઓ યાચકો અને રાવળદેવો વિગેરેને હંમેશાં યથાયોગ દાન-દક્ષિણા આપતા રહેતા. તેમના ઘણા દુહા અને કાવ્યો બોધપાઠથી ભરપૂર છે. જેવા કે, 'સંસારમાં સુખ પામવા, કંગાળનું દુઃખ કાપવું તથા જુગ બંધની જેલ એને તોડવી મુશ્કેલ' વગેરે. આવા શંકરદાનજી દેથા ઘણી ઉંમરને લીધે વૃદ્ધ શરીર, સુરવાલ, કોટ માથે આંટીવાળી ઝાલાવાડી પાઘડી અને હાથમાં છડી(ગેડીયો)થી શોભતા હતા.

બેઠી દડી બાંધાના શ્રી મુળજીભાઈ મુળિયા તો બોર્ડીંગે આવતા ત્યારે બંડીના ખિસ્સામાં ચોકલેટ-પીપરમેન્ટ ભરી લાવતા. અમો નાના વિદ્યાર્થીઓને દોથા ભરી-ભરીને આ ચોકલેટ - પીપરમેટ આપતા. વળી તેમના બંડીના મોટા ખીસ્સામાં ચાર-પાંચ જોડી પોતાની જ બનાવટની તે વખતની પ્રખ્યાત 'ગઢવી છાપ' સાદી બીડીઓની ઝુડીઓ રહેતી, જે દરેક ઝુડી પર પોતાનો જ અસલ ગઢવી ડ્રેસવાળો ફોટો રહેતો. છેલ્લે ૧૯૭૪-૭૫ માં સોનલના જુનાગઢ વનમહોત્સવ વખતે પૂ.મા સોનલની ચાંદીતુલા વિધિ પણ આ નશીબદાર પૂ.મુળજીભાઈ મુળિયાના હાથે થયેલ જે સૌ જાણે છે. કાનજીભાઈ નાગૈયા કે જેમના નામ ઉપરથી

પાછળથી જુનાગઢ ચારણ બોર્ડીંગની રચના થયેલ. (શ્રી કાનજીભાઈ નાગૈયા ચારણ બોર્ડીંગ)તેઓ પણ સફેદ ધોતી,પહેરણ અને માથે પાઘડી પહેરતા કે વેપારી પહેરે તેવી કાળી ટોપી પહેરતા.જયારે શ્રી રામભાઈ રાયખાભાઈ આલગા પણ સફેદ અઢીવટો, સફેદ પહેરણ અને માથે ગઢવીની ઓળખ સમી સફેદ પાઘડી અને સફેદ મૂછોમાં શોભતા જોયેલા એ યાદ આવે છે.

તે વખતે બોર્ડીંગમાં લગભગ ૧૨૫ થી ૧૫૦ વિદ્યાર્થીઓની સંખ્યા રહેતી. દરરોજના શાક સમારવાના ચાર-ચાર વિદ્યાર્થીઓના અઠવાડિયે વારા આવતા. એકવાર આવા ઉપરના ટ્રસ્ટીઓ બોર્ડીંગમાં પધારેલા અને વહેલી સવારે શાક સમારવાનો વારો હોઈ, અમો ચાર વિદ્યાર્થીઓ કુંડીઓ, છાબડીયો લઈ બટાકા-ડુંગળીને ચપ્પુથી સમારતા હતા. થોડીવાર થઈ અને અમો જયાં શાક સમારતા હતા ત્યાં અમદાવાદ વાળા શ્રી મુળજીભાઈ બાટી આવ્યા.અમારી પાસે બેસી પોતે ચપ્પુ મગાવ્યું. અમોએ જે ઉતાવળમાં ખરાબાવાળી ડુંગળી, બટાકાના મોટા મોટા ટુકડા કાપીને નાખી દીધેલ તે ઢગલામાંથી મુ.શ્રી મુળજીભાઈએ એક-એક ટુકડો લઈ તેમાંથી થોડો ખરાબ ભાગ કાઢી ટુકડાનો બાકીનો સારો ભાગ(વેસ્ટમાંથી બેસ્ટ) છાબડીમાં એકઠો કરવા લાગ્યા. પછી શ્રી મુળજીભાઈ કહે, 'જુઓ આ દસ માણસોને પુરું પડે તેટલું સારુ શાક તમોએ ખોટી રીતે સમારી ખરાબામાં કાઢી નાખેલ. આ બાબત બરાબર ના કહેવાય.' અમો ચારે વિદ્યાર્થીઓ શરમને લીધે નીચે જોઈ રહ્યા. તેઓ ફરીને કહે, જરુર ખરાબ ભાગ કાઢી નખાય પણ ખરાબ સાથે આવો સારો શાકનો ભાગ કાઢી નખાય નહીં, આનું નામ કંજૂસાઈ નહીં પણ કરકસર કહેવાય.' મુળજીબાપાની આ વાત સાવ સાચી હતી. ટાઈમ બચાવવા અમો શાકના ખરાબ ભાગ સાથે ઘણો મોટો સારો ભાગ પણ કાપીને ફેંકી દેતા હતા.આજે આ ગર્ભશ્રીમંત એવા સ્વ.શ્રી મુળજીબાપા બાટીની કરકસરને ત્રેવડવાળી વાત બરાબર યાદ આવે છે. નમન હો,આવા કરકસરના પાઠ ભણાવનાર અમદાવાદવાળા શ્રી મુળજીબાપા બાટીને.

બોર્ડીંગમાં દર શિયાળામાં સવારે દરેક વિદ્યાર્થીને ૧૫૦ ગ્રામ ખજુર મળતી, દર શ્રાવણ માસ અને નોરતામાં બપોરે એકજ વાર જમવાનું થતું. સૌ એક ટાઈમ જમતા. આ દિવસોમાં સાંજના દરેક વિદ્યાર્થીને શીંગ-રેવડી,કેળા-૨ તથા ૨૫૦ ગ્રામ મીઠું દૂધ મળતું. જે ખરેખર પુરતુ હતું. કયારેક વધુ ભૂખ લાગતી તો સાંજના સમયે રુપમ ટોકીઝ પાસે બજારના ખાચામાં પ્રખ્યાત 'લીલુડી ભેળ' વાળી મીઠાઈની દુકાનેથી ૧૨ પૈસાની 'લીલુડી ભેળ' લઈ ખાતા, તો કયારેક આ ભેળની દુકાનેથી નજીકમાંની એક લુંગીવાળા મદ્રાસી ઢોસા અને આ લીલુડી ભેળનો સ્વાદ આજે પણ યાદ આવે છે. ખિસ્સામાં પૈસા ઓછા હોય તો ચાર પૈસાની ખારીશીંગ ખાઈ લેતા. જાણે કાજુ-દ્રાક્ષ ખાતા હોઈએ તેવો સ્વાદ અને આનંદ તે વખતે આવતો. નાના હતા તો ભૂખ તો સતાવે તેથી કયારેક નાના વિદ્યાર્થી મિત્ર શકિતદાન મહેડુ સાથે, તેમના પિતાશ્રી ગંભીરદાનજી મહેડુ કે જેઓ તે વખતે પેલેસ ટોકીઝ પાસે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા ત્યાં પહોંચી જતા. ગંભીરદાનબાપુ શકિતદાનને ૧૫-૨૦ પૈસા વાપરવા આપતા અને મને જોઈને કહેતા કે બન્ને મળીને વાપરજો. એમ બન્ને જણ ચોકલેટ કે બિસ્કીટ લઈ ખાતા. પ્રેમાળ પિતા સમ પૂ.ગંભીરદાનજીબાપુ મહેડુને વંદન કરું છું. મોટા વિદ્યાર્થીઓ પ્રખ્યાત 'ખોડીયાર' હોટલમાં જઈ અડધી સ્પેશીયલ ચા પીતા અને રેડીયો પર સિલોનથી પ્રસારિત થતાં ફિલ્મીગીતો સાંભળતા.

(ક્રમશઃ)

ચારણ જાતિની શાખાઓ–પ્રશાખાઓ
શ્રી પિંગલ પરબતજી નરા(પાયક)
અમદાવાદ

લેખકનું નિવેદન (તે સમયના),

પ્રિય પાઠકો ! બંધુઓ અને બહેનો !

ચારણ જાતિ એ ભારત વર્ષની એક વિશિષ્ટ જાતિ છે. એનો ઈતિહાસ–એની પરંપરા હજારો વર્ષ જૂની છે. વાલ્મીકિ મુનિ જે શ્રી રામચંદ્ર ભગવાનના સમકાલીન હતા. તેમણે રામાયણમાં ચારણોની વિશિષ્ટતાનું, દૈવી શકિતઓનું અને સિદ્ધિઓનું તથા તેમના ગૌરવનું સુંદર આલેખન કર્યું છે. ચારણો આકાશચારી હતા એમ પણ જણાવ્યું છે. ઉપરાંત શ્રી રામચંદ્ર પ્રભુના સમયે પણ ચારણો જંબૂદ્વીપ આદિ પ્રદેશોમાં વસતા અને વિચરતા હોવાનું જણાવેલ છે. એવી જ રીતે મહર્ષિ વેદવ્યાસ જે શ્રી કૃષ્ણ અને યુધિષ્ઠિરના સમકાલીન હતા અને જેમણે મહાભારત અને શ્રીમદ્ ભાગવત આદિ પુરાણોની રચના કરી તેમણે પોતાના એ ધર્મગ્રંથોમાં ચારણોની દિવ્યતા, મહાનતા અને સિદ્ધિઓનાં અનેક ઠેકાણે વર્ણન કર્યાં છે અને ચારણો એ યુગમાં પણ ભારત વર્ષ આદિ પ્રદેશોમાં વસતા હોવાનું જણાવેલ છે. વાલ્મીકિય રામાયણ અને મહાભારત આદિ ગ્રંથોમાં ચારણોનાં જે વર્ણનો છે તે પરથી જણાય છે કે ચારણો ઋષિ મુનિ કોટિના તપસ્વી, સિદ્ધિઓને વરેલા. આકાશમાર્ગે ગમન કરનારા હતા અને તેઓ સિદ્ધો વિદ્યાધરોની પંકિતના દેવ વર્ગના હતા. જૈન ધર્મનાં શાસ્ત્રોમાં પણ ચારણો દૈવી શકિતઓ ધરાવનારા અને ઉચ્ચ સિદ્ધિઓને વરેલા હોવાનાં અનેકશઃ વર્ણનો મળે છે. કવિ કુલગુરૂ કાલિદાસ આદિના ગ્રંથોમાં પણ ચારણો વિષે સુયોગ્ય ઉલ્લેખો મળે છે. ચોવીશ અવતારોમાંના એક અને શ્રી રામચંદ્ર તથા શ્રી કૃષ્ણ પહેલાં થઈ ગયેલા એવા પૃથુ ભગવાન પૃથુ રાજાથી માંડીને આજના દિવસ સુધી ભારત વર્ષની ક્ષત્રિય જાતિ ચારણોને પોતાના પૂજય માનતી, સન્માનતી આવી છે. વળી અલ્લાઉદ્દીન ખિલજી, મુગલ સમ્રાટ અકબર તથા તેના વંશજો અને બીજા સેંકડો મુસલમાન બાદશાહો–સુલતાનોએ પણ ચારણોના ગુણોથી આકર્ષાઈને તેમને સન્માન્યા છે. ઉપરાંત કર્નલ શ્રી ટોડ, ફારબસ તથા ટેસીટોરી આદિ અનેક અંગ્રેજ ઈતિહાસકારોએ લખેલા ઈતિહાસોમાં ચારણો વિષે ઉત્કૃષ્ટ ઉલ્લેખો કર્યા છે તથા ચારણોની દેશભકિત, કર્તવ્યપરાયણતા, સંસ્કૃતિ રક્ષા, સાહિત્ય સેવા, વીરતા, નીતિમત્તા તથા ક્ષત્રિયોને દેશભકિતના પાઠ પઢાવવાની તેમણે કરેલી સેવા પર પ્રશંસાનાં પુષ્પોનો વરસાદ વરસાવ્યો છે. અને છેલ્લે છેલ્લે ગુજરાતના રાષ્ટ્ર શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ ચારણોનાં જે મહામૂલાં સજીવ ચિત્રો પોતાનાં પુસ્તકોમાં દોર્યાં છે તથા ચારણ જાતિની ભવ્ય ઈતિહાસ ગાથાને સંસાર સમક્ષ પ્રસ્તુત કરી છે તે ચારણ જાતિના વિશિષ્ઠ ગૌરવ મંદિર પરના સુવર્ણ કળશ સમાન છે.

ભારત વર્ષમાં વર્ણ વ્યવસ્થા(બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર) વ્યવસ્થિત રીતે સ્થિર થઈને તે પહેલાં ચારણો હિમાલયના પહાડોમાં આશ્રમો બાંધીને રહેતા. ગંધમાદન સપ્તશૃંગાદિ પર્વતોની પાસે તેમનો વસવાટ હતો એમ જણાય છે. એ વખતે ચારણોના આચાર વ્યવહાર અને જીવનપ્રણાલી ઋષિમુનિઓના જેવી હતી. એટલે કે તેઓ પશુપાલન કરતા, થોડીક ખેતી પણ કરતા. તપ અને સ્વાધ્યાય–શાસ્ત્રાધ્યયન એમના જીવનમાં વણાએલું હતું. યજ્ઞ યાગ, ઈશ્વરી શકિતનું પૂજન ભજન પણ એમની દિનચર્યામાં

મોટો ભાગ ભજવતાં. કુદરતને ખોળે પ્રકૃતિના સાંનિધ્યમાં રહીને આત્મખોજ કરવામાં જીવનનાં અને સૃષ્ટિનાં રહસ્યોની જાણકારી મેળવવામાં એ રચ્યા-પચ્યા રહેતા. જે પહાડી પ્રદેશોમાં તેઓ રહેતા હતા ત્યાં કોઈ રાજાનું શાસન ન હતું. કોઈ રાજયની એમના પર હકુમત ન હતી. સ્વાતંત્ર્યની ખુમારી ભરેલી એમની નિરાળી જીવનવ્યવસ્થામાં નૈતિક મૂલ્યોની,'જીવો અને જીવવા દો' ની-સંયમની પ્રતિષ્ઠા હતી. સ્વાભાવિકતાની શાંતિ હતી. પુરુષાર્થ કરીને જે મેળવતા, તેમાં શાંતિ સુખનો અનુભવ કરતા. એમના જીવનમાં સત્ય, પવિત્રતા, સાદાઈ અને સાત્વિકતા અગ્રસ્થાને હતાં અને એ રીતે ચારણ એ વખતે બ્રાહ્મણ ઋષિ હતો. જે જાતિમાં પુષ્પદંત, પિંગલાચાર્ય જેવા ભકતો વિદ્વાનોએ તથા ગિરાદેવી અને વાક આમ્ભૃણી જેવી વૈદઋચાઓનાં ગાન કરનારી વિદુષી દેવીઓએ જન્મ લીધો, તે જાતિ શાસ્ત્ર અભ્યાસને અને પતને ભકિતને અને જ્ઞાનને વરેલી હોય, એ સ્વાભાવિક છે.

ચારણે ગળથૂથિમાંજ(જન્મતાંજ) સ્વાતંત્ર્યનાં, ઉદારતાનાં, વિશાળતાનાં અમૃતનો સ્વાદ ચાખેલો. ગગન ચુંબી પહાડોની ગંગા-યમુના -સિંધુ-બ્રહ્મપુત્રાના ઉદ્‌ગમ સ્થાનોની, માન સરોવર અને કૈલાશાદિ દેવ પર્વતોની ભૂમિમાં એનો ઉછેર થએલો. ઉપર કહ્યું તેમ એના પર કોઈનું શાસન ન હતું. એ સર્વાંગે સર્વ પ્રકારે સ્વતંત્ર હતો. અનંત આકાશનાં ઊંડાણો, તેમાં ચક્રાકારે ગતિમાન સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો અને વિશાલ પૃથ્વી એના મન-હૃદયમાં દિવ્યતાનું સિંચન કરતાં, અગમ્યના ભેદ ઉકેલવાની પ્રેરણા આપતાં અને એ પ્રેરણા તથા દિવ્યતાનાં ધાવણ ધાવીને ચારણની બુદ્ધિ-દૃષ્ટિ અણોરણીયાન્ મહતો મહીયાન્ અણુના પણ અણુ સમાન(અતિ સૂક્ષ્મ) અને મહાનોથી પણ મહાન(બ્રહ્માંડોથી પણ કોટિગણો- અનંત ગણો વિશાળ) એવા પરમાત્માનાં રહસ્યો જાણવા સમજવાનું મંથન કરતી.

ભાગવત તથા ગણેશ પુરાણ આદિ શાસ્ત્રોમાં ચારણોની ગણના દેવસર્ગમાં-દેવ વિભાગમાં કરવામાં આવી છે. શ્રીમદ્ ભાગવતમાં ચારણોને આઠ પ્રકારના એક દેવ વિભાગ(સિદ્ધો, ચારણો, વિદ્યાધરો)માં વર્ણવેલ છે અને ઉપર જણાવ્યું તેમ જૈન ધર્મના શાસ્ત્રોમાં પણ ચારણો દૈવી શકિત સિદ્ધિ ધરાવતા હોવાના પુષ્કળ ઉલ્લેખો છે. ચારણોનાં જુનાં નામો જેમાંના કેટલાંક હજુ પણ પ્રચલિત છે. તેમાં પાછળના ભાગે દેવવાચક 'સુર' શબ્દ જોડેલો હોય છે. જેમકે દેવસુર, હરસુર, ભાણસુર, રવિસુર, સોમસુર, માણસુર, માલસુર, વીજસુર, ધાનસુર, કાનસુર' વગેરે ચારણોનાં નામોમાં 'સુર' શબ્દ જોડીને દેવભાવનું આરોપણ એટલા માટે થતું કે તેઓ પોતાના નિજીભાવને, પોતાની અસ્મિતાને વિસરી ન જાય, કાયમ યાદ રાખે.

સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર, તેના ઉપાદાન અને નિમિત્ત કારણ સ્વરૂપ જે અગ્રમ્ય શકિત-એ કાર્યો કરી રહી છે, તેને આદિકાળથી કેટલાકે પિતા અને કેટલાકે માતા માનેલ છે. અને તદ્દનુસાર સંસારમાં આદિ કાળથી પિતૃશકિત અને માતૃશકિતની પૂજા એ શકિતને જુદાં જુદાં નામો આપીને વિવિધ પ્રકારે કરવાનું કાર્ય સર્જન જુની પરંપરાઓ પ્રમાણે ચાલુ છે. (વેદોમાં પણ પિતૃશકિત અને માતૃશકિતનાં સૂકતો છે જ.) તેમાં ચારણ જાતિએ પરંપરાથી પિતૃપૂજા કરતાં માતૃપૂજાને વિશેષ મહત્વ આપેલ છે. તેમાં ચારણોમાં અવતરેલ દેવીઓએ ચારણોના જીવનમાં વિશેષ પ્રેમ, વિશેષ તપ અને વિશેષ સંયમ નિયમનાં સિંચન કર્યાં, તેણે પણ ચારણને માતૃશકિતના ઉપાસક બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

ભારત વર્ષમાં ચારણોનું પ્રથમ આગમન ચોવીશ અવતારોમાંના એક શ્રી પૃથુભગવાન, પૃથુરાજાના સમયમાં થયું. તે પહેલાં તેઓ હિમાલયના સપ્તંશૃગ આદિ પર્વતોના પ્રદેશોમાં રહેતા હતા. એ હકીકત ઐતિહાસિક સત્ય છે કે ચારણોની પવિત્રતા, સાત્વિકતા, તપશ્ચર્યા, ધ્યેયનિષ્ઠા, નિઃસ્પૃહતા તથા સત્યપ્રિયતા આદિ ગુણોથી આકર્ષાઈને પૃથુરાજાએ તેમને પોતાના યજ્ઞમાં આમંત્રીને ભારત વર્ષમાં બોલાવ્યા- વસાવ્યા, વસવાટ માટે પ્રદેશો આપ્યા. પદ્મપુરાણમાં ઉલ્લેખ છે કે પૃથુરાજાએ ચારણોને તૈલંગ નામનો દેશ આપેલો. ઉપરાંત કલિંગ પ્રદેશ પણ આપેલ. ત્યાર બાદ ક્રમેક્રમે ચારણોએ ઉત્તર પ્રદેશના પશ્ચિમોત્તર ભાગમાં, પંજાબમાં આવીને વસવાટ કર્યો અને તેમાંથી રાજસ્થાન, મધ્યપ્રદેશનો પશ્ચિમ ભાગ, સિંધ, ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રમાં તેઓ ફેલાયા. ચારણોના ઉપર જણાવેલ ગુણો, સત્ય અને સ્વાતંત્ર્યપ્રિયતા, નીતિમત્તા તથા સંયમી અને સરળ સાદા પવિત્ર આચારની પૃથુરાજા તથા ક્ષત્રિય વર્ગ પર ઊંડી છાપ પડી એટલો જ તેમણે ચારણોને સન્માનિત કરી પોતાના પૂજય માનતા. સલાહકાર બનાવ્યા. વિદ્યાના-સરસ્વતીના મહાન ઉપાસક હોવાના કારણે જન સમાજે એમને સરસ્વતી પુત્રોનું બિરુદ આપ્યું. અનીતિ-અન્યાય-જુલ્મ-દમનના તેઓ કટ્ટર વિરોધી હતા. નિડર અને સત્યનિષ્ઠ હતા. એટલે મોટા રાજા મહારાજાઓ કે સમ્રાટો, સત્તાધીશો નીતિપૂર્વક ન ચાલે તો ચારણો જોખમ વેઠીને, એ સત્તાધીશોની અપ્રિયતા વહોરીને અને સુખ સંપત્તિ ગુમાવવા માટે તૈયાર રહીને પણ એ સત્તધિકારીઓને સાચું કહેતા એમને સન્માર્ગે દોરી જતા. ગળથૂથિમાંથીજ અભયનું ધાવણ ધાવેલા ચારણો નિર્ભિક અને નિડર હતા. સાથે સાથે જાગરૂક હતા. સદા સાવધાન હતા. અને જુલ્મ અનીતિનું આચરણ કરનારનો સામનો કરતા અને પ્રસંગ આવ્યે સત્યાગ્રહ આદરીને, અનશન કરીને અને આત્મ બલિદાન આપવાની હદે જઈને પણ અન્યાય અનીતિનું નિવારણ કરાવતા, ભૂલેલા, ક્ષત્રિયોને સાચો રાહ બતાવતા.

વળી ચારણ જાતિની એક ખાસ વિશિષ્ટતા એ હતી કે એમની કુળાચારની પરંપરામાં સત્યનો-વાણી વિચાર વર્તનની વિશુદ્ધિનો દઢ આગ્રહ રખાતો હોવાના કારણે જમાને જમાને જયારે જયારે વિષમતા, દંભ, અનાચારની માત્રા વધી ત્યારે તેનું ઉત્થાપન કરવા માટે અને ધર્મભાવના તથા સંસ્કૃતિનું ઉત્થાન કરવા માટે ચારણ જાતિમાં માતાજીઓએ શકિતશાળી આઈઓએ અવતાર લીધા. અને તેમણે વિશુદ્ધ જીવ જીવીને, સત્ય અને તપશ્ચર્યા આચારમાં ઉતારીને, અપરિગ્રહવ્રત પાળીને તથા અહિંસા અને પ્રેમની ગંગા રેલાવીને સમાજને સાચો રાહ બતાવ્યો, ધર્મમાર્ગે ચાલવાની પ્રેરણા આપી. ઉપરાંત અન્યાય અનીતિનો સામનો કરીને દુરાચારી સત્તાધીશોને ઊખેડી નાખીને સમાજ અને દેશને ઉન્નતિ પંથે દોર્યો. સંસ્કૃતિને જીવતી અને જાગતી રાખી. એ માતાજીઓ-આઈઓ પોતાના પવિત્ર આચરણ અને લોકોપકારક સુકૃત્યોથી એટલાં બધાં લોકપ્રિય બન્યાં કે લોકોએ એમને પોતાના ઈષ્ટ તરીકે સ્વીકાર્યાં, કુળદેવીઓ તરીકે અપનાવ્યાં અને આજે પણ એ ચારણ દેવીઓ અઢારે વર્ણોમાં કુળ દેવીઓ તરીકે પૂજાય છે. ખોડિયાર, આવડ, કરણીજી, બેચરાજી, બૂટમા, દેવલજી, આઈ વરવડી, આઈ પીઠડ, માતાજી મોગલ, શેણબાઈ, રાજબાઈ, નાગબાઈ, જાનબાઈ, જેતબાઈ અને છેલ્લાં છેલ્લાં સાંપ્રત કાળમાં (આઠ વર્ષ પહેલાં જ જે સ્વધામ નિવાસી બન્યાં તે) પૂ.આઈમા શ્રી સોનબાઈમા (કણેરી-મઢડાવાળાં)નાં પૂજન ભજન સર્વે વર્ણોના લોકો સર્વત્ર પ્રેમપૂર્વક આજે પણ કરી રહ્યા છે અને એ પરંપરા યુગેયુગ ચાલુ રહેવાની છે. ઋગ્વેદનાં

દેવી સૂકતોનાં અધિષ્ઠાત્રી અને ઋષિ એવા શ્રી વાક્દેવી આમ્ભૃણી અને તેમનાથી પણ અગાઉથી શરૂ થયેલી ચારણ આઈઓની એ પરંપરા આજે પણ ચાલુ રહી છે.

ઉપર કહ્યા મુજબ ચારણોનું મૂળ નિવાસસ્થાન હિમાલયના 'સપ્તશૃંગ' નામના સાત શિખરોવાળા પર્વતની પાસે હતું. એમ પરંપરાથી જાણવા મળેલ છે અને વાલ્મીકિય રામાયણ, મહાભારત, ભાગવતાદિ શાસ્ત્રોમાં ચારણોના વસવાટોના સ્થાનોના જે અનેકાનેક નિર્દેશો મળે છે તેમાં સપ્તશૃંગ પર્વતમાળામાં ચારણો રહેતા હોવાના ઉલ્લેખો છે જ. હિમગિરિની એ પર્વત માળાઓમાં રહેતા ચારણોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને જરૂર પુરતી ખેતીનો હતો અને તેમના આચાર ઋષિમુનિઓને અનુરૂપ હતા. વાસ્તવમાં એ ચારણકુળો આર્યઋષિ કુળો જ હતાં જે જગદંબાની ઉપાસના પરાયણ જીવન ગાળતાં, વિદ્યાવ્યાસંગને વરેલાં હતાં. કાવ્ય કવિતા એમના લોહીમાં હતી, એમના જીવન સાથે ઓતપ્રોત હતી. ઉપર જણાવ્યું તેમ ઉજ્જવળ જીવન પરંપરાને વરેલી એ ચારણ જાતિ જયારે હિમગિરિના પહાડોની ભૂમિમાં રહેતી હતી, ત્યારે તેમનાં જુદાં જુદાં સાત જૂથો અથવા ઋષિકુળો હતાં જે જુદી જુદી સાત શાખોને નામે ઓળખાતાં અને અરસપરસ લગ્ન વ્યવહાર કરતાં. એ સાત જૂથો પૈકી નરનારાયણને નામે ઓળખાતા નરા નામના પહાડની પાસે રહેતું જૂથ નરા શાખાથી ઓળખાતું (એમ પણ કહેવાય છે કે એ જૂથના મૂળ પૂર્વજનું નામ નર હતું એટલે તેના વંશજો નરા કહેવાયા) એ નરા શાખાવાળાઓની પાસે જ રહેતા. બીજા એક જૂથના ચારણો અવિસુરા અથવા અવસુરા કહેવાતા એટલે કે તેમની શાખ અવસુરા હતી. એ જૂથના મૂળ પુરૂષ અવિસુરના નામ પરથી તેના વંશજો અવિસુરા-અવસુરા કહેવાયા. એ બન્ને શાખોવાળાં જૂથો એકબીજાની પાસે રહેતા હોવાના કારણે તેમની વચ્ચે અરસપરસ લગ્ન વ્યવહાર વિશેષ થતો. વિશેષમાં એ નરા તથા અવસુરા શાખવાળાઓ નરનારાયણના પહાડની પાસે રહેતા હોવાને કારણે નરા પહાડાવાળા ગણાતા. તેમાં નરા મુખ્ય શાખ ગણાતી અને અવસુરા તેમની ચાળ (અથવા તો તેમનાથી સંબંધિત) નરાના ભાણેજ કહેવાતા. અને એ બન્નેનો નરાપહાડો (વિભાગ)કહેવાતો. એજ મુજબ ચૌરાટ્ર પહાડની આસપાસ રહેતા ત્રીજા જૂથવાળા ચૌરાટા અથવા ચૌરાડા કહેવાતા અને તેમની પાસે જ રહેતા અને મુખ્યત્વે તેમની સાથે જ લગ્નવિષયક વ્યવહારવાળા ચોથા જૂથવાળા જે મારૂ નામના મૂળ પુરૂષના વંશજો હોવાના કારણે મારૂ શાખવાળા કહેવાતા. તેઓ ચોરાડા શાખાવાળાઓની ચાળ અથવા તેમના ભાણેજ કહેવાતા. અને ચોરાડા તથા મારૂ એ બન્નેનો બીજો ચોરાડા પહાડો અથવા વિભાગ કહેવાતો. અને એવી જ રીતે ચહુમ નામના પહાડની પાસે રહેતા. પાંચમા જૂથવાળા ચારણો મહુમા અથવા ચહુંવા શાખાના કહેવાતા અને તેમની પાસે જ રહેતા અને તેમની સાથે લગ્ન આદિ નિકટના સંબંધ ધરાવતા. છઠ્ઠા જૂથવાળા બાટી કહેવાતા. અને તેઓ ચહુંવાની ચાળ અથવા ભાણેજ ગણાતા. અને એ બન્નેનો ત્રીજો વિભાગ ચહુંવા પહાડો ગણાતો. આ છ શાખોના ત્રણ પહાડાઓ ઉપરાંત એક સાતમી શાખાના જૂથવાળા ચારણો પણ એ પર્વતીય પ્રદેશમાં રહેતા જે તેમના મૂળપુરૂષ તુંબ અથવા તુંબેલના નામથી તુંબેલ શાખાના કહેવાતા. એમને કોઈ ચાળ કે ભાણેજ ન હતા. અને તેમનો લગ્ન-વિષયક વ્યવહાર ઉપર્યુકત ત્રણ પહાડાની છ શાખાવાળાઓ સાથે થતો અને એ તુંબેલોનો અર્ધો પહાડો ગણાતો.

આવી રીતે(૧) નરા તથા(૨) અવસુરા શાખાવાળાઓને પહેલો નરા પહાડો (૩) ચોરાડા

અને (૪) મારૂ શાખાવાળાઓનો બીજો ચોરાડા પહાડો અને (૫) ચહુંવા તથા (૬) બાટી શાખા વાળાઓનો ત્રીજો ચહુંવા પહાડો અને (૭)તુંબેલ શાખાવાળાઓનો અર્ધો તુંબેલ પહાડો એ સર્વે મળીને ચારણોના સાડા ત્રણ પહાડા અથવા વિભાગ ગણાતા. જેની કુલ સાત શાખો હતી એ સાથ શાખાઓવાળા અરસપરસ લગ્ન સંબંધ કરતા.

હિમાલયના વસવાટ દરમિયાન તો ચારણોની સાત શાખાઓ અને સાડા ત્રણ પહાડા હતા. પરંતુ એ ચારણો જયારે હિમગિરિનો વસવાટ છોડીને ભારતવર્ષમાં સૌ સૌની અનુકૂળતા પ્રમાણે જુદેજુદે ઠેકાણે જઈને વસ્યા ત્યારે તેમને ભારતવર્ષના નાગલોકો તેમજ બ્રાહ્મણાદિથી લગ્નસંબંધ થવા લાગ્યા અને હિમાલયમાંથી આવેલા એ ચારણોની વિશુદ્ધ અનોખી જીવન પ્રણાલિની અસરથી તેમની સાથે લગ્નસંબંધથી જોડાનારા નાગવંશીઓ તથા બ્રાહ્મણ ઋષિઓ પણ ચારણોમાં ભળવા લાગ્યા. એ સમયે જાતિ ભેદ એટલે હદે વિકસેલો નહિ કે એક વર્ણના લોકો બીજા વર્ણમાંથી પરણી ન શકે કે એકબીજા સાથે ભોજન વ્યવહાર ન કરે કે બીજા વર્ણમાં ભળી ન જઈ શકે. એ કાળે બ્રાહ્મણ ક્ષત્રિય કર્મ અપનાવીને ક્ષત્રિયત્વને પામી શકતો, ક્ષત્રિય બની શકતો અને જન્મથી ક્ષત્રિય હોય તે પણ બ્રાહ્મણકર્મ- આચારમાં પલોટાઈને બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરી શકતો હતો. તેમજ એ વખતે તો બ્રાહ્મણો ક્ષત્રિય કન્યાઓને પરણ્યાના અને ક્ષત્રિયો બ્રાહ્મણ કન્યાઓને પરણ્યાના દાખલાનો ઈતિહાસ પુરાણોમાં મળે છે. એ રીતે નાગવંશીઓ તથા બ્રાહ્મણો ઋષિઓ જેમણે ચારણ કર્મનો સ્વીકાર કર્યો, ચારણ પરંપરાને અપનાવી તે ચારણોમાં ભળી ગયા. અને એ ભળવાની પ્રક્રિયાને પરિણામે ચારણોની મૂળ સાત શાખો ઉપરાંત બીજી ૧૬ શાખાનાં નવાં જૂથો ક્રમેક્રમે ચારણોમાં સંમિલિત થયાં અને મૂળ ૭ શાખો તથા ભારતવર્ષમાં આવ્યા પછી બીજી ૧૬ શાખો અસ્તિત્વમાં આવી, તે મળીને ચારણોની કુલ ૨૩ શાખો બની. એ ૨૩ શાખાઓમાં પણ ક્રમેક્રમે પિતાના નામ પરથી કે ગામના નામ પરથી કે કોઈ વિશિષ્ટ કાર્ય કે પરાક્રમ કરવાથી નવી નવી શાખો ઊભી થતી ગઈ અને એ પેટાશાખાઓનો વિસ્તાર વધતો ગયો અને તેનો કુલ સરવાળો ૫૦૦ ઉપર પહોંચી ગયો.

સંવત ૧૯૯૪માં રાજકોટ મુકામે શ્રી ચારણ હિતવર્ધક સભા(ભાવનગર)ના ચોથા અધિવેશન સાથે અખિલ ભારત ચારણ સમ્મેલન (રાજસ્થાન)નું પાંચમું અધિવેશન પણ થયેલું અને એ સમ્મેલનના મુખપત્ર તરીકે 'ચારણ' નામનું ત્રૈમાસિક પત્ર શરૂ કરવામાં આવેલું. એ ત્રૈમાસિકમાં હિંદી અને ગુજરાતી એમ બે વિભાગો રહેતા. તેમાં ગુજરાતી વિભાગમાં ચારણ જાતિ વૃત્તાંત નામની એક લેખમાળા આ પંક્તિઓના લેખક પિંગલ પાયકે શરૂ કરેલી, તેના ત્રણેક લેખ છપાએલા. એ ત્રૈમાસિક બે વર્ષ ચાલીને બીજા વર્ષનો એક અંક પ્રગટ કરીને બંધ થઈ ગયું. બાદ સં.૨૦૧૦માં પૂ. આઈમા શ્રી સોનબાઈમાએ પોતાને ખર્ચે મઢડામાં ભારતવર્ષના સર્વે ચારણોનું અધિવેશન વૈશાખ સુદ ૩-૪ બુધ-ગુરુવાર તા.૫મી તથા ૬ઠ્ઠી મે ૧૯૫૪ના દિવસોએ નોતરીને તેમાં આખા ભારતવર્ષના ચારણોને આમંત્રિત કરેલા. એ અધિવેશનમાં પસાર થયેલ એક ઠરાવ અન્વયે શ્રી ચા.હિ. સભાની કાર્યવાહક સમિતિની તા.૨૦/૧૧/૫૪ની બેઠકમાં ઠરાવ્યા મુજબ શ્રી ચા.હિ.સભાના મુખપત્ર તરીકે 'ચારણ' નામનું દ્વૈમાસિક પત્ર આ પંક્તિઓના લેખક પિંગલ પરબતજી પાયિકના તંત્રીપણા નીચે પ્રગટ થવું શરૂ થયું, ત્યારે 'ચારણ જાતિ વૃત્તાંત'ના લેખો શ્રી ચા.હિ.સભાના દ્વૈમાસિક મુખપત્ર 'ચારણ'માં

ક્રમેક્રમે પ્રગટ કરીને એ લેખમાળા પૂરી કરવાનું વિચારવામાં આવ્યું અને શ્રી અખિલ ભારત ચારણ સમ્મેલનના મુખપત્ર 'ચારણ'ત્રૈમાસિકમાં પ્રગટ થએલ. ચારણ જાતિ વૃત્તાંતના લેખો ફરી છાપવા કે જયાંથી અધૂરૂં રહેલું ત્યાંથી દ્વૈમાસિક 'ચારણ'માં સંબંધ મેળવીને એ લેખ માળા ચાલુ રાખવી તેનો વિચાર કરવામાં આવી રહ્યો હતો, ત્યારે ઘણે ઠેકાણેથી એવી સૂચનાઓ આવી કે "ચારણ જાતિની શાખો કેટલી છે ? તેમનાં નામ શું ? તેમની પેટા શાખો કેટલી ? વગેરે બાબતોમાં અમુક ગણ્યા ગાંઠયા જાણકાર ભાઈઓ સિવાય બીજાઓને ખાસ માહિતી નથી એટલે એ બાબતમાં વહેલામાં વહેલી તકે સ્પષ્ટતા થાય તેવું કરવું જોઈએ."

ઉકત સૂચનાઓમાં ઘણું તથ્ય હતું અને આજે પણ સ્થિતિ એ જ મુજબ છે. કેટલી મુખ્ય શાખો છે તેની પણ કેટલાકને ખબર નથી. એ શાખોમાંથી કેટલીકની પેટા શાખો સંખ્યાબંધ છે જે સાધારણ રીતે પૂરેપૂરી યાદ પણ રહી ન શકે. આવી સ્થિતિમાં સગપણ સંબંધ કરતી વખતે કેટલાકને ઘણી વાર મૂંઝવણ થતી હોય છે. કારણ કે પોતાની મૂળ શાખની પેટા શાખાનો કેટલી છે તેની, અથવા તો પેટા શાખવાળાઓને પોતાની મૂળ શાખ કઈ છે તેની પણ ઘણી વખત જાણ હોતી નથી. અને પેટા શાખોની સંખ્યા અધિક હોવાને કારણે તે બધી યાદ ન પણ રહે એ સ્વાભાવિક છે. આમ હકીકત હોતાં શાખા પેટા શાખાઓની વિગત સૌથી પ્રથમ પ્રસિદ્ધ કરી દેવાનું નક્કી કર્યું.

એ શાખા-પેટાશાખાઓ અંગેની કેટલીક હકીકત મારી પાસે સંગ્રહાએલી પડી હતી. મારા પૂ.પિતાશ્રી પરબતજી રાજવીરજી પાયકે અમારી મુખ્ય શાખા નરાની પેટા શાખાનું એક નાનકડું કાવ્ય જે દ્વિઅક્ષરી છંદમાં તે પોતાની એક બુકમાં લખી રાખેલું. ઉપરાંત એ નોટબુકમાં તેમણે બીજી પણ કેટલીક વિગતો લખેલી. તદુપરાંત હું સને.૧૯૨૬માં ભુજ હાઈસ્કૂલમાંથી મેટ્રીક પાસ કરીને ભાવનગરની કોલેજમાં વિશેષ અભ્યાસ માટે જોડાયો અને સૌરાષ્ટ્રના ચારણોના સંપર્કમાં આવતો ગયો તેમ તેમ અનેક શાખો-પેટા શાખોની વિગતો જાણવા મળવા લાગી અને ત્યાર બાદ સં.૧૯૯૪ સને.૧૯૩૮માં એટલે આજથી ૪૪ વર્ષ પહેલાં હું જયારે ભાવનગરની સંસ્થા શ્રી ચા.હિ. સભાના મંત્રી અને ત્યાંથી ચારણ બોર્ડિંગના ગૃહપતિની ફરજ બજાવતો હતો ત્યારે બોર્ડિંગના આઠેક વિદ્યાર્થીઓ સાથે ચમારડી, વળા, રતનપુર અને સવાઈનગર એ ગામોએ પગપાળા પ્રવાસે ગએલો. સવાઈનગરમાં એ વખતે અડીખમ બાવોભા ગોલ હયાત હતા. તેઓ મારા પર ખૂબ પ્રેમભાવ રાખતા નિજ જ્ઞાતિની અસ્મિતા એમનામાં પ્રત્યક્ષ જોઈ શકાતી. જ્ઞાતિ પર એમને ખૂબ પ્રેમભાવ હોય, એ સ્વાભાવિક છે, એમનું આતિથ્ય ઉત્તમ કોટિનું હતું. એ બાવાભાના સુયોગ્ય વારસદાર એમના ભાણેજ શ્રી જશાભાઈ, દાદાભાઈ રાજૈયા પાસે ચારણ જાતિની શાખા-પેટા શાખાઓની યાદી હતી. તેની મેં નકલ કરી લીધી. ઉપરાંત ચારણજ્ઞાતિના બીજા સંખ્યાબંધ ભાઈઓ પાસેથી પણ વખતો વખત પૂછપરછ કરીને ચારણ જાતિની શાખા પેટાશાખાઓની વિગતો ક્રમે ક્રમે મેળવતો ગયો. એ સિવાય પુનાજ(ખેડા જિલ્લો)માં ઘણી પેઢીઓ પહેલાં થઈ ગએલા ગઢવી શ્રી મેંદ વરસડાએ બનાવેલું એક સપાખરૂં ગીત પંચમહાલ તાબે ગામ મોરીયાના ગઢવી ભાઈશ્રી જીભાઈ નાથાજીએ મારા સ્વ.પિત્રાઈ ભાઈશ્રી જયમલદાનજી પાયક સાથે લખી મોકલેલું. એ ગીતમાં ચારણોની ત્રેવીશ મૂળ શાખો પેટા શાખાઓને ગૂંણી લેવામાં આવી છે. ઉકત ગીતની એક બીજી નકલ પણ અત્યારે જેમનું નામ યાદ નથી તે એક જ્ઞાતિબંધુએ મોકલેલી. આમ મારી પાસેનો સંગ્રહ ઠીકઠીક પ્રમાણમાં થયેલો.

આ શાખા-પ્રશાખાઓના જાણકાર

કેટલાક રાવળ દેવો હતા પણ તેમનો સંપર્ક સાધવાના મારા પ્રયત્નો નિષ્ફળ ગયા. મારી પાસેની શાખા-પ્રશાખાઓની નોંધણીની મેળવણી એ અંગેના જાણકાર રાવળ દેવો પાસેની યાદી સાથે કરવાના ઈરાદાથી મેં તેમને ભાવનગર બોલાવવા માટે પત્રો લખેલા તથા સંદેશો પણ મોકલેલ - કહેવરાવેલું. પરંતુ તેઓએ ન તો પોતાની પાસેની યાદીઓની નકલ મોકલી કે ન પોતે આવ્યા. જો કે મેં તેમને આવવા-જવાનું ખર્ચ તથા યોગ્ય શીખ વગેરે આપવાનું લખેલું હતું જ.

મારી પાસેનો એ સંગ્રહ જયારે 'ચારણ' દ્વૈમાસિકમાં છપાવવો શરૂ કર્યો ત્યારે પણ મને જણાએલું કે તે ઘણું સંશોધન માંગે છે. કેટલીક એક જ નામવાળી પેટા શાખો બે જુદી-જુદી મુખ્ય શાખોમાં લખેલી જણાએલી એટલે તે અંગે માહિતી મેળવવાનો પ્રયત્ન મેં કરી જોયો પણ એ જાણકાર રાવળ દેવો તરફથી કંઈ ઉત્તર ન આવવાથી મેં મારી પાસેની સંગ્રહિત માહિતી 'ચારણ' દ્વૈમાસિક અંકોમાં છપાવવી શરૂ કરીને કટકે કટકે એ દ્વૈમાસિકનાં પ્રથમ ચાર વર્ષોના અંકોમાં છપાવી પ્રસિદ્ધ કરી નાંખેલી. 'ચારણ' દ્વૈમાસિકના સને.૧૯૫૪, ૧૯૫૫, ૧૯૫૬ તથા ૧૯૫૭નાં જે અંકોમાં એ માહિતી છપાએલી તે અંકો કોઈક ચીવટવાળા ભાઈએ સાચવ્યા હશે. પરંતુ મહદંશે જાળવણી કરવાની આપણી ઉપેક્ષાને કારણે એ અંકો ઘણા ભાઈઓએ સાચવ્યા નથી. એટલે આ બાબતમાં અનેક જ્ઞાતિબંધુઓ તરફથી અને ખાસ કરીને મારા પર અનહદ સ્નેહ વર્ષાવનાર ગઢવી શ્રી સામતભાઈ દાદાભાઈ વરસડા(ગઢવી સોસાયટી અમદાવાદ-૧૪) તરફથી વર્ષો થયાં આગ્રહ કરવામાં આવતો હતો કે 'ચારણ જાતિની શાખા પેટા શાખાઓની હકીકત પ્રસિદ્ધ કરો જ !' તેને માન આપીને એ શાખા-પેટાશાખાઓ અંગેની માહિતી એક પુસ્તિકાના રૂપમાં પ્રસિદ્ધ કરવાનો વિચાર ચાલતો હતો તેને 'પૂ.આઈમા શ્રી સોનબાઈમા સંસ્થાપિત કવિ શ્રી દુલાભાઈ કાગ સાંસ્કૃતિક સાહિત્ય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ સમક્ષ મૂકવામાં આવતાં ટ્રસ્ટ તરફથી એ પુસ્તિકા પ્રસિદ્ધ કરવાની મંજૂરી ઉકત ટ્રસ્ટના ટ્રસ્ટીઓની તા.૨૦/૬/૧૯૮૨ના રોજ મળેલી. મિટિંગમાં એક ઠરાવ કરીને આપવામાં આવતાં ઉકત પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં ઘણી અનુકુળતા મળી છે તે બદલ એ ટ્રસ્ટીઓનો હું આભાર માનું છું અને સવાઈનગર વાળા શ્રી જશાભાઈ રાજૈયા તરફથી શાખા પેટા શાખાઓ અંગેની જે માહિતી મળી તથા પંચમહાલ બોરીયાના ગઢવી શ્રી જીભાઈ નાથાભાઈ તરફથી શ્રી મેંદ વરસડા કૃત ૨૨ મુખ્યશાખો અને તેની પેટા શાખો અંગેનું ગીત મળ્યું તથા બીજા અનેક ભાઈઓ તરફથી સહકાર માહિતી મળ્યાં, તે માટે સૌ સજ્જનોનો આભાર માનું છું. આ પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવા માટે મારા સુહૃદ સ્નેહીશ્રી સામતભાઈ વરસડાએ મને જે સતત આગ્રહ કરી એ કામમાં પ્રવૃત્તિ કરાવી તે માટે તેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ચારણ જાતિને ઉપયોગી એવી આ માહિતીના પ્રકાશનને સૌ જ્ઞાતિબંધુઓ વધાવી લેશે એમ આશા રાખું છું.

લિ.સેવક પિંગલ પરબતજી પાયકના

સપ્રેમ જય માતાજી

શ્રી સામતભાઈ વરસડાનો બંગલો
૩-ગઢવી સોસાયટી, અમદાવાદ-૧૪
(શરદ પૂર્ણિમા સં.૨૦૩૮,
દ્વિતીય આસો સુદ ૧૫ સોમવાર
તા.૧/૧૧/૧૯૮૨) **(ક્રમશઃ)**

તેઓશ્રીના પુસ્તક
'ચારણ જાતિની શાખા-પ્રશાખાઓ'
માંથી આ લેખ લીધેલ છે

સોનલમાના અનન્ય ભકત એવા ભીખાભા

શ્રી નરેન્દ્ર ગઢવી – રાજકોટ

૯૯૦૪૪ ૧૨૦૨૦

પૂ.આઈશ્રી સોનલમાનું સાંનિધ્ય જેઓને પ્રાપ્ત થયેલ હતું તેઓ પોતાની જાતને ધન્ય ગણી ગણી પોતાનું જીવન તરી ગયાનું માનતા અનેક સેવકોએ આઈમાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે અને તેઓ તેના માટે આનંદ અનુભવે છે. આઈમાને બધા સેવકો સમાન હતા.

જેમાં પીંગળશીભાઈ પાયક હોય કે કાગ બાપુ હોય (સમાજસેવક, કવિ) કે પછી અનન્ય મૂક સેવક હોય તેમાં લાખાભા ગોરા, વિહળભા જામંગ કે ભીખાભા લાંબાનો સામતભાઈ વરસડા, શકિતભાઈ શામળ-અમદાવાદ, કરસનભાઈ જાળફવા, નાગરભાઈ બુધશી, જીવાભાઈ કુના-મુંબઈ, પાલિયા સાહેબ-જાંબુડા, દવે સાહેબ-અમદાવાદ, મુળુભાઈ મુળિયા, કાનજીભાઈ નાગૈયા, રેવાદાનભાઈ ખળેલ, રામભાઈ આલગા, બચુભાઈ બાવડા-રાજકોટ, રાજકવિ શંભુદાનજી રત્નુ, લાખુભાઈ કાનાણી, કાનજીભાઈ વિકા, હરીભાઈ આલગા, પચાણભાઈ આલગા, વાલજીભાઈ સિંધોડીં-કચ્છ અને તેમના જેવા અનેકાનેક સમાવેશ થાય, તો આજે ભાડલા (જિ. રાજકોટ) અને છેલ્લે જંખવાવ (જિ.સુરત) રહેતા હતા તેવા **આઈમાના પરમ ભકત વશરામભા**ના મા સાથેના સંસ્મરણોને વાગોળીએ.

આઈશ્રી સોનલમાના અનન્ય ભકત એવા ભીખાભા નારણભા લાંબા મુકામ ભાડલા કે જેમના ઘરે આઈશ્રી સોનલમા પ્રથમ વખત ભાડલા તેમના ઘરે પધારેલા. આઈશ્રી સોનલમા જયારે પણ ભાડલા આવતા પહેલા જ એની ખબર પડી જતી કે આઈ મા આજે આ બાજુથી આવવાના છે એટલે પ્રથમથી જ સામૈયાની તૈયારી જે રસ્તેથી આવવાના હોય એ રસ્તેથી અગાઉ જ કરી રાખતા એકવાર એવો પ્રસંગ બનેલો કે આઈશ્રી સોનલમા પારેવાળાથી થઈ અને જાંબુડા બાજુ જતા હતા વચ્ચે આ ભાડલાથી નીકળી ગયા અને સરધાર પહોંચ્યાં ત્યાં આઈમા ને અચાનક થયું કે મારે ભાડલા જવાનું રહી ગયું છે એટલે આઈ સોનલમા એ કીધું કે જીપ પાછી વાળો મારે ભાડલા જવું છે એટલે બધાએ ના પાડી હવે આટલું બધું આગળ આવી ગયા છીએ હવે નથી જવું તો આઈશ્રી સોનલમાએ કીધું કે તમારે ન આવવું હોય તો તમે જાઓ હું તો ભાડલા જઈને જ આવીશ અને જીપ પાછી વાળી અને આઈમા પહોંચ્યા તો ત્યાં ભીખાભા અગાઉથી સ્વાગતની તૈયારી કરીને ઉભા હતા અને આઈ માને કીધું કે માં હું કયારનો તમારી રાહ જોતો હતો, જય માતાજી.

આઈશ્રી સોનલમા ભાડલા રોકાયેલા. સવારમાં ઉઠી સ્નાન કરી માતાજીના પૂજાપાઠ કરી અને ભીખાભાની ડેલીએ બધાને દર્શન આપવા બિરાજમાન થયા પછી ભીખાભાને બોલાવ્યા ભીખાભા લાંબાને કીધું કે મારા નાના બાપુના કાકા બાજુમાં રહેતા હતા જીવા બાપુ. તેમના ઘરે ગયા ત્યારબાદ આઈમાએ પાણીનો હાંડો મંગાવ્યો તરત જ પાણીનો હાંડો લઈ આવ્યા. ફળિયામાં ડેલી પાસે ઉભા-ઉભા જ આઈશ્રી સોનલમા પોતાનું સ્વરૂપ બદલી નાખ્યું. ડેલીએ ઉભા-ઉભા આઈમા આખો હાંડો પાણીનો પી ગયા અને પછી પોતાની જીભ બહાર કાઢી હાથથી આખા ગળામાં વીટાળી દીધી આ જોઈને ભીખાભા ધ્રુજી ઉઠયા. આ સમયે તેમને ત્યાં રજવાડુ હતું. રજવાડામાં ત્યારે દારૂની રેલમછેલ હતી. આ સ્વરૂપ દેખાડી આઈશ્રી

સોનલમા એ કીધું કે ભીખાભા આ બધું હવેથી બંધ થવું જોઈએ. આઈમાના આવા વિકરાળરૂપને જોઈને ભીખાભા એ તે દિવસે આઈમાને વ્યસન છોડવાનું વચન આપ્યું. ત્યારબાદ આઈશ્રી સોનલમા વિહળબાપુ જામંગને ત્યાં જવા નીકળ્યા વિહળબાપુ ત્યારે ભાડલા જ રહેતા હતા. આઈમા વિહળબાપુના ઘરે જઈ વિહળબાપુ જામંગને ભેટી પડયા ત્યારે વિહળબાપુના મોટા દીકરા લાખાભા, નારાયણભા અને દેવરાજભા હાજર હતા. ત્યારે આ સોનલમા એ કીધું કે હાલો હવે ગેલમાના દર્શન કરવા જઈએ. આ બધો ડાયરો ચાલતા કરશનભાઈ જાળફવાના ફળિયામાં થઈ ચાલતા ગેલમાંના દર્શને જવા રવાના થયા તે સમયે કરસનભાઈ જાળફવાનો નાનો ભાઈ કે જે શારિરીક અશકત હતો. ફળિયામાં માને જોઈ માના દર્શન કરવા માટે પોતે ઘસડાતાં ઘસડાતાં ચાલતા થયા એમનું નામ હરદાસભાઈ જાળફવા હતું. માને પગે લાગ્યા ત્યારે અમુલામા હાજર હતા તે પણ આવીને પગે લાગ્યા અને કીધું કે મા આ જન્મથી અપંગ છે, આની માથે દયા કરો., તરત જ આઈશ્રી સોનલમાએ માથા ઉપર ભેળીયો ફેરવી દીધો અને જાણે કે ખરેખર ચમત્કાર થયો હોય એમ હરદાસભાઈ જાળફવા પોતાના પગે ચાલવા માંડયા. આ બધું બધાએ નજરોનજર જોયેલું છે.

અહીં સ્વરૂપ આપી આઈશ્રી સોનલમા ગેલામાના મંદિરે જવા રવાના થયા. ગેલમાના મંદિરમાં દર્શન કરી અને મા એ જોરથી થાપો માર્યો માએ એટલો જોરથી મારેલો હતો કે આખું મંદિર ધણધણી ઉઠયું અને એ વખતના પુજારી સોમપુરીબાપુને બોલાવી આઈશ્રી સોનલમાએ કીધું કે મંદિરમાં દીવો ચાલુ કરી દો ત્યારે સોમપુરી બાપુએ આઈશ્રી સોનલમાના હાથથી જ એ દીવો પ્રગટાવી અખંડ જયોત ચાલુ કરાવી અને આજે પણ એ અખંડ દીવો ચાલુ છે.

ગેલમાના મંદિરમાં અખંડ દીવો ચાલુ કરાવી અને આઈશ્રી સોનલમા ભીખાબાપુના ઘરે પરત આવ્યા. રાણબાઈ મા પણ આઈ સોનલમાના અનન્ય ભકત હતા. આઈશ્રી સોનલમાએ મારા નાનીમાને બોલાવીને કહ્યું , ચારણ, ચારણની દીકરીઓ સાડી અને પોલકુ ન પહેરે, ચારણની દીકરીઓ ઓઢણ કાપડમાં જ સારી લાગે. છાણ વાસીદા કરતી અને એમાં જ માતાજીઓ અવતાર લિયે. આઈશ્રી સોનલમાનો આદેશ રાણબાઈએ ત્યારે જ માથે ચડાવી લીધો. રાણબાઈ વિહળબાપુ જામંગના દીકરી થાય. વિહળબાપુએ એ વખતે ઘણું બધું કરિયાવરમાં આપ્યું હતું. સાડીને પોલકા રાણબાઈએ બીજે દિવસે એમના બધા જ સાડી અને પોલકા દાનમાં આપી દીધા અને ત્યારથી ઓઢણ અને કાપડ જીવ્યા ત્યાં સુધી પહેર્યાં.

આઈશ્રી સોનલમાનું મઢડા જયારે સંમેલન થયું ત્યારે કોઈ કારણસર ભીખાભા મઢડા પહોંચી શકે તેમ ન હતા અને સતત માની પ્રાર્થના કરે રાખતા હતા અને માની એવી દયા થઈ કે જે સંમેલન હતું એ આખું ભીખાબાપુએ એમના ઘરે જ અત્યારે દ્વારકાનાથનો ફોટો છે એમાં સંપૂર્ણ નિહાળેલા જેના અમુક લોકો સાક્ષી પણ છે. સંમેલન વખતે ભીખાબાપુ ગુજરાતમાં એટલે કે ઝંખવાવ જિ.સુરત રહેતા હતા અને પછી આઈશ્રી સોનલમા પણ ઝંખવાવ આવેલા અને તે સમયે આઈશ્રી સોનબાઈમાએ કહેલું કે ભીખાભા તમારા અંતિમ સમયે હું તમને દર્શન આપીશ એ મારું તમને વચન છે. પરંતુ ભીખાબાપુની પહેલા આઈશ્રી સોનલમા દેવ થઈ ગયા ત્યારે ભીખાબાપુને ખૂબ જ દુઃખ લાગ્યું કે મા તમે મને વચન આપ્યું હતું કે મારા અંતિમ સમયે તમે મને દર્શન આપશો અને આમને આમ આઈશ્રી સોનલમાની સતત આરાધના કરતા રહ્યા પછી તો સતત ભીખાબાપુ આઈશ્રી સોનલમાની આરાધનામાં હૃદય ડૂબી ગયું. સતત તેનું સ્મરણ

ચાલુ જ રહેતું હતું જાણે કે રોમેરોમમાં આઈશ્રી સોનલમાં વસી ગયા હોય. આખો દિવસ બેરખાનની માળા ચાલુ જ હોય અને આ નિત્યક્રમ સાથે-સાથે મહેમાનો એમને ખૂબ જ વહાલા હતા કોઈ ચારણને જોઈ જાય મેમાનને તો ગદગદ થઈ જતા હતા. આંખમાંથી આંસુ વહેવા મંડતા હતા કે મારો શામળીયો મહેમાન બનીને આવ્યો હોય એવું એમને લાગતું. ત્યારે રોજ બપોરે એક ટ્રેન કોસંબાથી ઉમરપાડા બાજુ જતી એમાં આપણા ચારણો બળદના વેપારે એ બાજુ આવતા. ભીખાબાપુ રોજ બપોરે રાહ જોતા અને ભગવાન કોઈને કોઈ મહેમાન તરીકે મોકલી દેતા અને એમની સાથે જમતા જયારે કોઈ મહેમાન ન આવે ત્યારે પોતે જમી ન શકતા.

બીજો એક પ્રસંગ એવો બન્યો તેમના પુત્ર તારકભા અચાનક માંદગીમાં સપડાઈ ગયા, કોઈ ડોકટરોને ખબર ન પડતી હતી કે શું બીમારી છે રોજ ડાયાલિસીસ કરવું પડતું હતું અને બચે એવી કોઈ જાતની સંભાવના ન હતી ત્યારે ભીખાબાપુએ શામળીયાને અને આઈ સોનલમાને કીધું કે હે મા હું હોઉં અને મારો દીકરો જતો રહે એવું ન બનવું જોઈએ હે મા તું મારી જિંદગી એને અર્પણ કરી દે હું તને વિનવું છું. મારી વિનંતી છે. વારે ઘડીએ કહેતા અને જાણે કે આ એનો અંતરનાદ આઈશ્રી સોનલમાએ સાંભળી લીધો હોય એમ અચાનક તારકમામાને માંદગીમાં ફેર પડવા માંડયો. ડોકટરોને પણ ખબર ન પડતી હતી કે આ કઈ રીતના થયું. ધીમે-ધીમે તારકભા સાજા થવા માંડયા અને આ બાજુ બાપુની તબિયત લેવાતી ગઈ. તારકભા બિલકુલ સાજા થઈ ગયા. ઘરે આવી ગયા જાણે કે આઈ સોનલમાએ ચમત્કાર કર્યો હોય એવું બાપુને લાગતું હતું. તારકભા માંદા હતા ત્યારથી બાપુએ અન્નનો ત્યાગ કરેલો હતો. હવે ધીમે-ધીમે પાણીનો પણ ત્યાગ કરી દીધો. ભીખાબાપુનો અંતિમ સમય આવ્યો શ્વાસ બંધ થઈ ગયો ડોકટરને બોલાવ્યા ડોકટરે કહ્યું હવે આ શરીરમાં કશું જ નથી. આમાં કાંઈ નથી રહ્યું. એટલે ભોંએ લઈ લીધા બધી વિધિ કરી અને આ સમયે આઈશ્રી કંકુકેસરમા એ બાજુથી નીકળ્યા અને કોઈકે કહ્યું કે કંકુમા આવે છે. ભીખાબાપુને ભોંએ પણ લઈ લીધા હતા. ડોકટરે જણાવી દીધું હતું કે આમાં જીવ જેવું કંઈ નથી અને એ કંકુમા આવે છે એ શબ્દો ભીખાબાપુના કાને આ શબ્દ પડયો કે કંકુમા આવે છે કે જેમાં ડોકટરે કીધું હતું કે આમાં કાંઈ નથી શરીર અચાનક ઊભુ થઈ ગયુ અને કંકુમાને ઉભા થઈ અને પગે લાગ્યા આઈશ્રી સોનલમાનો ચમત્કાર કે આઈશ્રી સોનબાઈમા એ કહ્યું હતું કે હું તમારા અંતિમ સમયે તમને દર્શન આપીશ. પરંતુ કહેવાય છે કે, આઈશ્રી સોનલમાનો અવતાર કે જે કંકુકેસરમા છે એમણે ભીખાબાપુને દર્શન આપી અને સાબીત કરી દીધું કે ખરેખર આઈશ્રી સોનલમાનો અવતાર છે અને ત્યાર પછી આઈશ્રી કંકુમાએ કહેલું કે ભીખાબાપુ ત્રણ દિવસ જીવશે એવું કહેલ અને સતત અખંડ રામધૂન રાખવાનું કહી ગયેલ અને ખરેખર ભીખાબાપુ ત્યાર પછી ત્રણ દિવસ જીવ્યા અને અદ્‌ભુત બાબત એ હતી કે ભીખાબાપુનો જન્મ દેવદિવાળીના દિવસે રાત્રે આઠ વાગ્યે તેમજ દેવલોક થયા એ સમય પણ દેવદિવાળી અને રાત્રે આઠ વાગ્યાનો છે.

આવી શ્રી સોનબાઈમાની અનન્ય ભકિત, તપસ્યા, ધારણા, ધ્યાન સમાધિ કરનાર વંદનિય ભીખાભા નારણભા લાંબા (ભાડલા) આપને લાખ લાખ વંદન છે.•

નોંધ : મારા વયોવૃદ્ધ પિતાશ્રીએ તેમની યાદદાસ્ત મુજબ મને કરેલ તેઓના સમયની વાતોને અહીં વણીને મુકી છે. ભીખાબાપુ આ લખનારના નાનાબાપુ થાય.

Whats app ઓફ ધી વીક

નેહલ જયદીપ ગઢવી – ગાંધીનગર
nehalgadhavi101@gmail.com

પ્રસન્નતા સરળ નિયમ... ન ઉપેક્ષા, ન અપેક્ષા!

આ આખાયે વિશ્વમાં સમગ્ર સજીવસૃષ્ટિમાં હસવાની, પ્રફુલ્લિત રહેવાની અને જીવનની નાની-મોટી ક્ષણોને આનંદથી જીવવાની સભાનતા કુદરતે માત્ર મનુષ્યને જ બક્ષી છે. ક્યારેક મન મૂંઝાયેલું હોય, કોઈ શારીરિક પીડા હોય, નિરાશા અને હતાશા ઘેરી વળી હોય ત્યારે ઉદાસ કે દુઃખી થવાને બદલે જો આ તકલીફોને પણ હસતા હસતા સ્વીકારતા શીખી લો તો આ તમામ મુસીબતો ત્યાં જ મોટા ભાગે હળવી થઈ જાય છે પરંતુ, આપણે એવું વર્તી શકતા નથી અને પરિણામે આ તમામ તકલીફો મન, મગજ અને શરીર પર હાવી થઈ જાય છે. પ્રશ્નો ઘટવાને બદલે વધ્યા જ કરે છે. તો આવા સંજોગોમાં પ્રસન્ન રહેવાનો અને હાસ્ય ફેલાવવાનો પ્રયાસ આખેઆખી પરિસ્થિતિ જ બદલાવી નાખવા સક્ષમ બની રહે છે.

હાસ્ય, આનંદ, ખુશી, પ્રસન્નતા આ બધું મનની અંદરથી જ ઉત્પન્ન થાય છે. પરંતુ, મોટાભાગે આપણી આ પ્રસન્નતાનો આધાર વ્યકિતઓ, પરિસ્થિતિઓ, ઈચ્છા અને અપેક્ષા પર જ રહેલો છે. ગમે તેવા અઘરા કે મુશ્કેલીભર્યા સંજોગો હોય છતાં આપણી ભીતરથી આપણું મન જો એ પરિસ્થિતિને હસતા મોઢે સ્વીકારી લે તો માત્ર પ્રસન્નતા જ નહિ સફળતા પણ પ્રાપ્ત થાય જ. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૨૫ વર્ષના ઉજવણીના ભાવરૂપે ગાંધીનગરમાં સુંદર પ્રસન્નતા પર્વના વિવિધ કાર્યક્રમો યોજાઈ ગયા. ગાંધીનગરવાસીઓ માત્ર વરસાદની હેલીથી જ નહિ પરંતુ આવા અદ્‌ભુત કાર્યક્રમથી પણ ભીંજાયા અને રસતરબોળ બન્યા. આપણું જીવન પ્રસન્નતાથી મહેકતું રહે એ માટે બહારના પરિબળોને અવગણીને ભીતરને વધુ સુદઢ બનાવીએ તો એ ચોક્કસ અસરકારક બની જ રહેશે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ હાસ્યનું મહત્વ સૌને સમજાયું છે અને માટે જ લાફીંગ કલબ જેવી સંસ્થાઓ વધુ પ્રચલિત બની છે.

આપણે જો આંખ અને કાન ઉઘાડા રાખી, રોજબરોજ આપણી આસપાસ બનતી ઘટનાઓ અને પ્રસંગોમાંથી જ હાસ્ય નામની અદ્‌ભુત ઔષધિને શોધી શકીએ. વાતનું વતેસર નહિ પણ હાસ્યનું વાવેતર કરીએ. મનોવૈજ્ઞાનિકોના મતે રોગો ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ ઘૂંટાયેલી હતાશા છે. હાસ્ય દ્વારા મનનો બધો જ તણાવ દૂર થાય છે. સાથે સાથે શરીરના અંગોપાંગો અને માંસપેશીઓને પણ બિનજરૂરી દબાણમાંથી મુકત કરે છે. થાક ધીરે ધીરે દૂર થવા લાગે છે તે સ્ફૂર્તિનો સંચાર થાય છે. હસવાથી શરીરમાં ઓકિસજનનું પ્રમાણ વધે છે.રૂધિરાભિષરણની પ્રક્રિયા સારી રીતે થાય છે. શ્વાસનળી અને ફેફસામાં ભરાઈ રહેલો જૂનો કફ નીકળી જાય છે, ફેફસાની ઓકિસજન લેવાની શકિત ચારથી છ ગણી વધી જાય છે.

ખડખડાટ હસવાથી બિસ્મફોસાઈટીસ, ઈન્ડોર્ફિન્સ અને એનેફેફિબિન્સ નામનાં હોર્મોનનો પિચ્યુટરી ગ્લાન્ડમાંથી સ્ત્રાવ થવા લાગે છે. લિમ્ફો – સાઈટીસથી લોહીની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય છે. ઈન્ડોર્ફિન્સ અને એનેફેફેલિન્સથી દર્દમાં રાહત મળે છે અને મન પ્રસન્નતા અનુભવે છે. હાસ્યથી યાદશકિત સુધરે છે. ચહેરાનું તેજ વધે છે. હાઈબ્લડ પ્રેશર, ટેન્શન, ડિપ્રેશન, નર્વસ, બ્રેકડાઉન, અસ્થમા અને અનિદ્રા જેવા રોગોમાં

હાસ્ય એક અત્યંત ઉપયોગી સારવાર પુરવાર થઈ શકે છે.

હાસ્ય ઉપર વિશ્વભરમાં અનેક સંશોધનો થયાં છે. અમેરિકન પત્રકાર અને લેખક નોર્મન કઝિન્સને રુમેટાઈડ આર્યરાઈટીસ નામનો અસાધ્ય રોગ થયો હતો. આધુનિક વિજ્ઞાન પાસે એ રોગની કોઈ જ દવા ન હતી. એના અંગોપાંગો જકડાવા લાગ્યાં હતા. પછી એણે સૂતાં-સૂતાં થોકબંધ કોમેડી ફિલ્મો જોઈ, દિવસભર ખડખડાટ હાસ્ય એ કરતાં રહ્યાં. ફકત વિટામીન 'સી'ની ગોળી અને ખડખડાટ હાસ્ય દ્વારા એ સંપૂર્ણ સાજા થવા અને એની ફળશ્રુતિરૂપે જગતને બે સુંદર પુસ્તકોની ભેટ એમણે આપી. 'એનેટોમી ઓફ એન ઈલનેસ' અને'બાયોલોજી ઓફ હોપ' હાસ્યચિકિત્સા-પદ્ધતિ અંગે સંશોધનો કરવા વિશ્વને પ્રેરણા આપતાં પુસ્તકો ગણાય છે. જાપાનમાં પણ કહેવત છે કે 'હસવામાં જેટલો સમય ગાળ્યો, તેટલો ઈશ્વરની સમીપે વિતાવ્યો'. ખરેખર, ખડખડાટ હાસ્ય કસી વખતે માણસનાં હૃદય અને મન બાળક જેવાં નિખાલસ હોય છે. એ વખતે કોઈ પણ સારા-નરસા વિચારો મનમાં પ્રવેશી શકતા નથી. ધ્યાન ધરતી વેળા મનને નિર્વિચાર અવસ્થામાં લઈ જવામાં ખડખડાટ હાસ્ય ખૂબ મદદરુપ થાય છે. તો આવો જીવનની આ સફર હસતા હસતા સૌ સાથે મળીને આનંદપૂર્વક વિતાવીએ !

Last Seen :

'કાયમ પ્રસન્ન રહેવા માટે સુવિધા કે સગવડ નહીં, સમજણની જરૂર છે...! •

ચારણ સંસ્કૃતિ મેગેઝિનને દર વર્ષે એકવાર અનુદાન આપનારા મહાનુભાવો

૧૧૦૦૦ શ્રી હરેશભાઈ તથા સુભાષભાઈ જે. ગઢવી - મુંબઈ (ભાડલા)
૧૧૦૦૦ આઈશ્રી સોનલમા ચારણ ગઢવી સમાજ - ગોધરા
૧૧૦૦૦ શ્રી કીર્તિદાનભાઈ ગઢવી - રાજકોટ
૫૦૦૦ પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી - જૂનાગઢ
૫૦૦૦ શ્રી વી. એસ. ગઢવી - ગાંધીનગર
૫૦૦૦ શ્રી કનુભા વશરામભાઈ બાટી, ડેપ્યુટી કલેકટરશ્રી - પોરબંદર
૫૦૦૦ શ્રી આર. જી. ગઢવી - મોરબી
૫૦૦૦ શ્રી માણસુરભાઈ સોયા - અમદાવાદ
૫૦૦૦ શ્રી કૈલાસદાન ગઢવી, (સી.એ.)- અમદાવાદ
૫૦૦૦ ડો. કેશવ ડોસાભાઈ કારીયા - જામખંભાળિયા

ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટને ત્રણ મહિના દરમિયાન મળેલ અનુદાનની યાદી

૨,૫૧,૦૦૦	લક્ષ્મણભાઈ ગંગદાસભાઈ વેરવ-લંડન(જાંબુડા) હ.હિરાબેન લક્ષ્મણભાઈ વેરવ તથા ઈલાબેન દિલીપભાઈ જાળફવા (શિક્ષણ અને મેડિકલ કેમ્પ માટે)
૧૧,૦૦૦	ડૉ.દિલીપભાઈ રાજાભાઈ ગઢવી-લંડન(અનાજ કીટ માટે)
૫,૦૦૦	ડૉ.વિજયભાઈ ગઢવી(પુત્ર)-લંડન (અનાજ કીટ માટે)
૫,૦૦૦	ડૉ.અંજલીબેન (પુત્રી)-લંડન(અનાજ કીટ માટે)
૫,૦૦૦	ડૉ.રૂપલ (પુત્રી)-લંડન (અનાજ કીટ માટે)
૯,૦૦૦	શ્રી શાંતિભાઈ નેચડા, લંડન(જાબુંડા)(અનાજ કીટ / મેડિકલ કેમ્પ માટે)(૫૦૦૦+૪૦૦૦)

(દાતાશ્રીઓનો આ ટ્રસ્ટ આભાર માને છે) **સંકલન : શ્રી ચંદુભાઈ સાબા**

'સાચી શ્રદ્ધાના પુરુષાર્થી પૂ.શાંતિદાનજી બાપુને શ્રદ્ધાંજલી' શ્રેષ્ઠ સમર્પણ કયું ?

જનકબેન ભૈરવદાન ગઢવી – કંજેલી
૯૯૨૪૩ ૦૮૮૭૧

મંદિર અને માતૃભૂમિ માટે સમર્પિત થવું, બલિદાન આપવું એ શ્રેષ્ઠ સમર્પણ છે.

સમાજનું કોઈપણ ગામ સત્કર્મી આત્મજનોના સાચી શ્રદ્ધાના પુરુષાર્થ થકી ઓળખાતું હોય છે. સાબરકાંઠા વડાલી તાલુકાનું નાનકડું ગામ કોટી કોટી અહોવંદનીય, સત્ સન્માનીય પૂ.શાંતિદાનજી લક્ષ્મણસિંહ મ્હેડુના મંદિર જિર્ણોદ્ધાર સત્કર્મના સખત પુરુષાર્થના પુણ્ય પ્રતાપે ઓળખાતું હતું. પૂ.બાપુ ગામડાની સરકારી શાળામાં આજીવન એક સાચા શિક્ષક તરીકે કાર્યરત રહ્યા હતા. સમયે નિવૃત્ત થતાં પ્રવૃત્તિશીલ, પૂર્ણ પુરુષાર્થી સ્વભાવના કારણે કંજેલી ગામ તથા સમાજમાં જરૂર હતી ત્યાં પોતાનો કર્મયોગ શરૂ કર્યો.

કહેવાય છે કે જે ગામમાં મંદિરનો ઘંટારવ થતો ન હોય તે ગામ ગામ નહિં પણ સ્મશાનવત્ ભૂમિ ગણાય. સમય જાગૃત થતા પૂ.બાપૂએ કંજેલી જેવા નાનકડા ગામમાં મૉ ખોડીયારની એક નાનકડી દેરી હતી ત્યાં બધાના સાથ સહકારથી મોટું મંદિર બનાવ્યું. મૉ ના અમી આશિષે બેસણા થતાં મૉ ની એક દિવેટ થતી હતી ત્યાં આરતીનો ઘંટારવ, ધૂપ, દીપ, હોમ-હવન દ્વારા ગામનું વાતાવરણ પવિત્ર, ઓજમય, રળીયામણું બન્યું. આ કાર્ય સખત પુરુષાર્થ માગી લે તેવું હતું. થોડો કઠીન કહી શકાય તેવા નિવૃત્તિ પછીના પૂર્ણ પ્રવૃત્તિમય સમયને પૂ.બાપુએ સાચા શ્રદ્ધાપુર્ણ કર્મયોગ દ્વારા દીપાવ્યો છે.

આ કાર્યની સફળતાએ દૂરંદેશી નજર દ્વારા ઉજડ વગડામાં સતીત્વના ચોમેર અજવાળા પ્રસરાવતી મૉ સામગીની જીર્ણ થઈ ગયેલ દેરી ઉપર ગઈ. જયાં નેવાસીના ચારણબાળની લટ, બાબરી લેવાય છે. વગડામાં ખેતરની અંદર અવાવરું, કાંટાળી, કષ્ટદાયક જગ્યામાં મૉ સામગીએ જાણે ઉજાસમાં આવવા પૂ.બાપૂને સંકેત આપ્યો. સમાજના વડીલોને સાથે રાખી આ કાર્યને નવીન ઓપ આપવા પૂ.બાપુ કટિબદ્ધ થયા. સમાજના વડીલોના પૂર્ણ સાથ સહકારથી મૉ સામગીની દેરીની જગ્યાએ મોટું મંદિર બન્યું, આજે આ પવિત્ર, પાવન જગ્યા મનને શાંતિ આપનારી રળિયામણી લાગે છે.

આ ભગીરથ કાર્યમાં સ્વ.અભેસિંહજી સિંહઢાયચ, (થેરાસણા, નિ.કર્મયોગી) તથા બક્ષીદાનજી ચોળ(વડગામડા નિ.શિક્ષક)નો પૂર્ણ શ્રદ્ધા સાથેનો પુરુષાર્થરૂપી સહકાર મળ્યો. આમ આ ત્રિપુટીના સાચી શ્રદ્ધાના પુરુષાર્થરૂપી પરિણામે આજે વગડામાં જીર્ણ દેરીની જગ્યાએ મૉ સામગીના મંદિરમાં દેવીયાણ પાઠના ગુંજતા મંત્રોચ્ચાર તેમજ ધૂપ, દીપ, હોમ, હવન દ્વારા ઉજવાતા પ્રસંગોથી મૉ ની હાજરીના પૂર્ણ અહેસાસથી આ જગ્યા અનેરી આભા આપતી રળિયામણી શોભી રહી છે.

કહેવાય છે કે સારા કામમાં સો વિઘ્ન એમાં મોટું વિઘ્ન કાર્યની શરૂઆતમાં નકારો. નકારો માણસની હિંમતને તોડી નાખે છે. ઉત્સાહને હતપ્રભ કરી મૂકે છે આવા અનેક વિઘ્નો, તકલીફોનો સામનો કરી આ ત્રિપુટીએ સહેજ પણ વિચલિત થયા વિના અને હુંપણા ના સહેજ પણ ગર્વ વિના આ ભગીરથ કાર્ય કરી સમાજને ખૂબ મોટી ભેટ આપી છે. આમ સમાજ પાકી અવસ્થાની ત્રિપુટીનો

નિવૃત્તિ પછી કઠીન પ્રવૃત્તિ દ્વારા સાચી શ્રદ્ધાના કરાયેલા કર્મયોગને આજીવન યાદ કરશે અને તેમનો ઋણી રહેશે.

નિવૃત્તિ પછી હાશ ! કામ કરી થાકયા હવે આરામ કરીશું. એમના માટે આ એક પ્રેરણારૂપ છે. પૂ.શાંતિદાનજી બાપુ ગામ તથા સમાજ માટે આદર્શ પ્રેરણા સ્ત્રોત હતા. છેલ્લે પથારીમાં પણ સમાજ, ગામ માટે સતત ચિંતન, મનન અને મંથન કરતા હતાં.

હું પૂર્ણ શ્રદ્ધાભાવથી કહું કે મારા માટે એક સાચા આદર્શ પ્રેરણારૂપ, સાચા અધ્યાત્મિક જ્ઞાન ગુરુ, હિંમત, હૂંફ દ્વારા કાર્ય કરવાની પ્રેરણા આપનાર મારી કલમની તાકાત અહો સન્માનીય શ્રેષ્ઠી વડીલ હતાં.

ચારણ સમાજના શ્રેષ્ઠી સત્‌કર્મના વીરયોદ્ધા, સાચા જ્ઞાનગુરુ, સાચી દિશાના પ્રેરણા સ્ત્રોત, કોટી કોટી અહોવંદનીય સન્માનિય પૂ.શાંતિદાનજી બાપુનું તા.૨૩/૮/૨૦૧૯ના રોજ નિધન થતા સમાજને કદી ન પુરાય એવી મોટી ખોટ પડી છે. પૂ.બાપૂને શ્રદ્ધાપૂર્વક હૃદય સ્મરણ કરતાં **શ્રદ્ધાંજલિ પુષ્પ** કાવ્ય સ્વરૂપે અર્પણ કરું છું.

પ્રેમ પુરુષાર્થે પાકેલું પારસ મોતી

પ્રેમ તણા પુરુષાર્થે પામ્યા જગમે જીત,
પવિત્ર, પાવન, નિર્મળતાએ ઉજળો કીધો અવતાર.
સંસ્કૃતિએ સીંચ્યો ગુલામ કેરો ઘેઘૂર વડલો,
વડપણ કેરી શીળી છાયામાં કુટુંબ કરે કિલ્લોલ.
પારસ મોતી કેરો પાથર્યો પ્રેમ, સંપ કેરી મધુરી મીઠાશ,
એ ઉજળા કર્મે ઉજાળ્યો અવતાર.
ઝુકાવે જુવાનને, શરમાવે જુવાનને,
પરમકાજ જીતુ તણી જીદે દીપાવ્યો દિપક.
રોકી વખતે રાહ રાહબરની,
પડ અડગ મનનો રાહી વખતે રહ્યો ના રોકાઈ.
પ્રૌઢ તણી ત્રિપુટીએ પાકો કીધો પુરુષાર્થ,
ને પાથર્યો પ્રકાશ નિજ મંદિરીયે.
દયા, દાતારી વેદ-વિદ્યા કેરા દરિયા દિલે દીધા દાન.
દીધા દયાળી દેવીએ દીર્ઘાયુષી શાન્તિદાનને દાન.
શ્રેષ્ઠ તણા શ્રેષ્ઠી બન્યા આદર્શ
પૂજય તણો પૂજયભાવ પામ્યા પ્રેમથી.
કર્મઠ કીકાબાએ કીધા કામધેનુ સરીખા કામ,
ઉજળી પાડી રોટલે ભાત ને અમી કેરા દીધા દાન.
જનક કેરા જનક બની દીધા બે હાથે આશિષ,
જગાવી આત્મ ઓજ તણી જીગર કેરી જયોતિ,
જડેના જોટો જાડાવત્ મ્હેડુ તણા જહુબાના જાયાનો,
કીધા આથમતા સૂરજના કામ, દીઠા ઉગતા સૂરજના કામ
કંજેલી કેરું ગામ શાંતિ તણી સુગંધે,
મ્હેડુ કેરા મોભથી મહેક મહેક મહેકતું.
પણ આજ ! કયાં ખોવાઈ એ મહેક
સત્‌કર્મ કેરા શિખરથી સ્વર્ગે સીધાવ્યા શાંતિદાન,
સ્ફૂર્ણાં કરું સદ્‌ભાવથી, સ્ફૂર્ણાં કરું શ્રદ્ધાભાવથી,
તો ભીંજાય આંખો
નમન હો...નમન હો...કહેતા
મીંચાય આંખો...મીંચાય આંખો...મીંચાય આંખો.
માં એક અરજ..ખમ્માના ખમકારે, ઉપકારીના ઉપકારે
અમી કરી, અમર કરજો, ચારણ બાળ માં ખોડલ,
ચારણ બાળ માં ખોડલ.•

મેડિકલ કેમ્પ – જાંબુડા જામનગર

ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ-રાજકોટ તેમજ રણછોડદાસ આશ્રમ રાજકોટના સહયોગથી જાંબુડા મુકામે સર્વજ્ઞાતિય મેડિકલ કેમ્પનું આયોજન વિદ્વાન ડોકટરો, વિવિધક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા.૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ આજુબાજુના ગામડાઓના ગરીબ પરિવારો માટે વિનામૂલ્યે આંખ, દાંત અને જનરલ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ છે, જેનો વિગતવાર કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે.

તમારા પરસેવાનો રૂપિયો
જયારે
પર–સેવા માં વપરાય ને સાહેબ,
ત્યારે માનવું કે તમારું જીવન સફળ થઈ ગયું...!!

આંખ સામે પડેલી વસ્તુનું જ્ઞાન મેળવવા માટે પણ પુસ્તકો વાંચવાં પડે છે.

સાંયાજી ઝુલા જન્મ્યા ન હોત તો હરિવર સળગીને જાત વાઘા ભેળો વિકલા

શ્રી સતીષ શામળદાન ચારણ – અમદાવાદ
૯૪૨૮૨ ૧૯૦૩૧

(તા.૨૩મી સપ્ટેમ્બર
સાંયાજી ઝુલાનો પ્રાગટય દિવસ છે)

ભગવાન કૃષ્ણનો અંશ અને ખૂબ જ તન્મયતાથી કૃષ્ણ પદો ગાતા વૈષ્ણવ કવિ સાંયાજી ઝુલા કૃષ્ણ ભકત હતા. બ્રહ્માનંદ, રામનાથ, વખતરામ, રામપ્રતાપ, ઓપાજી આઢા અને સાંયાજી ઝુલા જેવા ચારણી કવિઓએ તેમના કાવ્યો દ્વારા કૃષ્ણ ભકિત શાખાને નવપલ્લવિત કરી હતી. સંવત ૧૬૩૨ ભાદરવા વદ નોમના દિવસે ઈડર તાલુકાના લીલછા ગામે શિવભકત પિતા સ્વામીદાસજીના સંતાન રૂપે અવતરેલા સાંયાજી ઝુલાને ગૂઢ આધ્યાત્મિક પ્રકૃતિના દર્શન કરાવવા સાધુ ગોવિંદદાસજી જેવા સમર્થ ગુરુએ દીક્ષા આપી.

માનવ સ્વરૂપે હોવા છતાં સાંયાજી અવતારી પુરુષ હતા. સામાન્ય સંજોગોમાં તેઓ મર્ત્ય અને ક્ષણભંગુર જીવ હતા પરંતુ દિવ્ય સ્વરૂપમાં તેઓ એક રૂપે દ્વારકાના દેવતા સમક્ષ પહોંચી જતા અને બીજા રૂપે ઈડર નજીકના કુવાવામાં રહેતા. આવો જ એક પ્રસંગ ઈડરના રાવ કલ્યાણમલજીની રાજસભામાં બન્યો. દિવ્ય ચૈતન્યની ભૂમિકામાં આવી સાંયાજી ઝુલા પોતાના બે હાથથી કંઈક ઠારતા હોય એ રીતે હાથ મસળવા લાગ્યા અને રાખના લીધે હાથ કાળા થાય તેમ તેમના હાથ કાળા થઈ ગયા. રાવે આ બાબતે પૂછતાં યોગસ્થ એવા સાંયાજી પોતાના બાહ્ય પ્રાગટયને સંયમમાં રાખી બોલ્યા કે : 'દ્વારકાના દેવળના દેવના વરણાગી વાઘા સળગ્યા હતા તે ઓલવવા હાથ મસળેલ.' અને એટલે જ કહેવાયું છે કે 'ચારણ ઝુલા કુળમાં સાંયાજી જન્મ્યા ન હોત તો હરિવર સળગીને જાત વાઘા ભેળો વિકલા'.તેમના રચિત ગ્રંથ 'નાગદમણ'માં કૃષ્ણ પ્રત્યે ભકિત, માતા જશોદાનું વાત્સલ્ય આદિને છંદ ભુજંગીમાં જોશીલા મરોડથી આલેખવામાં આવ્યા છે. ડિંગળને એની કૃત્રિમતાથી મુકત કરી તેની પ્રાસાદિકતા અને ઓજસનું સરલ ઉદાહરણ નાગદમણ છે. જયારે પાતાળમાંથી કૃષ્ણની વાંસળીનો સૂર અને હાસ્યસ્વર સાતમે પાતાળ અને સ્વર્ગમાં સંભળાય છે ત્યારે કવિ લખે છે...

વિકસ્સે હસે વેણ ઊંચો વજાયો,
સપત્તે પતાળે સુરગ્ગે સૂણાયો;
વધાઈ ! વધાઈ જશોદા વધાઈ,
કરે મોરલી નાદ ઠાઢો કનાઈ.

કૃષ્ણની દિવ્યલીલાનું આલેખન કરતાં 'નાગદમણ' અને 'રૂક્ષ્મણી હરણ'ની કદરરૂપે સોના-મહોરની ગુણ ભરેલી સાંઢણી ભગવાન કુવાવા ગામના પાદરમાં મોકલે છે. પણ નિર્વિકલ્પ સમાધિસ્થ સાંયાજી બબ્બેવાર સાંઢણીને રવાના કરી દીધી. પણ સાંઢણી પાછી આવી ત્યારે નજર એની ડોકમાં બાંધેલ તામ્રપત્ર ઉપર પડી. ભગવાન દ્વારા કદરરૂપે મોકલેલ પ્રસાદી પામી તેઓ ધન્ય થઈ ગયા અને સાંઢણી પણ ત્યાંને ત્યાં જ અદ્રશ્ય થઈ ગઈ પરંતુ સાંઢણીના પદચિહ્ન આજે પણ કુવાવા ખાતે આ વાતની સાક્ષી પુરે છે.

અકબર અને પ્રતાપ વચ્ચે હલ્દીઘાટીમાં ખેલાયેલ સંગ્રામમાં પ્રતાપની દેશદાઝ, શૌર્ય, અભિમાનની વિગતો 'રણજંગ' નામના ગ્રંથમાં લખી આ ચારણે ભારતવર્ષને વીરધર્મનું દર્શન કરાવેલ છે. 'અંગદવૃષ્ટિ' અને 'રાધાનિસાણી'એ એમની અન્ય રચનાઓ છે.

સાંયાજી ઝુલાની સાહિત્યિક પ્રતિભા અને

તેની કદરરૂપે ઈડરના રાવ કલ્યાણમલે લાખપસાવ અને કુવાવા ગામ આપેલ, તો મારવાડના મહારાજા ગજસિંહે તેમને લાખપસાવ આપવાની ઈચ્છા વ્યકત કરેલી પણ સાંયાજી તો અવતાર હતા અને અવતારને માયા પ્રેરતી નથી અને તેથી જ સાંયાજી ઝુલાએ તેર શેર સોનાનો થાળ સ્વીકારી જીવનનો બાકીનો પડાવ વ્રજભૂમિમાં કૃષ્ણના ચરણોમાં ગાળવા જતાં રસ્તામાં નાથદ્વારામાં શ્રીનાથજીને ભેટ ધરેલ. દરરોજ શ્રીનાથજીને આ ભેટ ધરાય ત્યારે'છે કોઈ સાંયાવત ઝુલો, હોય તો પ્રસાદી લેવા આવે' એવી ત્રણ વખત સાદ પાડવાની પરંપરા હતી.

ડિંગળના ઉચ્ચ કોટિના વિદ્વાન ભકત કવિ ઓપાજી આઢા(પેશુઆ-રાજસ્થાન)એ સતના મારગ ઉપર ચાલવાથી આ જીવનો ઉદાર છે તેમ કહેતાં તેમણે લખ્યું છે કે :

મનડા સોહી સમજ જૂઠ રી માયા,
કાચી માટી ગરબ કિસા;
જમી કિતાક ખાયગી જબરા,
જોધા અરજણ ભીમ જિસા.

(આ કાચી માટીના ઘડાનો તું જે ગર્વ કરે છે તે આ માટી-ધરતી તો ભીમ અને અર્જુન જેવા મહારથીઓને ખાઈ ગઈ છે.)

આ પંકિતને યથાર્થ કરતા સાંયાજી પોતાના દેહોત્સર્ગ માટે મૃત્યુના દિવસે મથુરામાં એક હજાર ગાયોનું દાન બ્રાહ્મણોને આપેલ અને સંન્યાસીઓ અને ગરીબોને ભોજન કરાવી સંવત ૧૭૦૩ને શ્રાવણ સુદ બીજના દિવસે જમુનાજીમાં નિર્વિકલ્પ જળ સમાધિ લીધી.

કુવાવા ખાતે સાંયાજી ઝુલાનો ગઢ, ગોપીનાથજી મંદિર ગોખ અને માઢ, સાંઢ કુવો, સાંઢણીનું પદચિહ્ન અને લીલછામાં સાંયાજી ઝુલાના આરાધ્ય દેવ ભવનાથ મહાદેવ બિરાજેલ છે. ત્યારે વિજય રાજયગુરુના શબ્દોમાં કહીએ તો....

ગત સમયમાં પગ ઝબોળી દુર્ગ ઊભો છે હજી;
સાંભારણાનાં જળ ડખોળી દુર્ગ ઊભો છે હજી.
ભીંતમાં પીપળ ઉગાડી, કાંગરા ખેરી ખડો;
આંખમાં ઈતિહાસ ઘોળી દુર્ગ ઊભો છે હજી.
હાકલા, પડકાર, હલ્લા, હણહણાટી સાંભળે;
યાદની તલવાર તોળી દુર્ગ ઊભો છે હજી.

નવામાં કંઈક જૂનું ભળેલું છે. જૂના વિના નવું નથી. આપણે જ આપણી પવિત્રતાને સહજ ગૌણ બનાવી છે અને તેના કારણે જ વાતાવરણમાં ગંદવાડ ઊભો થયો છે. નહિં તો ચારણ જાતિ ઉપર પરમાત્માએ મોટા ઉપકાર કરેલા છે. અભણ ચારણમાં કંઈક ચમક, નવીનતા, ટેકની રખાવટ અને સંસ્કારિકતા રહેલી છે. જેમ પાંપણો અજ્ઞાતપણે આંખોનું અહર્નિશ રક્ષણ કરતી હોય છે એમ આવા સંત ચારણો આપણા સમાજના નૈતિક સ્વાસ્થ્યનું રક્ષણ અજ્ઞાતપણે ને અવ્યકતભાવે કર્યા જ કરે છે. આ કવિએ સંસ્કૃતિની વણજારોને, પ્રભુને, પ્રકૃતિને, પોતાના ગૌરવને, જાતિઉત્થાન અને જન્મભૂમિને પોતાને અનોખી છટાથી આરાધેલ. આવા બુદ્ધ પુરુષોએ વાવેલાના ફળો આજે આપણે ખાઈ રહ્યા છીએ ત્યારે તેમના ૪૪૩મા પ્રાગટય દિવસે તેમનું સ્મરણ કરવા કુવાવા ગામના સાંયાજી ઝુલાના વંશજો અભેસિંહ, દિલીપ રતનદાન ઝુલા, આવડદાન, ડો.હિતેશદાન, પ્રો.દિલીપદાન, સુરેશદાન, નિર્મલદાન વડિલો, યુવાનો, બેનુ-દીકરીઓ ભેગા મળી આવા પરમ તત્વના સાંનિધ્યમાં સાધના, આરાધના અને ઉપાસના કરે છે.

(આ લેખ હું મારા સ્નેહી અને સાંયાજીના જન્મ સ્થળ લીલછા ગામની વતની સ્વ.ખોડીદાન ચંડીદાન ઝુલાને શ્રદ્ધાંજલીરૂપે અર્પણ કરું છું.)•

ગુરુ મહિમા

શ્રી જોરૂભા એમ. જોગડા – રાજકોટ

૯૮૨૪૫ ૮૯૬૮૦

પ્રથમ દર્શન અને પછી ફકત બે જ વખત ગુરુદેવ ત્રણ ચાર વરસ અગાઉ ગોંડલ પધારેલ. હું પણ દરશન કરવા ગયેલો. પણ એટલી મેદની મળી હતી કે બે કલાક આમ આંટા મારી પાછો ફર્યો કે ઉપર તલની મૂઠીનો ઘા કરો તો પણ એક તલ નીચો ન પડે એટલા માણસ. એમાં અંદર કેમ જવું અને કોઈના દર્શનમાં પરાણે ભાગ કેમ પડાવવો? પાછો ફર્યો ત્યાં રાજકોટવાસી શ્રી જયંતીભાઈ જોબનપુત્રા મળ્યા. હાથ ઝાલીને અંદર લઈ ગયા. હું પગે લાગી દસેક મિનિટ બેઠો અને બીજાં દર્શન થયાં ભાડવા દરબાર શ્રી ચંદ્રસિંહજીભાઈ જેને પોતાના ગુરુદેવ માને છે તેને ત્યાં એક પાટ ઉપર બિરાજેલા ગુરુદેવને નીરખી નીરખી જોયા. એક છંદ પણ બોલ્યો. એમનો એટલો પ્રભાવ હતો કે બોલવાની ઈચ્છા પણ ન થાય. નાનકડું શરીર, તાંબા જેવો વાન. કપાળ કામણના બે બળતા દીવા જેવી આંખોની કૃપા દષ્ટિનો લાભ ત્યાં મળેલો. પછી તો કયાં મળવું, કોને કહેવું એ કલ્પના અને સ્ફૂરણ પણ સૂઈ ગયાં. બિહારમાં ગુરુદેવ પધાર્યા એ વાતો છાપામાં કે કોઈ કોઈને મોઢે સાંભળતો. હમણાં આસો માસમાં જગતજનની મા અંબાના નવરાત્રમાં મારા એક બહુ જૂના અને મારા ભાવિક શ્રી ગીધુભાઈ કોટકનો લાંબો પત્ર આવ્યો અને સુની અરૂ ગ્રૂવચન રઘુવર કે ઉઘરે પડલ પરશુધર પતિ કે.(રામકથા)

તેમ એકદમ ગુરુગણ લખવા મન તૈયાર થઈ ગયું. મા શારદાની કૃપાથી કંઈક કાલાબોલું લખાઈ ગયું. કપડાની કોથળી બહુ સારી ન હોય, મેલી અને સાંધેલી પણ અંદર નોટો ભરી હોય તો તેનું જનત કરી રાખીએ છીએ તેમ મારી વાણીરૂપ થેલી તો એવી જ છે છતાં અંદર ગુરુમહિમા રૂપી ધન છે, જેથી લોકો સત્કાર કરશે એમ મને વિશ્વાસ છે.

સાથે સાથે મુંબઈના એક દોઢ ભામાશા જેવા ગુજરાતના સુપુત્ર શ્રીમંત વિશે થોડું લખવું હતું પણ તેમનું નામ સુદ્ધાં લખતો નથી, કારણકે, મને અને તે ભાઈ બંનેને સંકોચ થાય, એમની ચાવી તો ગુરુદેવ જ છે ના. મકાન જેવડી બારસાખ નહીં, બારસાખ જેવડું તાળું નહીં, અને તાળા જેવડી કુંચી નહીં, પણ એ નાનકડી કૂંચી વિના તાળુ ન ઊખડે અને મકાન નકામું. ગુરુકૃપાની ચાવી આ ભામાશાના હૃદયતાળાને લાગી ગઈ અને કરોડોની સર્વ સંપત્તિ જેણે ગુરુદેવને ચરણે ધરી, એમને મારા લાખ લાખ નમન અને ધન્યવાદ છે.

– જય ગુરુદેવ

ચારણ કાગ દુલા ભાયા(મજાદર)

--

જય ગુરુદેવ સર્વ ઘટવાસી
જય રનછોર વિશેષ ઉદાસી
જય ગુરુદેવ અચલ વ્રતધારી
જય રનછોર કલી અઘહારી..૧

(સર્વના હૃદયમાં પરમાત્મારૂપે વસેલા જગતથી અતિ નિર્લેપ પરહિતના અચલ વ્રતધારી, કલયુગના સર્વ પાપોને દૂર કરનાર શ્રી રણછોદાસજી ગુરુદેવનો જય હો.)

જય ગુરુદેવ ભવજ ભય ભંજન
જય રનછોર પીડિત કે રંજન
જય ગુરુદેવ દેહ ભ્રમ ત્યાગી
જય રનછોર રામ અનુરાગી..૨

(સંસારના ત્રણ તાપોથી ઉત્પન્ન થતાં દુઃખો જે હરનાર છે, પીડિત લોકોની પીડા ટાળી એને જે સાજા કરનાર છે, જેને પોતાના શરીરનો લોભ કે મોહ નથી એવા રામના પ્રીતિવાળા શ્રી રણછોદાસજી ગુરુદેવનો જય હો.)

જય ગુરુદેવ કોટી શત વંદન
જય રનછોર કુઠાર હિ ચંદન
જય ગુરુદેવ ત્રસીત કે ત્રાસા
જય રનછોર નિર્બલ કે ભ્રાતા...૩

(જે કરોડો વખત નમન કરવા યોગ્ય છે, જેનું જીવન ચંદન(સુખડ)રૂપી છે, ચંદનને કાપનાર કુહાડાને મોઢે પણ જે સુગંધ વસાવે છે. સંસારના દુઃખોથી ત્રાસેલાને જ શરણરૂપ છે. નિર્બળજનોને જે ભાઈરૂપ છે એવા શ્રી રણછોદાસજી ગુરુદેવનો જય હો.)

જય ગુરુદેવ અશરન કે શરનાં
જય રનછોર પીર પર હરનાં
જય ગુરુદેવ પાપ તમ નાશક
જય રનછોર અપ્રકટ પ્રકાશક...૪

(જેનું જગતમાં કોઈ નથી તેની રક્ષા કરનાર છે. જે સદાકાળ બીજાના કષ્ટ દુર કરનાર છે. જે પાપના અંધારાને પ્રકાશમય બનાવનાર છે. લોકોમાં જે અપ્રગટ પરીહિત શબ્દ હતો તેને આચરણમાં મૂકનાર એવા શ્રી રણછોદાસજી ગુરુદેવનો જય હો.)

જય ગુરુદેવ ધર્મધર ધોરી
જય રનછોર કુશલ મતિ ભોરી
જય ગુરુદેવ તિલક મુનિવર કે
જય રનછોર શરત પતિતન કે...૫

(કળીયુગમાં જેણે ધર્મનું ધોંસરું ધારણ કરી લીધું છે, જેનો સ્વભાવ સદા ભોળો ભલો છે છતાં કામ માત્રમાં જેની કુશાગ્ર બુદ્ધિ છે. સર્વ સંત પુરુષોમાં જે તિલક સમાન છે. જેનું શરણ પાપીનો ઉદ્ધાર કરવાવાળું છે એવા શ્રી રણછોદાસજી ગુરુદેવનો જય હો.)

જય કરુના કર ભવરૂપ ભેષજ
નિજ કર ઉજવલ ધરે ધર્મધ્વજ
રામ સીયા કીરપા કે ભાજન
સો કીરપા બાંટે ગુરુ નિઝ્ઝન...૬

(જે દયાના ભંડાર છે. જે સંસારરૂપી રોગનું મહાન ઔષધ છે. જેના હાથમાં પરહિતરૂપી ધર્મની ઊજળી ધજા ફરકી રહી છે જે સીતારામના પરમ કૃપાપાત્ર છે, તેમને મળેલી રામકૃપા પોતાના અધિકારી સેવકજનને જે વહેંચી આપે છે એવા શ્રી રણછોદાસજી ગુરુદેવનો જય હો.)

ગુરુ કી શકિત વ્યોમ વિશાલા
હીયમેં ભરે અનત ઘનમાલા
પૌન સમાન મહાગતિ જીનકી
જવાલા શીશીરકી સબ દુઃખીજનકી...૭

(ગુરુદેવની શકિત આકાશ સમાન મહાન છે. તેમની શકિતરૂપી આકાશમાં પરહિતરૂપી મેઘના અનેક મંડળો વાસ કરી રહ્યાં છે, જેની મુસાફરી પવન સમાન છે અને દુઃખીજનરૂપી શિશિર ઋતુને (પોષ-માઘ) જે જગતા અગ્નિ સમાન છે.)

જલ સ્વરૂપ નહી રૂપ ન રંગા
ધરની ધર દ્રગ દૃષ્ટિ સુગંધા
પંચ તત્વ ગુરુદેવ સમષ્ટિ
સઝ્ઝન દુર્જન દુહિ સમદૃષ્ટિ...૮

(જેનું જીવન પાણી સમાન રૂપરંગથી રહિત વહ્યા કરે છે. પૃથ્વી સમાન જે ધીરજને ધરવાવાળા છે. જેની નજરમાં ગંગાના તરંગ વહે છે, જેને સમષ્ટિ સમાન છે. સઝ્ઝન-દુર્જનના જેની દૃષ્ટિમાં ભેદ નથી.)

આરતિ હરન તરન ભવસાગર
નૌકા શબ્દ ચઢે કોઉ નાગર
જીવ કી મતિ મતિ લખે ન કીનકી
લેખે કોઉ અતિ કૃપા સુ ઈનકી...૯

(જે સંકટ નિવારક છે ભવગાસરને તરી જવા વાળા છે, જેની શબ્દરૂપી નાવમાં બેસીને ચતુર સેવકો સંસાર તરી જાય છે. જેની બુદ્ધિને કોઈની બુદ્ધિ જાણી શકતી નથી. પણ ગુરુદેવ જેના પર કૃપા કરે તેની બુદ્ધિ તે માર્ગને જાણી શકે છે.)

છાય રહીશકિત ભુવ મંડલ
નિરવધિ નિરૂમ નરહરિ નિર્મલ
તરનિ તેજ અવ તિમિર ન સાવે
કોઉ ઉલુક કો દૃષ્ટિ ન આવે...૧૦

(ભૂમંડલમાં જેની શકિત પ્રસિદ્ધ છે. જે શકિત નૃસિંહરૂપ છે. કોઈની ઉપમા ન અપાય તેવી છે. જેનો પાર ન પમાય એવી અને સ્વચ્છ છે. પાપરૂપી અંધારાનો નાશ કરવામાં જે સૂર્ય સમાન છે. છતાં પણ કોઈ એક ઘુવડને દૃષ્ટિ ત્યાં પહોંચતી નથી.)

જનક પરિચય જનની કરાવે
તાતે ગુરુ સમ માત કહાવે
ગુરુ બિન જ્ઞાન વિવેક ન આવે
સાર અસાર ગુરુ સમાજવે...૧૧

(માતા અને પિતા બંને બાળકના કારણ છે. તેમાં બાળક માતાને ખોળે ઊછરે છે અને આ તારો પિતા છે, એમ માતા બાળકને બાપનો પરિચય કરાવે છે. આ પિતારૂપી રામની ઓળખાણ ગુરુરૂપી માતા કરાવે છે. ગુરુ વિના સહિત જ્ઞાન મળતું નથી. સત્ય અને અસત્યના દર્શન એ વિવેક.) •

(મારા ગુરુદેવ મંથલી મેગેઝીનમાંથી, તા.૯/૭/૨૦૧૬)

જેવો ભાવ તેવું ભોજન

શ્રી દેરાજ ગઢવી – રાજકોટ
૯૯૦૪૪ ૩૭૯૧૦

એક નમતી સાંજે,

માતાજીના દર્શન કરીને એક લેખાણી નામના જોગમાયા મંદિરના છેલ્લા પગથિયે જયારે પગ મૂકતાં હતાં. ત્યારે બે સાધુઓ મંદિરના ઓટલાં પર અવળે મોંઢે બેઠાં બેઠાં વાતો કરી રહ્યાં હતાં.

તેમાંથી એક સાધુ ખૂબજ સોહામણો અને ઘાટીલા અંગવાળો લાગતો હતો. તેનું કદ ઊંચું હતું. અને તેમણે તેનાં સફેદ વાળની સુંદર મજાની ઝટા વાળી હતી તેથી તેઓ વધારે પ્રભાવશાળી લાગતાં હતાં. એના જમણાં હાથમાં પિત્તળનું કમંડળ હતું, તેમાં ઉંચી જાતનું નકશી કામ કરેલું હતું. તેઓ અતિ શાંત ચિત્તે બેઠાં હતાં. તેમની બેસવાની રીત-ભાત ઘણી સારી હતી.

અને બીજો સાધુ ?

એના પ્રમાણમાં ઘણો બેડોળ અને અળખામણો લાગતો હતો. તેનો ચહેરો ઢીલો અને ભારે ચિંતામાં હોય તે રીતે નિરાશ થઈને બેઠો હતો. એનાં મુખના હાવભાવ પરથી સાફ વરતાતું હતું કે તે ખૂબ જ ભૂખ્યો થયો હતો.

લેખાણીબાઈ જે બાજુએ ઉભાં હતાં તે તરફ ધીમો પવન વાતો હતો. સાધુઓની વાતોથી ઘણું ખરું તો સમજાતું જ ન હતું. પણ એટલું તો ચોકકસ ખબર પડી રહી હતી કે તેઓ ખાવા વિશે કંઈક વાતો કરી રહ્યાં હતા.

મોટી ઝટાવાળા સાધુની પારખું આંખો પેલાં બેડોળ સાધુ સામે મંડાયેલી હતી અને અચાનક થોડાં ભવાં ઉંચા કરીને કહ્યું : 'ધીરજ રાખો આઈના આશરે બેઠાં છીએ, તો તેઓ આપને ભૂખ્યા નહીં રાખે. 'આઈમા' તો બધાની આશા પુરી કરે છે.' તે સાંભળીને લેખાણીબાઈ હરખ પામ્યાં અને બોલ્યા: 'સાધુ મહારાજ! પધારો અમારે નેસડે, ત્યાં જમવાની ગોઠવણ થઈ રહેશે,

તે સાંભળીને ભુખ્યા સાધુનું મન ખુશીથી ઉભરાઈ ગયું 'વાહ રે જોગમાયા, તે બોલી ઉઠયો : 'તમે તો અમારા મનની વાત જાણી લીધી'.

પછી તો તેઓ પોત-પોતાની ઝોળી ઉપાડીને જોગમાયાની પાછળ-પાછળ નેસડા તરફ જવા લાગ્યાં.

એક ડેલીબંધ ફળીયાની ઓસરીમાં બે પાથરણાં પાથર્યા ને લાખેણીબાઈ સાધુઓને પીરસવાને લાગ્યા. બે તાંસળીમાં દૂધ ભર્યું અને પાટલા પર રાંધતાં સાથે બાજરાના રોટલાં મુકયા અને કહ્યું : 'સાધુ મહારાજ, તમે નિરાંતે જમજો, ભુંરી ભેંસ દોવા માટે રણકે છે. તેને દોયને હમણાં જ આવુ છું.' તેમ કહીને તેઓ દોણું લઈ ભેંસ દોવાને વાડા તરફ જવા લાગ્યાં.

પછી તો બન્ને સાધુઓ જમવાને લાગ્યાં. તે વખતે એક મોટા માંથાવાળો મંકોડો બેડોળ સાધુના ગોઠણ નીચે આંટા-ફેરાં કરી રહ્યો હતો અને તેને સાધુના ધોતિયાનો છેડો અચાનક અડી ગયો. તેથી તે ભારે અવળચંડુ બની ગયો અને જે કાંઈ જુવે તેને બટકું ભરવા તૈયાર થઈ જતું. એક વખત તો એવું બન્યું કે તે સાધુના અંગુઠાને બટકું ભરીને તેને ચોંટી ગયું. ગમે એટલી ભારે મહેનત કરવા છતાં તે અંગુઠાને છોડતો જ ન હતો. એટલે સાધુ એકદમ ખીજે ભરાઈ ગયો અને તેને પગ ઉંચો કરી મંકોડાને ખંખેરવા માટે પગને આમ-તેમ ડોલાવાને લાગ્યો પણ ઓચિંતો એનો પગ દૂધ ભરેલી તાંસળીને અડી ગયો અને તાંસળી ઉંધી વળી ગઈ અને તેમાંનું બધું જ દૂધ ઢોળાઈ ગયું.

રઘવાયો થતાં બીજા સાધુને કહ્યું : 'હવે, શું કરશું?'

તે વખતે પેલાં સાધુએ તેના કાન પાસે મોં રાખીને હળવેથી કહ્યું : 'જલ્દી જવાનો વખત આવી ગયો છે, દૂધ ઢોળીને તેં આજે જોગમાયાનો દિલ દુભાવ્યો છે. કેમ કે જોગમાયાને દૂધ બહુ જ વ્હાલા હોય છે.'

તે સાંભળીને ભૂખ્યો સાધુ તો ઝટપટ લુખ્ખા-સુકાં રોટલાના ડુચાં દેવા લાગ્યો અને પછી તો કોઈને કશું કહ્યાં વગર બન્ને સાધુઓ ત્યાંથી ચુપ-ચાપ જતાં રહ્યાં.

થોડીવાર પછી ભેંસ દોયને લેખાણીબાઈ આવી ગયાં અને જોતાં જ તે ગભરાઈ ગયાં એને થયું : 'હેં માતાજી ! દૂધ ઢોળીને સાધુઓએ કેમ અપશુકન કર્યા હશે?'

અમે પછી તો તેઓ બન્ને આંખો ભીંસીને 'આઈમા'ને અરજુ કરતાં કહ્યું : 'હે, માતાજી ! કંઈક અશુભ તો થવાનું નથી ને?'

અને બે હાથ જોડીને ઘણીવાર સુધી માતાજીનું ધ્યાન ધરીને સ્થિર ભાવે ઉભાં રહી ગયાં અને ઓચિંતો તેમનાં અંતરની ભીતરમાંથી સાદ સંભળાયો : 'એક સાધુની મરજી હતી કે : 'સાંજે વાળુમાં લુખ્ખો-સુકો રોટલો મળી જાય તોયે સારું.'

જેથી મારી ભૂખ તો મટાડી શકું.'પછી તો તરત જોગમાયાએ આંખો ખોલી અને જાગતાંવેંત સૌથી પહેલાં બોલ્યાં : 'જેવો ભાવ તેવું ભોજન'

: બોધ :

જેવાં મનમાં ભાવ હોય તેવું જ ફળ મળે છે.•

કોલકતાની લાઈબ્રેરીમાં ૨૨.૭૦ લાખ પુસ્તકો

સમગ્ર ભારતમાં ઈન્ડિયન લાઈબ્રેરી એસોસિએશન દ્વારા ૧૯૬૮થી પ્રતિવર્ષ તા.૧૪ થી ૨૦ નવેમ્બર સુધીના દિવસો લાઈબ્રેરી વીક તરીકે ઉજવવામાં આવે છે. દેશ-વિદેશની લાઈબ્રેરી વિશે રસપ્રદ વિગતો વાંચીએ.

ભારતની સૌથી મોટી લાઈબ્રેરી કોલકતા સ્થિત વર્ષ ૧૯૫૩માં સ્થપાયેલી નેશનલ લાઈબ્રેરી ઓફ ઈન્ડિયા છે. આ લાઈબ્રેરી ૩૦ એકર જેટલી વિશાળ જગ્યામાં સ્થપાયેલી છે. તેમાં એક સાથે ૫૫૦ લોકો વાંચન કરી શકે છે જેમાં ૨૨.૭૦ લાખથી વધુ પુસ્તકો, ૮૬૦૦૦ નકશા, ૩૨૦૦થી વધુ મેનુસ્ક્રીપ્ટસ, મેગેઝિન, ન્યુઝ પેપર, ડેટાબેઈઝ, જર્નલ્સ વગેરે માહિતીનો સંગ્રહ છે. વિશ્વની સૌથી મોટી લાઈબ્રેરી લંડન સ્થિત વર્ષ ૧૯૭૩માં સ્થપાયેલી બ્રિટીશ લાઈબ્રેરી છે. જેમાં અઘધ થઈ જવાય એટલા ૧.૩૯ કરોડ પુસ્તકો, ૮૨ લાખથી વધુ ફીલાટેલીક આઈટમ્સ, ૮.૨૪ લાખ સીરીયલ ટાઈટલ્સ સહિતની માહિતીઓના સંગ્રહ છે.

ગુજરાતની સૌપ્રથમ લાઈબ્રેરી વર્નાકયુલા લાઈબ્રેરીછે. જેની સ્થાપના વર્ષ ૧૮૪૮માં કરવામાં આવી હતી. ભારતના શીયાલી મદ્રાસમાં તા.૯/૮/૧૮૯૨માં જન્મેલા લાઈબ્રેરીયન અને શિક્ષણવિદ એસ.આર. રંગનાથનને ભારતના લાઈબ્રેરી સાયન્સના પિતા તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વની સૌથી જુની લાઈબ્રેરી યુએસના વોશીંગ્ટન ડીસી ખાતે સને.૧૮૦૦માં સ્થપાયેલી લાઈબ્રેરી ઓફ કોંગ્રેસને માનવામાં આવે છે. જેમાં ૩૮ મિલિયનથી વધુ પુસ્તકો અને અન્ય વાંચન ખજાનાનો સંગ્રહ છે.

(જ્ઞાનની પરબ એવા પુસ્તકો માટે કચ્છના મોટા ભાડીયા ગામે હમણાંજ લાઈબ્રેરીનું ઉદ્‌ઘાટન થયું)

રાજકોટની લેંગ લાઈબ્રેરી ૧૮૫૬માં સ્થપાયેલી, ૯૦ હજારથી વધુ પુસ્તકો

વર્ષ-૧૮૫૬માં સ્થપાયેલી લેંગ લાઈબ્રેરીમાં ૯૦ હજારથી વધુ પુસ્તકો છે જેમાં ૫૨ હજાર ગુજરાતી, ૨૭ હજાર અંગ્રેજી, ૯૯૯૩ હિન્દી, ૫૯૪ સંસ્કૃત તથા ૫૫ મરાઠી પુસ્તકો છે. આ લાઈબ્રેરી કેટલાક દુર્લભ - અપ્રાપ્ય પુસ્તકો અને ૫ હજારથી વધુ સંદર્ભ ગ્રંથો પણ રહેલા છે. જે સંશોધકો અને જીજ્ઞાસુઓને ભાથું પુરું પાડે છે. નોંધનીય છે કે લેંગ લાઈબ્રેરીનું નામ લોકપ્રિય કર્નલ ડબલ્યુ લેંગ પરથી આપવામાં આવ્યું છે.

લોકસાહિત્યનું મહાપ્રયાણ

શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી

જામનગર – ૯૪૨૭૪ ૧૧૦૧૯

ગતાંકથી...

સૌરાષ્ટ્રની નદીઓ વિષયક દોહાઓ શ્રી પિંગળશીભાઈ ગઢવીએ સંગ્રહિત કર્યા છે એ અત્રે ઉલ્લેખનીય છે

નદીઓ

ગોમા : ખાલી આ અવસર તું ખોમા, જહીં તહીં સામે તું જોમા,
સોરઠની નદીઓ સો મા, ગણતરીએ તું કયાંથી ગોમા.

ઘાણો : ઘણમૂલી કે છે ઘાણો, તૂટયાં સુધી કોઈ ન તાણો,
અભેમાન કદીએ નવ આણો, કોણ ગરવ કરી કમાણો.

જમરી : સાચી વાત કદી નવ સારે, વાદીલાં ને કોઈ ન વારે,
વેતે પડે જે વારે જમરી કે છે જમને દ્વારે.

કાબરો : જમરી કે છે હું જોરાવરી, કાબરો મારો જેઠ,
પેલાં નાખું ખાટલે, ને પછી વધારું પેટ.

બોબડી : બોબડી કે છે કોણ એ બેઠો, ઘોડા પરથી નાંખું હેઠો,
રાબડમાં હું રગદોળું સાંજ પડે તેયેં કેડો છોડું.

સોમાત : સોમાત કાંઠે સાવજે, બાપા રોઝા બે,
જેશા અસવારી, જેક રજે ફતે કવટાઉત.

ઉબેણ : ઉબેણ કહે ઓઝતને મળીએ, ગેડ બધાની ધરતી ગળિયે,
કયાંય રહે નહીં ટીલું કોરું, બારા સુધી મલક બોરું.
ઉબેણ અમે અભાગિયા, વખ સમ લાગે વાળું,
સરગે લાખો સંચર્યો, મારુ મોઢું માયાળુ.

કોચલી : કોચલી કે હું કામણગારી, મારું પાણી કાળું
પિયે નહીં અને પણ બોળે તોય વટકવાળુ.
કોચલી કે હું કામણગારી, હાલું ધરતી હેઠ,
પરથમ નાખું ખાટલે ને પછી વધારું પેટ.

મેંગળ : મીઠાં જળ મેંગળ તણાં વહેંતાં બારે માસ,
સરખી વહે તો સોનલા, ને ત્રાંસી વહેતો ત્રાસ.

પોપટડી : પાણી વગરની પોપટડી, ને કાંઠા વિનાની છાછરડી.

છાછરડી : નીર ખૂંટયા ને ભાદર ભૂંડી, સૂકી તોય મીઠી મધુવંતી.

ગોદડીયો : ઊંચો આભપરો, નીંચા ખળકે નીર,
પદમણિયું પાણી ભરે, ગોદડિયાને તીર.

ઉગાવો : સમંદર જયં છલકું દિયે અઢળક ઉગાવો,
અમરપ્રેમ ઈતિહાસને ભરીયેલ ભોગાવો.

ભોગાવો : વારૂ શેર વઢવાણ, ભોગાળે ભોગાવો વહે,
ભોગવતો ખેંગાર(હવે) ભોંગવ ભોગાવાધણી.

જાવંત્રી : ઊંચા આંબા આંબલી, નીચે સોમાતની સર,
જાવંત્રી તું જઈશ માં, નહિતર થાઈશ ગુડાભર.

સેલ : પગ પનાળા પેરી, સેલ કાંઠે ચાલ્યાં નંઈ,
વર તોડીને વરમાળ કુંવારા રહ્યા કરજાળા ઘણી.

ઘી : ખૂબ ગામ ખંભાળીયું, જેને પાદર ઘી,
જાંબુ આંબા આમલી, ભભ્ભા ભલા સુખી.

ચીતરાવેણ્યઃ ઓઝતથી આણી કરી, ખારો ભરયો ખીર,
ઉનાળે આહીર ચોમાસું કીધું ચીતરા.

સાની : સાની તડ સગા, પગ લપટયો પાસાજી,
ઊંડે જળ અહા, ખસતા કીધાં ખીમરાં.

ઓઝત : ચડ ટીંબા ચડ ટીંબલી, ચડય ગુંદાળી ધાર,
ઓઝત માર્યને ઉછાળો, વીંજાણંદ પાછો વાળ્ય,
ઓઝત બહાર એટલી, માલોકર ઊંડી,
બહાર સૂકાય(પય) અંદર જમની કેડી.

ત્રિવેણી : તરવેણીને તીર, સાંગવન સમજયાં નહીં
આવતડો આહિર દાતણ કરવા દેવરો.

રૂપેણ : રાણો પૂછે રૂપેણને, દીઠાં મૂંજા શેણ્ય ?
ચોસરિયોયાળે, ચોટલો નાક ભતીલાં નેણ.

રેણુકાં : રેણુકાએ સ્નાન કરીને, કોરાં પાલવ કીધાં,
જેઠો મોડ, ને કરમાબાઈ, શિર વધેરી દીધાં.

મેમતી : માણસ મારી મેમતી, તારાં દિલમાં નહીં દયાં,
નેસડે નેસડે નીકળી, મારો કાનો ચારણ કીયાં ?
મર્ય ગોજારી મેમતી, ડાકણ્ય ઉત્તર દે,
માકું રિસાણી માદણે, અહીં કાનો હોય તો કે !
મેદીયો પૂછે મેમતીને કે તારાં માણસ કેવાં ?
તો કે હંગે ઓકે ને સવારે એવા ને એવા.

ગોડી : ટીમાણું કરવા તરબોળી, જાદુગરે રમત્યું જોડી,
ઠાકોર કહે વારમાં થોડી, ગોડીએ વ્હેતી કરી ગોડી.

(ક્રમશઃ)

અધ્યાત્મ વિભાગ

પ્રશ્નકર્તા : શ્રી વીરેન્દ્રભાઈ ગઢવી–અમદાવાદ

પ્રશ્ન : અધ્યાત્મમાર્ગમાં સદ્‌ગુરુ કેવા હોવા જોઈએ?

શિષ્ય અને સદ્‌ગુરુ વચ્ચેનો સંબંધ આત્મીય, અલૌકિક ને અમૂલ્ય હોય છે. સદ્‌ગુરૂ પ્રત્યેની શિષ્યની ભકિતએ સદ્‌ગુરૂને પામવાનો મહાન માર્ગ છે. 'ગુરૂ દીવો ગુરુ દેવતા, ગુરૂ વિણ ઘોર અંધકાર' સિમિતને અસીમનો અનુભવ, અલ્પને અનંતની જાણકારી એક સદ્‌ગુરૂ જ કરાવી આપે છે. સદ્‌ગુરૂના શરણમાં જશો તો બંધુય મળી જશે, બંધુય હટી જશે અને બંધુય મટી જશે. જ્ઞાન સાંભળવાથી કે વાંચવાથી નહી પરંતુ શ્રદ્ધા અને કૃપા વડે જ સાંપડે છે ગુરૂ શિષ્યને દિવ્યચક્ષુ આપે છે. એટલે જ કહેવાય છે કે 'શિશ દિયે જો ગુરૂ મિલે તો, તો ભી અસ્તા જાન.' સદ્‌ગુરૂ બ્રહ્મનિષ્ઠ, બ્રહ્મસ્વરૂપનાં અપરોક્ષજ્ઞાનમાં નિષ્ઠાવાળા, તત્ત્વદર્શી, બ્રહ્મજ્ઞાનમાં પૂરી શ્રદ્ધા ધરાવનાર પરમતત્ત્વમાં આસ્થા, નિષ્ઠા ધરાવનાર, બ્રહ્મને અભેદભાવે અનુભવનાર જાગૃત પુરુષ હોવાં જોઈએ.

આધ્યાત્મિક ક્ષેત્રે વાસ્તવિક કરતાં ભ્રમમાં રહેતા મહાનુભાવો ઘણાં છે. કાનમાં મંત્ર ફૂંકનારા તો અનેક છે. કૂંડા કપટી, લોભી, લાલચુ ખોટા ઢોંગી લોકોનો પાર પમાય તેમ નથી. જેમની પાસે સત્યવ્રતની સાધના હોય, આત્મરામની આરાધના હોય, પળ પળની જાગૃતતા હોય જે શિષ્યમાં અંતર્જ્યોતનો પ્રકાશ પ્રગટાવી શકતા હોય. એક દીવામાંથી બીજો દીવો પ્રજવલિત કરી શકતા હોય. શિષ્યનો વિકાસ પૂર્ણ થતાં સુધી તેની સાર સંભાળ લેતાં હોય તેને સદ્‌ગુરૂ કહેવામાં આવે છે.

ભગવાન શંકરે કહ્યું છે કે : 'જે પોતાને તારી નથી શકતો તે બીજાઓને શું તારવાનો છે ? અફળ ઝાડવા જેવાં પાસે વર્ષો સુધી પાસે બેસવાથી કશું જ થતું નથી આવા લોકોથી સદાયે દૂર રહેવું જોઈએ. જેની પાસે બેસવાની આપણા મનની ભ્રાંતિઓ, આપોઆપ ટળવા લાગે છે. જેના નયનોમાંથી સાચપના નૂર નિરંતર વરસી રહ્યાં હોય, જેને દીઠે શિષ્યના નેણલા ઠરવા લાગે. શિષ્યના અટપટા પ્રશ્નો પૂછયા વગર ઉકલતા જતા હોય, તીર્થ જેવા પવિત્ર હોય એવા સદ્‌ગુરૂ જાગૃત પુરૂષ પાસેથી આત્મજ્ઞાન મેળવવું જોઈએ.

ગુરૂના ત્રણ પ્રકાર છે : શિલા જેવા, પાંદડા જેવા ને નૌકા જેવા. શિલા જેવા ગુરૂ વિષયાનુરાગી હોય છે. પોતે જળમાં ડુબે છે તેમ શિષ્યને પણ ડૂબાડે છે. પાંદડા જેવા પોતે તરે છે પણ શિષ્યને તારી શકતા નથી. નૌકા જેવા ગુરૂ પોતે તરે છે ને પોતાના શિષ્યને પણ તારે છે.

સતમાર્ગમાં સદ્‌ગુરૂની બે પરંપરા ગણવામાં આવે છે. બુંદ પરંપરામાં તેના વંશ વારસો આવે છે. નાદ પરંપરામાં સદ્‌ગુરૂએ ઝીલેલી દિવ્યશકિત મંત્રધારા શિષ્યને આપવામાં આવે છે જેને વચન, શબદ, સત્‌નામ કહેવામાં આવે છે.

કેટલાંક શિષ્યો જડ વસ્તુનું મૂલ્ય આંકે છે. ભીતરના સદ્‌ગુણોનો ખ્યાલ જ નથી કરતાં પરિણામે સાધના નામશેષ થઈ જાય છે. સદ્‌ગુરૂ બનાવતા પહેલાં ખૂબ જ જુઓ. ચારે બાજુ જુઓ. સત્‌માંથી જેનું અવતરણ થઈ સિદ્ધ પુરુષ બન્યાં હોય, બીજાના કલ્યાણમાં રત રહેતાં હોય પાપ, તાપ અને સંતાપ હરનારા હોય, જેનો સીધો સંબંધ સત સાથે હોય, જત સતનું ભાન કરાવતા હોય તેવા ગુરૂ કરવા યોગ્ય

હોય છે. આવા સદ્‌ગુરૂ કલાવતી, વર્ણમયી, વેધમયી અને જ્ઞાનમયી પ્રકારની દીક્ષાની શકિતનું વિવિધ રીતે પ્રકટીકરણ કરાવતા હોય છે ને તે દ્વારા બુદ્ધત્ત્વનું પ્રગટીકરણ કરાવે છે. ભીતરના આતમગુરૂને મેળવવા માટે બહારના સદ્‌ગુરૂ અનિવાર્ય છે. સદ્‌ગુરૂના બે પ્રકારે દર્શન થાય છે. અભય આપનારા તરીકે અને ક્ષેત્ર કલ્યાણનું પ્રદાન કરનારારૂપે. સદ્‌ગુરૂનો મહિમા અગમ અપાર છે. ગિરનારની પરિક્રમાના રસ્તે માળવેલા પાસે એક ચારણ આઈમાએ મને કહેલું કે : 'ચારણને સદ્‌ગુરૂની કોઈ જરૂરીયાત હોતી નથી.' એ આઈમાને વિવાદ પસંદ હતો, મને સંવાદ પસંદ હતો એટલે શિવભગવાનની ગુરૂગીતાનો એક શ્લોક મેં તેમને કહી વિદાય લીધી.

વિદ્યા ધનમ્ બલંમ્ ચૈવ તેષાં ભાગ્યં નિરર્થકમ્ ।
યેષા ગુરૂકૃપા નાસ્તિ અધો ગચ્છન્તિ પાર્વતી ॥
બ્રહ્મા વિષ્ણુચ્ચ રુદ્રચ્ચ દેવતાઃ પિતૃ કિન્નરાઃ ।
સિદ્ધ ચારણ યક્ષાચ્ચ અન્યે ચ મુનયો જનાઃ ॥૨૬૩॥

હે પાર્વતી ! વિદ્યા, ધન, બળ સદ્‌ભાગ્ય – આ બધા ગુણોનો ગુરૂકૃપા વગર કોઈ ઉપયોગ નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, દેવતાઓ, પિતૃઓ, કિન્નરો, યક્ષો, સિદ્ધો. ચારણો અને મહામુનિઓ ઉપર પણ જો ગુરૂકૃપા ન હોય તો તો તેમનું અધઃપતન થાય છે.

અધ્યાત્મમાર્ગ એ કોઈ વેશપલટો કરવાથી, ક્રિયાકાંડમાં પડી જવાથી શાસ્ત્રોનું પઠન-પાઠન વાંચન કરવાથી સિદ્ધ થતો નથી, આ માર્ગમાં સદ્‌ગુરૂ, જાગૃત પુરુષ, બ્રહ્મનિષ્ઠ વ્યકિતની ડગલે ને પગલે જરૂરિયાત ઊભી થાય છે.

– લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી, ૯૪૨૭૪ ૧૧૦૧૯

પુસ્તક પ્રકાશન

પ્રિયબાપુ અને રામકથા : સુમન શાહ પ્રકાશક ચિત્રકૂટધામ તલગાજરડા પ્રથમ આવૃત્તિ ઓગસ્ટ ૨૦૧૯, પૃષ્ઠ ૨૫૦.

મુખોમુખ – મોરારિબાપુ મુલાકાત : નીતિન વડગામા, પ્રકાશક : શ્રી ચિત્રકૂટધામ ટ્રસ્ટ તલગાજરડા, પ્રથમ આવૃત્તિ હનુમાન જયંતી તા.૨૫/૪/૨૦૧૩, મૂલ્ય : સત્ય, પ્રેમ, કરુણા.

વંદે ગૌ-માતરમ : રેખા દવે, પ્રકાશક : પ્રવીણ પ્રકાશન પ્રા.લી.રાજકોટ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૬ કિંમત રૂા.૧૪૦.

સ્વચ્છતા આપણો રાષ્ટ્રધર્મ, સંપાદક : રેખા દવે, પ્રકાશક : પ્રવીણ પ્રકાશન પ્રા.લી. રાજકોટ પ્રથમ આવૃત્તિ ૧૫મી ઓગષ્ટ ૨૦૧૭, કિંમત રૂા.૩૭૫.

સેવાનું સરવૈયું (વર્ષ ૨૦૧૮/૧૯) ડો.જગદીશ ત્રિવેદી, પ્રકાશક : મૌલિક પ્રકાશન, ૨૦-શારદા સોસાયટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર, પ્રથમ આવૃત્તિ ઓકટોબર,૨૦૧૯, કિંમત : પ્રસાદ.

દુહાદષ્ટાંત માળા : દેવરાજભાઈ ગઢવી, પ્રકાશક : દેવરાજભાઈ ગઢવી, પ્રથમ આવૃત્તિ, તા.૨૮/૮/૨૦૧૯, મૂલ્ય :અમૂલ્ય.

– લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી, ૯૪૨૭૪ ૧૧૦૧૯

ગ્રંથાવલોકન / સમીક્ષા

આસ્વાદ્ય વાંચન સામગ્રી : ચારણ સંસ્કૃતિ

(**ચારણ સંસ્કૃતિ** : આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા પ્રકાશિત, ચારણ સંસ્કૃતિ મેગેઝિનના પાંચ વર્ષના લેખોનું સંપાદન, સંપાદક શ્રી રામભાઈ એલ. જામંગ, ત્રીજી આવૃત્તિ, ૨૦૧૫, પૃ.૨૧૬ કિંમત સદ્‌ભાવના રૂા.૧૦૦/-)

ચારણ અને ચારણી સાહિત્ય એ એક વિશિષ્ટતાથી સભર જ્ઞાતિ અને સાહિત્ય છે. આ જ્ઞાતિ વિશે અને એનાં સાહિત્ય વિશે મૂર્ધન્ય સાહિત્યકારોએ, વિદ્વાનોએ મંતવ્યો આપ્યાં છે. ચારણને સાંસ્કૃતિકુળ ગણવામાં આવ્યું છે. પૌરાણિક સાહિત્યથી શરૂ કરી આજ પર્યંત આ જ્ઞાતિ વિષયક માહિતી જાણકારી અપાતી રહી છે. આ જ્ઞાતિનો સમયે સમયે મુખપત્રો, માસિકો, સાપ્તાહિકો પ્રસિદ્ધ થતાં રહ્યાં છે. આજના યુગમાં 'ચારણ સસ્કૃતિ' નામના ત્રૈમાસિક મેગેઝિન પ્રસિદ્ધ થાય છે. આ મેગેઝિનના પાંચ વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલાં ૧૭ અંકોમાં ૨૨૩ લેખો સાથે ૧૩૮ લેખકોના લેખોમાંથી ૬૨ લેખકોના લેખોનું સંપાદન કરી 'ચારણ સંસ્કૃતિ' નામે પુસ્તક પ્રસિદ્ધ કરેલ છે. પુસ્તકની સજાવટ, ટાઈપીંગ, બાઈન્ડીંગ, કાગળ, ટાઈપ અને ટાઈટલ કોઈપણને જોતાં જ ગમી જાય તેવાં સુઘડ, સુંદર, આકર્ષક, મનોરમ્ય ને ઉપયોગી બની જાય તેવું છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ગ્રંથ અભ્યાસીઓને ઉપયોગી નીવડશે તેમાં શંકાને સ્થાન નથી. સંપાદકશ્રીની સાહિત્ય પ્રત્યેની નિષ્ઠાને પ્રતિષ્ઠિત કરતો નોંધપાત્ર ગ્રંથ છે. સંપાદકશ્રીએ સંપાદક મંડળ રાખ્યું હોત તો વિષય વૈવિધ્ય સવિશેષ જળવાય તે નિઃશંક છે ને મહદંશે તમામ સ્વરૂપોમાં વિવિધતા જોવા મળત. એ આ ગ્રંથની ઉંડીને આંખે વળગે તેવી મર્યાદા છે. પ્રસ્તાવનામાં સમગ્ર ગ્રંથનું આછેરું દર્શન આપવાનું હોય છે તે આ ગ્રંથમાં જોવા મળતું નથી. કવિશ્રી કાગની કહેણીના લેખમાં કવિકાગની વિગતો ઘણી ઓછી ને ઈતર વિગતો ઘણી આપી છે. કેટલાંક ઘણાં ઉચ્ચકક્ષાના લખાયાં છે તો કેટલાંક નિમ્નકક્ષાના લખાયા છે. જે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવાં લાગે છે. એક જ ગ્રંથમાં મોટા ભાગના સ્વરૂપોનો સમાવેશ કરવો એ ગાગરમાં સાગર ભરવા જેવું કામ છે. તેમાં શ્રી રામભાઈ જામંગની પ્રતિબદ્ધતા અહીં દેખાઈ આવે છે. કેટલાક લેખકો, સર્જકો એકની એક વાત હકીકત કે વિગતો વર્ષોથી જેમની તેમ આપતા જ રહ્યાં છે. દળેલું કયાં સુધી દળ્યે રાખવું, એ મોટો પ્રશ્ન છે. તેવાં સર્જકોએ વિષય વૈવિધ્ય લખવું જરૂરી બને છે. ગમે તે અને ગમે તેવું લખાતું નથી, લેખો માટે પોતાની યોગ્યતા, લાયકાત, કેળવવી પડે છે. અભ્યાસ લેખો લખવા સહેલાં નથી. એ માટે વાંચન, અભ્યાસ, સંશોધનને યોગ્યતા સિદ્ધ કરવી જોઈએ. ટેલિગ્રાફિક અર્થાત્ તારની ભાષામાં લખવું પડે એ શ્રમસાધ્ય છે. તારમાં એક એક શબ્દોની કિંમત હોય છે.સંદર્ભો પ્રમાણે વાકયોની ગોઠવણી કરવાની હોય છે. સાહિત્યનો વિશાળ અર્થ કરીએ તો સૌનું હિત, સ-હિત કરે તે સાહિત્ય પરસ્પર લોકોને જોડે છે તે સાહિત્ય. આવું સાહિત્ય સર્જનહારા આપણાં જ્ઞાતિમાં અલ્પ છે. આ ગ્રંથ શ્રીરામભાઈ જામંગે સૂઝ અને પરિશ્રમપૂર્વક પસંદ કરેલાં ઉત્તમ લખાણો અને કાળજીભર્યા સુંદર સાહિત્યિક સામગ્રી સોહે છે. અચૂક સંઘરવા યોગ્ય અને આસ્વાદ્ય યોગ્ય વાંચન સામગ્રી સંપડાવવા બદલ શ્રી રામભાઈનો આભાર અને અભિનંદનને પાત્ર છે. આ પ્રકારના સંપાદનનો પ્રસાર અને પ્રચાર કરવાની જવાબદારી આપણાં સૌની છે. અંકના છેલ્લા પાના ઉપર આદરણીયશ્રી મોરારિબાપુના ફોટાનો હેતુ સમજાતો નથી. એ વિચારણીય બાબત છે.

– સમીક્ષક : **લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી** (૯૪૨૭૪ ૧૧૦૧૯)

શ્રી લક્ષ્મણભાઈએ સમીક્ષા કરવામાં ઘણી મહેનત લીધી છે 'છેલ્લા પાના ઉપર'ની જે વાત છે તે અંગે ટ્રસ્ટે આ અંકનું વિમોચન મજાદર(કાગધામ)ખાતે યોજાયેલ 'કાગકથા'માં કરવાનું નિર્ધારેલ અને આખું પુસ્તક છાપવા માટે પ્રિન્ટીંગ પ્રેસમાં આપી દીધેલ. કાગકથાનું આયોજન પૂ.મોરારિબાપુંનું હતું. (ગિરીશ ઓફસેટ, રાજકોટ) પ્રિન્ટીંગની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ હતી અને પ્રેસના શ્રી ગિરીશભાઈએ અત્યાર સુધી કયારેય કોઈ કામમાં મોડું કર્યું નથી તેથી જ તો બધા જ ચારણ સંસ્કૃતિ મેગેઝિનના અંકો ગ્રાહકો સુધી સમયસર પહોંચાડી શકયા છીએ. તેથી પુસ્તક સમયસર તૈયાર થઈ જશે તેમ હતું. પરંતુ એ અરસામાં તેમના કુટુંબમાં વારાફરતી બે દુઃખદ ઘટના બનતા પુસ્તક સમયસર ન આપી શકયા. પરંતુ બધા જ ટાઈટલ અને અન્ય કામ મોટા ભાગનું તૈયાર થઈ ગયેલ હોય તે એમ જ રાખીને સોનલધામ મઢડા મુકામે વિમોચન કરેલ હતું.

'અમીરસ ઈતિહાસનો'–૨૧ (૨)

–– 'માનસ કાગઋષિ' કથા(૮) ––

પૂ. મોરારિબાપુ



કાગબાપુ દૃષ્ટિવાળા, પાંખાળા અને એક ઊંચાઈવાળા કવિ છે

ગતાંકથી... શ્રી નીતિનભાઈ વડગામા દ્વારા પ્રકાશિત 'કાગઋષિ' બાપુના મુખેથી મીઠી વાણીમાં કહેવાયેલ કથાના સાત દિવસો આ કોલમમાં આપણે કાગધામમાં બેસીને સાંભળતા હોય તેમ વાંચ્યા, ચાલો હવે **આઠમા** દિવસની કથાનો **બીજો** ભાગ વાંચીએ.

આ ગમ ખાનારો ગુહ એ ભગત બાપુનો ગુહ છે અને 'રજ તમારી કામણગારી અને મારી આજીવિકા ટળી જાય', એ તુલસીનો ગુહ છે; અને પછી મારે મારો ગુહ કહેવો છે–તલગાજરડાનો. તુલસી શું કહે છે?

चरन कमल रज कहुँ सबु कहई।
मानुष करनि मूरि कछु अहई।।

રામજી, તમારી ચરણરજ કામણગારી છે. જે અડતાં જ મનુષ્ય બની પ્રગટ થાય છે. તુલસીજીનો આ કેવટ છે. જો કે હજુ નક્કી થયું કે ગુહ ને કેવટ એક છે કે બે ? પ્લીઝ ટેલ મી. તુલસી પણ બહુ ચોખવટ નથી કરાવતા. અહીં ગોથું ખવાય! ગુહ તો રાજા હતો અને કેવટ તો રૈયત છે. ગુહ તો સખા છે, અને સૂર્યવંશ સાથે દોસ્તી જ છે. આ સૂર્યવંશ કયાં સુધી પહોંચ્યો ! એક તુચ્છ, એક ઉપેક્ષિત, એ વંચિતને પણ એક દરજજો હોય તો દશરથજી મિત્રતા રાખતા. આ રજવાડાનો ધર્મ બતાવ્યો.

સૌને પોતપોતાનો કેવટ હોય છે અને ગુરુકૃપાથી મને મારો કેવટ છે. પહેલાં મેં પ્રસંગોની વાવણી બહુ કરી છે ત્યારે હું કહેતો કે ભગવાન રામે કેવટને કહ્યું કે તું પગ ધોઈ લે, અમને સમય થાય છે. પછી તે કેવટ તરત જ પાણી ભરી આવ્યો; પણ એ તુલસીનો કેવટ; અને મારો કેવટ? એ કેવટ તો કહે કે, 'ભગવાન, તમે ઊભા રહો, હું જરા ઘરે જઈને આવું.' લક્ષ્મણજીને ગુસ્સો આવ્યો કે નાના માણસને બહુ ઊંચાઈ આપીએને એટલે આવું થાય! હવે પગ ધોઈ નાખને જલ્દી, હવે ઘરે કયાં જાય છે? તો કહે કે અમે શાસ્ત્ર તો નથી જાણતાં, પણ એટલી ખબર છે કે કોઈ મંગલકાર્ય કરતાં હોઈએ ત્યારે એકલા ન કરાય, ઘરના અને છોકરાઓને સાથે રખાય. આ તલગાજરડાનો કેવટ છે. એ બધાંને લઈ આવ્યો. પત્નીએ પૂછયું, કેમ? તો કહે, ભગવાન આવ્યા છે અને પગ ધોવાના છે; ત્યારે પત્ની રડી પડી; કહે, સોનાનો કથરોટ હોત તો કેવું સારું થાત! ત્યારે કેવટે કહ્યું કે એમાં તો જનકજીએ પગ ધોયા છે. પત્નીએ ત્રાંબાના પાત્રનું પૂછયું ત્યારે કેવટે કહ્યું કે પાત્રની જરૂર નથી, પાત્રતાની જરૂરછે . અહીં કેવટ મને શિક્ષક લાગે. પછી કેવટે કહ્યું કે આપણી રોટલા ઘડવાની કથરોટ છે ને, લાકડાની.

કેવટ કાથરોટ ભરી જળ લઈ આવ્યો, પછી ઉભડક બેઠો, ડાબા હાથમાં કથરોટ હતી. એમાં છલોછલ ગંગાનું પાણી ભરેલું અને પછી ભગવાનને કહ્યું કે આમાં તમે પગ પધરાવો. હવે ઉભડક બેઠો અને કોણીના ટેકે ડાબા હાથમાં કાથરોટ! આ તલગાજરડાનો કેવટ છે. 'રામાયણ'માં શોધતા નહીં! તો, રામજીએ પગ પધરાવ્યો પણ નોધારો હાથ કેવટનો એટલે હલવા માંડે છે અને લક્ષ્મણજીએ જોયું કે ભગવાન હલે છે, ત્યારે બોલ્યા, ભગવાન, આને સમજાવોને કે પાત્ર નીચે મૂકીને બધું કરે! ત્યારે ભગવાને પણ કહ્યું અને કેવટ બોલ્યો કે પ્રભુ, તમને પડી જવાની બીક હોય તો તમે જરા નમીને બે હાથે મારું માથું પકડી રાખો ને! અને કેવટે કેવી રીતે ભગવાનના હાથ પોતાના માથા પર પધરાવ્યા! ક્યારેક ભગવાનને પણ ભક્તના ટેકાની જરૂર, આધારની જરૂર હોય છે કારણ કે ભગવાન ક્યારેક અંતઃકરણ શૂન્ય હોય છે અને એટલે ક્યારેક કોઈની પ્રજ્ઞાનો ટેકો લેવો પડે!

પ્રભુએ કહ્યું કે હવે નૌકામાં બેસીએ? કેવટે કહ્યું કે તમે નીચે પગ મૂકતા જ નહીં, પાછા રેતી તમારા પગે ચોંટશે તો? તમે મારા ઉપર થઈને જાવ અને નૌકામાં બેસો, એમ કહીને એ માણસ સૂઈ ગયો રેતીમાં! તમે બલિને માથે જ પગ મૂકયો; મોટા માણસોના માથા ઉપર જ પગ મૂકયો, અમે નાના માણસો તો બલિના બકરા થઈ ગયા! પછી પગ ધોવાઈ ગયા. ફરી કેવટ બોલ્યો, ભગવાન તમે વશિષ્ટજીની પાસે ભણવા ગયા હતા ને ? લક્ષ્મણજી કહે, લો, આ હવે આપણું ભણતર પૂછે છે! જવાબ આપ્યો કે, હા, ભણ્યા છીએ. તો કેવટે કહ્યું કે વશિષ્ટજીએ તમને કલ્પસૂત્ર પણ ભણાવ્યું હશે? હા. તો કહે, તમને તર્પણ કેમ કરાવાય એ આવડતું જ હશે ને? હા. તો મારા બાપ-દાદા ગુજરી ગયા એના તર્પણના મંત્રો બોલો ને પછી હું તમને બેસાડું! કેવટે આખી પિતૃપરંપરાના તર્પણના મંત્રો લક્ષ્મણ પાસે બોલાવ્યા અને જે કાથરોટમાં ગંગાજળ ભેગું થયું હતું એ આખો પરિવાર ગંગામાં અર્ઘ્ય આપે છે ! પછી કેવટ જમીન પર સૂઈ ગયો. દેહાભિમાન અર્પણ કર્યું છે. માથા પર હાથ મુકાવીને પોતાની બુદ્ધિનો અહંકાર ઠાકોરજીને આપી દીધો છે અને પિતૃઓના ઉદ્ધાર આ માણસે કરાવ્યો છે અને પછી નૌકામાં બેસાડયા.

હવે ભગવાનજીબાપા શર્માનો કેવટ આવે છે. આ કિનારેથી રામ-લક્ષ્મણ-જાનકીને બેસાડયા નૌકામાં અને ગંગામાં વહેતી કરી ત્યાંથી ફરી આ બાજુ લાવી. પહેલાં તો રામ-લક્ષ્મણ કશું બોલ્યા નહીં. કેવટે ગંગામાં આમથી આમ ત્રણ-ચાર આંટા ખવડાવ્યા. લક્ષ્મણજી કહે, મહારાજ, હવે હદ થાય છે ! એટલે પ્રભુએ પૂછ્યું કે અમને કારણ વગર કેમ આમ ફેરવે છે? ત્યારે કેવટે કહ્યું કે અમને ચોર્યાસી લાખ ફેરા ફેરવ્યા છે. અમે ક્યારેય ફરિયાદ કરી? ભગવાન કહે, આને નહીં પહોંચાય!

અભણ કેવું યાદ રાખે ને ભણેલ ભૂલી જાય!

સમાજ ઉપર અને રામ ઉપર ભગતબાપુનો આ બહુ જ મોટો પ્રાસાદિક પ્રહાર હતો! અને પછી ભગવાને કહ્યું કે ભાઈ, અમે નૌકામાં બેસવા ટેવાયેલા નથી. આ વળી પાછો તલગાજરડાનો કેવટ! ભગવાન કહે, અમે પદયાત્રા કરવા ટેવાયેલા વિશ્વામિત્રજી સાથે. અમે રથમાં બેસવા ટેવાયેલા છીએ, અમે ક્ષત્રિય એટલે મૃગયા કરવા જઈએ એટલે ઘોડા ઉપર બેસવા ટેવાયેલા છીએ. પણ નૌકામાં બેસવાનો અમારો આ પહેલો પ્રસંગ છે. ને તું જે રીતે નૌકાને વળાંક આપી ફેરવે છે તેથી અમને પડી જવાની બીક લાગે છે ! કેવટ કહે, જો તમને ડર લાગતો હોય તો મારો હાથ પકડી લો. લક્ષ્મણજીએ કહ્યું કે તું જ હાથ પકડી લે ને? ત્યારે કેવટ બોલ્યો, મહારાજ, હું જીવ છું, હું હાથ પકડું અને સ્વાર્થ આવે અને પાછો ક્યારે છોડી દઉં, કાંઈ કહેવાય નહીં! પણ મેં સાંભળ્યું છે, તમને પકડતાં આવડે છે, છોડતાં આવડતું જ નથી એટલે તમે મારો હાથ પકડી લો, જેથી હું સલામત થાઉં. કેવટે પાર ઉતાર્યા. દંડવત્ પ્રણામ કર્યા. ભગવાનને થયું, મેં આને કશું આપ્યું નહીં! આની તો આજીવિકા જ આના ઉપર છે. સામાન્ય માણસ પણ નૌકામાં બેસતો હશે ત્યારે કંઈક આપતો હશે. હું તો ચૌદ ભુવનનો માલિક, લક્ષ્મીપતિ, પણ આજે મારી પાસે કંઈ નથી, શું આપું? તુલસી કહે છે, રામના મનની વાત જાણી જનારાં જાનકીજીએ પોતાની મણિમુદ્રિકા ઉતારીને આપી છે અને જયારે પ્રભુ એ મુદ્રિકા કેવટને આપે છે, કેવટ ના

પાડે છે. કેવટે કહ્યું, પ્રભુ તમે પાછા ફરો ત્યારે જે પ્રસાદ આપશો તે લઈ લઈશ. ઉતરાઈ નહીં, પણ પ્રસાદ. અને કાગબાપુ કહે–

નાયીની કદી નાયી લ્યે નઈ, આપણે ધંધા ભાઈજી;
'કાગ' લ્યે નહિ ખારવાની, ખારવો ઉતરાઈ.

હું આપને એ કહેવા માગતો હતો કે 'માનસ'ની કથામાં ભગતબાપુનું આ પદ ન ગાય તો લોકોને એમ થાય કે આ વાત ઉડાડી મૂકી કથાકારે! એટલે કે ભગતબાપુની લેખની, કવિતા, એનું સર્જન 'રામચરિત માનસ'ની અંદર ઘૂસી ગયું! એટલે કહું છું કે આ કાગડાને પાંખ છે. એવી ઉજ્જવળ પાંખ છે રચનાઓની. એના દુહા, છંદ, એનું સમગ્ર પ્રકારનું સાહિત્ય, પાંખાળું સાહિત્ય, ઊજળું સાહિત્ય છે. અને કાગડાની આંખ, આંખ એટલે દૃષ્ટિવાળો કવિ, પાંખાળો કવિ, અને એક અવસ્થાની ઊંચાઈવાળો કવિ; એવા કાગબાપુના ખેતરે આપણે આ કથા માંડી છે, 'માનસ– કાગઋષિ', એનો કથાનો ક્રમ ટૂંકમાં કહી દઉં.

यस्याङ्के च विभाति भूधरसुता देवापगा मस्तके
भाले बालविधुर्गले च गरलं यस्योरसि व्यालराट्।

'અયોધ્યાકાંડ'ના આરંભમાં મંગલાચરણના મંત્રમાં શિવનું સ્મરણ કર્યું. પૂ.ડોંગરેબાપા પાસેથી સાંભળેલું કે 'બાલકાંડ'એ માણસની બાલ્યાવસ્થા છે અને 'અયોધ્યાકાંડ' એ યુવાવસ્થા છે. એટલે કહેવાની ઈચ્છા થાય કે યુવાની શરૂ થાય ત્યારે માણસે શંકરને ભૂલવો નહીં. મહાદેવને ભૂલ્યા તો યુવાની ભ્રષ્ટ થતાં વાર નહીં લાગે, એવો સંકેત કરવા માટે શિવસ્તુતિ પહેલી લખી. અયોધ્યાનાં સુખોનું વર્ણન કર્યું છે. વર્ષાની અતિવૃષ્ટિ પણ મુશ્કેલી સર્જે છે. એમ અતિ સુખની વર્ષા સારી નથી. અતિ સુખ એ વનવાસના શ્રીગણેશ છે.

રામને રાજ્યાભિષેકનો નિર્ણય થયો. કૈકેયીએ બે વચન માગ્યાં, જૂનાં વચનો ! રામજીનો ચૌદ વર્ષનો વનવાસ થયો છે. સુમંતના રથમાં બેસી પ્રભુ યાત્રા કરે છે. ગંગાકિનારે આવ્યા. સુમંત કહે છે, 'પિતાજીએ તમારી સાથે મોકલ્યો ત્યારે એવું કહ્યું કે ચાર દિવસ વનમાં ફેરવીને મારી બીજી આજ્ઞા રામને કહેજો કે જેણે આજ્ઞા કરી કે વનમાં જાવ, એ જ પિતાની બીજી આજ્ઞા છે કે તમે પાછા આવો.' એવે વખતે રામ બોલે છે, 'સુમંતજી, મને કહેવા દો, બાપ! કે આ જગતમાં ધર્મના કેડા જેણે ઊભા કર્યાને એનું લિસ્ટ છે, એમાં તમારું પણ નામ છે. એવા તમે મને આજ એમ કહેશો કે, રામ, સત્ય ચૂકી જા!' આને ધરમ કહેવાય, બાકી બધા પંથો છે. યાદ રાખજો, ધર્મ મૂળિયું છે. ચોક્કસ, ડાળોનું મહત્ત્વ છે, પાંદડાંઓનું મહત્ત્વ છે. અરે, એક તિરખીનું પણ મહત્ત્વ છે; અને મોર આવે તો એનું પણ મહત્ત્વ છે, ફળ આવે અને રસ આવે તો એનું પણ મહત્ત્વ છે. પરંતુ એ બધા એના વિભાગો છે; પણ ધર્મ તો આ છે., સત્ય, પ્રેમ, કરુણા. આપણે જ્યારે ડાળોને ધર્મનું મહત્ત્વ આપીએ છીએ ત્યારે બે ડાળો ભેગી થાય એમાંથી અગ્નિ નીકળે છે! ચંદનનું ઝાડ કેમ ન હોય? પણ એ ડાળો જ્યારે ઘસાય છે ત્યારે તેમાંથી આગના ભડકા સિવાય કશું નીકળતું નથી. મૂળમાં આગ લાગી હોય એવું જોયું નથી. જેને ધર્મ કહેવાય એ કોઈ દી' લડાઈ કરે જ નહીં, એ હિંસા કરે જ નહીં, એ ભડકા ને આગ કરે જ નહીં! ડાળો ઘસાય અને અંદરોઅંદર આગ થાય છે.

રામ કેમ આદર્શ બન્યા દુનિયામાં? હજુ ગામડે ગામડે કેમ રામમંદિર ઊભું થાય છે? ડાળો અને પાંદડાંઓ રામને માનતા બંધ થયા છે. એ તો અપરાધ કરે છે! મૂળિયાં તો રામમંદિરમાં, શિવ મંદિરમાં, રાધા–કૃષ્ણના મંદિરમાં પડયાં છે. અને એક વસ્તુ ચોક્કસ સાહેબ! ડાળો મૂળિયાંને ખોદી ન શકે. કરવા જાય એ પહેલાં તો તૂટી જાય! સમાજને મારી પ્રાર્થના છે, બાપ! પરમાત્માએ તમને જે માર્ગે ચડાવ્યા હોય, પણ મૂળને ભૂલતાં નહીં. આ ભગતબાપુ મૂળમાં રહ્યો એટલે આજ પૂજાય છે. દંભીઓએ ખોટા ખોટા પંથો ઊભા કર્યા! કેડી હોય તો યે તમારી પકડી રાખજો. એટલે જે મૂળ તત્ત્વ છે; આ ચારણી સાહિત્ય કેમ સચવાયું? વખાણ કરવા માટે નથી કહેતો, પણ આ મૂળ નીચે નથી, ઊંચાં છે, ઊર્ધ્વમૂળ છે. એને તમારે જયાં–ત્યાંથી ખુશામતનાં પાણી પીવડાવવાની જરૂર નથી. એના ઉપર સરસ્વતીની, જગદંબાની અમીવર્ષા છે. ઉપરથી સિંચવામાં આવે છે એને કોની જરૂર? સારું લાગે છે,

આ માણસ અવાચક રહ્યો. આ દાઢીએ કોઈની દાઢીમાં હાથ ન નાખ્યો! દાઢી તો એની જ સારી લાગે ને જે બીજાની દાઢીમાં હાથ ન નાખે! આ આપણને બહુ નજીક પડે. મૂળતત્ત્વને પકડી રાખજો, બાપ! આમાં બીજી ડાળીઓ –પાંદડાઓનો વાંક નથી, આ કલિપ્રભાવ છે. આ કાળનો પ્રભાવ છે.

રામજી સુમંતજીને કહે છે કે આવો મૂળ ધરમ મારા સૌભગ્યે મારી પરંપરામાં મળ્યો છે. એને છોડી દઉં, બાપજી! શીલવાનને સહન કરવું પડે. રામ વનગમન પછી દશરથજીએ કૈકેયીભવન છોડી દીધું છે. મારા તુલસીજી કહે, દશરથજી પ્રાણ છોડતી વખતે છ વખત 'રામ' બોલ્યા.'રામ' શબ્દની સાથે દશરથજીના પ્રાણે મહાપ્રયાણ કર્યું છે. વશિષ્ટ આદિ સૌ આવ્યા. અહીંયા ભરતને સમાચાર આપ્યા. વાયુવેગે બંને ભાઈઓ પહોંચ્યા છે. આ બાજુ દોડતા કૌશલ્યાના ભવનમાં ભરતજી પહોંચે છે. આખો સમાજ શોકાતુર છે. પછી અનેક સભાઓ મળી છે. રાજયનો નિર્ણય શું કરવો? બધાએ સર્વાનુમતિએ કહ્યું કે ભરત રાજ સ્વીકારે. ભરતજીએ કહ્યું, 'બાપજી, હું સત્તાનો માણસ નથી, હું સત્‌નો માણસ છું, હું પાદુકાનો માણસ છું, પદનો નથી! મારું હિત ઈચ્છતા હો તો આપણે બધા ચિત્રકૂટ જઈએ, રામની પાસે જઈએ અને પછી રામ જે કહેશે તેમ કરીશું.' આખી અયોધ્યા ચિત્રકૂટ જાય છે અને જનકપુરી પણ ચિત્રકૂટ તરફ પ્રયાણ કરે છે. અનેક સભાઓ થઈ છે. છેવટે ભરતજી કહે છે, 'આપનું મન જે રીતે પ્રસન્ન હોય તેમ અમે કરીશું.' નિર્ણય લેવાયો, ભરતજી અયોધ્યાનું રાજય સંચાલન કરે. ભરતજીએ હાથ જોડી કહ્યું, હું અયોધ્યા તો જાઉં, પણ મને કંઈક આધાર આપો કે જેને સેવીને હું અવધિ પૂરી કરું, અને આખા વિશ્વ માટે મહિમાવંત પ્રસંગ. પ્રભુએ પાદુકા આપી. ભરતે શિરોધાર્ય કરી છે. બંને સમાજે વિદાય લીધી. બધાં અયોધ્યા પહોંચ્યા. ભરતજીએ વશિષ્ટજીને પૂછ્યું, શુભ દિવસ જોઈને સિંહાસન પર પાદુકાનું સ્થાપન કર્યું છે.

એક દિવસ ભરત વશિષ્ટજીના આશ્રમમાં જઈને પગ પકડીને ચૂપ થઈ ગયા! ત્યારે ગુરુદેવે પૂછ્યું, 'ભરત, શું છે બાપ?' કહે, 'બાપજી! આપ મને આજ્ઞા કરો, હું રાજ ચલાવીશ, પણ આપ મને આજ્ઞા કરો તો હું વલ્કલ પહેરી અને નંદિગ્રામમાં અયોધ્યાની બહાર કુટિયામાં નિવાસ કરું?' રઘુકુળના છોકરાઓ ઉપર ઋષિઓનાં પ્રમાણપત્ર તો જુઓ! શું કીધું વશિષ્ટજીએ? 'ભરત, અમે શાસ્ત્રો લઈને બેઠા છીએ અને શાસ્ત્રની વાતો કરીએ છીએ, પણ મને એમ લાગે છે કે તું જે કહે તે શાસ્ત્ર નથી, શાસ્ત્રનો સારછે, નિચોડ છે. જાવ બાપ! પણ જો કૌશલ્યાનું દિલ દુભાયું તો રામભકિત સફળ નહીં થાય! મા આજ્ઞા કરે તો જાઓ.' ભરતજી મા પાસે આવ્યા છે. મા બેઠાં છે. ભરતે પ્રણામ કર્યા, 'મા, હું રોજ તારી પાસે આવીશ, સેવા કરીશ, પ્રજાનું ધ્યાન રાખીશ. હું નંદિગ્રામ જાઉં?' આટલું ભરતજીએ જયાં પૂછ્યું ત્યાં દેહ ઢળ્યો! વશિષ્ટજી સાવધાન કરે છે! અને એક મિનિટમાં નિર્ણયો લેવાના હોય છે. ઘણા લોકો નથી કહેતા કે ગાંધીજીએ આ ભૂલ કરી! એ વખતે તમે હો તો ખબર પડે! ક્ષણમાં નિર્ણયો લેવાના હોય, એ વખતે મોટા માણસની જે સ્થિતિ હોય!

इस राज़ को क्या जाने साहिल के तमाशाई।
हम डूबके जाने हैं, सागर तेरी गहराई।।
लम्होंने खता की थी, सदीओ ने सजा पाई।

ક્ષણનો મામલો હોય છે ! અને કૌશલ્યાએ પીડાને સંકેલી અને કહ્યું, 'ભરત, તને નંદિગ્રામમાં વધારે સુખ મળતું હોય તો મારા બાપ, જા!' કલ્પના કરો, મા આવું બોલી શકે? માએ વિચાર્યું કે આ સંત માણસને જીવતો રાખવો હોય તો એ ઈચ્છે એમ કરવા દો. ભરતજી નંદિગ્રામ જાય છે. રોજ પાદુકાપૂજન કરે છે. રાજકાર્યને સંભાળે છે. રાજ નથી ચલાવતા, અનુષ્ઠાન કરેછે. સંક્ષેપમાં 'અયોધ્યાકાંડ' પ્રભુને અર્પણ થાય છે.

(ક્રમશઃ)

ભરોસાના માર્ગે ચાલનારા માટે 'રામાયણ' બહુ બળ પૂરું પાડે

માનવનું આધ્યાત્મિક જીવન પણ પંચતત્વનું બનેલું પંચવટી જ છે.

'અમીરસ ઈતિહાસનો' –૨૧ (૨)
૧૯૩૮માં રાજકોટમાં મળ્યું હતું ચારણ સંમેલન
રામભાઈ જામંગ–રાજકોટ ૯૮૨૪૨ ૮૮૮૫૨

આજે અહીંયા એક યાદગાર અને વાંચવાથી આનંદિત થવાય તેવું ચારણોનું એંસી વરસ પહેલા રાજકોટમાં મળેલ સંમેલન જેમાં ઝેરચંદ મેઘાણી, કાગબાપુ, કેશરીસિંહ, શંકરદાનજી જેવા મોટા ગજાના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ જે ભાઈશ્રી પ્રદ્યુમ્ન ખાચરની નોંધ મુકેલ છે.

દેવીપુત્ર ચારણ નામ પડતા જ માણસના મનમાં દુહા, વાર્તા અને ખાનદાની તથા રખાવટની વાર્તા અને ઘેઘૂર અવાજ મનમાં તરવરવા માંડે છે. મેં ૧૯૩૮માં રાજકોટમાં ચારણોનું બહુ મોટું સંમેલન ભરાયું હતું. આ સંમેલનમાં પ્રમુખ તરીકે રાષ્ટ્રભકત યોગી ઠાકોર કેસરીસિંહ હતા જેમને બંગભંગની ચળ વળમાં ભાગ લેવા બદલ ૨૦ વર્ષની સજા થયેલી તથા તેમનો ગરાસ અને મકાનો જપ્ત કરવામાં આવ્યા હતા. જો કે આખરે તેમને અંગ્રેજ સરકારે પાંચ વર્ષમાં જ છોડી મૂકયા હતા. આ સંમેલનમાં અનેક ઠરાવો કરેલા તેમાં એક ઠરાવ એ કરવામાં આવેલો કે, વસ્તીગણતરી વાળા ચારણોને યોગ્ય નામે ઓળખતા નથી તેની સામે સુધારો કરાવવો. આ સંમેલનમાં ગુજરાત કાઠિયાવાડ અને રાજપૂતાનાના પ્રતિનિધિઓ ચૂંટવામાં આવ્યા હતાં તથા ચારણોનું વર્ષોથી ચાલતું જૂનું 'ચારણ' માસિક શરૂ કરવું અને તેના સ્થાપક કેસરીસિંહજીનું સ્મારક રચવાની વાત આ સંમેલનમાં મૂકવામાં આવી હતી. આ સંમેલનમાં હોકાઓ ગગડતા હતા અને સમિયાણાની જાજમો અને ગાદલા પર ચારણો બેઠા–બેઠા એકચિત્તે નવાજૂના યુગની વાતો સાંભળતા હતા. કેટલાક સુધારા હતા અને કેટલાક નવા યુગના એંધાણની અગમચેતીઓ કરવામાં આવી હતી. આ સંમેલનમાં માત્ર ચારણો જ વકતા હતા એવું નહોતું પણ બીજા પણ વકતાઓ હતા જેમાં પ્રોફેસર દવેનું અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું વ્યાખ્યાન સૌને ડોલાવી ગયું હતું. આ સંમેલનમાં મેરૂભા અને દુલા કાગ પણ બોલ્યા હતા. દુલા કાગએ ગાંધી તારી દીકરી ગીત ગાયું હતું. ઝવેરચંદ મેઘાણીને સાંભળીને લીંબડીના રાજકવિ શંકરદાનજી દેથા બોલી ઊઠયા હતા કે એક વાણીયો બોલે અને આ હજારો ચારણો મૂંગા મોઢે બેઠા–બેઠા સાંભળે. આ તો સમય બદલાયો કહેવાય. આ સંમેલનમાં ઝવેરચંદ મેઘાણી રાજસ્થાનના ચારણોને મહાત્મા ઈસરદાસજી વિશે કેટલાક પ્રશ્નો પૂછી સૌને તેમાં રસ લેતા કર્યા હતા. આ સંમેલનમાં પિંગળશીભાઈ પાયક તથા શુભકરણજી, પ્રતાપદાનજી ઉદેપુર રાજસ્થાન શકિતદાનજી સીતામહુ મધ્યપ્રદેશ અને સત્યદેવજી, આઈદાનજી તથા રામદાનજી ટાપરિયા, મોતાસિંહજી અને લઘુસિંહજી, ઠારણભાઈ વાળા તથા રાજાભાઈ મોભીયાણા વગેરે હાજર રહ્યા હતા. આ સંમેલન એ યુગનું કાઠિયાવાડનું ઐતિહાસિક ગણાય એ પ્રકારનું સંમેલન થયું હતું.

ગુજરાતના ૨૭ સપૂતોની સ્મૃતિ – સન્માનમાં ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરાઈ

ગુજરાતના લોકકવિ પદ્મશ્રી દુલાભાયા કાગ છઠ્ઠા ગુજરાતી સાહિત્યકાર છે, જેમના સન્માન અને સ્મૃતિમાં ટપાલ ટિકિટ પ્રસિદ્ધ થઈ રહી છે. આ પહેલાં ભકતકવિ શ્રી નરસિંહ મહેતા, શ્રી નાનાભાઈ દલપતરામ, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી અને શ્રી કાકાસાહેબ કાલેલકરની સ્મૃતિમાં ભારત સરકારે ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરી છે. અમર કાવ્યોના સર્જકશ્રી દુલાભાયા કાગની ટપાલ ટિકિટ ૨૫મી નવેમ્બરે પ્રસિદ્ધ થઈ. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ ટપાલ ટિકિટનું લોકાર્પથ થયું. ગુજરાતી સાહિત્યકારો ઉપરાંત અત્યાર સુધીમાં ૨૨ ગરવા ગુજરાતીઓની સ્મૃતિ અને સન્માનમાં ભારત સરકારે ટપાલ ટિકીટ પ્રસિદ્ધ કરી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ **'કાગને ફળિયે કાગની વાતુ' – કાગ એવોર્ડ ફેબ્રુઆરી–૨૦૨૦**ના યોજાશે.
બાબભાઈ કાગ પરિવારના મીઠા આવકાર સાથે કાગધામ,મજાદરમાં મીઠપને માણવા મળીશું.

'અમીરસ ઈતિહાસનો' – ૨૧ (૩)
ભાગવત કથા – બુધશી પરિવાર, રાજકોટ(મુંબઈ)

મોઢે બોલું મા મને સાચે નાનપણ સાંભરે
આ બધી મોટપની મજા મને કડવી લાગે કાગડા
મીઠા મધુ ને મીઠા મોરલા
એથી મીઠી છે મોરી માત જો, જનનીની જોડ સખી નહી જડે રે લોલ...

આવા અમૃતમા, અમરીમા અને જે શબ્દ બોલતાં જ મોઢામાં ગોળના ગાડા ભરાય એવા અમરીબાઈ (અમાણાં) જેઓ એક જાજરમાન વ્યકિતત્વ હતું.

અમરીબાઈ નરસીદાસ બુધશી વ્યાવહારિક, વિવેક અને વિનમ્રતા જેવા અનેક ગુણોનો અમૃતકુંભ એટલે અમરીમા. તેઓના આત્માના કલ્યાણ નિમિત્તે આ ભાગવત કથાનું ભવ્યાતિત આયોજન થયેલ. પૂ.બાઈને પગે લાગીને વ્યાસપીઠને અને પૂ.દાદાને વંદન, પૂ.બાઈના ઉપસ્થિત પરિવારના પુત્રો સર્વશ્રી નાગરદાસભાઈ, રમેશભાઈ, નરેન્દ્રભાઈ અને આવી નહી શકેલ શ્રી કાંતિભાઈ અને યુવાનો ભાઈસર્વશ્રી દિનેશ, આશિષ(બંટી), પ્રણવ, ગૌરાંગ તથા બહેનો દીકરીયુ, ભાણેજ,ભત્રીજીઓ વેવાઈ વેલાઓ, રાજકોટ તેમજ દેશ- વિદેશથી પધારેલા વહાલા સ્વજનો, પૂ.બનુમા, પુ.કંકુમા તથા મોગલધામ અને ગરણીથી પધારેલા આઈમાઓ, મઢડાથી ગિરીશ આપા, પૂ.પાલુ ભગત, સંતો-મહંતો અને દાદાના ભાવિકજનોને અને જ્ઞાતિજનોને વિનમ્રતા સાથે વંદન. આ બડભાગી બુધશી પરિવાર વર્ષોથી સમાજના સારા કાર્યોમાં તન, મન અને ધનથી સહયોગ આપી રહ્યો છે તેની સોનલમા ટ્રસ્ટ નોંધ લે છે.

આજથી ૨૮ વર્ષ પહેલા રાજકોટમાં પ્રથમ સમૂહલગ્નોત્સવનું આયોજન થયેલ ત્યારે જમણવાર આ બુધશી પરિવાર દ્વારા હતો. ત્યારે હું(રામભાઈ) પણ હાજર હતો અને નાગરભાઈએ કીધું શાંતિ(શ્રી શાંતિભાઈ લાંબા) રાજકોટના સાડાત્રણ પહાડામાં જમણવારમાં કોઈ બાકી ન રહેવું જોઈએ અને મીઠાઈ પણ ચોખ્ખા ઘીની જ જમાડજો. ત્યારબાદ વર્ષો સુધી અને છેલ્લા બે સમૂહલગ્નનોથી જમણવાર તેઓ તરફથી જ હતો.

રાજકોટના આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના(સમાજવાડી)ના તેઓશ્રી નિયમિત દાતા છે. જરુરિયાતમંદના અને તેમાંય દિવાળી તહેવારોમાં નાગરદાસભાઈ પરિવાર તરફથી ૯૦ પરિવારના બાળકોને દર વર્ષે મીઠાઈ વિતરણ કરવામાં આવે છે.

ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટમાં શ્રી ચંદુભાઈ લાંબા, નાગરદાસભાઈ બુધશી, રામભાઈ જામંગ અને હમણાં જ અચાનક વિદાય લીધી તેવા શ્રી મહેશભાઈ બુધશી ટ્રસ્ટીઓ તરીકે સેવા આપે છે. અમો મેડિકલ એજયુકેશન અને સામાજિક પ્રવૃત્તિઓ કરીએ છીએ જેમાં નાગરદાસભાઈ અને તેમના પરિવારનું અમને નિયમિત માર્ગદર્શન અને અનુદાન મળતું રહે છે. આ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૨, જાન્યુઆરી-૨૦૨૦ને રવિવારના રોજ જાંબુડા મુકામે છઠો સર્વજ્ઞાતિય મેડિકલ કેમ્પનું વિનામૂલ્યે આયોજન થશે.

આ પરિવાર ઉપર આઈમા અને શ્રીનાથજીની અસીમ કૃપા સર્વ રીતે વરસતી રહે અને આવા સારા અને રૂડા કામો થતા રહે તેવી આ બધી સંસ્થાઓ બુધશી પરિવારને શુભેચ્છાઓ પાઠવે છે.

હમણાં જ 'ચારણોની શકિત પીઠ' મઢડા આઈમાની ધાર્મિક વાતો કોઈ ટીવી ચેનલ ચાલુ કરીને થોડી જોવા મળી. ઘણી બધી સારી બાબતો હતી તેમાં એક વાત મને વધુ સ્પર્શી ગઈ, 'કોઈની નિંદા કરીને તમારી જીભને અભડાવતા નહિ અને વ્યાસપીઠ ઉપરથી પણ ઘણી સારી ઉપદેશાત્મક વાતો અત્યારના સમાજના બર્નિંગ પ્રોબ્લેમ, સંસ્કાર અને માવતરો(મા-બાપ)વૃદ્ધાશ્રમો બાબતે જે વાતો કરી તેનો થોડો પણ અમલ કરીશું તો બુધશી પરિવારને ભાગવતનું પૂણ્ય પ્રાપ્ત થવામાં સહભાગી બનીશું.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक: ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारूत: ।।

સ્મરણાંજલિ

સ્વ. બાયાબેન ભગવાનભાઈ ગઢવી (જામંગ)
જન્મ તા. ૧-૬-૧૯૨૨ સ્વ. તા. ૯-૧-૨૦૧૮

સ્વ. ભગવાનભાઈ ગોવિંદભાઈ ગઢવી (જામંગ)
જન્મ તા. ૧-૭-૧૯૧૪ સ્વ. તા. ૧૨-૧-૨૦૧૦

નારણભાઈ ભગવાનભાઈ જામંગ
લક્ષ્મણભાઈ ભગવાનભાઈ જામંગ
ભરતભાઈ ભગવાનભાઈ જામંગ
રાજુભાઈ ભગવાનભાઈ જામંગ
સંજયભાઈ નારણભાઈ જામંગ
વિજયભાઈ નારણભાઈ જામંગ

લી. આપના
આશીર્વાદ થકી
ઉજળો પરિવાર

આકાશ લક્ષ્મણભાઈ જામંગ
હરદીપ રાજેશભાઈ જામંગ
મીત ભરતભાઈ જામંગ
રવિ સંજયભાઈ જામંગ
જશ વિજયભાઈ જામંગ
તથા જામંગ પરિવાર – રાજકોટ.

૯૩૭૪૧ ૦૫૨૧૭

જીવુબેન મુળુભાઈ લાંબા
જશુબેન પ્રવીણભાઈ લાંબા
ધીરૂબેન ભુરાભાઈ ભાંસળીયા
મંજુબેન ભગવાનજીભાઈ જામંગ
ઉમાબેન ખીમકરણભાઈ લાંબા

Advt.

શ્રદ્ધાંજલિ



સ્વ. ગઢવી રામુભાઇ રાયખાભાઇ (જામંગ)

સ્વ. તા. ૨૯-૦૮-૨૦૧૯, ગુરુવાર

જીવન જીવી જાણ્યું તમે, જીવન જીવવાની રીત અમોને શીખવી ગયા.
પરિશ્રમના દિવસો વીતાવી, પરિવારને સમૃદ્ધ બનાવી ગયા,
તમારી કુટુંબ વાત્સલ્યતા, સ્નેહની લાગણી, મિલનસાર સ્વભાવ,
લોક કલ્યાણના કાર્યો હરહંમેશા અમારી આસપાસ સુવાસ બનીને
પ્રસરી રહેશે. પરમ કૃપાળુ જલારામ બાપા આપના આત્માને
શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના...

-:: સૌજન્ય પરિવાર ::-

ગઢવી કલ્પેશ રામુભાઇ (જામંગ) ગઢવી દિનેશ રામુભાઇ (જામંગ)
ગઢવી નિરજ કલ્પેશભાઇ (જામંગ) ગઢવી વિરાજ દિનેશભાઇ (જામંગ)

''આઇ શ્રી સોનલ''
ખત્રીપોળ, જ્યુબેલી બાગ પાછળ, **વડોદરા.**

માં સોનલ ઇન્સ્ટીટ્યુટ - ૯૭૨૫૫ ૦૧૩૪૨
વિરાજ એજ્યુકેશન હબ - ૯૩૭૭૮ ૨૩૦૧૮

જા×ખ

જય રવેચી માં જય મોગલ માં જય સોનલ માં

પૂજ્ય કુઈબાને

શ્રદ્ધાંજલિ

સ્વ. પૂનામાં આપાભાઈ લાંબા

સ્વ. તા. ૬-૧૧-૨૦૧૯ લંડન (ગા. ભોંયરા)

નૈનં છિન્દન્તિ શાસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં કલેદયન્ત્યાંપો ન શોષયતિ મારુતઃ ॥

આપ ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી સૌરભ બની પ્રસરી ગ્યા, જીવન જીવ્યા ખુમારીથી સુખ-દુઃખમાં સૌને જીવતા શીખવાડી ગયા, આપની કૌટુમ્બિક ભાવના અને પરોપકાર વૃત્તિની સુવાસ સદાય મહેકતી રહેશે અને આપ હમેંશ અમારા હૃદયમાં જીવંત રહેશો.

એક પણ ક્ષણ એવી નથી રહી કે જ્યારે અમે તમોને યાદ ન કર્યાહોય. તમારી ગેરહાજરી ની દરેક ક્ષણે અમને અનુભવ કરાવ્યો છે. તમારી હાજરીથી અમો સૌ સંપૂર્ણ હતા. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ આપે. સદા આપના આશીર્વાદ અમોને મળતા રહે એવી પ્રાર્થના...
''આત્મા અમર છે''

લિ. આપના ભત્રીજાઓ

સોચા અનુંભાઈ આલાભાઈ
સોચા દિલુભાઈ આલાભાઈ
સોચા બહાદુરભાઈ આલાભાઈ
સોચા જયદેવભાઈ આલાભાઈ
સોચા પરિવારના જય માતાજી
(ગા. ભોંયરા) હાલ જામનગર

સૌજન્ય

ડી.એ. બ્રાસ પ્રોડક્ટસ
કરણી એન્ટરપ્રાઈઝ
જયદેવ ઈન્ડસ્ટ્રીઝ
મો. ૯૯૭૯૫ ૩૮૪૦૦
દરેક જાતનું બ્રાસ પાર્ટ બનાવનાર

જા×ખ

મન મોર બની થનગાટ કરે

(ત્રોટકની ચાલ)

વનરાવન કુંજ આલાપ કરી,
પંચરંગીય કેશ કલાપ કરી,
મન લેત હરી સુ મલાર કરી,
મહાદેવ સમી જગ તારક મૂરત કંઠ નીલે વિષપાન કરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

શિરપેં વિધ ફુલન કી કલગી,
લાંબી કોમળ ડોક નીલમ્બસી,
ઘનઘોર ચડયો ગગને ગરજી,
કલશોર સુણી મન મસ્ત વિજોગણ પિયુ પિયુ સાદ કરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

મધરો મધરો મલકાટ કરે,
સંગ છેલડીએ ગહેંકાટ કરે,
જાણે ઝુલતો હીંડોળા ખાટ પરે,
નવજોબન વ્રજ ગોવાલણમાં વર શાંવરિયો ચળકાટ કરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

ઢળકે જદ કેશ કલાધર કે,
નંગ નીલમ શ્વેત હીરા ઝળકે,
નભ મંડળ ચાંદ તારા ચળકે,
સુવરણ તણા મયુરાસન ઉપર શાહ નવો દમદાટ કરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

લખી દામની બાદલમાં ભડકા,
કરી ડોકની સાંકળના કટકા,
પ્રતિ ઉત્તર દેત પડે પડઘા,
ઘનઘોર તણા હડેડાટ સુધી ગિરિ કંદરાઓ ગડેડાટ કરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

થનગનતો શ્રોવર પાળ પરે,
મન ગમતો જાંબુર ડાળ પરે,
ગઢ કાંગરે ને ગિરિમાળ પરે,
વનવાડીએ ને પનઘાટ દીઠો ચોક મેડીએ ને મહેલાત પરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

તારાં પીંછ એવો પમરાટ કરે,
જોઈ બાળકડાં ખખડાટ કરે,
કાન કુંવર મુગટ માથ ધરે.
કોઈ નાર સુવાગણ પિવ વળોભી વીંઝલણે ઉકળાટ હરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

તારી કઈ વિધાતાએ ઘાટ ઘડયો,
કઈ પીંછીએ અજબ રંગ પૂર્યો,
ત્રણ પંખીઓનો શણગાર કર્યો.
વૃદ્ધ બાલ યુવાન કવિ નરનારનાં ચિત્ત હરી સવળાટ કરે,
તારી સૂરત મૂરત જોઈ મારૂં મન મોર બની થનગાટ કરે.

– પિંગળશીભાઈ ગઢવી (જામનગર)

ચારણી કાવ્ય

રણમેં લરનો
ગિરિસેં ગિરનો
અસિધાર પે સેન સદા કરનો
નભમેં ફરનો
અગિની ઝરનો
એમ પાય પનંગ સિરે ધરનો
વખસેં મરનોં
દધિકો તરનો
અરૂ કાશ કરન શિરે ધરનો
સબ સેલ ઘણો
અરૂ એક બૂરો
પતિસેં પલ એક જુદો પરનો.

રણમાં લડવું, ગિરિથી પડવું, તલવારની ધાર પર સૂવું, નભમાં ફરવું, અગ્નિ ઝરતો હોય તેમાં જવું, સાપને શિર પર મૂકવો, વિષથી મરવું, દરિયો તરી જવો અને કાશીનું કરવત શિરે ધરવું એ બધું સહેલું છે પણ મુશ્કેલ ફકત એક પતિથી પલનોય વિયોગ !

– સંકલન : લક્ષ્મણ પી. ગઢવી (જામનગર)

ચારણો (છંદ-ઝૂલણા)

ચારણો સત્ય, સંતાન શિવ-શકિતના જીવન નિર્દોષ તે દેવ જાણો
હિમાલય શિખરો વિષે વસતા હતા, પ્રગટ સાક્ષી પુરે છે પુરાણો...૧
હિમ્મતી વિમાનો વિષે ફરતા હતા, દિવ્ય હતી એમની દીર્ઘદષ્ટિ
ધર્મના કાર્યમાં સદા તત્પર હતા, વિજયી કરતા હતા પુષ્પ વૃષ્ટિ...૨
દ્વેષ ને કલેશથી દૂર રહેતા હતા, કાયમી જગત કલ્યાણ કરતા
અખંડ શાંતિ ભર્યા બનાવી આશ્રમો, હોંશથી દુઃખીનાં કષ્ટ હરતા...૩
આમંત્રણ સ્વીકારી યજ્ઞમાં આવતા, પૃથુ ભગવાનને હતા પ્યારા
કોઈ દી' કોઈનું બુરૂં કરતા નહિ, શુભગ કરતા જીવન વ્રત સુધારા...૪
પ્રથમથી ક્ષત્રિના પૂજય ઉપદેશકો, વારિ-ગંગા સમી વિમલ વાણી
કઈક નૃપ લાભ આપ્યા અને અપનાવ્યા, નેક ઇતિહાસમાં છે નિશાની...૫
નિત્ય એને હૃદય હતી નિઃસ્વાર્થતા, ખુશામત કરીને નહીં ખાતા
સ્વાર્પણ ધર્મનો મર્મ સમજાવતા, મહદ જેની સદા શકિત માતા...૬
શુદ્ધ ભાવે હતી પ્રસન્ન મા શારદા, જાણતા વેદના ભેદ ઝાઝા
ગુણીજન ગ્રંથ રચતા હતા જ્ઞાનના, રીઝતા એ થકી પ્રજા રાજા...૭
કોઈની ભીતિ-પરવાહ કરતા નહીં, સ્વતંતર રહેતા સત્ય સાથી
આપ નિઃશંક અંકૂશ રૂપી હતા, હિન્દ ક્ષત્રિય મદમસ્ત હાથી...૮
વાત એ બધી છે ઘણાએ વર્ષની, કાળની ગતિ છે ગહન કેવી
છતાં પણ જાળવી રહ્યા છે જોમ એ, દિવ્ય છે સતી ને સંત દેવી...૯
આશીર્વાદ મહાત્મા વડીલો આપશે, ધાબળિયાળીઓ મદદ ધરશે
કરી વંદન કહે આજ 'હરદાન કવિ', કૃષ્ણજી સર્વને સુખી કરશે...૧૦

કર્તા : સ્વ.રાજયકવિ શ્રી હરદાનભાઈ પિંગલશીભાઈ નરેલા(ભાવનગર)

પ્રાર્થના

જ્ઞાનવાન અરુ ધ્યાનવાન અનુરાગવાન સબ હોતે હૈ।
પર સમય સમય પે હેરફેર મિથ્યા બીજ ભી બોતે હૈં॥

કિયા યહી નિત નામ જપ ઉર્ધ્વગતિ કરિ ધ્યાન।
મન મંદિર પ્રભુ રાજહિં 'બના'મિટિહહિ અજ્ઞાન॥

પદ્માસનસે બૈઠ કર મેરુ સીધા હોય।
ઉત્તર મુખ આસન હો, કરો નામ જાપ॥

શ્રીરામ કહનેકા મજા રસના પૈ જિસકી આ ગયા।
વહ મુકતજીવન હો ચુકા ચારોં પદારથ પા ગયા॥

પ્રહલાદને નિષ્ઠા સહિત સુમીરન કિયા શ્રીરામકા।
નૃસિંહ હોકે દરશન દિયે ત્રયલોકમેં યશ છા ગયા॥

લઘુ વયસમેં ધ્રુવને યજન નિજમંત્રકા કિયા।
હરશન પ્રભુ મિલે ધાયકે, અનુપમ અચલ પદ પા લિયા॥

જાતકી થી ભીલનિ, અતિ પ્રેમસે સુમિરન કિયા।
પરમાત્મા તા ઘર જાયકે, ઝૂઠે ફલ ખા લિયા॥

કલિકાલ કે જો ભકત હૈ, ઉનકા ભી દરજા હૈ બડા।
નરસિંહ કી હૂંડી દ્વારિકામેં શામલા સીકરા ગયા॥

હે રામ પુરુષોત્તમ નરહરિ નારાયણ કેશવ।
હે ગોવિંદ ગુરુડધ્વજ ગુણનિધિ દામોદર માધવ॥

હે કૃષ્ણ કમલાપતિ યદુપતિ સીતાપતિ શ્રીપતિ।
હે વૈકુંઠાધિપતિ ચરાચરપતિ લક્ષ્મીપતિ પાહિમામ્॥
(શ્રી ગુરુદેવકી સન્નિધિમેંસે)

– સંકલન : શ્રી જોરૂભા એમ. જોગડા(રાજકોટ)

શાંતિ ચારણ સંદેશ

આ દુનિયા તણા દો રંગના દુઃખ કદી દિલમાં લગાડશો નહીં
મહામહેનતે સુધરેલાં સંબંધો જો જો કયાંક ફરીથી બગાડશો નહીં.
આંગણે આવેલ સગા સંબંધીઓને જેવું તેવું બોલી ઘરેથી ભગાડશો નહીં.
ક્રોધ રૂપી સુતા છે આ ઝેરી સાપ એને અમથા અમથા જગાડશો નહીં.
જીવતા હોય કોઈ શાંતિથી તો એના જીવનમાં અમથી અમથી આગ લગાડશો નહીં.
શાંત જળમાં પથરા નાંખી ઓલ્યા જળને ખોટી રીતે ડોળાવશો નહીં.
ફરવા જજો બાગમાં પણ ફૂલ તોડી તોડી ઈ બાગને બગાડશો નહીં.
કહે માત સોનલ ખાવા પીવા જેવું ખાજો જેવું-તેવું ખાઈ રાગને બગાડશો નહીં.
જરૂર પડે તો માણસ જોઈ માંગજો જેની તેની પાસે માંગી જાતને લજવશો નહીં.
ભૂલી જજો બીજુ બધું પણ જન્મદાતા માપ-બાપને કદી ભૂલશો નહીં.
આ જગતમાં મા-બાપથી મોટું કોઈ નથી ઈ વાતને કદી વિસરશો નહીં.
ઈશ્વર પણ નારાજ થઈ જશે મા-બાપની આંતરડી કદી કકળવાશો નહીં.
ઈશ્વરને ગોતવા કયાં જાવ છો મા-બાપ એ જ ઈશ્વર છે મા-બાપ ઈ જ
ભગવાન છે ઈ વાતને ભૂલશો નહીં.
ભૂલો ભલે બીજું બધું પણ મા-બાપને ભૂલથી પણ ભૂલશો નહીં.
પૃથ્વીથી મોટી મા છે આકાશથી મોટો બાપ છે ઈ મા-બાપ રૂપી
તારલીયાને કદી તરછોડશો નહીં.
આવી આવેશમાં કદી મા-બાપને દુઃખ થાય એવું બોલશો નહીં
એકતા રાખજો પરિવારમાં પરિવારના એકેય સભ્યોને તરછોડશો નહીં.
પરિવારની એકતા એ જ સંસારનું સુખ છે માટે પરિવારથી છુટા કદી પડશો નહીં.
પુરુષાર્થ પરમદેવ છે ફરજ ઈ જ ભકિત છે કદી નીતિ ધર્મને છોડશો નહીં.
કહે શાંતિ ચારણ હક્કના લેજો અણહક્કના કોઈના ભાગ પડાવશો નહીં.

– ગઢવી શાન્તીભા રાજાભા(ટંકારાવાળા,હાલઃઅમદાવાદ)

–– આઈશ્રી સોનલમા ટ્રસ્ટ, રાજકોટની પ્રવૃત્તિઓ ––

- વાડી, લાઈબ્રેરી, ચારણ મેગેઝિન(ત્રિમાસિક) તથા સોનલમા ટ્રસ્ટની વેબસાઈટનું સંચાલન
- મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમજ મેડિકલ સહાય, વૃક્ષારોપણ, હોંશિયાર/ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ
- નોકરી માટે વ્યાવસાયિક કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સેમિનાર તથા સરસ્વતી સન્માન
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળીના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈનું વિતરણ, શૈક્ષણિક સોનલમા એવોર્ડ
- સમાજ તેમજ રાષ્ટ્રને ઉપયોગી થઈ શકે તે માટે યુવાનોનું ઘડતર, સંગઠન, માર્ગદર્શન
- હરિરસના પાઠનું સામૂહિક પઠન, રાષ્ટ્ર/રાજય કક્ષાના એવોર્ડ વિજેતાઓનું સન્માન, પુસ્તકોનું પ્રકાશન
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ, આર્થિક સહાય, આઈશ્રી સોનલમૉ એવોર્ડ

વ્યકિત વિશેષ

(કર્મવાદી બધા કર્મ કરતા રહે,
એમને ઉંઘવું કેમ ફાવે ?)

શ્રી ખોડીદાન ઝુલા

લેખન : શ્રી વી. એસ. ગઢવી – ગાંધીનગર
(નિવૃત્ત IAS) ૯૯૭૮૪ ૦૬૧૩૦

સાંતલપુર તાલુકાનું હેડકવાર્ટર વારાહી છે તેનાથી સૌ સુવિદિત છે. સાંતલપુર તાલુકો અગાઉ બનાસકાંઠા જિલ્લાનો ભાગ હતો. જિલ્લાઓની પુનઃ રચના થયા બાદ આ તાલુકો પાટણ જિલ્લાનો ભાગ બનેલો છે. જે ઘટનાની અહીં વાત કરી છે તે તત્કાલીન બનાસકાંઠા જિલ્લામાં બનેલી ઘટનાની હકીકત છે. ચૂંટણીના પડઘમ વાગે છે. દરેક રાજકીય પક્ષ તથા પક્ષના સમર્થકો પોતાના ઉમેદવારને ચૂંટણીમાં વિજય મળે તેની મથામણમાં છે. આવા ચાર્જ થયેલા સમયમાં વારાહીમાં એક જાહેરસભા ચાલે છે તેની આ વાત છે. દેખીતી રીતે જ આ જાહેરસભા ચૂંટણી પ્રચારને સબંધિત છે. કોંગ્રેસના ઉમેદવારની સામે પ્રચાર કરવા માટે સભાનું આયોજન થયું છે. સીત્તેરથી એંસીના દાયકામાં મધ્યનો આ સમય છે. કોંગ્રેસના ઉમેદવારને મત નહિ આપવા માટે તેમની વિરુદ્ધ કોઈક વાત તો કરવી પડેને? આથી વકતાઓ કંઈક આવી વાત કરે છે :

'ભાઈઓ ! તમે કોંગ્રેસના વિધાનસભાના ઉમેદવારને મત આપવાનો વિચાર પણ કરશો નહિ. કોંગ્રેસના આ ઉમેદવાર પાસે તમે જયારે કોઈ નાના કે મોટા કામ માટે જાઓ ત્યારે તેઓ સત્વરે કહે છે એ ભાઈ અહીંથી ચૂંટાઈને ગાંધીનગર જશે તો તમારું રાશનકાર્ડ કઢાવવા માટે તમારી સાથે કોણ આવશે? પોલીસ સ્ટેશનનો પ્રશ્ન હશે તો તમને સાથે રાખીને પોલીસ થાણે કોણ જશે? અછત રાહતના કામ દુષ્કાળના સમયે શરૂ કરવાની તજવીજ કોણ કરશે? એટલે ભલા થઈને એમને હરાવો તો તમારા નાના મોટા કામ થતા અટકી ન પડે!'

કદાચ વાંચનારને આ વાતમાં વિશ્વાસ ન બેસે અને અતિશયોકિત લાગે તો એ તેમનો દોષ નથી. લગભગ સાડાચાર દાયકા પહેલાની વાત આજે તથા આજના રાજકીય માહોલમાં ગળે ન પણ ઉતરે. વોટસઅપમાં દિવસમાં ત્રણ ત્રણ વખત સ્ટેટસ બદલવાના આ ગતિશીલ કાળમાં આ વાત કદાચ કપોળ કલ્પિત લાગે. પરંતુ તેવી વાત મનઘડંત કરવાનો કોઈ આશય નથી. જરૂર પણ નથી. કારણ કે જે વ્યકિત વિશેષ પ્રતિભાની આ વાત છે તેમની ચિર વિદાયને પણ વર્ષોના વહાણાં વાઈ ગયા છે. પરંતુ આ વાત હકીકત છે તેની ચકાસણી ક્રોસ રેફરન્સ કરીને કરેલી છે. જે વ્યકિત વિશે આ વાત થઈ છે તેમને નજીકથી જોયા છે. આટલો સધિયારો સૌને પૂરતો થવો જોઈએ. કોંગ્રેસના આ કર્મવીર ઉમેદવારની વાત ઉપર જણાવ્યું તે ચૂંટણી સભામાં વારાહીમાં થતી હતી તે ધન્યનામ ખોડીદાન ભીમજી ઝુલાનું છે. વિધાનસભામાં હોય કે ન હોય તો પણ નાના માણસોના 'ટાંપા' કરવાની આદત આ વ્યકિતમાં ઘરબાઈને પડી હતી. સરવાળે ૧૯૭૫ની વિધાનસભાની ચૂંટણીમાં ખોડીદાનભાઈ વિજય મેળવે છે. આ ચૂંટણીમાં ગુજરાતના કોંગ્રેસના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એક યુવાન આદીવાસી સામે હારી જાય છે. શકિતશાળી ગણાતાં ભૈરવદાનજી ગઢવી દાંતામાંથી વિજય મેળવી શકતા નથી. કોંગ્રેસ માટેની કસોટીરૂપ એ ચૂંટણીમાં ઝુલા સાહેબ તરીકે ઓળખાતા આ પ્રજાના 'ટાંપા' કરનારા કાર્યકર વિજયનું બ્યૂગલ બજાવે છે. જશભાગી ઝુલા સાહેબ જ લઈને આ જગતમાં પોતાની સ્મૃતિ કાયમ કરી ગયા છે.

જીવતાં જગ જશ નહિ,
જશ વિણ કો જિવંત?
જે જગ જશ લઈ આથમ્યા
ઈ તો રવિ પહેલાં ઉગંત.

ઝુલા સાહેબ એટલે એક ખેડૂતનો જીવ. મુસાફરી કરતા હોય ત્યારે નજર સતત કપાસ– એરંડા કે ધાન્ય પાકોના વાવેતર તરફ ખેંચાયેલી રહે. વિશાળ આભમાં થતી ગતિવિધિઓ ધ્યાનથી નિહાળે અને વરસાદને લગતા થોડા ઘણાં અનુમાનો પણ બાંધે. આથી જ કોઈપણ ગામડામાં જાય ત્યારે ખેડૂત સાથેનો તેમની વાતનો તાર થોડી ક્ષણોમાં જ જોડાઈ જતો જોઈ

શકાય. આથી જ ખેડૂતોની સમસ્યાઓ સમજીને તેની અસરકારક રજૂઆત કરવાની તેમની હાથરોટી હતી. મુસાફરી સમયે ગાડીમાં નારાયણ સ્વામીના ભજનો કે ગુલામઅલીની ગઝલો એક સરખા રસ અને ભાવથી સાંભળે. સંગીત-કંઠગાન તરફનો આ સ્નેહ તેમને સહજ હતો. સૂઝ પણ ખરી. તેમના વતનના ગામ રોઝુમાં વર્ષો પહેલાં ઓસમાણ મીરને ગાતો સાંભળીને તેઓ રાજી થયેલા. 'આ માણસ કલાક્ષેત્રમાં ખૂબ ઊંચો જશે' તેવી વાત તેમણે સહેજે કરેલી જે આજે હકીકતમાં પરીણમી છે.'

ઝુલા સાહેબના ઘડતરમાં તથા તેમના સંસ્કારમાં તેમના માતા જીબામા તથા તેમના કાકાનો મોટો પ્રભાવ છે. માની ઉદારતા અને સૂઝ તેમના વાણી વર્તનમાં ઉતરી હતી. પોતાના નાનાભાઈ નરહરદાનનું અકાળ અવસાન તેમને જીવન પર્યંત ખૂંચતું હતું અર્ધાંગના તરીકે તેમને મળેલા બાબાબહેન એ કદાચ તેમના જીવનનું સૌથી ઉજળું સોપાન હતું. પૂજય બાબાબહેનને જે મળ્યા હશે તેમને આ વાત તરત જ સ્પષ્ટ થઈ જશે. ઝુલા સાહેબ વિશે ઘણું લખી શકાય-કહી શકાય તેવું છે. ટૂંકમાં કહીએ તો તેઓ આપણું ગૌરવ હતા તે વાત નિઃસંદેહ છે.ઉદારતા અને નિખાલસતાની આવી કક્ષા બહુ ઓછા લોકોમાં જોઈ છે.

બનાસકાંઠામાં જે સામુહિક રાજકીય નેતાગીરીનો વિકાસ થયો તે અભ્યાસ કરવાપાત્ર છે. ઘણાં વર્ષો સુધી અમુક પ્રકારના મુઠ્ઠીભર લોકોનું ત્યાં પ્રભુત્વ રહ્યું હતું. સમાજના એક વિશાળ વર્ગ જેવા કે ખેડૂત કે શ્રમિક સાથેનું આ વર્ગનું અનુસંધાન મર્યાદિત હતું. તે તરફ કદાચ તેમની દૃષ્ટિ પણ ન હતી. રાજયના અન્ય ભાગોમાં પણ અમુક વિસ્તારમાં આવી સ્થિતિ હતી. આ બધાની વચ્ચે વિશાળ જનસમૂહ તથા છેવાડાના માનવીને સાથે રાખીને રાજકીય જીવન સમૃદ્ધ કરનારાઓની એક લાંબી યાદી કરી શકાય. આ યાદીના અગ્રસ્થાને મૂકવા માટે સાંબરડાના સપૂત બી.કે. ગઢવી સાહેબ તથા રોઝુના ઝુલા સાહેબ સંપૂર્ણ પાત્રતા ધરાવે છે. વિશાળ સંખ્યામાં રહેલા ખેડૂતો-ખેતમજૂરો અને શ્રમિકોની મૂંગી વેદનાને સમજયા પછી ગઢવી સાહેબ અને ઝુલા સાહેબે પોતાની રાજકીય કારકિર્દીને કાળજીપૂર્વક ઘડી હતી. વંચિતો અને વિસ્થાપિતોની વાત આવે ત્યારે આ બન્ને નેતાઓ ઉકળીને પણ તેમના કલ્યાણની વાતનો આગ્રહ રાખતા હતા.તંત્રમાં વિલંબ થાય તો વાતને છોડી દેનારા કે ભૂલી જનારા આ લોકો ન હતા. તેઓ બન્ને એક વિશાળ તથા છેવાડાના વર્ગના ખરા અર્થમાં પ્રતિનિધિ હતા. તેમનું રાજકારણ કદી જ્ઞાતિઓના સાંકડા સમીકરણોમાં બંધાયું હોય તેમ લાગ્યું નથી. તેમની આ વિશાળ દૃષ્ટિ સકારણ હોવા છતાં આપણાં સમાજના તમામ નાના મોટા પ્રશ્નોમાં બન્નેનું યોગદાન અસાધારણ હતું. તેમના સ્નેહનું સાતત્ય અનેક લોકોએ અનુભવ્યું છે. ઘણાં રાજકીય નેતાઓ સાથે કામ કરવાનો અને વિગતે વાત કરવાનો મોકો મળ્યો છે. પરંતુ ગઢવી સાહેબની તિક્ષ્ણ અને અભ્યાસુ દૃષ્ટિ તેમજ ઝુલા સાહેબની સંવેદનશીલતા ઓછા લોકોમાં જોવા મળી છે. બન્નેને રંગ દેવાનું મન થાય છે.
લોકકવિએ ગાયું છે :

તન ચોખા મન ઉજળાં
ભીતર દૂજો ન ભાવ
કીનકા બૂરા ન ચિંતવે
તાકુ રંગ ચડાવ.

વિશાળ સમાજમાં સૌને સાથે રાખીને આગળ વધવાના યશનામી પાત્રોમાં મુકેશભાઈ ગઢવી (સાંબરડા) તથા પુષ્પદાનભાઈ ગઢવી (ભૂજ)નું નામ પણ અચૂક મૂકી શકાય તેમ છે. મુકેશભાઈની અકાળે વિદાય ન થઈ હોત તો તેમણે રાજકીય જીવનના ઘણાં ઊંચા શિખરો સર કર્યા હોત તે નિર્વિવાદ છે. પોતાના પિતાની જેમ સંપૂર્ણ સૌજન્ય અને સાલસતાના વારસાઈ ગુણો ધરાવતા પુષ્પદાનભાઈ પણ ધારાસભ્ય તેમજ સંસદસસ્ય તરીકેની લાંબી ઈનીંગ રમ્યા અને યશભાગી થયા. ઝુલા સાહેબનું રાજકીય જીવન એ લોઢે લીટા સમાન છે. એમના વિરોધીઓ પાસે પણ તેમની ટીકા કરવાનો મસાલો ન હતો તે નાની સુની બાબત નથી. નાના રણની કાંધીએ આવેલા ખોબા જેવડા રોઝુ ગામમાંથી ગુજરાત વિધાનસભામાં વર્ષો પર્યંત બેસવાની ઝુલા સાહેબની સિદ્ધિ લોહી પસીનાના સ્વબળે કમાયેલી છે. પોતાના રાજકીય પક્ષ તેમજ તેમના નેતા તરફની તેમની વફાદારી એક સાચા ચારણને શોભે તેવી હતી. તેમનું જીવન પ્રેરણાદાયી હતું. તેઓ ખરા અર્થમાં લોકપ્રિય હતા. તેમની સ્મૃતિ પણ મનમાં પ્રસન્નતાના ભાવ મૂકીને જાય છે.•

મળવા જેવા માનવી

(વિવિધ સાહિત્ય સ્વરૂપ સાથેનો નાતો ધરાવતાં કવિ, વાર્તકાર અને વિવેચક)

શ્રી પ્રવીણ ગઢવી

(નિવૃત્ત IAS) ગાંધીનગર

લેખન : પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી

અમદાવાદ, ૯૪૨૯૧ ૭૩૭૮૯

આધુનિક ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જેઓની આગવી ઓળખ છે એવાં શ્રી પ્રવીણ ગઢવી કવિ, વાર્તાકાર, વિવેચક અને સંપાદક તરીકે નોંધનીય છે. વતન મોઢેરા, જિ.મહેસાણા, પ્રાથમિક શિક્ષણ મોઢેરામાં મેળવ્યું. ત્યાર બાદ અમદાવાદ ખાતે ગોમતીપુર, રાજપુર વિસ્તારની ધી ડેમોક્રેટીક હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો, કોલેજ શિક્ષણ રાયપુર સ્થિત વિવકાનંદ આર્ટ્સ કોલેજમાં અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયાં અને ગુજ.યુનિ. ભવન ખાતે એમ.એ. નો અભ્યાસ સંપન્ન કર્યો. GPSCની પરીક્ષા દ્વારા સફળતા મેળવી કલેકટરશ્રીના સ્થાને નિયુકત થયાં. ભારતીય વહીવટી સેવાઓમાં કાર્યરત રહેતા પ્રવીણ ગઢવી સાહિત્યિક શોખને પોષતા રહ્યાં તે આજ દિન સુધી.

નાનપણથી જ વારસામાં મળેલ સાહિત્યિક પ્રીતિ, સમય પ્રમાણે કાઠું કાઢતી ગઈ. પિતાશ્રી ખેતસિંહજી મીસણ ચારણી સાહિત્યના પ્રખર અભ્યાસી હતાં એક સમયે રાજકોટમાં અખિલ ભારતીય ચારણ સંમેલનમાં શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી ગોકુલદાસ રાયચુરા, શ્રી છેલશંકર દવે, ક્રાંતિવીર શ્રી કેસરીસિંહ બારહટ્ટ, શ્રી દુલા ભાયા કાગ, શ્રી મેરૂભા મેઘાણંદ, શ્રી પિંગળશી પાયક, શ્રી ત્રિભુવન વ્યાસ, કવિશ્રી શંકરદાનજી, કવિશ્રી માનદાનજી વગેરે જેવાં સમર્થ સાહિત્યકારોની ઉપસ્થિતિમાં-જનમેદનીની સમક્ષ શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી મેરૂભા ગઢવી અને શ્રી ખેતસિંહ મીસણે 'પનિહારી' ગીત અભિવ્યકત કર્યું અને આ ત્રિપુટીએ આઝાદી સંગ્રામની નોબતને પોંખતું અને ગાંધી ભાવનાનું ગીત ઉપાડયું.

'માતાજીની નોબતું વાગે,
આજ સૂતાં સૌ માનવી જાગે,
લીલુડાં માથડાં માગે.'

આવા સમર્થ સાહિત્યકારશ્રી ખેતસિંહજી ગુજરાતી સાહિત્ય પરત્વે એમના જમાનામાં જાગૃત રહી ઉત્તમ સાહિત્ય કૃતિઓની એમણે વિવેચના કરી હતી. તેઓની ઉમદા સાહિત્ય સંશોધક, ઈતિહાસ પ્રેમી, ખગોળવિદ્ અને લેખક હતા. શ્રી મેઘાણી, શ્રી શંકરદાનજી રાજકવિ,લીંબડી અને પૂ.બાપુ-ગાંધીજી તેમજ વિદ્વત સાહિત્યકારો સાથે તેમના પત્રવ્યવહારો અને નવી દિશા-દષ્ટિના ટાંકણ કરતાં. એવા સમર્થ પિતાશ્રીના સંતાન પ્રવીણ ગઢવી અને તેમના મોટાભાઈ શ્રી બનેસિંહ ગઢવી(આચાર્ય)પિતાશ્રીના વારસાને સાચવી રહ્યાં.

કોલેજકાળના અભ્યાસ દરમ્યાન પ્રવીણ ગઢવી કવિતાઓ અને વાર્તાઓમાં પ્રવૃત્ત હતાં. શાળાકીય અભ્યાસ દરમ્યાન તેજસ્વી વિદ્યાર્થી તરીકે પ્રવીણભાઈ નિબંધ લેખન, વકતૃત્વ જેવી સ્પર્ધાઓમાં મોખરે રહેતાં. આ સમયગાળામાં પણ કવિતાના 'ક' સાથેની પ્રીતિ તેઓની ઉભરી રહી હતી અને જોડકણાં કાવ્યોથી પ્રારંભ કર્યો હતો. કોલેજ અભ્યાસમાં સફળ-વિદ્વાન અધ્યાપકશ્રીઓની પ્રેરણા-હૂંફ મળી. જેમાંથી પિનાકીન દવે, શ્રીકાન્ત શાહે તેમની કલમને આવકારી હતી. પ્રવીણ ગઢવી મૌલિક કાવ્યકૃતિઓ જાહેર સમારંભ કે યુવક મહોત્સવમાં મ્હોરી ઊઠતી. આ લખું છું ત્યારે જણાવું છું કે હું તેમની સાથે સહઅભ્યાસિક વિદ્યાર્થી હતો અને અમે મિત્રના સ્થાને રહ્યાં ત્યારબાદ સામાજિક સંબંધે બંધાયા, તેમની સાહિત્યિક પ્રેરણા મને સતત મળતી રહી.

કવિ પ્રવીણ ગઢવી-વાર્તાક્ષેત્રમાં પણ

વિશિષ્ટ રહ્યાં છે. કાવ્યની સાથે વાર્તા લખવાનો શોખ 'સૂરજપંખી' જેવાં સફળ સંગ્રહથી આપણને આકર્ષે છે. ટૂંકી વાર્તાના આ સંગ્રહને ગુજરાત સરકારનો પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો. તેમની વાર્તાઓમાં પ્રતીકો, નવી ઈમેજ, નવતર વિષય છેડી જે વાર્તાઓ પ્રસ્તુત કરી છે તે સ્તુત્ય છે.

પ્રવીણ ગઢવીની સાહિત્યિક યાત્રા આગળ ધપતી રહે છે. વાંચન પ્રીતિ તેઓશ્રીની અનન્ય છે. સાહિત્ય સર્જન સાથે ચારણી સાહિત્ય, લોકસાહિત્ય ક્ષેત્રે તેમનું ચિત્ર ઉભરાતાં 'સોહામણી રૂપેણ' સંપાદિત કૃતિ આપી. જેમાં અનેક લોકગીતો-આસ્વાદ સાથે સંગ્રહીત છે. જેને ગુજરાત સરકાર દ્વારા નવાજવામાં આવી.

કવિ, લેખક, સંશોધક પ્રવીણ ગઢવી સરકારી ખાતાની નોકરીમાં વ્યસ્ત રહ્યાં. પરંતુ તેઓએ એમની કલમને કયાંયે વિશ્રામ નથી આપ્યો. જવાબદારીભરી સરકારી સેવાઓમાં જેટલા તલ્લીન અને ઉત્કૃષ્ટ, એટલા જ પોતાનામાં જ મશગૂલ, સાહિત્ય સાધનામાં રહ્યાં છે. તેમની કલમ આડે સરકારી સેવાઓ નથી આવી. અવાર-નવાર બદલી, નવા સ્થળો, નવું વાતાવરણ એમને નવા વિષયો અને એક નવી તાજગી આપી જતાં જેના પરિણામે તેમની કાવ્યકૃતિઓ અને વાર્તાઓમાં નવોન્મેષ જોવા મળતો.

પ્રવીણ ગઢવી દલિત સાહિત્ય ચેતના પ્રવાહ તરફ આકર્ષાય છે. તેઓશ્રીએ સમાજ વ્યવસ્થામાં જોયું કે પીડિતો કેવી યાતનાઓ ભોગવે છે. સર્જક પ્રવીણભાઈ એવા વિષયના મનને ચઢતાં પોતાની કલમ દ્વારા દલિતોની ચેતનાને જાગૃત કરતી અનેક રચનાઓ આપે છે. સર્જક પ્રવીણ ગઢવી પોતાની કાવ્ય કૃતિઓ કે વાર્તાઓમાં દલિત વ્યથાની સૂક્ષ્મથી સૂક્ષ્મ અને નવા વિચાર સાથેના વાતનો તંતુ બાંધી ઉત્તમ દલિત-રચનાઓ આપે છે. 'ન સાંભળે કોઈ' કાવ્યસંગ્રહની કેટલીક કાવ્યપંકિતઓ જોઈએ :

o **કબીર સૌના ને કોઈના નહિ**
પારા જેવા તરલ...
દલિત-પીડિતની આંખના આંસુમાં

o **હું મૂઈ લોકશાહી**
મેં જ મારું અપહરણ કરાવ્યું
રાવણો પાસે
હવે શું કરું ? કયાં જાઉં ?

o **આપણે તો નાત-જાત ભૂલ્યા નહિ,**
પણ ભૂલેલા ને પણ નાતીલા બનાવ્યા!

o **ગરીબ ધોમધખતા તાપે**
ચોકડી ખોદે ખુલ્લે પગે,
અમીર એ.સી. ચેમ્બરમાં
બૂટની દોરી છોડે !

આ સંગ્રહમાં કવિએ - શોષણ, અન્યાય, આક્રોશ, વ્યંગ, રાજકારણ વગેરેને આવરી કાવ્ય સેતુ રચ્યો છે. કાવ્યોને વાંચતા કવિ કર્મ ઉત્કૃષ્ટ જણાય છે. આમ પ્રવીણ ગઢવી બેયોમેટ, કવિનો અવાજ, નિષાદ વગેરે જેવાં સંગ્રહોમાં દલિતના ચિત્કારને અને સંવેદનને હૃદયસ્પર્શી રીતે અભિવ્યકત કરે છે.

'સમોવર રેસ્ટોરાં' જેવા કાવ્યમાં પોતાની સેન્સીટીવિટી દર્શાવી જાણે મુંબઈનું મૃત્યુ થઈ ગયું! સ્મૃતિઓનો સળવળાટ, નિરખેલ સમોવરની સુંદરતા આજે કેવી નષ્ટ થઈ ગઈ છે! અદ્‌ભુત અભિવ્યકિત છે - કવિની.

વિવિધ વાર્તાઓમાં પણ પ્રવીણ ગઢવીએ અજબનું કાઠું કાઢયું છે. તેમની વાર્તાઓમાંની એક વાર્તા જે - શબ્દ સૃષ્ટિમાં પ્રગટ થઈ હતી 'શૂદ્રત્વ'. પોતાની વાત સાથે વાર્તાબીજનો દોર સાધતા પ્રવાહી રીતે વાર્તામાં લઈ જતાં લેખક વાર્તાના અંતે - વાચકોને વિચાર કરતાં કરી મૂકે છે. વાર્તાનું છેલ્લું વાકય સર્જકના ઉદ્‌ગારથી કેવું વેધક બની રહે છે - જોઈએ :

'દીવાનના દીકરા મોહનદાસ ગાંધીને ટ્રેનમાંથી બહાર ફેંકયા ન હોત તો એમનેય શૂદ્રત્વનો અનુભવ ન થયો હોત.' મેં ઉમેર્યું..

'પાટનગર પ્રકાશ' – 'ઊર્મિલ' – ભરત કવિ દ્વારા પ્રકાશિત દીપાવલી-૨૦૧૬ અંકમાં પ્રવીણ ગઢવીની વાર્તા 'સતયુગ'માં દલિત સમાજ, સવર્ણ સમાજના પાત્રોનો તંતુ સાધી સરકારી ખાતાની નોકરી પરત્વે નિસાસો નાખતા ફોજદાર કાકાનું વાકય – બળવંતસિંહ કરતાં વાચકના ચિત્તમાં તીરની જેમ ભોંકાઈ જાય છે – 'કલિયુગ આવી ગયો હોં કે...રાજ તો બ્રાહ્મણ, ક્ષત્રિય જ કરી શકે'. વાર્તાકાર 'સતયુગ' વાર્તામાં તાકયું તીર મારે છે. ને વાર્તા તેના અંત ભાગમાં શિખરે ચઢે છે.

પ્રવીણ ગઢવી સાહિત્ય ક્ષેત્રે– આસવદ્વીપ, મધુ વાતાઋતાયતે, મધુમય પ્રતિ વીર ધૂલિ, શિપ્રા, આનંદ ધારા, બેયોનેટ, પડછાયો, તૂણીર, કવિનો અવાજ, નિષાદ, ન સાંભળે કોઈ જેવાં કાવ્યસંગ્રહો આપે છે. જયારે સૂરજપંખી, પ્રતીક્ષા, મલાકા, સ્વર્ગ ઉપર મનુષ્ય, આભડછેટના ઓછાયા, અંતર્વ્યથા, છજારૂપ – જેવાં તેમના વાર્તાસંગ્રહો છે. ઉપરાંત સોહામણી રૂપેણ(મધ્યકાલીન કાવ્ય વિનોદ) શબ્દપાનમાં તેમના આસ્વાદ્ય લેખો છે. સર્જકની ઉપરોકત કૃતિઓનું જેમાં – સૂર્યોદય કી પ્રતીક્ષા, અંતરવ્યથા, કવિ કી આવાઝ, મલાકા, નિષાદ હિન્દી ભાષામાં અનુવાદિત છે. તો અંગ્રેજીમાં – વોઈસ ઓફ ધી લાસ્ટ, પોએટ્સ વોઈસ, બ્લેક પેઈન, સીટી ઓફ ડસ્ટ એન્ડ લસ્ટ, લવ સોંગ્ઝ ઓફ સિઝન્સ રૂપાંતરિત કાવ્યસંગ્રહો છે.

કવિ, લેખક પ્રવીણ ગઢવી સંપાદિત 'દલિત કવિતા' સંગ્રહ – જેને ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરેલ છે. જેમાં વિવિધ કવિઓની બેનમૂન દલિત-કાવ્ય રચનાઓ સંગ્રહિત છે.

પ્રવીણ ગઢવી અંતર્મુખી છે. તેમના આંતર જગતમાં – તમામ કલા પરત્વેનો નાતો સામેલ છે. અદ્‌ભુત ચિત્રો પરત્વેની તેમની પ્રીતિ નોંધનીય છે. એક સમયે – યુવા કાળમાં, તેઓ સારા ચિત્રો દોરતાં તેવું મને સ્મરણ છે. પર્યાવરણ અને પક્ષીઓ બાબતે તેમને ઘનિષ્ટ સંબંધ રહ્યો છે. જેના પરિણામે તેઓની પાસે પર્યાવરણીય, પ્રાકૃતિક અને પક્ષીઓનું અદ્‌ભુત કલેકશન પણ છે. પ્રવાસ તેમનો મનગમતો શોખ છે. સરકારશ્રીના વહીવટી ખાતામાં ઉચ્ચ હોદ્દો ધરાવતા પ્રવીણ ગઢવી અમરેલી ખાતે કલેકટરશ્રી હતાં ત્યારે 'સ્વાન્તઃ સુખાય પ્રોજેકટ' સંદર્ભે અદ્વિતીય કામગીરી કરી લાઠી ખાતે 'કલાપીતીર્થ' ને અદ્‌ભુતતા બક્ષી, ગુજરાત સરકારનો પુરસ્કાર હોદ્દાગત – કલેકટરશ્રી, અમરેલીનો પ્રાપ્ત કર્યો. તેઓશ્રીની સાહિત્યિક સેવાઓને લક્ષમાં લઈ – કવિ ડાહ્યાભાઈ પટેલ ટ્રસ્ટ તરફથી સાહિત્ય સર્જન માટે સુવર્ણચન્દ્રક એનાયત થયો.

પ્રવીણ ગઢવીની સાહિત્યિક યાત્રા ચાલુ જ છે. અવિરત લખતાં રહેતાં – પૌરાણિક પાત્રો, વર્તમાન ક્ષણો અને તેમની પાસે રહેલ નાવીન્યભર્યા વિષયને છેડી ઉત્તમોત્તમ રચનાઓ આપતાં રહેશે તેવી શુભેચ્છાઓ.•

પુસ્તકો માટે આપણે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. પુસ્તકો એ દૂરસુદૂરના ભૂતકાળનો અને મૃત્યુ પામેલા માનવીઓનો અવાજ છે. વીતી ચૂકેલા યુગોની આધ્યાત્મિક જીવનકલાના તેઓ આપણને વારસદાર બનાવે છે.

પુસ્તકો એવા સલાહકારો અને ઉપદેશકો જેવા છે જે સદા હાજરાહજૂર રહે છે અને જે કાયમ હાથવગા હોય છે. એમનામાં એક વધારાની ખૂબી એ છે કે આપણે ઈચ્છીએ એટલી વાર તેઓ પોતાના પાઠનું પુનરાવર્તન કરાવવા તૈયાર જ હોય છે.

સમાચાર વિભાગ

(A) શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ

શિક્ષક દિવસે જિલ્લા કક્ષાની ઉજવણી કાર્યક્રમ ભૂજ ખાતે યોજાયેલ. જેમાં શ્રેષ્ઠ શિક્ષક (તાલુકા કક્ષા)નું એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવેલ જેમાં કચ્છ જિલ્લાના ચારણ ગઢવી સમાજના બે શિક્ષકશ્રીઓને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવેલ.

o શ્રી વિશ્રામભાઈ મોમાયાભાઈ ગઢવી (કારીયા) (રહે.મોટા લાયજા)ભીંસરી પ્રા.શાળા, તા.માંડવી.

o શ્રી માણેકભાઈ રામભાઈ ગઢવી(વિઘાણી) (રહે.ભાડા) પદમપુર પ્રા.શાળા, તા.માંડવી

ooo

(B) P.S.I. માંથી P.I. તરીકે પ્રમોશન

તાજેતરમાં ગૃહ વિભાગ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેકટર(P.S.I.)માંથી પોલીસ ઈન્સ્પેકટર (P.I.)તરીકે પ્રમોશન આપવામાં આવેલ જેમાં ચારણ -ગઢવી સમાજના નીચે મુજબના કર્મચારીઓને પ્રમોશન મળેલ છે.

o શ્રી દિલીપકુમાર રામસંગજી ગઢવી-ભરૂચ

o શ્રી રણમલ ભારામલ ગઢવી-જામનગર

o શ્રી ઘેલાભાઈ રાજાભાઈ ગઢવી-દેવભૂમિ દ્વારકા

o શ્રી ભાવિકદાન ગોવિંદદાન ઈસરાણી - A.C.B

o શ્રી રાજેન્દ્રસિંહ જનકદાન ગઢવી-આઈ.બી.

o શ્રી દિલજીતદાન શકિતદાન ઈસરાણી-ગુ.પો.અ. કરાઈ.

o શ્રી સુનીલકુમાર મહેરખદાન ઈસરાણી-પીટીસી જૂનાગઢ.

o શ્રી વિક્રમભાઈ શિવરામભાઈ લાંબા - અમદાવાદ

o શ્રી મનોજભાઈ બાબુભાઈ ગઢવી-નર્મદા

o શ્રી હિરેનભાઈ ભરતભાઈ બાલીયા-પશ્ચિમ રેલ્વે

o શ્રી હરેશભાઈ પ્રવિણભાઈ પાલીયા-ગુ.પો.અ. કરાઈ.

o શ્રી જોધાભાઈ રાણાભાઈ ભાચકન-એસઆરપી, પીટીસી, જૂનાગઢ.

o શ્રી અજયદાન મોજુદાન ગઢવી-દાહોદ થયેલ.

ooo

(C) ચારણ સમાજના યુવા ઉદ્યોગપતિ અજયભાઈ ગઢવી દ્વારા Aavad Instrument ને ૧૦વર્ષ થતા સ્ટાફને વિમાન દ્વારા પ્રવાસ

શબ્દોની કિંમત(Value of Words)ની બિઝનેશ લાઈન લઈને નામાંકિત ઉદ્યોગપતિમાં ખૂબજ ઓછા સમાયમાં કીર્તિ મેળવનારા શ્રી અજય આવડદાન ગઢવી(સૌદા)ગામ વણોદ હાલ અમદાવાદ Director of Aavad Instrumentને સો સો સલામ, ધન્યવાદ, આભાર.

૨૦૧૦માં ચાલુ કરેલ એક વિચાર (Aavad Instrument)ને એક દસકો ગઈ તા.૧૫/૧૦/૨૦૧૯એ થયો. જેના ભાગરૂપે આવડ ઈન્સ્ટ્રુમેન્ટને પોતાનો જ પરિવાર ગણીને ચાલવાવાળા અજયભાઈને વિચાર આવ્યો કે જેણે કોઈ દિવસ કલ્પના પણ ના કરી હોય કે વિમાનમાં બેસવું. જેણે કયારેય plane અથવા airport જોયું પણ ના હોય તેવા ઘણા સ્ટાફ મેમ્બર મળતા તેઓને (આખા સ્ટાફ)ને સાથે વિમાનમાં બેસાડવાનો વિચાર આવતા અને સ્ટાફે હામી ભરતા લીધેલો નિર્ણય જે કદાચ ઐતિહાસિક હતો કે let's book air ticket of whole Aavad Instruments staff (Members-22) જે થયું અને ટૂર થઈ પણ ગઈ.

અમદાવાદ એરપોર્ટ પર અજયભાઈને અંદાજે ૧૨ સહ પ્રવાસી મળવા આવીને ખૂબજ શાબાશી આપી કે આ કામ કરવા જેવું છે. જે તેમને ઓળખતા પણ ન હતા. ત્યારે વાત સાંભળીને મને થયું હું તો અજયભાઈને વર્ષોથી ઓળખું છું તો મને આ પોસ્ટ લખવાનો વિચાર આવ્યો કે હું બધાને ઈન્ફોર્મ કરું.

માત્ર ગઢવી ચારણ તરીકે નહી પણ કોઈ પણ નાના ઉદ્યોગકારો(MSME)આવી સ્ટાફ વેલ્ફેર માટે જહેમત ઉઠાવે તો ઘણાના નાના મોટા સપના સાકાર થાય અને જો ના થાય તો બે-ત્રણ દિવસ રિલેકસ તો જઈ જ જવાય. મારા મત મુજબ કોઈપણ કંપનીની પ્રગતિમાં સ્ટાફનો ખૂબજ મોટો ફાળો હોય

છે તો અજયભાઈની જેમ અન્ય ઉદ્યોગપતિઓએ આ અભિગમ અપનાવવો જોઈએ.

શ્રી અજયભાઈ આવડદાનજી સૌદા દ્વારા એમની ફર્મ 'આવડ ઈન્સ્ટ્રુમેન્ટસ' સફળ ૧૦વર્ષ પુરા કરે છે. આ પ્રસંગે આઈશ્રી સોનલ ચારણ પરિવાર એમને ખૂબજ જ શુભકામના પાઠવે છે. માં સોનલની કૃપા સદાય બની રહે. શ્રી અજયભાઈ એમની કંપની જેટલા વર્ષમાં પ્રવેશે એટલા હજાર રૂપિયા દર વર્ષે ચારણ છાત્રાલયને યોગદાન પેટે આપે છે. ખૂબજ સુંદર અને અજોડ શરૂઆત. ચારણ છાત્રાલયને આ વર્ષે દશ વર્ષ પુરા થતા રૂ.૧૦૦૦૦/- સહયોગ આપે છે. ખુબ ખુબ ધન્યવાદ, જય સોનલ.

અજયભાઈના આવા ઉમદા અને પ્રેરણારૂપ વિચાર છે. અજયભાઈની સ્ટાફ તથા સમાજ પ્રત્યેની ભાવનાને વંદન સહ ખૂબ ખૂબ શુભેચ્છાઓ. અજયભાઈ હજી વધારે પ્રગતિ કરે એજ માં ભગવતી પાસે પ્રાર્થના.

ooo

(D) ચારણ પ્રતિભા ખોજ પ્રતિયોગીતા

ચારણત્વ અને ચારણીસૂર અવિરત વહે તે દિશામાં વધુ એક પ્રયાસ ચારણ પ્રતિભાશોધ પ્રતિયોગિતા પ્રકૃતિને, પ્રભુને અને સ્વધર્મને જેણે કાવ્ય અને સાહિત્યોપાસના દ્વારા સેવ્યા છે અને જેની જીભે મા શારદાએ બેસણાં કર્યા છે એવા ચારણ સમાજની સંસ્થા ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન (CGIF) દ્વારા ચારણત્વની ગાયકીના સાત્વિક મૂલ્યોનાં જતન સંવર્ધન અર્થે ચારણ પ્રતિભા ખોજ પ્રતિયોગીતા ચારણ ગાથા-રનું ગોકુલ રંગભવન, માંડવી કચ્છ ખાતે આયોજન કરાયું હતું. વિવિધ વિભાગોનાં ૫૦ જેટલા સ્પર્ધકો ભાગ લઈ ચારણી સૂર રેલાવ્યા હતા.

આ અવસરે સંબોધન કરતા અખિલ કચ્છ ચારણ સભાના અધ્યક્ષ વિજયભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, કંઠ, કહેણી અને કવિતાના સૂરિલા ડાસદ સમા ચારણ પ્રાચીન કાળથી સાહિત્યો ઉપાસનાનો સાધક-વર્ધક રહ્યો છે. ચારણી સાહિત્યની ઉજળી પરંપરા અને ઈતિહાસને તથા સાહિત્યના ત્રિવેણી સંગમને ચારણોએ સમયે સમયે લાડ લડાવ્યા છે. સંસ્થા દ્વારા કરાયેલા આયોજનની તેમણે સરાહના કરી હતી. CGIFના મેનેજીંગ ડાયરેકટર રાજાભાઈ રૂડાચે ચારણોનાં ઉત્થાન અને ઉત્કર્ષ માટે સંસ્થા દ્વારા થયેલુ. આ આયોજન અને અન્ય કાર્યોથી ઉપસ્થિતોને અગવત કરી સમાજની પાંગરતી પ્રતિભાઓને સામાજિક ધારા ધોરણની ગાયકી સાથે સ્થાન મળી રહે તેવો ભાવ પ્રદર્શિત કરી સમાજના કવિ કાગ બાપુ, પીંગળશી બાપુ, પચાણ સાહેબ સહિતનાઓએ કરેલી સામાજિક ન્યોછાવરતાના ઓવારણા લીધા હતા.

સ્વાગત પ્રવચન કરતાં મુંદરાના ધારાશાસ્ત્રી અને સંસ્થાના ડાયરેકટર વિશ્રામભાઈ ગઢવીએ સંસ્થાના ઉદેશ અને હેતુથી ઉપસ્થિતોને માહિતગાર કરી સમાજના નવોદિત કલાકારો આ સ્પર્ધાના માધ્યથી વધુ ફાયદો ઉઠાવે તેવું જણાવ્યુ હતું. આ અવસરે દેવરાજભાઈ ગઢવી(નાની રાયણ), છાયાબેન ગઢવી,પ્રભુભાઈ ગઢવી, હરીભાઈ ગઢવી (પાંચોટીયા),પાલુભાઈ ગઢવી(ભજનાનંદી), જીવણભાઈ ગઢવી(કથાકાર), રાજેશભાઈ કાનાણી, સામરાભાઈ, ધનરાજભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સંકલન કરતા સંસ્થા ગઢવી મિત્ર મંડળ, માંડવીના કાર્યકરો સહયોગી રહ્યા હતા. ચારણી સાહિત્યકારો શ્રી યશવંતભાઈ લાંબા, શ્રી જોગીદાનભાઈ ચડીયા, શ્રી બિહારીભાઈ ગઢવી, શ્રી જયેશદાનભાઈ ગઢવીએ જજના રૂપમાં બજાવેલી સેવાની સરાહના કરાઈ હતી. સંચાલન વિશ્રામભાઈ ગઢવી અને આભારદર્શન આયોજન સંસ્થાના આનંદભાઈ રૂડાચએ કરી હતી.

ooo

(E) ચારણ ગઢવી સમાજની દીકરી હિરલબેન અને જાહલબેનએ પર્યાવરણને બચાવવા માટે સંસ્થાની સ્થાપના કરી..

પર્યાવરણ પ્રદૂષિત થઈ રહ્યું જેના કારણે વાતાવરણમાં ફેરફાર થઈ રહ્યો છે. આ ગંભીર પ્રશ્ન માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે મૂળ ભારા બેરાજા તા.જામખંભાળીયા, જિ.દેવભૂમિ દ્વારકાના વતની હાલે અમદાવાદ રહેતા શ્રી મહેશભાઈ રૂડાચની એવા હિરલબેન ચારણ(રૂડાચ), જાહલબેન ચારણે 'સ્વર્ણ ભારત પીપલ ફોર હ્યુમેનીટી એનિમલ એન્ડ એન્વારમેન્ટ' સંસ્થાની-૨૦૧૬માં સ્થાપના કરવામાં આવેલ.

- હિરલબેન બેંગ્લોરથી MBAનો અભ્યાસ કરેલ છે
- જાહલબેન IASની ફાઈનલ પરીક્ષા આપેલ છે

'સ્વર્ણ ભારત પીપલ ફોર હ્યુમેનીટી એનીમલ એન્ડ એન્વારયમેન્ટ'દ્વારા છેલ્લા ૪ વર્ષમાં મુંબઈ, બેંગ્લોર, દ્વારકા, કચ્છ, દિલ્હી, વલસાડ, દમણ, વડોદરા, જામનગર, જુનાગઢ, ગાંધીનગર અને અમદાવાદ જેવા શહેરોમાં પર્યાવરણ લક્ષી જાગૃતિ અભિયાન કરી રહ્યું છે. વધારે માહિતી માટેઃ શ્રી મહેશભાઈ રૂડાચ(મો.૮૭૫૮૮ ૮૧૧૨૨).

શ્રી મહેશભાઈ, હિરલબેન, જાહલબેન તેમજ સંસ્થાની સમગ્ર ટીમ દ્વારા પર્યાવરણ બચાવવા માટે ઉમદા કાર્ય કરવામાં આવે છે, ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે અભિનંદન.

ooo

(F) ચારણ સમાજના સ્નેહમિલનમાં શિક્ષણ, સંગઠન, સંપ પર ભાર.

મુંદરા તાલુકાના ઝરપરાની ચારણ સમાજ વાડીમાં કચ્છ ચારણ સમાજના સ્નેહમિલન અને મેળાવડામાં શિક્ષણ, સંસ્કૃતિ તેમજ સંસ્કારોના જતન પર ભાર મુકાયો હતો.

કચ્છ ચારણ સમાજના મંત્રીશ્રી ભીમશીભાઈએ આઈશ્રી સોનલમાની પ્રાર્થનાથી સ્નેહમિલનની શરૂઆત કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન મુંદરા તાલુકા ચારણ સમાજના પ્રમુખશ્રી ડોશાભાઈ બાતિયાએ કર્યું હતું.

સંજયભાઈ ગાડેન ગુજરાત રાજય ઈ.મિશનના વડા, હરિરામભાઈ આલગા, સમર્થદાનભાઈ ટાપરીયા પૂર્વ પ્રમુખ શામરાભાઈ જખુભાઈ ભુવા, વાલજીભાઈ (સિંધોડી),પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, સિદ્ધાર્થ મોજદાન ગઢવી(પ્રાંત અધિકારી, નખત્રાણા), ભગવાનજીભાઈ અયાચી સહિતનું સન્માન કરવામાં આવ્યુ હતું. આદિપુર ખાતે ચાણ સમાજની છાત્રાઓ માટે સ્વખર્ચે કન્યા છાત્રાલયના નિર્માણ કાર્ય કરનાર શ્રી જબ્બરદાનભાઈ અયાચીનું વિશિષ્ટ સન્માન કરાયું હતું.

સંજય ગાડેને જણાવ્યું હતું કે, આજના સમયમાં કુરિવાજોથી પર રહી ચારણ સમાજ વધુ વિકાસ અને પ્રગતિ સાધી શકે તેવા પ્રયત્નો કરવા. મહિલા અગ્રણી હેમલતાબેન ગઢવીએ સામાજિક ક્ષેત્રે બહેનોને આગળ આવવું પડશે. સામાજિક ક્ષેત્રમાં બદલાવ માટે શિક્ષણ એક માત્ર શ્રેષ્ઠ માર્ગ જણાવ્યો હતો.

એડવોકેટ દેવરાજભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, શૈક્ષણિક ક્ષેત્રે ચારણ સમાજ જાગૃત બન્યો છે ભૂજ બોર્ડિંગના વિકાસના સહભાગીઓ અને સામાજિક વિકાસ માટે સદાય દાતાઓ પ્રેરણાદાયી રહેશે તેવી આશા વ્યકત કરી હતી.

અખિલ કચ્છ ચારણ સભાના પ્રમુખશ્રી વિજયભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, સામાજિક ઉત્કર્ષ માટે સમાજના તમામ લોકોનો સહયોગ અનિવાર્ય હોય છે. સામાજિક સંગઠન મજબૂત બને ચારણ સમાજને સમય સાથે તાલ મિલાવી સામાજિક કાર્યો માટે હાકલ કરી હતી.

સંત પાલુ ભગતે ચારણી સંસ્કૃતિ અને સંસ્કારોને ટકાવવા તેમજ સંસ્કૃતિ થકી જ સમાજ પ્રગતિ કરે છે એમ કહ્યું હતું. આવતા વર્ષે પણ સ્નેહમિલન ઝરપરા ખાતે રાખવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. આ અવસરે સમાજના આગેવાનો સહિત બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલા.

ooo

(G) ચારણ સમાજનું ગૌરવ રાજયપાલશ્રી દ્વારા પર્યાવરણ ચેમ્પિયન એવોર્ડ

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે હિરલ ચારણ અને જાહલ ચારણને પર્યાવરણ ચેમ્પિયન એવોર્ડ એનાયત કરાયો. પર્યાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે જેના કારણે વાતાવરણમાં ફેરફાર થઈ રહ્યો છે. આ ગંભીર પ્રશ્ન માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે શ્રી મહેશભાઈ રૂડાચની એવા હિરલબેન ચારણ (રૂડાચ), જાહલબેન ચારણે 'સ્વર્ણ ભારત પીપલ ફોર હ્યુમેનીટી એનિમલ એન્ડ એન્વાયરમેન્ટ' સંસ્થાની ૨૦૧૬માં સ્થાપના કરવામાં આવેલ.

ooo

(H) કોડિયાના અજવાળે શિક્ષણમંત્રીના હસ્તે સન્માન

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર દ્વારા કરુણામય શિક્ષકોની વંદના માટેનો અદ્‌ભુત કાર્યક્રમ માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબની પ્રેરક હાજરી સાથે સંપન્ન થયો.

આ ક્ષણે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના આદરણીય નિયામકશ્રી ટી.એસ. જોશી સાહેબ, સાંસદ સભ્ય, ધારાસભ્યો સાથે પ્રખ્યાત સાહિત્યકાર ડો.શ્રી જગદીશ ત્રિવેદી પ્રેમની પરબના પ્રોજેકટ ડાયરેકટર શ્રી ચંદ્રકાન્તભાઈ સાથે ખૂબ વંદનીય પળો વચ્ચે શિક્ષણમંત્રીના હસ્તે કરુણાવાન શિક્ષક શ્રી ભગવતદાનભાઈ ગઢવીને શાલ-શિલ્ડથી સન્માન થયું.

– સંકલન : વેજાંધ ગઢવી (મોટા ભાડિયા) (A to H)

ooo

(A) ભીમરાણામાં આઈશ્રી મોગલમાનો પ્રાગટય મહોત્સવ ઉજવાયો

પૂ.આઈશ્રી મોગલમાની જન્મભૂમિ ઓખાધરામાં ભીમરાણા 'મોગલધામે' પ્રતિવર્ષની પરંપરા મુજબ આસો સુદ તેરસ તા.૧૧/૧૦/૨૦૧૯ને શુક્રવારના રોજ મોગલમાનો પ્રાગટય મહોત્સવ ભવ્યતાથી ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સવારે ૮ કલાકે માતાજીને બાવનગજની ધજા આરોહણ કરવામાં આવેલ. ત્યારબાદ ૯ કલાકે દેવીમહાયજ્ઞ પ્રારંભ થયેલ. યજ્ઞવિધિ બાદ ઘનશ્યામગીરી બાપુના હસ્તે બીડું હોમવામાં આવેલ. આ પાવન પ્રસંગે પ્ર.આઈશ્રી જાલુમા(ખોડાસરા),પૂ.આઈ કુંવરમા(ગાંધીધામ), પૂ.મુળીમા(તારાણા મોગલ મંદિર),પૂ.સોનલબાઈ (મીઠાપુર),પૂ.પરમાબેન(મીઠાપુર) વગેરે માતાજીઓ તેમજ ચારણ સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહેલ. બપોરે અને સાંજે બન્ને ટાઈમ મહાપ્રસાદ દલપતસિંહ ગુલાબસિંહ ઝાલા (ગામ ઝાલાના મુવાડા) તરફથી રાખવામાં આવેલ. સાંજે ૭ કલાકે મહાઆરતી થયેલ તેમજ રાત્રે ૧૦ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન થયેલ જેમાં સુપ્રસિદ્ધ કલાકારો કીર્તીદાન ગઢવી, અનુભા જામંગ, શિવુભા માણેક વગેરેએ તેમની વાણીનો લાભ સમસ્ત ચારણ સમાજ તેમજ મોગલમાના સૌ ઉપાસકોએ મહોત્સવનો લાભ લીધેલ.

ooo

(B) ગોરવીયાળામાં મોગલ માતાજીનો જન્મોત્સવ ઉજવાયો..

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના ગોરવીયાળા ગામે આઈશ્રી મોગલમા અને આઈ ગૌરવી માની પાવનભૂમિ જયાં મા મોગલમાના પાવન પગલાં પડયા છે એવા ઓજત ગંગાના કાંઠે સમગ્ર વિશ્વનું સંચાલન કરનારી આદ્યશકિતની વડી દેવી એવી મા મોગલનો પ્રાગટય મહોત્સવ તા.૧૧/૧૦/૧૯ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સવારે માતાજીની પૂજનવિધિ બાદ ધજા આરોહણ કરવામાં આવેલ ત્યારબાદ હવનયજ્ઞન રાખવામાં આવેલ. બપોરના તથા સાંજન બન્ને ટાઈમ મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. આ મહોત્સવે ચારણ સમાજના માતાજીઓ તથા સંતો મહંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યાં. તેમજ નાની-અનામી સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહી આ પ્રસંગને શોભાવ્યો હતો. રાત્રે ૧૦ કલાકે સૌરાષ્ટ્ર

–ગુજરાતના ખ્યાતનામ કલાકારોનો લોકડાયરો યોજવામાં આવેલ.

ooo

(C) નેશનલ પ્રેસિડેન્ટ ઓફ ગુજરાત આઈઓસી ઓસ્ટ્રેલિયા તરીકે વરણી

ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધી આઈઓસી ચેરમેન સામ પિત્રોડા અને આઈઓસી ઓસ્ટ્રેલિયાના પ્રમુખ મનોજજી દ્વારા આંતરરાષ્ટ્રિય લેવલ પર નેશનલ પ્રેસિડેન્ટ ઓફ ગુજરાત આઈઓસી ઓસ્ટ્રેલિયા તરીકે યુવા બિઝનેશમેન સીજીઆઈએફના ઓસ્ટ્રેલિયા ચારણ સમાજના પ્રમુખ અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ કાઉન્સીલર તરીકે બનાસકાંઠા જિલ્લાના મોરવાડા ગામના વતની હાલ ઓસ્ટ્રેલિયા રહેતા ભરતદાન ભીખુદાન ગઢવીની નિમણૂંક થયેલ.

ooo

(D) પીપોદરામાં આઈશ્રી મોગલમાનો જન્મ દિવસ ઉજવાયો

સુરતના નેશનલ હાઈવે રોડ પર આવેલ પીપોદરા મોગલધામ મંદિરે સમસ્ત છોરૂ પરિવાર દ્વારા તા.૧૧/૧૦/૧૯ના રોજ પૂ.આઈશ્રી મોગલ માતાજીનો જન્મદિવસ મહોત્સવ ઉજવાયો. પૂ.આઈશ્રી હિરલમાના સાંનિધ્યમાં હવનયજ્ઞ રાખવામાં આવેલ. બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ તેમજ રાત્રે ૧૦ કલાકે ભવ્ય લોકડાયરો જેમાં સુપ્રસિદ્ધ કલાકારો જીતુદાન તથા હરેશદાન સુરૂ દેવાયત ખવડ વગેરે કલાકારોએ સાહિત્યની રસલ્હાણ કરાવી.

(E) કચ્છના મોટા ભાડીયા ગામે લાઈબ્રેરીનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો.

પુસ્તકો એ જ્ઞાનની પરબ અને માનવીના જીવનના સાચા મિત્ર છે. તેની મનુષ્યએ પોતાના દૈનિક જીવનમાં નિયમિતપણે સારા ધાર્મિક પુસ્તકોનો વાંચન થકી ઉપયોગ કરવો જરૂરી છે. માંડવી તાલુકાના મોટા ભાડીયા ગામે લાઈબ્રેરીનું દીપપ્રાગટયથી ઉદ્‌ઘાટન કર્યા બાદ આ સમારોહનું સંબોધન કરતાં ચારણી સાહિત્યકાર આશાનંદભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, આવા સારા પુસ્તકોના વાંચન થકી વ્યકિતના જીવનનો બગીચો જ્ઞાનથી હર્યોભર્યો રહે છે તેમ જણાવી વિશેષમાં કહ્યું કે, પુસ્તકોમાંથી ઇતિહાસથી અવગત થવા સાથે અર્વાચિનતાનો સંગમ થાય છે.

કચ્છી સાહિત્યકાર મોટા લાયજાના વિશ્રામભાઈ ગઢવીએ જણાવ્યું કે, આ ગામની લાઈબ્રેરી જ્ઞાન પિપાસુઓ માટે આશીર્વાદ રૂપ સાબીત થશે અને જ્ઞાન વિકાસની નિરંતર પ્રક્રિયાની આજના યુવાનો અવગત થતા રહે તે આ સમયની માંગ હોવાનું જણાવ્યું હતું. સહજાનંદ રુરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ,ભૂજના સહકારથી અને માણેકભાઈ ગોપાલભાઈ ગઢવી સંકલિત આ લાઈબ્રેરીને દાતાઓ અને ગામના યુવાનોનો સહયોગ મળ્યો છે. આ તકે તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ કલ્યાણભાઈ ગઢવી તથા સરપંચ નાગશીભમાઈ ગઢવી, સાહિત્યકાર અરજણભાઈ ગઢવી, શિક્ષક અગ્રણી વાલજીભાઈ ગઢવી, માંડવીના ખીમરાજભાઈ ગઢવી સહિતના આગેવાનો તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મોટા ભાડીયાના સૌ યુવાઓએ ખૂબ જ સારી જહેમત ઉઠાવી હતી.

– સંકલન : કાગવાણી સંદેશ (A to E)

ooo

મનહર ઉધાસના ગુજરાતી ગઝલ આલ્બમ 'અફલાતૂન'નું દિલ્હીમાં વિમોચન

મખમલી અવાજના માલીક, પાર્શ્વ ગાયક મનહર ઉધાસના ઉપમા ગુજરાતી ગઝલ આલ્બમ 'અફલાતૂન'નું દિલ્હીમાં ૯ નવેમ્બર ને શનિવારે વિમોચન થયું. ગુજરાતી સાંસ્કૃતિક કેન્દ્રના ઉપક્રમે, રાજધાનીમાં આઈટીઓ નજીકના હિન્દી ભવનમાં યોજાયેલ મનહર ઉધાસ સાથે એક અફલાતૂન મુલાકાત કાર્યક્રમ યોજાયો. અગ્રણી ગુજરાતી વડીલ અને પીઢ સમાજસેવક વિનોદભાઈ પટેલે 'અફલાતૂન' મ્યુઝિક સીડીનું વિમોચન કર્યું હતું. આ

અવસરે મનહર ઉધાસ સાથે સંવાદ યોજાયો. શ્રી ઉધાસે તેમની ગાયક તરીકેની સફરની અંતરંગ અને બહુ રોચક વાતો શ્રોતાગણ સમક્ષ કરી હતી. તેમણે પોતાના કેટલાંક ગીતો અને વિશેષ કરીને પોતે ગાયેલ ગઝલનો શેર સંભળાવી સૌને ડોલાવ્યા ને મંત્રમુગ્ધ કર્યાં હતાં.

ooo

મીઠાઈ વિતરણ

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના પાવન પર્વ ઉપર અમરીબેન નરશીદાસ બુધશી પરિવાર મુંબઈના સંપૂર્ણ આર્થિક સહયોગ દ્વારા ૯૦ જરૂરિયાતમંદ (વિધવા)ના બાળકોને મીઠાઈનું (એક કિલો મીઠાઈ, એક કિલો ફરસાણ)નું યુવાનો સર્વશ્રી રાજુભાઈ નૈયા, નરેન્દ્ર જાળફવા, કનુભાઈ વિકલ, મનોજ પાલિયા, દિપુ જામંગ, હેમુ બાવડા, જયદેવ કિડિયા, ભરત નાગૈયા, રમુ કેશરિયા, કિશોર સોયા, અનિલ મુલરવ, કનુભા કેશરીયા વિગેરે તેમજ રાજકોટ અને વાડી વિસ્તારના આગેવાનોની હાજરીમાં યુવાનોએ રુબરુ ઘેર-ઘેર જઈને વિતરણ ટ્રસ્ટીઓના માર્ગદશન નીચે કરવામાં આવ્યુ.(એક કીટની કિમત રૂા.૪૮૦/- જેટલી હતી.)

ooo

ચારણ ગઢવી સમાજ ખોડીયારનગર તેમજ સમસ્ત ચારણ સમાજ, રાજકોટ દ્વારા સિલ્વર જયુબેલી સોનલબીજ મહોત્સવ–ભવ્ય શોભાયાત્રા

તા.૨૭-લોકડાયરો, તા.૨૮/૧૨/૧૯થી રથયાત્રા રાજાણાને આંગણે સોનેરી અવસર એટલે પરમ પૂજય પ્રાંત સ્મરણીય આઈશ્રી સોનલમાના જન્મોત્સવને ખોડીયાર નગર ખાતે સોનલબીજને ૨૫ વર્ષ પુર્ણ થતાં સમસ્ત રાજકોટ ચારણ સમાજ દ્વારા સીલ્વર જયુબેલી સોનલબીજ ઉજવણીનું ભાવ્ય આયોજન રાજકોટના ચારણ સમાજે નકકી કર્યું છે. આ માટે આયોજકો દ્વારા રોજે રોજ રાજકોટના તમામ એરીયાઓમાં મીટીંગો યોજીને રથયાત્રા અંગે જાણકારી આપવામાં આવે છે. રાજકોટના શાસ્ત્રી મેદાનથી ખોડીયારનગર સુધી ૨૦૦૦ થી ૭૦૦૦ ચારણોની ભવ્યબાઈક યાત્રા રથયાત્રા નીકળશે તેમજ રથયાત્રામાં માતાજીઓ સંતો રથમાં બેસીને આર્શીવચનો આપશે. આ રથયાત્રામાં પૂ.માયાઆઈમા એકલધામના મહંત યોગીશ્રી દેવનાથબાપુ આર્શીવચન આપશે. રથયાત્રામાં જંડો લગાડવામાં આવશે તેમજ ૫૦થી વધુ સોનલબીજના હોર્ડીંગો લગાડવામાં આવશે. આખાયે રાજકોટમાં રથયાત્રા પુર્ણ થયા બાદ તેજસ્વી છાત્રોના બહુમાન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવશે. ધો.૧૦,૧૨ બોર્ડની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ સારા ટકા મેળવેલ હોય તેમને સોનલ એવોર્ડ સ્મૃતિચિન્હ તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. વિદ્યાર્થી સન્માન તેમજ રાજકોટના વિવિધ સસ્થાના આગેવાનો તેમજ સમાજના અધિકારીઓને પણ દર વર્ષની જેમ સન્માન કરવામાં આવશે.

ઉપરાંત રાજકોટની તમામ સંસ્થાના પ્રતિનિધીઓ બહોળી સંખ્યામાં ભાઈઓ બહેનો હાજરી આપશે.

પૂર્વ સંધ્યાએ તા.૨૭/૧૨/૧૯ને રાત્રે ૧૦ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં કલાકારો સર્વશ્રી બ્રીજરાજ ગઢવી, હકાભા ગઢવી, હમીર ગઢવી, શકિતદાન ગઢવી, વિશાલ ગઢવી, રાજભા ગઢવી (નાગલનેશ), જનક ગઢવી (પાવાગઢ) તેમજ પ્રકાશ જેબલીયા સાહિત્યની સરવાણી પીરસશે. લોકડાયરામાં ક્ષત્રીય સમાજ, કાઠી સમાજ પણ ઉપસ્થિત રહેશે.

લોકડાયરો સવારે ૬ વાગ્યા સુધી ચાલશે. સવારે સાત વાગ્યાથી રથયાત્રા, સવારના ૧૦ વાગ્યા સુધી ગોંડલ રોડ-ઢેબરરોડ-આનંદ બંગલા ચોકથી ગુરુપ્રસાદ ચોક થઈને ખોડીયારનગર ખાતે રથયાત્રાનું સમાપન થશે.

આ કાર્યને સફળ બનાવવા પ્રમુખ

પ્રકાશભાઈ કવલ, ઉપપ્રમુખશ્રી મહીપત ફૂનડા, મંત્રી પ્રવિણ વડગામા,સહમંત્રી ભરત નાગૈયા, સંગઠન મંત્રી હમીર ગુઢડા, કનુભા સાબા, મહેશ બાવડા, શાંતીભા રતન, કરશનભા બુધશી, અજીતભા કવલ, લાલભા વડગામા વગેરે જહેમત ઉઠાવી રહ્યાં છે.

ooo

(A) લીંબડીમાં સ્નેહમિલન સમારોહ યોજાયો

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં તા.૧૨/૧૧/૧૯ને શનિવારના રોજ ચારણ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો. આ પ્રસંગે માતાજીની સ્તુતિ, પ્રાર્થના અને બહેનોએ માતાજીની ચરજુ રજુ કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં દિપ પ્રાગટ્ય વિધિ એ.યુ.ટાપરિયા સાહેબ, નરહરદાન ગઢવી, વિજયદાન ગઢવી, શકિતદાન ગઢવી, પ્રવિણદાન ગઢવી, દિલીપદાન ગઢવી, જયુભા ગઢવી, ભલાભા ગઢવી, જશુભાઈ ગઢવી, મહેશદાન ગઢવી વગેરે ભાઈઓના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આજના સમયમાં શિક્ષણની જરૂરિયાત અંગે અજીતદાન ટાપરિયાએ વકતવ્ય આપ્યું હતું. આ સમારોહનું સંચાલન નરહરદાન પાંડરસીંગા તથા મહેશદાન બાટીએ કર્યું. તેમજ આભારવિધી વિજયદાન બાટીએ કરી હતી.ી બહોળી સંખ્યામાં ચારણ પરિવારોએ આ સમારોહમાં હાજરી આપી હતી.

ooo

(B) ભાટીયામાં સોનલવાડીનું નવનિર્માણ કરવામાં આવ્યું

કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે જયાં મોટી સંખ્યામાં ચારણ સમાજની વસ્તી ધરાવતું આ ગામ હોવાથી ચારણ સમાજની વાડીની ખાસ જરૂરિયાત હોઈ જેથી સમસ્ત ગઢવી સમાજ દ્વારા ભાટીયા હાઈવે ચોકડી પાસે ચારણ સમાજ દ્વારા સોનલવાડીનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. સમાજના પ્રમુખ તરીકે ભાટીયાના આગેવાન રામભાઈ નાથાભાઈ લુણા તેમજ ઉપપ્રમુખ તરીકે આલાભાઈ નાથાભાઈ વરમલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

– **સંકલન : કાગવાણી સંદેશ** (A to B)

ooo

લોકરક્ષકની ભરતીમાં અન્યનય સામે, પોરબંદરમાં રબારી, ચારણ, ભરવાડ સમાજનું આમરણાંત ઉપવાસ શરૂ

રબારી, ચારણ, ભરવાડ ઉમેદવારોને લોકરક્ષકની ભરતીમાં અન્યાય સામે રોષ જોવા મળ્યો છે અને પોરબંદરમાં ૪૮ કલાકનું અલ્ટીમેટમ પૂર્ણ થતાં આમરણાંત ઉપવાસ શરૂ થયા છે અને કલેકટરને આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યું હતું.

સમસ્ત રબારી, ચારણ, ભરવાડ, ગીર, બરડો તથા આલેચના ઉમેદવારો અને આગેવાનોએ જણાવ્યું હતું કે, ગીર, બરડા અને આલેચના જંગલોમાં રહેતા અને અન્યત્ર સ્થળાંતરીત થયેલા રબારી, ચારણ અને ભરવાડ, સમુદાયને ભારત સરકાર દ્વારા અનુ.જનજાતિમાં સમાવેશ કરાયો છે અને પ્રમાણપત્રો કાઢી આપવામાં આવ્યા છે. પ્રમાણપત્રોના આધારે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો આ સમુદાયને લાભ મળી રહેલ છે. પરંતુ વર્ષ-૨૦૧૫ની લોકરક્ષક(એલઆરડી)ની ભરતી સંબંધે છેલ્લા કેટલાય સમયથીઆ અનુ.જનજાતિની કેટેગરીના ઈસમોના જાતિ પ્રમાણપત્રો રાજય સ્થિત વિશ્લેષણ સમિતિ દ્વારા જાહેર કરાયેલી મેરીટ યાદીમાં આ સમાજના ઉમેદવારોને બાકાત કરી અન્ય નીચા મેરીટ ધરાવતા ઉમેદવારોના સમાવેશ કરીને આ ત્રણેય જાતિ/સમુહના યુવાનોને ગુજરાત સરકાર દ્વારા હળાહળ અન્યાય કરવામાં આવતા આ સમાજે આવેદનપત્ર આપી ૪૮ કલાકનું અલ્ટીમેટમ સાથે આપેલા આવેદનમાં જણાવ્યું કે, સરકાર તાત્કાલિક અસરથી પુનઃવિચાર કરે અન્યથા આ સમાજ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે જઈ આમરણાંત ઉપવાસ ઉપર બેસવાની ફરજ પડશે. ooo

ત્રણ દિવસ ચારણી સાહિત્ય સંગોષ્ઠી યોજાઈ

ચારણી સાહિત્યથી આવનારી પેઢી પરિચિત બને તેવા હેતુથી રાજકોટ શહેરમાં રણછોડનગરમાં આવેલી રાજપૂત વાડી ખાતે તા.૬ થી ૮ એમ ત્રિદિવસીય ચારણી સાહિત્ય સંગોષ્ઠીનું આયોજન કરાયું હતું. જેમાં મોરારીબાપુ ઉપસ્થિત રહેલ હતા. તા.૬ના બપોરે ૨ થી ૩ દીપ પ્રાગટયમાં પૂ.કંકુકેસરમા હાજર રહેલ, ત્યારબાદ બપોરે ૩ થી ૬ સાહિત્યગોષ્ઠી-૧ અને ૮ થી ૧૨ વ્યાખ્યાનમાળા યોજાઈ. તા.૭ના સવારે-બપોરે પૂ.દેવલમા સવનીની ઉપસ્થિતિમાં સાહિત્યગોષ્ઠી અને સન્માન સમારંભ યોજાયેલ. તેમજ તા.૮ના મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં સવારે ૯ થી ૧૨ સાહિત્યગોષ્ઠી-૪ અને બપોરે ૩ થી ૬ સાહિત્યગોષ્ઠી-૫ યોજાઈ.

આ કાર્યક્રમમાં કાળીપાટના કવિ પાલુભગત, બાવળાના જોગીદાનભાઈ ગઢવી, જાંબુડાના યશવંતભાઈ ગઢવી, કાલાવડના નરેશદાન રતનું ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપેલ. આ ઉપરાંત જાબુંડાના ધાર્મિક ગઢવી મયૂર, બોટાદના આનંદભાઈ ગઢવી તથા અમદાવાદના મિતેષદાન ગઢવી તેમજ રાજસ્થાન સિરોહીના નરપતદાન આશિયા, ગિરધરદાન રતનું અને ભંવરદાન વિઠુ ઉપસ્થિત રહેલ. વર્ષોથી મંચના માધ્યમ દ્વારા ચારણી સાહિત્યનો અવિરત પ્રચાર કરનારા સભ્યો ગોવિંદભાઈ પાલિયા,જીતુદાન ગઢવી, બ્રિજરાજખાન ગઢવી, રાજુદાન ગઢવી સહિતના ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન બોટાદના પ્રખર વકતા મહેશદાન ગઢવીએ કરેલ હતું. **આ કાર્યક્રમનું સમગ્ર આયોજન સમર્થ લોકસાહિત્યકાર શ્રી અનુભા ગઢવીએ કરેલ હતું.**

ooo

ચારણ ગઢવી સમૂલગ્નોત્સવ

દર વર્ષની જેમ આ વર્ષે પણ ચારણ ગઢવી સમાજના ૨૮મા સમૂહલગ્નનું આયોજન સમૂહલગ્ન સમિતિ(જુની) રાજકોટ દ્વારા તા.૧૬/૨/૨૦૨૦ને રવિવારના રોજ નિર્ધારિલ છે. પોપટપુરા-ગોધરામાં તા.૭/૨/૨૦૨૦ના રોજ નિર્ધારિલ છે તેમજ જૂનાગઢમાં તા.૬/૧૨/૧૯ના રોજ સમૂહલગ્નોત્સવ ઉજવાઈ ગયો.

શ્રી દાદુદાન પ્રતાપદાન ગઢવી આપણાં સૌના વડીલ અને આદરણીય કવિશ્રી દાદનું સન્માન 'કવિ દાદને આંગણે દાદની વાતું' જૂનાગઢ ખાતે ડિસેમ્બરમાં યોજાશે.

ooo

શ્રી આઈકૃપા ક્રેડીટ કો.ઓ.સો.લી. રાજકોટનો મંગલ પ્રારંભ તા.૧૫/૧૨/૨૦૧૯ના રોજ ચેરમેનશ્રી વાસુભાઈ કે. ગઢવીના વડપણ નીચે કરવામાં આવશે.

ooo

સીજીઆઈએફ દ્વારા આયોજિત ચારણગાથા ભાગ-૨ની સેમીફાઈનલ રાજકોટમાં તા.૧૫/૧૨/૨૦૧૯ના રોજ યોજાશે.

ooo

શ્રો ખોડીયાર યુવક મંડળ, રાજકોટ દ્વારા 'સોનલબીજ'ની ૨૫ વર્ષની ઉજવણી માટે ધામધુમથી તૈયારી કરી રહ્યું છે.

આ બધા પ્રસંગોને આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ચારણ અંકના વાચકોની હાર્દિક શુભેચ્છાઓ....

"કિધાં કામ સૌ તણા, તમે ન કીધાં કદી વિશ્રામ
આમ અચાનક અધવચે, કાં છોડી ગયા પરગામ"

શ્રદ્ધાંજલી

સ્વ. રણજીતસિંહજી કિશનદાનજી ઝૂલા

EX. જિલ્લા સરકારી વકીલ(સાબરકાંઠા જિલ્લો)

સ્વર્ગવાસ ૬/૬/૨૦૧૭ જન્મ : ૧/૫/૧૯૫૮

ખાતા ભેગું ભાત, ભાઈઓને ભેગા કરી,
હવે ઉપાડતાં ખાંધ, હૈયુ અમ ફાટી પડે.

પિતાજી : સ્વ. કિશનદાનજી દાનજી ઝૂલા (કુવાવા)
માતૃશ્રી : સ્વ. મણીબા કિશનદાનજી ઝૂલા (કુવાવા)
પત્નિ : ગં. સ્વ. હવાબા રણજીતસિંહજી ઝૂલા
પુત્રો : ઓમકારસિંહ રણજીતસિંહજી ઝૂલા ★ અંકિતકુમાર રણજીતસિંહજી ઝૂલા
પુત્રીઓ : પ્રતિક્ષાબા મંથનકુમાર ગઢવી ★ ફાલગુનીબા રાહુલદાન ગઢવી
ભાણેજ : હીયાનકુમાર મંથનકુમાર ગઢવી ★ મનસ્વીબા મંથનકુમાર ગઢવી
પૌત્રી : ખનકબા ઓમકારસિંહ ગઢવી
પુત્રવધુ : અંકિતાબા ઓમકારસિંહ ગઢવી
ભાઈઓ : બી.કે. ઝૂલા, કે.કે. ઝૂલા(નાનાભાઈ), કે.કે. ઝૂલા, ડી.કે. ઝૂલા, સ્વ. એન.કે. ઝૂલા
બહેનશ્રી : ભગવતીબા નટવરદાનજી આઢા(ચેશુઆ) તથા સમગ્ર કિશનદાનજી ઝૂલા પરિવાર

ગામ : કુવાવા, તા. ઈડર, જી. સાબરકાંઠા

Mobile : 9824994664

Advt.

SMARNANJALI

LATE LAXMANBHAI GANGDASBHAI GADHAVI

London, United Kingdom.

14th December 1932 to 28th September 2017

: Your's Grandchildren :

JAIMINI • SONAM • MIRAJ • SHIVANI
• JASMINE • MARCUS • ISHAN

હાલમાં જ **સોનલમા ટ્રસ્ટ**–રાજકોટને **રૂા. ૨,૫૧,૦૦૦/–** નું અનુદાન સ્વ. લક્ષ્મણભાઈ વેરવ પરિવાર તરફથી મળેલ છે. હ. હીરાબેન લક્ષ્મણભાઈ વેરવ તથા ઈલાબેન દિલીપભાઈ જાળફવા–(લંડન)

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ – રાજકોટ

મુળજીભાઈ કાનજીભાઈ લાંબા – ચારણ(ગઢવી) વાડી, સુખરામનગર–૨, કોઠારિયા ચોકડી, રાજકોટ–૨

CHARAN SANSKRUTI (QUARTERLY) Editor, Publisher & Printer : RAMBHAI L. JAMANG Owner : AAI SHREE SONALMA EDUCATION & CHARITABLE TRUST, Place of Publication : CHARAN SANSKRUTI KARYALAY MULAJIBHAI K. LAMBA CHARAN VADI, SUKHRAMNAGAR-2, KOTHARIYA CHOKDI, RAJKOT-360 002. GUJARAT Printed At : GIRISH OFFSET, JAYANT K.G. MAIN ROAD, RAJKOT-360 004, GUJARAT.